
લિપિ વિષયક મનનીય મુદ્દા

* મુનિશ્રી હિતવિજયજી



અસભ્યતા ટાળીએ અને જ્ઞાનનો આદર કરીએ

પુસ્તકનાં પાનાં ફેરવવા માટે આંગળીને થૂંકવાળી કરાય નહિ.
પવિત્ર જ્ઞાનને (પુસ્તકને) અપવિત્ર એવું થૂંક લગાડાય નહિ.
આંગળીને થૂંકવાળી કરીને પુસ્તકનાં પાનાં ફેરવવાં તે અસભ્ય
અને ગંદી-ગોબરી ટેવ છે. આ ગંદી ટેવ દેખાદેખીથી પડે છે.
થૂંકવાળી આંગળી કરીને પુસ્તકનાં પાનાં ફેરવવાથી
પૂજનીય જ્ઞાનની આશાતના (અનુચિત આચરણજન્ય દોષ) થાય છે.
આપણે આશાતના ટાળીએ અને જ્ઞાનનો આદર કરીએ !



આટલું તો અવશ્ય વાંચીએ
સાચું જાણીએ - સાચું સમજીએ - સાચું વિચારીએ
(અનુક્રમણિકા પૂર્વેનાં પાનાં ૮ થી ૧૬)

જેમને આખું પુસ્તક વાંચવાની અનુકૂળતા ન હોય તેઓ
આ પુસ્તકનાં અનુક્રમણિકા પૂર્વેનાં નવ પાનાંમાં આપેલાં પુસ્તકનાં સારરૂપ અવતરણો
(જેમાં ગુજરાતના મૂર્ધન્ય મનીષીઓનાં લિપિ વિષયક મૂલ્યવાન મંતવ્યો ટાંકેલાં છે)
અવશ્ય વાંચે અને વિચારે



ફેરફાર આવકાર્ય છે
પણ તે સાચી દિશાનો હોવો જોઈએ !



માત્ર મનુષ્યની નહિ
સર્વ જીવોની દયા એ જ સાચી દયા છે !

માનવને તો બુદ્ધિ, વાચા અને સ્વતંત્ર હાથ મળેલાં છે. તેથી તે બૌદ્ધિક, વાચિક અને કાયિક એમ ત્રણેય રીતે પોતાનું રક્ષણ કરવા સાથે અન્ય જીવોનું રક્ષણ કરવા પણ સમર્થ છે. આથી જ જેમને માનવ જેવી બુદ્ધિ, માનવ જેવી વાચા અને માનવ જેવાં અંગોપાંગ મળેલાં નથી, એવા પોતાનાથી નાના અને નબળા જીવોના જીવનની રક્ષા કરવી એ માનવજાતનું કર્તવ્ય બની રહે છે. માટે માત્ર મનુષ્યની નહિ, જીવમાત્રની અર્થાત્ સર્વ જીવોની દયા એ જ સાચી દયા છે.

માનવ માટે ઉચિત શું ?

માનસિક, વાચિક અને કાયિક એમ ત્રણેય રીતે શક્તિસંપન્ન તેમ જ જીવોમાં મોટા ગણાતા માનવો, પોતાનાથી નાના અને નબળા જીવોની દયા કરવાને બદલે "માનવેતર પ્રાણીઓની નહિ, અમારી (માનવોની) દયા એ જ સાચી દયા છે, માટે અમારી જ દયા કરો" એમ સ્વમુખે કહીને પોતે જ પોતાની જાતને 'દયાપાત્ર' બનાવે-મનાવે એ કેટલું ઉચિત અને કેટલું શોભાસ્પદ છે ?

માનવજાત સ્વાર્થી ના હોય !

આપણે માનવદયાની જ વાત શા માટે કરીએ છીએ ? આપણે માનવ છીએ માટે જ ને ? આપણે માત્ર માનવદયાની વાત કરીએ એમાં તો આપણે માનવ હોવાથી આપણું સ્વાર્થીપણું રહેલું છે. માનવજાત સ્વાર્થી ન હોય !

પરમાર્થપણું એ જ આપણી સર્વોત્તમ સંસ્કૃતિ !

આપણે જાતે દુઃખી થઈને બીજાને સુખી કરીએ અને પ્રાણના ભોગેય બીજાને જિવાડીએ એમાં જ પરમાર્થપણું છે – એ જ આપણી સર્વોત્તમ સંસ્કૃતિ છે !

આપણે જે અન્યને આપીએ તે જ આપણને મળે !

બીજા જીવોને સુખ આપવાથી આપણને સુખ, દુઃખ આપવાથી આપણને દુઃખ, જીવન આપવાથી આપણને જીવન અને મોત આપવાથી આપણને મોત જ મળે છે !

દયા કદી ના છોડીએ !

દયા ધરમકા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;
તુલસી ! દયા ન છોડીએ, જબ લગ ઘટમેં પ્રાણ

ભાવાર્થ : ધર્મનું મૂળ દયા છે અને પાપનું મૂળ અભિમાન છે.
તુલસી ! જ્યાં સુધી આપણા દેહમાં પ્રાણ હોય ત્યાં સુધી દયા છોડવી નહિ !

અર્હં નમઃ ।

આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્રસૂરિસદ્‌ગુરુભ્યો નમઃ ।

જૈનં જયતિ શાસનમ્ ।

(લિપિસુધારા ઝુંબેશ સંદર્ભમાં)

લિપિવિષયક મનનીય મુદ્દા

: લેખક અને સંકલનકાર :

પરમશાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ ગચ્છાધિપતિ
સ્વ.પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**ના
પટ્ટપ્રભાવક સમાધિનિષ્ઠ નીડરવક્તા સ્વ.પ.પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **રવિચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**ના શિષ્યરત્ન
પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ

❋

નવભારત સાહિત્ય મંદિર
પતાસાપોળની સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૧૩૯૨૫૩, ૨૧૩૨૯૨૧, ૨૧૩૫૩૭૨

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨
ફોન : ૨૨૦૧૭૨૧૩

❋

મૂલ્ય : રૂ. ૧૫૦=૦૦

LIPIVISHAYAK MANANĪYA MUDDĀ
BY PUJYA MUNI SHREE HITVIJAYJI

Publish by : Navbharat Sahitya Mandir
Ahmedabad-1 &
Mumbai-2

પુનર્મુદ્રણ : ૨૦૦૩
નકલ : ૧૨૫૦

આ પુસ્તકના સર્વ હક્ક લેખકને સ્વાધીન છે. તેમની લેખિત પરવાનગી સિવાય
આ પુસ્તકની કોઈ પણ બાબતનો પ્રસિદ્ધિ માટે ઉપયોગ કરવો નહિ.
© લેખક, ૨૦૦૩



: પ્રકાશક :
અશોક ધનજીભાઈ શાહ
પતાસાપોળની સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૧૩૯૨૫૩, ૨૧૩૨૯૨૧, ૨૧૩૫૩૭૨

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨
ફોન : ૨૨૦૧૭૨૧૩

લેસર કંપોઝ
અંકન ગ્રાફિક્સ
૫૦, કૉમર્સ હાઉસ, ઘીકાંટા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૨૧૨૩૯૮૭



મુદ્રક
સાબર પ્રિન્ટર્સ
૧૭, સિમંધર એસ્ટેટ, રૂસ્તમ મિલની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૪
ફોન : ૫૬૨૨૫૯૬

પ્રકાશકીય

પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ દ્વારા ખંત અને પરિશ્રમપૂર્વક સુંદર રીતે તૈયાર કરાયેલું આ પુસ્તક પ્રગટ કરતાં અમે અત્યંત હર્ષ અનુભવીએ છીએ. પૂજ્યશ્રીએ અમને આવા ઉત્તમ પ્રકાશનનો લાભ આપ્યો તે બદલ અમે તેઓશ્રીના ઋણી છીએ.

આ પુસ્તકનાં આદિથી અંત સુધીનાં મુદ્રણ આદિ કાર્યોમાં અમને સહાયક બનેલા સૌ પ્રત્યે અમે આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

અંકન ગ્રાફિક્સવાળા શ્રી મનીષભાઈએ ટાઇપ સેટિંગ કરતી વખતે વાક્યો તથા ફકરાની વ્યવસ્થિત ગોઠવણીમાં અને શુદ્ધિમાં પ્રસન્ન હૃદયથી અમને ખૂબ સારો સહકાર આપ્યો છે, તે બદલ અમે તેઓશ્રીના સવિશેષ આભારી છીએ. તેમણે શુદ્ધિમાં આપેલા સુંદર સહકારને કારણે આ આખાય પુસ્તકમાં પ્રાયઃ અશુદ્ધિ જોવા મળશે નહિ.

અમારું આ પ્રકાશન અમને-તમને-સૌને રત્નત્રયીની પ્રાપ્તિમાં સહાયક બને એ જ અભ્યર્થના !

— પ્રકાશક

❋

મહત્વની મુદ્દા

૧. '**અ - આ - ઇ - ઈ - ઉ - ઊ - ઋ**'
આવી 'અ'ની બારાક્ષરી થાય ?

૨. હ્રસ્વ-દીર્ઘ '**ઇ - ઈ, ઉ - ઊ**'ના ભેદને મિટાવી શકાય ?

૩. '**ઋ - ઙ - ઞ - ષ**' આ અક્ષરો લિપિમાંથી રદ કરી શકાય ?

૪. '**દ્મ - દ્ય - દ્ધ - દ્ર - ક્ષ - જ્ઞ**' વગેરેના બદલે
'**દ્મ - દ્ય - દ્વ - દ્ર - ક્શ - ગ્ન**' આ રીતે જોડાક્ષરો લખવા યોગ્ય છે ?

૫. '**ઉત્કૃષ્ટ**'ને બદલે '**અુત્ક્રુશ્ટ**' આવી નવી લેખનવ્યવસ્થા લોકોને ફાવે-રુચે તેવી છે ?

૬. બોલાય તેવું લખાય કે લખાય તેવું બોલાય ?



प्रास्ताविक

લિપિના વિષયમાં મારું જ્ઞાન નહિવત્ હતું. તેથી આવા ગહન વિષયમાં હું શું લખી શકું ? પણ વિદ્વદ્વર્યશ્રી **ગોપાલકૃષ્ણ મોદી** (ગુજરાતી ટાઈપ ફાઉન્ડ્રી-મુંબઈ) તથા વિદ્વદ્વર્યશ્રી **રામજીભાઈ પટેલ** (વડનગર)ના વારંવારના આગ્રહથી પ્રેરાઈને મેં આ વિષયમાં પ્રવેશ કર્યો.

સ્વ.પ.પૂ. પરમશાસનપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા તથા સ્વ. પ.પૂ. ગુરુદેવ **આ.ભ.શ્રી રવિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજની દિવ્ય આશિષ તથા પ.પૂ. તપસ્વી સમ્રાટ **આ.ભ.શ્રી રાજતિલકસૂરીશ્વરજી** મહારાજ અને પ.પૂ. વાત્સલ્યવારિધિ ગચ્છાધિપતિ **આ.ભ.શ્રી મહોદયસૂરીશ્વરજી** મહારાજની કૃપાદૃષ્ટિથી હું આ કાર્ય કરવા સમર્થ બની શક્યો છું.

પૂ.આ.ભ.શ્રી **જગચ્ચન્દ્રસૂરીશ્વરજી** મહારાજનો આ કાર્યમાં મને વિશેષ પ્રકારે સહકાર મળ્યો છે. તદુપરાંત **પૂ.આ.ભ.શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી** મહારાજ, પં.**શ્રી જયસુંદરવિજયજી** ગણિવર તથા **ડૉ. અરુણોદય ન. જાની** (વડોદરા), **પ્રા. શ્રી રતિલાલ દોશી** (અમદાવાદ), **ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી** (અમદાવાદ), **ડૉ. પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખ** (અમદાવાદ) અને **ડૉ. ભારતી મોદી** (વડોદરા) આ સર્વનો પણ મને સારો એવો સહકાર મળ્યો છે. આ સર્વ વિદ્વાન મહાનુભાવો સદૈવ દિનભર પઠન-પાઠન આદિ સત્કાર્યોમાં જ નિમગ્ન રહેતા હોવા છતાં વચ્ચે-વચ્ચે સમય કાઢીને તેઓશ્રીએ મને આપેલા સહકારને કારણે મારા આ પુસ્તકનું લખાણ કેવું મનનીય અને સમૃદ્ધ બન્યું છે, તે વિદ્વાનોના અભિપ્રાયથી જણાશે.

પ્રા. શ્રી રતિલાલ સાં. નાયક (અમદાવાદ) આ પુસ્તકની ભાષાકીય શુદ્ધિમાં અને બીજી ઘણી રીતે મને સહાયક થયા છે એની પણ મારે નોંધ લેવી ઘટે.

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી અને **પ્રા. રતિલાલ દોશી**એ સમયાભાવે પણ આખાય પુસ્તકનું પ્રૂફસંશોધન ખૂબ ઝીણવટથી સારી રીતે કરી આપ્યું છે.

આ પુસ્તક લિપિના વિષયમાં રસ ધરાવનારા વિદ્વદ્-વર્ગને ઉપયોગી બની શકતું હોય તો એના **'સુયશનો મુકુટ'** ઉપર્યુક્ત પૂજ્યવર્યો અને મને સહાયક બનેલા વિદ્વાનોના શિરને જ શોભાવનાર બનો !

આ પુસ્તક તૈયાર કરવા માટે મેં જે પરિશ્રમ કર્યો છે, એના ફળસ્વરૂપે મારા આત્માના જ્ઞાનગુણરૂપી સૂર્યની આડે રહેલાં જ્ઞાનાવરણીય કર્મનાં વાદળો વીખરાઈ જાય, સ્વપર કલ્યાણકારી નિર્મળ જ્ઞાનપ્રકાશની મને પ્રાપ્તિ થાય અને મારા અજ્ઞાનનો અંધકાર દૂર થાય તેમ જ લિપિના વિષયમાં લોકમાં ફેલાવાતી ભ્રમણાઓ અને અજ્ઞાન ટળે એથી વિશેષ મારી કોઈ અપેક્ષા નથી.

આ પુસ્તકના અધ્યયન દ્વારા, આ વિષયના જ્ઞાતા વિદ્વદ્-જનોનું જ્ઞાન **'सम्यक्'** પદથી વિભૂષિત બને એ જ શુભાભિલાષા.

વિ.સં. ૨૦૫૪
વસંત પંચમી
વિજય દાનસૂરિજ્ઞાનમંદિર,
કાળુપુર, **અમદાવાદ-૧**

સ્વ. પ.પૂ. આચાર્યદેવ
શ્રી રવિચન્દ્રસૂરીશ્વરશિષ્યાણુ
હિતવિજય

સંસ્કૃત ભાષાની વર્ણમાળા

અનુવાદક : ડૉ અરુણોદય ન. જાની (વડોદરા)

સંસ્કૃત વર્ણમાળાની શાસ્ત્રીયતા અને વૈજ્ઞાનિકતા ઉપર પશ્ચિમના સંસ્કૃત વિદ્વાનો મુગ્ધ થઈ ગયા છે અને તેમણે તેની મુક્તકંઠે પ્રશંસા કરી છે.


આજથી લગભગ સો વર્ષ પહેલાં આર્થર એ મેકડોનેલ નામના વિદ્વાને ઈ. સ. ૧૮૯૯માં ઑક્સફર્ડથી પ્રસિદ્ધ કરેલા **'A History of Sanskrit Literature'** (એ હિસ્ટરી ઑફ સંસ્કૃત લિટરેચર) નામના પુસ્તકમાં સંસ્કૃત વર્ણમાળા વિશે નીચે મુજબ પ્રશંસાના ઉદ્‌ગારો વ્યક્ત કર્યા છે :

"ઉચ્ચારણના સિદ્ધાંત પ્રમાણે વિદ્વાન બ્રાહ્મણોએ રચેલી આ સંપૂર્ણ વર્ણમાળા ઈ. સ. પૂર્વે ૫૦૦ વર્ષ સુધીમાં અસ્તિત્વ પામી હોવી જોઈએ એમ **પ્રો. બ્યૂલર** મજબૂત દલીલોથી સિદ્ધ કરે છે.

ઈ. સ પૂર્વે ૪૦૦ વર્ષ પહેલાં લખાયેલા પાણિનિ મુનિના ઉત્કૃષ્ટ સંસ્કૃત વ્યાકરણમાં આ જ વર્ણમાળા સ્વીકારાઈ છે અને ત્યારથી એ કોઈ પણ ફેરફાર વગર ચાલુ છે.

એ સંસ્કૃત ભાષાના તમામ ધ્વનિઓને રજૂ કરે છે એટલું માત્ર જ નહિ, કિંતુ તે સંપૂર્ણ વૈજ્ઞાનિક પદ્ધતિથી ગોઠવાયેલી છે. સાદા સ્વરો (હ્રસ્વ અને દીર્ઘ) આરંભમાં પછી સન્ધ્યક્ષરો અને છેવટે જે જે સ્થાનમાંથી ઉચ્ચારાય છે તે તે સ્થાન પ્રમાણેના એકસરખા વર્ગમાં ગોઠવાયેલા વ્યંજનો છે. દા.ત., **'ત-થ-દ-ધ-ન'** એ દન્ત્ય વ્યંજનો પછી **'પ-ફ-બ-ભ-મ'** એ ઓષ્ઠ્ય વ્યંજનો એકસરખા ગોઠવાયેલા છે.

જ્યારે બીજી બાજુ આપણે યુરોપવાસીઓ ૫૦૦ વર્ષ પછી અને વૈજ્ઞાનિક યુગમાં આજેય એવી વર્ણમાળા ઉપયોગમાં લઈએ છીએ કે જેમાં આપણી ભાષાના તમામ ધ્વનિઓનું પ્રતિનિધિત્વ નથી. એટલું જ નહિ, પણ તેમાં સ્વરો અને વ્યંજનોની ભેળસેળ થયેલી છે. કારણ કે ૩૦૦૦ વર્ષ પહેલાંની આદિવાસી સેમિટક રચના કે જેનો સ્વીકાર ગ્રીક વર્ણમાળામાં થયો છે તેના ઉપરથી તે ઊતરી આવી છે."



જેમને આખું પુસ્તક વાંચવાની અનુકૂળતા ન હોય તેઓ
આ નવ પાનાંમાં આપેલાં આખાય પુસ્તકનાં સારભૂત અવતરણો

વાંચે અને વિચારે

સાચું જાણીએ-સાચું સમજીએ-સાચું વિચારીએ

ફેરફાર આવકાર્ય છે પણ તે સાચી દિશાનો હોય તો !

૧. ભારતવર્ષમાં પરંપરાથી જન્મદાત્રી મા, માતૃભૂમિ અને માતૃભાષા આપણી માતાઓ છે. તેઓ પૂજનીય છે. આ માતાઓનું અપમાન કરનારા કદી પ્રશંસનીય ગણાતા નથી.

૨. જેઓ મા(તૃભાષા)નું ધાવણ ધાવીને સાક્ષર થયા અને એ સાક્ષરપણાને લીધે લેખનવ્યવસાયમાંથી પેટિયું જ નહિ, એશઆરામ રળવાની ક્ષમતા પણ જેમણે મેળવી લીધી છે, એવા સાક્ષરો – પોતાની ઉપકારી 'મા'નાં અંગોપાંગ છેદવા કોઈ તત્પર હોય ત્યારે – ઉદાસીનતા કેમ બતાવી શકે ?

૩. એક મલયાલી મિત્રે એકવાર ગર્વપૂર્વક કહ્યું હતું કે 'અમારી ભાષામાં ૬૮ મૂળાક્ષરો છે' પણ લિપિફેરફાર અભિયાનને આપણા ૩૬ મૂળાક્ષરો વધારે લાગે છે ! તેઓ તેમાં ઘટાડો કરવા ઇચ્છે છે. ચીનીભાષા તો ચિત્રલિપિમાં લખાય છે. એ લખવા માટે પાર વિનાના (લગભગ ૬૦૦) સંકેતો શીખવા પડે છે. છતાં વિશ્વમાં ગુજરાતીભાષીઓ કરતાં ચીનીભાષીઓની સંખ્યા ૨૦/૨૫ ગણી છે.

૪. ગુજરાતી ભાષા અઘરી છે એ વાત તદ્દન પાયા વિનાની છે. કોઈ પણ ભાષા જો તે માતૃભાષા હોય તો અઘરી લાગતી નથી. પરભાષા, અને તે પણ જો મોટી ઉંમરે શીખીએ તો અઘરી લાગે એવું બને ! છતાં યુવાનવયે ગુજરાતમાં આવીને વસેલા બિનગુજરાતીને એવું કહેતો સાંભળવો કે 'ગુજરાતી બહુ સહેલી છે' તે કોઈ એકલદોકલનો અનુભવ નથી, સાર્વત્રિક અનુભવ છે.

૫. તમિળ, તેલુગુ અને મલયાલમ ભાષાઓ માટે, તે ભાષાઓના અજ્ઞાનને કારણે આપણે એક રમૂજ માણતા હોઈએ છીએ કે 'આ ભાષાઓ સાંભળીએ ત્યારે એમ લાગે છે કે જાણે લોટામાં કાંકરા ભરીને કોઈ ખખડાવતું હોય !' અર્થાત્ આપણને આ ભાષાઓ જરાય સમજાતી નથી, પણ એ જેમની માતૃભાષા છે એવા કરોડો લોકો એ ભાષાઓ કડકડાટ બોલી શકે છે. એટલું જ નહિ, પોતપોતાની ભાષાઓમાં માતબર સાહિત્યનું સર્જન કરીને કેટલાક 'જ્ઞાનપીઠ પુરસ્કાર' પણ મેળવે છે. આ બધી ભાષા બોલનારા લોકો ગુજરાતીને સહેલી કહે છે અને લિ.ફે. અભિયાનવાળા એને અઘરી કહે છે.

૬. હ્રસ્વ-દીર્ઘના ભેદ મિટાવવામાં આવશે તો વારંવાર જોડણીકોશ જોવાની જરૂર નહિ પડે એ વાત પણ 'માર્ક નહિ કપાય' જેટલી જ સાચી છે ! ન રહે જોડણી, ન રહે જોડણીકોશ !

'હ્રસ્વ-દીર્ઘના ભેદમાં તકલીફ' એ પ્રમાદી લોકોનો અભિગમ છે. એમને ઓછી મહેનતે સારું લખાણ જોઈએ છે. છાપકામ કે લેખનના વ્યવસાયમાં પડેલા લોકો તો રોજના એક સરખા અભ્યાસથી અમુક સમયમાં જ જોડણીના વિષયમાં એવા પાવરધા થઈ જાય કે એમને જોડણીકોશ જોવાની જરૂર ભાગ્યે જ પડે. આમ છતાં કોઈને વારંવાર એવી જરૂર પડતી હોય તો તેણે જોડણીકોશ જોવાના કાર્યનો પોતાના વ્યવસાયના એક ભાગ તરીકે સ્વીકાર કરી લેવો જોઈએ. નાનપણમાં સારું ન ભણ્યા હોઈએ તો મોટપણે જોડણીકોશના શરણે જવું જ પડે, એમાં ફરિયાદ ન હોય !

૭. ફેરફાર આવકાર્ય છે, પણ તેની દિશા વિકાસ તરફની હોય તો ! લાંબા ગાળે નુકસાન કરનારો કોઈ પણ ફેરફાર આવકાર્ય ન હોઈ શકે.

૮. હ્રસ્વ-દીર્ઘના ભેદ મિટાવવામાં આવશે તો બાળકોના માર્ક નહિ કપાય એ ફાયદો ખરો, પણ એ ફાયદો આગળ જતાં નુકસાન કરનારો છે.

૯. 'ઈ-ઊ' રદ કરવાથી અન્યભાષીઓની સરખામણીમાં આપણે વામણા દેખાઈશું.

૧૦. લિપિફેરફાર અભિયાનવાળા 'માર્ક સત્યમ્, શિક્ષણ મિથ્યા'ના સિદ્ધાંતને પુષ્ટિ આપવા હ્રસ્વ-દીર્ઘના ભેદ કાઢી નાખવા માગે છે !

૧૧. ખરેખર તો મૂળાક્ષરો વધારવાની જરૂર છે. ગતિ હોય તો ઊર્ધ્વગતિ હોય, નહિ તો ન હોય તે વધારે સારું. અધોગતિ કરી ભાવિ પેઢીઓને આપણાથી પણ વામણી બનાવવાનો વિનાશકારી પ્રયોગ ન કરી શકાય ! પગલાં પાતાળમાં ન મંડાય !

— શ્રી મહેન્દ્ર પંડ્યા (મુંબઈ)

શિક્ષણના ઉદ્દેશો

૧. શિક્ષણના ઉદ્દેશો છે : સરળતાથી કઠિનતા તરફ જવું, સ્થૂલમાંથી સૂક્ષ્મ તરફ જવું, જ્ઞાતમાંથી અજ્ઞાત તરફ જવું, મૂર્તમાંથી અમૂર્ત તરફ જવું વગેરે. ટૂંકમાં, આ બધા ઉદ્દેશો સિદ્ધ કરવા માટે અર્થાત્ કશુંક પ્રાપ્ત કરવા માટે પરિશ્રમ તો કરવો જ પડે. વળી જેમ લક્ષ્ય ઊંચું તેમ પરિશ્રમ વિકટ. એટલે જો પરિશ્રમ કરવાની તૈયારી ન જ હોય તો ભણવાનું જ માંડી વાળવું જોઈએ. માથે કશો બોજ જ નહિ. પરિશ્રમ કે બોજ ઘટાડવાની વાત જ શિક્ષણના મૂળભૂત ઉદ્દેશોની વિરુદ્ધ છે.

૨. ભૌતિક પદાર્થો વાપરવાથી ક્ષીણ થાય છે, પણ મગજ એક એવી ચીજ છે કે જે વાપરવાથી વિકસે છે. આટલી સાદી વાત પણ આજે આપણા કેળવણીકારો સમજતા નથી અને સરલીકરણના રવાડે ચઢીને જ્ઞાનસાધનાની ગંભીર પ્રવૃત્તિને પણ હાસ્યાસ્પદ બનાવી રહ્યા છે !

૩. જ્યાં ક્લિષ્ટતાથી કોઈ ફાયદો ન હોય, ઊલટું તેથી અવૈજ્ઞાનિકતા પેદા થતી હોય ત્યાં જ સરળતાનો વિચાર કરવો જોઈએ. સરલીકરણનો વિચાર જ્ઞાનના ભોગે તો ન જ કરવો જોઈએ.

૪. કેવળ બોજ ઓછો કરવા માટે સરલીકરણ કરવું તે સરસ્વતી સાથે દ્રોહ કર્યો ગણાશે. એમ તો આપણે ભણવાનું જ માંડી વાળીએ તો કેટલી બધી સરળતા થઈ જાય ?

૫. બધા સુધારકોમાંય એકવાક્યતા નથી. આવી સ્થિતિમાં આપણે અનુસરવું તો કોને અનુસરવું ? એ બધા એક થઈને આવે તો કાંઈ સૂઝ પડે, પરંતુ તેઓ મમત્વમાંથી નીકળી એક થઈને આવે તે શક્ય લાગતું નથી.

૬. અત્યારે તો આ લિપિ સુધારકોએ શાંત સરોવરમાં પથ્થર ફેંક્યો છે અને તરંગો પેદા કર્યા છે !

— પ્રા. તુલસીભાઈ કા. પટેલ (મહેસાણા)

ગુજરાતી ભાષામાં અંધાધૂંધી ફેલાવશો નહિ.

૧. જોડણીની સુધારણા એટલા માટે કરવાની માગણી થાય છે કે હ્રસ્વ-દીર્ઘ 'ઇ-ઈ, ઉ-ઊ'માં લખનારની બહુ ભૂલો થાય છે. એ ભૂલો ન થાય એવી કાળજી રાખવાને બદલે ગુજરાતી ભાષામાંથી હ્રસ્વ 'ઇ' અને દીર્ઘ 'ઊ' કાઢી નાખવાનો આત્મઘાતી નિર્ણય લેવાય છે. આવી અંધાધૂંધી ગુજરાતી ભાષાનું સ્વરૂપ ક્યારેય સ્થિર થવા નહિ દે.

કૃપા કરી લિપિસુધાર કે જોડણીસુધારને નામે ગુજરાતી ભાષામાં અંધાધૂંધી ફેલાવશો નહિ. હજી તો મહાત્મા ગાંધીના નિર્ણયાત્મક આદેશ પછી માંડ માંડ એનું એક સ્થિર રૂપ બંધાતું આવે છે.

— શ્રી ભોળાભાઈ પટેલ (અમદાવાદ)

વર્ણકાપ વલણ : પ્રગતિશીલ કે પુચ્છગતિશીલ ?

૧. આજે જ્યારે બધાં જ શાસ્ત્રોમાં ખૂબ ઊંડાણ સુધી ખેડાણ થઈ રહ્યું છે તથા સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ સિદ્ધાંતો ઘડાતા જાય છે અને એને લઈને તજ્જ્ઞતા (વિષયોના ઉપવિષયો અને એમાં પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ વિષયોના અભ્યાસ) તરફની માનસિકતા વધી રહી હોય ત્યારે, ધ્વનિશાસ્ત્રના આધારે લિપિઓમાં જે વિવિધ ચિહ્નો અને સંકેતો વર્ષોથી નિશ્ચિત થયેલા છે એના છેદ ઉડાડી દઈને એ ચિહ્નોની સંખ્યા ઘટાડવાનું અથવા એનો સંકોચ કરવાનું વલણ પ્રગતિશીલ ગણાશે કે પુચ્છગતિશીલ ગણાશે ?

– શ્રી વસંત ચિપળુણકર ('સાધના'માંથી)

કૃત્રિમ પ્રયાસોથી લદાતાં પરિવર્તન કામિયાબ નીવડતાં નથી !

૧. ભાષા અને લિપિ એ માનવની સ્વાભાવિક પ્રક્રિયા છે. એ હરહંમેશ વહેતા પ્રવાહ જેવી ગતિમાન છે, ક્યારેય સ્થગિત રહી શકે નહિ. વહેતા પ્રવાહમાં નિરંતર પરિવર્તન થયા જ કરે, એને કોઈ રોકી શકે નહિ. પરંતુ એ પરિવર્તન ઘણું સ્વાભાવિક અને અગોચર હોય છે. એ માનવના કૃત્રિમ આયાસથી ભાગ્યે જ સિદ્ધ થાય છે. કૃત્રિમ પ્રયાસોથી લદાતાં પરિવર્તન કામિયાબ નીવડતાં નથી.

૨. ભાષા અને લિપિ એ સામાજિક વારસો છે. એની પાછળ પેઢીઓ અને હજારો વર્ષનું સાતત્ય રહેલું હોય છે. આથી એમાં કોઈની કલ્પના કે કલમ અનુસાર આવા ક્રાંતિકારી ફેરફાર કરી શકાય નહિ. આ અગાઉ પણ આવા જ ફેરફાર સૂચવાયા હતા તે લોકોમાં રૂઢ થઈ શક્યા નથી. પરિવર્તન હંમેશાં ક્રમિક અને મંદ હોય તો જ લોકભોગ્ય થઈ શકે છે.

૩. અંગ્રેજી ભાષામાં શબ્દે શબ્દની જોડણી યાદ રાખવી પડે એવી કડાકૂટ. આમ છતાંય આપણી નવી પેઢીને એ સરળ લાગે ને ખરેખર સરળ એવી ગુજરાતી ભાષા અઘરી લાગે ! અંગ્રેજી ભાષાના શબ્દે શબ્દની જોડણી યાદ રાખવાની કડાકૂટનો દાખલો લઈએ તો 'હ્રસ્વ-દીર્ઘ આદિ સ્વરોના ભેદને કારણે ગુજરાતીમાં શબ્દે શબ્દની જોડણી યાદ રાખવી પડે છે તેથી ઘણું કષ્ટ પડે છે.' એવી દલીલ કરવાનું મન થાય જ નહિ અને ભાષાના શુદ્ધ પ્રયોગમાં જરૂરી શ્રમ બોજારૂપ લાગે જ નહિ – અને એ બાબત મનમાં ખૂંચે પણ નહિ.

૪. અંગ્રેજી ભાષામાં શબ્દે શબ્દની જોડણી યાદ રાખવી પડે છે એની સરખામણીએ આપણે તો ઘણું ઓછું યાદ રાખવું પડે છે. સરલીકરણને પણ સીમા હોય. સરલીકરણ માટે શતકોથી રૂઢ થયેલા અનેક વર્ણોને તથા સ્વરચિહ્નોને મનસ્વી રીતે વર્ણમાળામાંથી સદંતર લુપ્ત કરવાં એ કોઈ રીતે શક્ય નથી, હિતાવહ પણ નથી.

૫. સ્વરમાત્રાઓ અને જોડાક્ષરોને કારણે લેખનમાં ઘણો બધો સંક્ષેપ થાય છે. ગુજરાતીમાં શિરોરેખાના લોપ પછી લેખનનો વેગ વધે છે.

૬. ગુજરાતી અંકચિહ્નોની જેમ ગુજરાતી લિપિનોય ભોગ આપી, અંગ્રેજી અંકચિહ્નો અને નાગરી લિપિ અપનાવવાનું સૂચન કોઈ પણ રીતે સ્વીકાર્ય ન ગણાય.

૭. ગુજરાતી વાતચીતમાં અને લખાણમાં ઘણા મોટા પ્રમાણમાં અંગ્રેજી શબ્દોના ઉપયોગ સામે ભાષાકીય અસ્મિતાની દૃષ્ટિએ લાલબત્તી ધરવી જરૂરી છે.

૮. ગુજરાતી લિપિમાં 'ઇ-ઈ, ઉ-ઊ'ના ભેદ કાઢી નાખી સર્વત્ર 'ઈ-ઉ'નો જ પ્રયોગ કરવો એ સૂચન તદ્દન અવૈજ્ઞાનિક અને અસ્વીકાર્ય છે.

– ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)

૧. આપણી રૂઢ લિપિઓને રોમન પદ્ધતિમાં બદલવાના વિચારો ગુજરાતમાં અવતર્યા છે તે તદ્દન નકામા છે. લિપિ એ સમાજની બહુ જ મજબૂત રૂઢિ હોય છે. એને કોઈ બદલી શકતું નથી. જે ફેરફાર આવે તે બહુજનસમાજની અનુમતિથી આવે છે.

– પ્રો. દિ. દ. માહુલકર (વડોદરા)



૧. લિપિ એ ગ્રંથોના બોધનું સાધન છે. જો લોકો નવી લિપિથી ટેવાતા હોય, તેમને જૂના ગ્રંથો જાણવામાં રસ ન હોય અને જૂના ગ્રંથો પણ ફેરફાર કરેલી લિપિમાં રજૂ કરવાની તકલીફ લેવાની તૈયારી હોય તો ગુજરાતી લિપિમાં જે ફેરફાર કરવા હોય તે કરો !

– ડૉ. નારાયણ કંસારા (અમદાવાદ)



ભણવાનો ભાર રસના અભાવથી અનુભવાય છે !

૧. લિપિસુધારણા એ પરંપરાનો વિચ્છેદ કરનારી અને નૂતન જ્ઞાનસંપાદનમાં અવરોધ કરનારી બાબત છે.

૨. ભણવાનો ભાર રસના અભાવથી અનુભવાય છે. આજે લિપિસુધારણાની વાતો થઈ રહી છે, તેમાં 'શૈક્ષણિક નિષ્ઠા'નાં દર્શન અલ્પ અને 'અહમ્‌જન્ય જિદ્દ'નો અનુભવ વિશેષ છે. આમ આ આવરણગ્રસ્ત આંદોલન છે. એમાં શુદ્ધિ અને જાગૃતિ ઓછાં છે.

– શ્રી નરોત્તમ પલાણ (પોરબંદર)

૧. ગુજરાતી જોડણીના ચાલુ સ્વરૂપમાં કશો સુધારો કરવો વ્યવહાર અને સિદ્ધાંતની દૃષ્ટિએ ઇષ્ટ કે હિતકર નથી અને હાલ તો એવી સંભાવના પણ નથી જ. સ્થાપિત વ્યવસ્થાને અસ્થિર કરવાની વાત પરિણામોની પૂરી સમજ વગર થઈ રહી છે. અંગ્રેજી, ફ્રેંચ વગેરે ભાષાઓની જોડણીઓ ઘણી ગૂંચવણવાળી હોવા છતાં એ સુવિકસિત લોકો પણ તેમાં ફેરફાર કરી શક્યા નથી.

– ડૉ. હરિવલ્લભ ભાયાણી (અમદાવાદ)

૧. ગુજરાતી જોડણી અને તેના મૂળાક્ષરોમાં સુધારણા અંગે કેટલાક વિદ્વાનોના વિચારો બાબત એટલું જ કહેવાનું કે આવી સુધારણાનાં પરિણામોનો સુપેરે વિચાર કરી લેવો ઘટે. અહીંની અને વિદેશોની લગભગ બધી ભાષાઓ અને લિપિઓ અંગે વિદ્વાનોમાં આવો મતભેદ પ્રવર્તે છે. સરળ ઉચ્ચારણ અને સરળ લેખનના વિચારને આપણે એના યથાર્થ પરિપ્રેક્ષ્ય(સંદર્ભ)માં જોવો ઘટે. ભાષાશુદ્ધિ અને લેખનશુદ્ધિનો આદર્શ લુપ્ત થાય તે ઠીક નથી.

– ડૉ. પ્રવીણચંદ્ર ચિ. પરીખ (અમદાવાદ)

૧. જોડણીમાં લેશમાત્ર ફેરફાર હોય તો ચલાવી લેવાય, પણ સ્વરોની બાદબાકી, અનુનાસિકોને અને 'ષ'ને દેશવટો – આ બધું પરિવર્તનના નામે આગળ આવીને ઊભું રહે ત્યારે એને પરિવર્તન નહિ, કિંતુ હ્રાસ તરફની અગ્રેસરતા જ ગણાવી શકાય.

– પ્રા. વ્રજલાલ વાલજી ઉપાધ્યાય (જામનગર)



૧. વિદ્યાર્થીઓના શૈક્ષણિક બોજામાત્રનું કારણ આપીને આપણી ચાલુ લિપિ બદલાય જ નહિ.

૨. 'ક' આદિ વ્યંજનોની બધી જ બારાક્ષરીનું બીજક 'અ' વગેરે સ્વરો જ છે. વ્યંજન સાથે બાર પ્રકારના સ્વરો જોડાય છે માટે વ્યંજનની બારાક્ષરી થાય પણ (વ્યંજનોની જેમ) સ્વર સાથે સ્વરો જોડાતા નથી માટે સ્વરોની બારાક્ષરી થઈ શકે નહિ.

૩. વ્યંજન સાથે બાર સ્વરો (અક્ષરો) મળીને જે રૂપો થાય તે બારાક્ષરી કહેવાય. જેમ કે 'ક-કા-કિ-કી-કુ-કૂ-કૃ' વગેરે. જ્યારે 'ઈ-ઈ, ઉ-ઊ, ઋ' સ્વયં અક્ષરો છે. તેથી 'અ-આ-અિ-ઈ-અુ-ઊ-ઋ' એવી સ્વરોની બારાક્ષરી કેવી રીતે હોઈ શકે ? અર્થાત્ અક્ષરોની બારાક્ષરી કેવી રીતે થાય ? આ તો 'वदतो व्याघात' જેવી વાત છે !

– ડૉ. ઊર્મિ દેસાઈ (મુંબઈ)

❋

૧. આપણી લિપિ અત્યંત વૈજ્ઞાનિક રીતે બનેલી છે.

૨. ભાષામાં પ્રકૃતિથી ઉચ્ચારાતા 'ઙ - ઞ'ને રદ કરવાની વાતમાં વૈજ્ઞાનિકતા નથી. એને લિપિમાંથી રદ કરવાની સૂચના તદ્દન વાહિયાત છે. 'ઙ-ઞ'ના ઉચ્ચાર આપણે કરીએ જ છીએ. એટલે જે ધ્વનિનું ઉચ્ચારણ કરાતું હોય, તેને માટેની નિશાની લિપિમાં હોય એય રદ કરવી એ તદ્દન અસ્વીકાર્ય સૂચન છે.

– ડૉ. ભારતી મોદી (વડોદરા)

૧. દેવનાગરીમાં લિપિસુધારનો પ્રશ્ન કાકાસાહેબ કાલેલકરે 'હિંદી સાહિત્ય સંમેલન'ના ઈન્દોર અધિવેશનમાં ઉપાડેલો. એમનાં સૂચનો પ્રમાણે 'ઈ-ઈ, ઉ-ઊ'ને 'અિ-ઈ, અુ-ઊ'માં ફેરવવામાં આવેલા. પરંતુ એ વર્ધા લિપિ લોકરુચિ વિરુદ્ધ હોવાથી થોડા જ સમયમાં પાછી સંકેલાયેલી.

– ડૉ. પ્રવીણચંદ્ર ચિ. પરીખ (અમદાવાદ)

૧. સાહિત્યમાં પ્રધાનતા અર્થની જ છે. અર્થ જ સાહિત્યના પ્રાણ છે. પ્રાણરૂપ અર્થમાં ભેદ થાય એવો કોઈ ફેરફાર લિપિ કે ઉચ્ચારણમાં ન જ કરવો જોઈએ. ક્યાંક થતો હોય તો તેમાં વ્યક્તિને ભ્રમિત માનીને સુધારો કરવો જોઈએ કે ભૂલને ક્ષન્તવ્ય ગણવી જોઈએ.

– આચાર્યશ્રી જગચ્ચંદ્રસૂરિજી

૧. ખરી રીતે દોષો પરિહરણીય છે એ ખ્યાલ લિપિ અને ભાષા શીખનારાઓમાં ઊભો રાખવો જોઈએ. દોષોને જો નિર્દોષતાનું સ્વરૂપ આપી દેવામાં આવે તો તેના પરિહાર્યપણાનું ભાન ભુલાઈ જાય, તેથી દોષો અનાદરપાત્રને બદલે આદરપાત્ર બની જાય. માટે દોષોને નિર્દોષતાનું સ્વરૂપ આપી શકાય નહિ.

૨. લિપિને કઠણ સમજીને સરળ બનાવવાની મથામણ કરવા કરતાં બાળવિદ્યાર્થીઓને લિપિ સરળ રીતે ભણાવવા માટેની મથામણ કરવા જેવી છે. એથી લિપિની મૌલિકતાને નુકસાન ન થાય.

– પંન્યાસશ્રી જયસુંદરવિજયજી

૧. લિપિ બાબતમાં વ્યાપક ચર્ચા થયા પછી સર્વસંમત, સર્વગ્રાહ્ય નિષ્કર્ષ ન આવે ત્યાં સુધી કોઈ ઉતાવળિયો નિર્ણય ન જ કરવો જોઈએ. અત્યારે દેશ સામે બીજા ઘણા મહત્ત્વના પ્રશ્નો છે, તેથી લિપિ સુધારણાને અગ્રતા આપવાનો અને ઝડપી પરિવર્તનનો આગ્રહ તદ્દન અસ્થાને છે.

– ડૉ. વસંત પરીખ (અમરેલી)

ભાષા ગુજરાતી અને આંકડા અંગ્રેજી–આવો ખીચડો શા માટે ?

૧. આપણી જ શોધના '૦-૧-૨-૩' આવા આંકડાઓને વગર વિચાર્યે '0-1-2-3' આવા અંગ્રેજી સ્વરૂપમાં સ્વીકારીએ તો જતે દહાડે આ ભારતીય શોધ હતી તે ભુલાઈ જવાનો મોટો ભય છે. તેથી આપણી ગુજરાતી ભાષાના લેખનમાં પણ આંકડા અંગ્રેજીમાં જ લખવા એ સિદ્ધાંત સાથે આપણી સંમતિ કદાપિ હોઈ શકે નહિ. ભારતના બંધારણમાં આવો અંગ્રેજી આંકડા લખવાનો આદેશ હોઈ શકે ખરો ?

– પ્રા. રતિલાલ સાં. નાયક (અમદાવાદ)

૧. 'ક્ષ'ને બદલે 'ક્ષ' અને 'જ્ઞ'ને બદલે 'જ્ઞ' લખવામાં આવશે તોપણ તેનું ઉચ્ચારણ ખોટું જ થશે. કારણ કે ઉચ્ચારણનો સંબંધ ઉચ્ચારણસ્થાન સાથે છે. આવી ભૂલો વક્તાની ઉચ્ચારણની અશક્તિના કારણે થાય છે. પતંજલિ (ઈ.સ. પ્રથમ સદી) વ્યાકરણ મહાભાષ્યમાં આવી ભૂલોને 'શુદ્ધ ઉચ્ચારણ કરવાની વક્તાની અશક્તિ છે' એમ કહ્યું છે.

– ડૉ. અરુણોદય ન. જાની (વડોદરા)

❋

દેવનાગરી એકંદર પરિપૂર્ણ લિપિ છે

૧. દેવનાગરી એકંદર પરિપૂર્ણ લિપિ છે. ભારતીય લિપિઓમાં ઓછા સ્વર કરવાનો વિચાર જ અસ્થાને છે. સંસ્કૃત પરંપરાના સ્વર આપણે જાળવી રાખ્યા છે.

૨. વ્યંજન 'ર'ના 'ર્ - ્ર - C' (રેફ)' આ ત્રણેય પ્રકારો લેખનમાં સારી રીતે સ્થિર થયેલા છે અને તે સરળતા ખાતર છે માટે એને જતા કરવાની જરૂર નથી.

૩. 'ષ'નો ભેદ તત્સમ શબ્દોમાં તો આપણે અનિવાર્ય રીતે આપ્યો જ છે. એને સંસ્કૃત તત્સમ શબ્દો પૂરતો જતો કરી શકાય તેમ નથી.

૪. અત્યારે જોડણીમાં સુધારો કરવાની વધુ પડતી ચર્ચા ઊપડી છે, આંધળી કૂદાકૂદ ચાલી છે. હું એ ધાંધલ-ધમાલમાં ભાગ લેતો નથી.

૫. બ્રાહ્મી લિપિ એક માળવાળી હતી. એમાંથી વિકસતાં દેવનાગરી લિપિ ત્રણ માળવાળી થઈ.

– શ્રી કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)

સાક્ષરો ખોટો માર્ગ કે પકડેલું નહિ છોડવાના આગ્રહી કદાપિ હોતા નથી

૧. **यो ध्रुवाणि परित्यज्य, अध्रुवं परिसेवते । ध्रुवाणि तस्य नश्यन्ति, अध्रुवं नष्टमेव हि ॥**

ભાવાર્થ : જેઓ ઘણા લાંબા કાળથી સ્થિર થયેલાને છોડી દે છે અને અસ્થિરનું સેવન કરે છે એના માટે જે સ્થિર હતું તે તો આ રીતે છૂટી જ ગયું અને અસ્થિર તો નામથી જ અસ્થિર છે. તે તો છૂટેલું જ છે. આમ જ્યાં ઉભયથી ભ્રષ્ટ થવાનું હોય ત્યાં બચે શું ?

૨. ઋષિ-મુનિઓએ રચેલી લિપિ ખરેખર દોષવાળી નહિ હોવા છતાંય આપણને જેમ દોષવાળી લાગે છે તેમ ભાવિપ્રજાને પણ આપણી ફેરફાર કરાયેલી લિપિમાં દોષો દેખાશે અને એ પણ એમાં ફેરફાર કર્યા જ કરશે. અત્યાર સુધી પૂર્વજોનાં જૂનાં સર્જનોને નહિ ભૂંસવાની આદરપૂર્વકની એક સારી પરંપરા

ચાલી આવી છે, પણ આપણાથી હવે પૂર્વજોનાં જૂનાં સર્જનોને ભૂંસવાની જ એક અનિષ્ટ પરંપરા ઊભી થશે. આપણું કરેલું બીજો અને બીજાનું કરેલું ત્રીજો ભૂંસી નાખશે. આમ વિસર્જનો થયાં કરશે. એથી ફરીફરીને નવાં સર્જનો કરવાનું કામ હંમેશાં ઊભું જ રહેશે. સરજાયેલી વસ્તુના ઉપભોગનો લાભ લઈ શકાશે નહિ. જેના પરિણામે કાયમી અંધાધૂંધી અને અવ્યવસ્થા ઊભી થશે અને બોધની જગ્યાએ અબોધ વધશે. લોકોની ખરેખરી હાડમારી તો સિદ્ધ થયેલાની અસ્થિરતામાં છે. અસ્થિરતામાં અશાંતિ છે તેમ જ ભોગવટાનો અને એના આનંદનો અભાવ છે. જ્યારે સ્થિરતામાં સુખશાંતિ છે, સુખપૂર્વકનો ભોગવટો અને એનો આનંદ છે.

૩. આપણી લિપિ તો તીક્ષ્ણ બુદ્ધિવાળા અને આપણી અપેક્ષાએ પૂર્ણ એવા ઋષિમુનિઓએ રચેલી છે. એટલે ભ્રમિત બનીને લિપિમાં દોષો માનવા યોગ્ય નથી. દોષો તો ખરેખર આપણામાં રહેલા છે એ પદાર્થને નજર સમક્ષ રાખીશું તો આપણા દોષનો ટોપલો અન્યને માથે ચડાવી દેવો એ સજ્જન(સાક્ષર)નું કાર્ય લાગશે નહિ.

૪. હ્રસ્વ 'ઇ'ની 'િ' આ માત્રાનું અને 'જી'માંથી 'જ્ઞી'નું સહજ સર્જન ભલે કહેવાતા સરલીકરણ અર્થે નવીનીકરણવાળાને ખામીવાળું લાગતું હોય કે નિયમ વિરુદ્ધ હોય તોપણ એવી લેખનવ્યવસ્થા જનસમાજમાં ઘણા લાંબા કાળથી સ્થિર થયેલી છે. લખનારા-વાંચનારા સૌ કોઈ સારી રીતે લખી-વાંચી શકે છે. અભ્યાસ દ્વારા સૌને એ સારી રીતે સિદ્ધ થયેલ હોવાથી એના લેખન-વાચનમાં કોઈનેય મુશ્કેલી પડતી નથી.

૫. અન્યની કોઈ પણ રચનામાં કાંઈ પણ ફેરફાર કરવાનો આપણને અધિકાર હોઈ શકે નહિ.

૬. દુઃખદ પરિવર્તનોના દાખલા આપીને લિપિપરિવર્તનનું સમર્થન કરી શકાય નહિ. જે પરિવર્તનોમાં એના સારાં - માઠાં પરિણામોનો મુદ્દલ વિચાર જ નથી અને જે પરિવર્તનો સુજ્ઞો અને સજ્જનો માટે સ્વાગતપાત્ર નથી એવાં પરિવર્તનોનો આદર કરવો અને એને દૃષ્ટાંતરૂપ બનાવીને એનું સમર્થન કરવું એ સાક્ષરનો ધર્મ જ નથી.

૭. ઉત્થાન લાવવું હોય તો પડતાને પાટુ મરાય કે પકડી રખાય ? કુદરતી પરિવર્તનના પ્રભાવે ભાષા અને લિપિ પડતી, બદલાતી, ઊતરતી હોય તોય ભાષાવિદો એમાં મંદતા આવે એવા પ્રયત્નો કરે, પણ ધક્કો મારીને પતનના વેગને વધારવાનું પાપ તો પ્રાણાંતેય કરે જ નહિ.

૮. કુદરતી પરિવર્તનમાં જેવો ક્રમિક વિકાસ છે એવો ક્રમિક વિકાસ કૃત્રિમ પરિવર્તનમાં નથી. આપણો અભિગમ જો સરળતાનો જ હોય તો સરળતા ક્રમિક વિકાસમાં છે, કૃત્રિમ વિકાસમાં ક્લિષ્ટતા છે.

૯. મનસ્વી ફેરફારોથી ભાષા અને લિપિ કદાચ રસાતળ ન જાય, પણ આપણી મમતથી સ્થિરતા અને શાંતિ તો અવશ્ય રસાતળ જાય !

૧૦. લિપિ ફેરફારની આપણી વાત અબુધ બાળકોના નામે રજૂ કરવી યોગ્ય ગણાય કે તદ્‌વિદ વિદ્વાનો અને વૈયાકરણીઓના નામે રજૂ કરવી યોગ્ય ગણાય ?

૧૧. શિક્ષણ જેવી બાબતમાંય અબુધ બાળકોની બધી વાત માની લેવાની હોય કે જ્યાં એમનું અજ્ઞાન હોય ત્યાં એ દૂર કરવાનું હોય ?

૧૨. ભણનારો વર્ગ જેમજેમ વધતો જાય તેમતેમ ચોકસાઈ, સચ્ચાઈ અને શુદ્ધિ વધારવી એ માર્ગ છે, પણ વર્ગ વધવા સાથે ચોકસાઈ, સચ્ચાઈ અને શુદ્ધિ ઘટાડવી એ માર્ગ નથી, એ તો અવમાર્ગ છે અને લોકો ઉપર અપકાર કરનારી બાબત છે.

૧૩. 'ઈ-ઈ, ઉ-ઊ'ના ભેદ મિટાવવાથી બાળકોના માર્ક કપાય નહિ તેથી તેઓ રાજી થાય એવી દલીલ સામે પ્રશ્ન ઊઠે છે કે 'શું બાળકોનો રાજીપો એ જ શિક્ષણનું લક્ષ્ય છે ?'

૧૪. 'હ્રસ્વ-દીર્ઘ લખવાની તકલીફ ઘણા લોકોને પડવા માંડી છે, માટે હ્રસ્વ-દીર્ઘના ભેદ મિટાવવા જોઈએ' – આ દલીલ તો દીકરાઓના વાંકે પૂજનીય 'મા'(માતૃલિપિ)નાં નાક-કાન છેદી નાખવા જેવી ઘૃણાસ્પદ છે.

૧૫. ભૂલ થવી સહજ છે. એ ભૂલના નિવારણ માટેની તાલીમ એનું જ નામ શિક્ષણ છે. જો માણસ માત્ર ભૂલને પાત્ર ન હોત, ભૂલો કોઈનીય થતી જ ન હોત અને કાર્યસિદ્ધિ ભૂલો કર્યા વગર જ થઈ જતી હોત તો આ જગતમાં શિક્ષણસંસ્થાઓ અને શિક્ષણ જેવો કોઈ શબ્દ શોધ્યોય મળત નહિ અને શિક્ષણના અભાવે શિક્ષકો પણ શોધ્યા મળત નહિ.

ભૂલો ન થાય એને માટેની તાલીમ એનું જ નામ શિક્ષણ !
ભૂલોનું નિવારણ કરવાની ફરજ બજાવનાર વ્યક્તિ એનું જ નામ શિક્ષક !

સંસારની જ્યારે આવી સ્વાભાવિક સ્થિતિ હોય ત્યારે હ્રસ્વ-દીર્ઘ લખવામાં બાળકોની ભૂલો થાય છે, માટે હ્રસ્વ-દીર્ઘના ભેદ મિટાવી દેવા જોઈએ એ વાત તદ્દન અવાસ્તવિક છે.

૧૬. જેમાં ખરેખર લોકોને અગવડ પડતી હોય, એ અગવડનું નિવારણ કર્યા સિવાય વ્યવહાર સરળતાથી ચાલે તેમ ન હોય, આપણા પ્રયત્નોથી સુખપૂર્વક સગવડ સધાતી હોય એવી બાબતોમાં જ ફેરફારની વાત હિતાવહ બને.

૧૭. પુરાતત્ત્વના આલંબને એક બાજુ, પ્રાચીનતાને ગૌરવ અપાય છે, કાયદાથી એને જાળવી રાખવાના પ્રયત્નો થાય છે અને એને નુકસાન પહોંચાડનારને સજા થાય છે. એ સમયમાં જ લિપિસુધારણાના નામે એને દૂષિત કરવાનું અપકૃત્ય તો કરાઈ રહ્યું નથી ને ?

૧૮. કોઈ પણ એક બાબત જનસમુદાયમાં સૈકાઓથી સુરૂઢ થયેલી હોય, એમાં ક્લિષ્ટતાની ફરિયાદ ન હોય, એના આધારે લોકવ્યવહાર સરળતાથી ચાલ્યા જ કરતો હોય, એવી બાબત કદાચ થોડી દોષવાળી જણાતી હોય, તોપણ એમાં હસ્તક્ષેપ કરવો એ શાણા માણસનું કામ નથી.

૧૯. સમસ્ત જનસમુદાયને સ્પર્શતા મોટા ફેરફારો કુદરતના લાંબા હાથો દ્વારા જ થવા સરજાયેલા હોય છે – ત્યાં માનવોના હાથ ટૂંકા જ પડે છે.

❋

૨૦. કોઈ એક પૂર્ણ અને વૈજ્ઞાનિક લિપિનું ઉદાહરણ આપીને, અપૂર્ણ લિપિને પૂર્ણ બનાવવાની વાત વાજબી ગણાય, પણ અપૂર્ણ અને અવૈજ્ઞાનિક લિપિનું ઉદાહરણ આપીને, પૂર્ણ અને વૈજ્ઞાનિક લિપિને અપૂર્ણ અને અવૈજ્ઞાનિક બનાવવાની વાત કેવી રીતે વાજબી ગણાય ?

❋

જેવું લખીએ તેવું બોલીએ

૧. ઉદ્‌ગમકાળમાં અર્થાત્ આદિકાળમાં બોલી હોય પણ લેખન ન હોય. લિપિની શોધ થયા પછી જે બોલાતું હોય તેને જ અક્ષર આકાર અપાય અર્થાત્ લોકો જે રીતે બોલતા હોય તે રીતે લેખન નક્કી થાય. એકવાર લેખન નક્કી થયા પછી તો લેખનના આધારે જ બોલાય અર્થાત્ જેવું લખાયું હોય તેવું બોલાય. આમ લખવા પ્રમાણે બોલવાનો જે સિદ્ધાંત ચાલ્યો આવે છે તેને ફેરવ્યા વિના ચાલુ જ રાખવો જોઈએ.

૨. બધા પોતે જેવું બોલતા હોય એવું જ લખવા માંડશે તો પ્રદેશભેદની જેમ ઘરઘરની ભાષાઓ જુદીજુદી થઈને રહેશે.

'જેવું બોલીએ તેવું લખીએ' એ નિયમ ખોટો છે.

'જેવું લખીએ તેવું બોલીએ' એ નિયમ સાચો છે.

૩. આ સંસારમાં સર્વ વિષયોનું શિક્ષણ તે તે વિષયના તલસ્પર્શી જ્ઞાન અને અનુભવ આદિના આધારે જ અપાય છે. બાળકોમાં જ્ઞાન-અનુભવ આદિનો અભાવ હોય છે. માટે જ્ઞાન-અનુભવ આદિથી રહિત અને તેથી જ શિક્ષણ લેવાને પાત્ર એવાં બાળકોના કહેવા મુજબ શિક્ષણ કદાપિ આપી શકાય નહિ.

અબુધ બાળકોના નામે ભાષા-લિપિમાં ફેરફાર કરવાની વાત વિદ્વાનોના મુખને શોભાવનારી બને ખરી ?

૪. ચકડોળની જેમ ફર્યા કરતાં ઉચ્ચારણોને ખાતર વારે વારે લેખનમાં ફેરફાર કર્યા કરવો એ ઉન્માર્ગ છે અને એ લોકો ઉપર અપકાર કરનારી બાબત છે.

૫. લિપિમાં અને લેખનવ્યવસ્થામાં ફેરફાર કરવાના અર્થાત્ સ્થિરને અસ્થિર કરવાના જે પ્રયત્નો થઈ રહ્યા છે તેમાં શક્તિનો દુર્વ્યય જણાય છે !

૬. માત્ર સરળતાની ધૂન ચાલે નહિ. બુદ્ધિને ધારદાર બનાવીને અનેક પાસાંઓ દ્વારા પરિવર્તનનાં પરિણામોનો ગંભીરતાથી ગહન રીતે વિચાર કરવો ઘટે.

૭. ઉપલકિયા દૃષ્ટિ છોડીને વાસ્તવિકતા સામે નજર કરવામાં આવે તો સુજ્ઞજનોનો વિરોધ, સૂચિત પરિવર્તનોનાં માઠાં પરિણામ સામે છે એમ જણાઈ આવે.

૮. ગુજરાતની શાંત પ્રજાના હૃદયમાં ખળભળાટ મચે, સંઘર્ષ અને ક્લેશ થાય, શાંત વાતાવરણ ડહોળાય, વાદવિવાદ થાય અને તેમાં અનેક વિદ્વાનોનો કીમતી સમય વેડફાય એવો મતાગ્રહ શા માટે ?

૯. રાત્રિના અંધકારમાં માર્ગ ભૂલેલો દેખતો તો સૂર્યોદય પૂર્વેની પ્રભા ફેલાતાંય માર્ગ પકડી લે છે. તેમ આ આંગળી - ચીંધણુંય જ્ઞાનરૂપી વિશિષ્ટ ચક્ષુ ધરાવનારા વિદ્વાનોને જરૂર માર્ગે ચડાવી દેશે અને તેમને લિપિપરિવર્તનના વ્યામોહમાંથી જરૂર બહાર લાવશે. કારણ કે તેઓ ખોટો માર્ગ અથવા પકડેલું નહિ છોડવાના આગ્રહી કદાપિ હોતા નથી !



અનુક્રમણિકા

પ્રકરણ-૧

વિકસિત-પ્રતિષ્ઠિત લેખનવ્યવસ્થા અને નવાં સૂચનો — **પા. ૧ થી ૧૬**

૧. સમાન માધ્યમ દ્વારા બોધરૂપ ઇષ્ટફળની સિદ્ધિ — ૧

૨. નવાં સૂચનો — ૨ થી ૮

મનીષીઓનાં મંતવ્ય — **૯ થી ૧૬**

૧. **विनायकं प्रकुर्वाणो रचयामास वानरम् ।** — ૯

– પંન્યાસશ્રી જયસુંદરવિજયજી

૨. પાંડિત્યનો નિરર્થક ક્લેશ — ૧૦

– પ્રા. વ્રજલાલ વાલજી ઉપાધ્યાય

૩. શંકાસ્પદ સુંવાળી વાતો — ૧૨

– પ્રા. રતિલાલ દોશી

૪. ભણવાનો ભાર રસના અભાવથી અનુભવાય છે — ૧૩

– શ્રી નરોત્તમ પલાણ

૫. અન્ય મંતવ્યો — ૧૪

પ્રકરણ-૨

સ્વરોની સમસ્યા : 'અ'ની બારાક્ષરી એક તુક્કો — **પા. ૧૭ થી ૩૫**

૧. 'અ'ની બારાક્ષરી થઈ શકે નહિ તેનાં શાસ્ત્રીય કારણો — ૧૭ થી ૨૩

૨. 'આ' એક સ્વતંત્ર લિપિસંકેત — ૨૪

૩. સ્વતંત્ર સ્વરો : **'ए-ऐ-ओ-औ'** — ૨૫

૪. રૂપાન્તર અને વર્ણાન્તર — ૨૬

૫. સુસ્થિર લેખન-પ્રણાલીને ડહોળવી જ હોય તો ! — ૨૬

૬. વર્ણવિદાય : કુદરતી અને કૃત્રિમ — ૨૮

૭. લોકરુચિ વિદ્વાનોના અભિપ્રાયથી જાણી શકાય — ૨૯

મનીષીઓનાં મંતવ્ય — **૩૦ થી ૩૫**

૧. 'બારાક્ષરી' વ્યંજનોની જ થાય — ૩૦

– ડૉ. ઊર્મિ દેસાઈ

૨. સ્વરોની **'બારાક્ષરી'** બની શકતી નથી — ૩૧

– પ્રા. રતિલાલ દોશી

૩. સ્વરચિહ્નો સ્વર સાથે પ્રયોજી શકાય નહિ — ૩૨

– ડૉ. પ્રવીણચંદ્ર ચિ. પરીખ

૪. માત્ર **'અ'**ને પાયાનો અક્ષર ગણવો અનુચિત છે — ૩૨

– ડૉ. નારાયણ કંસારા

૫. અન્ય મંતવ્યો — ૩૩

પ્રકરણ-૩

સ્વરોની સમસ્યા : 'ઇ-ઈ-ઉ-ઊ' પા. ૩૬ થી ૫૮

૧. ડખો અને ડખલ ૩૬
૨. હ્રસ્વ-દીર્ઘના અર્થભેદનો ચમત્કાર ૩૯
૩. લિપિના સુસ્થિર પાયાને હચમચાવી નાખવાના ઘાતક પ્રયત્નો ૩૯
૪. અહો ! અંધેરી નગરી ગંડુ રાજા, જ્યાં દીકરાના વાંકે દંડાય માતા ૪૧
૫. ભણતરનો ભાર ૪૩
૬. શું બાળકોનો રાજીપો એ જ શિક્ષણનું લક્ષ્ય છે ? ૪૪
૭. લિપિ-જોડણી ફેરફારની ઝુંબેશ : અબુધ બાળકોના નામે ! ૪૪
૮. બાલવયમાં સતેજ ગ્રહણશક્તિ અને નવું નવું શીખવાનો અદમ્ય ઉત્સાહ ૪૫
૯. સાચી દયા ૪૫
૧૦. શીખનારની ભૂલ ન થતી હોય તો શિક્ષણ કે શિક્ષકો સંભવે ખરા ? ૪૬

મનીષીઓનાં મંતવ્ય ૪૭ થી ૫૮

૧. એક જ 'ઇ-ઉ' (દીર્ઘ 'ઈ', હ્રસ્વ 'ઉ') લિપિસુધાર કેટલો જરૂરી ? ૪૭
૨. ભાષામાં સરળતા સાથે સ્પષ્ટતા પણ જરૂરી છે ૪૮
(બે લેખ) — **પ્રા. રતિલાલ સાં. નાયક**
૩. શિક્ષણના મૂળભૂત ઉદ્દેશો ૪૯
— **પ્રા. તુલસીભાઈ કા. પટેલ**
૪. માર્ક સત્યમ્ : શિક્ષણ મિથ્યા ૫૧
૫. માતૃભાષા કદી અઘરી હોતી નથી ૫૨
૬. ફેરફાર આવકાર્ય છે પણ તે સાચી દિશાનો હોવો જોઈએ ૫૪
(ત્રણ લેખ) — **શ્રી મહેન્દ્ર પંડ્યા**
૭. સુધારકોનું વલણ : પ્રગતિશીલ કે પુચ્છગતિશીલ ? ૫૫
— **શ્રી વસંત ચિપળુણકર**
૮. ભૂલને વાજબી ઠરાવીને પોષવી એ સાક્ષરનું કાર્ય નથી ૫૫
— **આચાર્યશ્રી જગચ્ચન્દ્રસૂરિજી**
૯. દોષોને નિર્દોષતાનું સ્વરૂપ આપી શકાય નહિ ૫૬
— **પંન્યાસશ્રી જયસુંદરવિજયજી**
૧૦. ગુજરાતી ભાષામાં અંધાધૂંધી ફેલાવશો નહિ ૫૬
— **શ્રી ભોળાભાઈ પટેલ**
૧૦. અન્ય મંતવ્યો ૫૭

પ્રકરણ-૪

લિપિમાં વર્ણકાપ વૈજ્ઞાનિક ખરો ? પા. ૫૮/૨ થી ૮૮

૧. 'ઋ' સ્વર ૫૮/૨
૨. અનુસ્વાર અને વિસર્ગ ૫૯
૩. પાડાના વાંકે પખાલીને ડામ : અનુનાસિક 'ઙ-ઞ' ૬૦
૪. લેખનની સરળતા અને ઉચ્ચારણની સ્પષ્ટતા ૬૨
૫. ભણવાનો ભાર જ ન રાખીએ : અનુનાસિક 'ણ' ૬૨
૬. પૂર્ણને અપૂર્ણ બનાવાય કે અપૂર્ણને પૂર્ણ બનાવાય ? ૬૪

૭. લિપિમાં વર્ણકાપ જરૂરી કે ઉચ્ચારણદોષ ટાળવો જરૂરી ? : વ્યંજન 'ષ' ૬૫
૮. 'જ્ઞ'ને લિપિમાંથી રદ કરવો યોગ્ય નથી ૬૫
૯. આપણી લિપિમાં એક પણ વર્ણ નિરર્થક નથી ૬૬
૧૦. લિપિમાંથી કાંઈ પણ રદ કરવાનો પ્રયત્ન વ્યર્થ છે ૬૭
૧૧. ઉચ્ચારણના ગોટાળા કે ઉચ્ચારણની અશક્તિ ? : જોડાક્ષરો ૬૭
૧૨. ઉચ્ચારણના ગોટાળાનાં નિર્દંભ, વાસ્તવિક અને શાસ્ત્રીય કારણો ૬૭
૧૩. ઓછા શિક્ષણનું પરિણામ ૬૮
૧૪. દોષનો ટોપલો અન્યને માથે ન ચડાવીએ ૬૯
૧૫. સુધારાવાદી વિદ્વાનો એકમતવાળા થઈ શકશે ? ૭૦
૧૬. જરૂર છે શિક્ષણ સુધારવાની ૭૦
૧૭. જગલાના વાંકે ભગલાને કુટાય નહિ ૭૩
મનીષીઓનાં મંતવ્ય ૭૪ થી ૮૮
૧. ગુજરાતી લિપિમાં સૂચિત વર્ણલોપ, અનુસ્વાર અને વિસર્ગ, સરલીકરણને પણ સીમા હોય ૭૪ થી ૭૭
– ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી
૨. 'ઙ-ઞ'ને બદલે 'ન' લખવો તદ્દન ભ્રામક છે ૮૧
– શ્રી કે. કા. શાસ્ત્રી
૩. ભાષામાં પ્રકૃતિથી જ ઉચ્ચારાતા 'ઙ-ઞ'ને રદ કરવાની વાતમાં વૈજ્ઞાનિકતા નથી ૮૩
– ડૉ. ભારતી મોદી
૪. સ્વરમાત્રાઓ અને જોડાક્ષરોની ઉપકારકતા ૮૮
– ડૉ. ભારતી મોદી
૫. અન્ય મંતવ્યો
પ્રકરણ-૫
બોલાય તેવું લખાય કે લખાય તેવું બોલાય ? પા. ૯૦ થી ૧૦૧
૧. લખવા પ્રમાણે બોલવાનો સિદ્ધાંત ૯૦
૨. લેખનને મનસ્વીપણે વારંવાર ફેરવાય નહિ ૯૦
૩. 'સહી' પ્રમાણભૂત શા માટે ? ૯૪
૪. આપણો પ્રયત્ન તો અસ્થિરને પણ સ્થિર રાખવા માટેનો જ હોય ૯૪
૫. અનેક પ્રકારનું લેખન શિક્ષણમાં બાધક બને ૯૫
૬. જે ન આવડે તેને રદ કરાય કે સમજવાનો પ્રયત્ન કરાય ? ૯૫
૭. પરિવર્તનની પંરપરાનાં અનિષ્ટો ૯૬
મનીષીઓનાં મંતવ્ય ૯૮ થી ૧૦૧
૧. લેખન તો શિષ્ટમાન્ય ભાષામાં જ થવું જોઈએ ૯૮
– આચાર્યશ્રી પૂર્ણચન્દ્રસૂરિજી
૨. તર્કશુદ્ધ મત : લખાય તેવું બોલાય ૯૮
– પ્રા. તુલસીભાઈ કા. પટેલ
૩. વાણી અને લેખન ૯૯
– ડૉ. નારાયણ કંસારા
૪. અન્ય મંતવ્યો ૧૦૦

પ્રકરણ-૬

લિપિપરિવર્તનના અનર્થો અને તેની સ્થિરતાની સાર્થકતા — પા. ૧૦૨ થી ૧૨૩

૧. દેવનાગરી લિપિમાં જ્ઞાનખજાનાનો અમૂલ્ય વારસો — ૧૦૨
૨. આપણે આપણી ભાવિપ્રજાનો દ્રોહ ન કરીએ — ૧૦૩
૩. લાભ તરફનું નેત્ર મોતિયાવાળું હોય અને પરિણામ તરફનું નેત્ર બિડાયેલું રહેતું હોય એવી સ્થિતિ હિતાવહ નથી — ૧૦૫
૪. શિક્ષણમાં સરળતા લાવવા માટે ઉચિત શું ? — ૧૦૬
૫. શિક્ષણ બોજારૂપ કેમ લાગવા માંડ્યું છે ? — ૧૦૮
૬. જ્ઞાનીઓને અજ્ઞાનની દિશામાં ઘસડી જવાના પ્રયત્નો ન જ થાય ! — ૧૦૯
૭. ભાષા એ આપણી માલિકીનું ભવન નથી — ૧૧૦
૮. કંટક સમાન શું ? જ્ઞાન કે અજ્ઞાન ? — ૧૧૧
૯. માણસ મતાગ્રહી ક્યારે ઠરે ? — ૧૧૩
૧૦. આપણને અંગ્રેજીમાં બોજારૂપ કાંઈ જ લાગતું નથી — ૧૧૩
૧૧. પરિવર્તનનું સ્વરૂપ કેવું હોય ! — ૧૧૪
૧૨. કઢંગા તુક્કા — ૧૧૫
૧૩. લિપિપરિવર્તનનાં ભયસ્થાનો : થોભો અને વિચારો — ૧૧૬
૧૪. પ્રાચીનતાનું ગૌરવ — ૧૧૬
૧૫. અધમાધમ કૃત્ય : — ૧૧૭
૧૬. પરિવર્તનના પ્રતાપે : ઉપકાર વંચના — ૧૧૭
૧૭. સ્થિરતાના લાભ : અસ્થિરતાનાં નુકસાન — ૧૧૮
૧૮. પ્રોત્સાહન **'ટ્યૂશન'**ની બદીને — ૧૧૮
૧૯. ભાષા અને લિપિ કદાચ રસાતળ ન જાય, પણ આપણી મમતથી સ્થિરતા અને શાંતિ તો અવશ્ય રસાતળ જાય ! — ૧૧૮
૨૦. સુધારા-સરળતાની ધૂનમાં ! — ૧૧૯
૨૧. સુસ્થિર લિપિનો મહત્તમ ફાળો : સંસ્કૃતિરક્ષા — ૧૧૯

મનીષીઓનાં મંતવ્ય — ૧૨૧ થી ૧૨૩

૧. સુધારાવાદી વિદ્વાનોને કડવું લાગે તેવું સત્ય — ૧૨૧
– પંન્યાસશ્રી જયસુંદરવિજયજી
૨. નાગરી લિપિ અપનાવવાનું સૂચન કોઈ પણ રીતે સ્વીકાર્ય ન ગણાય — ૧૨૨
– ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી
૩. ગુજરાતી લિપિની આગવી લાક્ષણિકતા — ૧૨૨
– પ્રા. રતિલાલ સાં. નાયક
૪. જગતને સુધારવાનું કામ કપરું ! જાતને સુધારવાનું કામ સહેલું ! — ૧૨૩
– પ્રા. રતિલાલ દોશી

પ્રકરણ-૭

પરિવર્તનશીલ પદાર્થો : વિચારશીલ વિદ્વાનો પા. ૧૨૪ થી ૧૫૧

૧. સ્થિરતાનું મહત્ત્વ અને અસ્થિરતાનાં માઠાં પરિણામ ૧૨૪

૨. સ્થિરતાનું વિસર્જન અને અસ્થિરતાનું સર્જન ૧૨૫

૩. સરલીકરણ નિમિત્તે સમાજને અંધાધૂંધીના ચક્કરમાં ન નાખીએ ! ૧૨૯

૪. નૈયાયિકો(તાર્કિકો)ની નમ્રતા ૧૨૯

૫. પરિવર્તન : કુદરતી અને કૃત્રિમ ૧૩૦

૬. કૃત્રિમ પરિવર્તન પણ આવકાર્ય છે ૧૩૦

૭. દુઃખદ પરિવર્તનોના દાખલા આપીને લિપિપરિવર્તનનું સમર્થન કરી શકાય ખરું ? ૧૩૧

૮. અન્યની કોઈ પણ રચનામાં કાંઈ પણ ફેરફાર કરવાનો આપણને અધિકાર હોઈ શકે ખરો ? ૧૩૨

૯. સજ્જનને પોતાની માતાના બેડોળપણા વિશે કદી કોઈ ફરિયાદ હોતી નથી ૧૩૨

૧૦. લિપિમાં પરિવર્તનનો આપણો આગ્રહ શા માટે ? ૧૩૩

૧૧. દેશ જ્યારે અનેક ગંભીર સમસ્યાઓથી ઘેરાયેલો હોય ત્યારે
લિપિપરિવર્તન જેવા પ્રશ્નને આગળ કરી શકાય ખરો ? ૧૩૪

મનીષીઓનાં મંતવ્ય ૧૩૬ થી ૧૫૧

૧. લિપિ કોની ? શ્રીમંતોની કે જનતા સામાન્યની ? ૧૩૬
– આચાર્યશ્રી જગચ્ચન્દ્રસૂરિજી

૨. ઉત્થાન લાવવું હોય તો પડતાને પાટુ મરાય કે પકડી રખાય ? ૧૩૭
– આચાર્યશ્રી જગચ્ચન્દ્રસૂરિજી

૩. સહેલું સહેલું કરવાનું જ વિચારીશું તો અંતે બધું ખોઈ નાખવાનો વખત આવશે ! ૧૩૯
– આચાર્યશ્રી પૂર્ણચન્દ્રસૂરિજી

૪. અન્ય મંતવ્યો ૧૪૦

પ્રકરણ-૮

આપણી ત્રણ માળવાળી લિપિની સૂક્ષ્મતા અને સાર્થકતા પા. ૧૪૧ થી ૧૫૧

૧. લેખનવ્યવસ્થા જુદી જુદી : ફેલાવે અંધાધૂંધી ૧૪૧

૨. મમત્વનું વળગણ ૧૪૨

૩. રોમન લિપિ પણ ત્રણ માળવાળી છે ૧૪૨

૪. ત્રણ માળવાળી લિપિ : ગેરસમજ અને સ્પષ્ટતા ૧૪૪

મનીષીઓનાં મંતવ્ય ૧૪૬ થી ૧૫૧

૧. આપણી ત્રણ માળવાળી લિપિના લાભ ૧૪૬
– પ્રા. રતિલાલ સાં. નાયક

૨. ત્રણ મજલાવાળી ગુજરાતી લિપિની સંકુલતા અને સુગમતા ૧૪૮
– ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

૩. એક માળવાળી ગુજરાતી લિપિથી નુકસાન ૧૪૮
– ડૉ. નારાયણ એમ. કંસારા

૪. પ્રગતિ કે પરાગતિ ? ૧૪૯
— ડૉ. અરુણોદય ન. જાની
૫. ભારતીય લિપિની વિશિષ્ટતા ૧૫૦
— મુનિશ્રી પુણ્યવિજયજી
૬. ભાષા અને દર્પણ ૧૫૧
— વિનિયોગ પરિવાર
૭. અન્ય મંતવ્યો ૧૫૧

પ્રકરણ-૯

અંગ્રેજી ભાષાના સંદર્ભમાં રોમન લિપિની મર્યાદા પા. ૧૫૨ થી ૧૬૦

૧. પ્રત્યેક શબ્દના સ્પેલિંગ(જોડણી)ની ગોખણપટ્ટી ૧૫૨
૨. ચાર પ્રકારની વર્ણમાળા : મૂળાક્ષરો ૧૦૪ ૧૫૨
૩. કેટલાક ધ્વનિઓ માટેના સંકેતો નથી ૧૫૩
૪. વર્ણોનાં ઉચ્ચારણ નિશ્ચિત નથી ૧૫૩
૫. અનુચ્ચરિત (Silent) વર્ણો ૧૫૪
૬. ગુજરાતી લિપિમાં સ્વરમાત્રાઓ અને જોડાક્ષરોની ઉપકારકતા ૧૫૫
૭. અંગ્રેજી વર્ણ (ચિહ્ન) એક : ઉચ્ચારણ અનેક ૧૫૬
૮. ઉચ્ચારણ એક : અંગ્રેજી વર્ણો અનેક ૧૫૮
૯. ઉચ્ચારણ ટૂંકું : લેખન લાંબું ૧૫૮

મનીષીઓનાં મંતવ્ય ૧૫૯ થી ૧૬૦

૧. ભારતીય લિપિઓનાં વૈજ્ઞાનિક લક્ષણો ૧૫૯
— ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી
૨. ગુજરાતી શબ્દો ભુલાવા લાગ્યા છે ૧૬૦
— આચાર્યશ્રી મુક્તિપ્રભસૂરિજી
૩. અન્ય મંતવ્યો ૧૬૦

પ્રકરણ-૧૦

કેટલુંક વિશેષ પા. ૧૬૧ થી ૧૭૨

૧. અંકચિહ્નો, સંખ્યાદર્શક શબ્દો, જિજ્ઞાસુ બાળકી : દયાળુ દાદાજી ! ૧૬૧
શિક્ષણ એ કાંઈ બાળકોની રમત નથી, મિતિલેખન પદ્ધતિઓ, ૧૬૩
'૨-૫' (વ્યંજનાક્ષર અને સંખ્યાંક) ૧૬૩

મનીષીઓનાં મંતવ્ય ૧૬૫ થી ૧૭૨

૧. ભારતીય અંક પદ્ધતિ : સ્થાન-કિંમતનો સિદ્ધાંત ૧૬૫
— પ્રા. રતિલાલ સાં. નાયક
૨. સંખ્યાદર્શક શબ્દોનું સરલીકરણ ૧૬૭
— ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી
૩. ભાષા ગુજરાતી, આંકડા અંગ્રેજી — આવો ખીચડો શા માટે ? ૧૬૮
— પ્રા. રતિલાલ સાં. નાયક
૪. ભારતીય ભાષાઓમાં અંગ્રેજી અંકો, ગુજરાતી અંકોને રુખસદ શા માટે ? ૧૬૯-૧૭૦
૫. વર્ષ-માસ-દિવસ લખવાની વિભિન્ન પદ્ધતિઓ ૧૭૦
(ત્રણ લેખ) — ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી
૬. અન્ય મંતવ્યો ૧૭૨



વિકસિત- પ્રતિષ્ઠિત લેખનવ્યવસ્થા અને નવાં સૂચનો

સમાન માધ્યમ દ્વારા બોધરૂપ ઇષ્ટફળની નિષ્પત્તિ

આત્મા-પરલોક-પુણ્ય-પાપ આદિને માનનારી અને મોક્ષપ્રાપ્તિના લક્ષ્યવાળી આર્યપ્રજાએ લિપિબોધ એટલા માટે સ્વીકાર્યો છે કે આપણા પૂર્વપુરુષોએ જગતના સર્વ જીવોના કલ્યાણને માટે શાસ્ત્રોમાં જે કહ્યું છે એનું યથાવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કરી શકાય અને એના દ્વારા આત્માને ઓળખી આ લોક-પરલોકનું શ્રેય સાધી શકાય.

એ શાસ્ત્રીય બોધ મેળવવા માટે આપણે આપણી પરિપૂર્ણ લિપિને અનુસરીએ એ જ હિતાવહ જણાય છે.

એક ચોક્કસ લિપિ-જોડણી આદિની મર્યાદાથી લેખક લખે છે. લિપિ-જોડણી સંબંધી એ જ મર્યાદા વાચક માટે જરૂરી બને છે. અર્થાત્ લેખક-વાચક બંને પક્ષ માટે લિપિ-જોડણીની મર્યાદારૂપ માધ્યમ સમાન જ હોવું જોઈએ. આ સમાન માધ્યમ અપનાવાય તો જ લેખક(પ્રબોધક)ના યથાર્થ આશયને વાચક(પ્રબોધ્ય) પામી શકે. લિપિ-જોડણીરૂપ માધ્યમની અસમાનતા હોય તો વાચક માટે લેખકના યથાર્થ આશયને પામવાનું સ્વાભાવિક રીતે જ મુશ્કેલ બને. યથાર્થ આશય — બોધના અભાવમાં વાચક યથાર્થ સાધનાથી પણ વંચિત રહે અર્થાત્ સાધ્યવિહોણો બને. માટે જ લિપિવિષયક ન્યૂનાધિકતા-અસમાનતા કે પરિવર્તન વિદ્વાનોને માન્ય ન હોઈ શકે. ટૂંકમાં, સમાન માધ્યમ હોય તો જ બોધરૂપ ઇષ્ટફળની નિષ્પત્તિ થાય.

વર્તમાનમાં પ્રચલિત ગુજરાતી લિપિમાં જે સ્વર-વ્યંજનો છે, તેમાંથી કેટલાકની બાદબાકી કરીને અને બીજા પણ કેટલાક ફેરફાર કરીને સુધારેલી લિપિના વિષયમાં અનેક વિદ્વાનો સાથે ચર્ચા-વિચારણા કર્યા પછીના મારા વિચારો અહીં પ્રસ્તુત છે. લિપિવિષયક કેટલાક મનનીય મુદ્દાઓ મને પૂ.આ.ભ. શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ પાસેથી મળેલા છે. આ પુસ્તકમાંનાં મારાં કેટલાંક લખાણો મેં એ મનનીય મુદ્દાઓના આધારે તૈયાર કરેલાં છે.

વર્તમાનમાં પ્રચલિત ગુજરાતી લિપિમાંથી કેટલાક સ્વર-વ્યંજનોની બાદબાકી કરીને લિપિપરિવર્તન કરવું ઉચિત છે કે અનુચિત છે ? હિતકર છે કે અહિતકર છે ? આ વિષય પર, ગુણ કરવા જતાં દોષ ઊભો ન થાય,

વિશેષ પ્રકારે ગુણની જ પ્રાપ્તિ થાય એવા શુભાશયથી આ ગ્રંથ તૈયાર કરવા પ્રયત્ન કર્યો છે.

લિપિપરિવર્તન માટે પ્રયત્નશીલ માનનીય વિદ્વાનો દીર્ઘદ્રષ્ટા બનીને સુયોગ્ય રીતે અને સમજપૂર્વક કાંઈક વધુ વિચારી શકે તે માટે અહીં કેટલાક મુદ્દા રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. વિષયની રજૂઆત દસ પ્રકરણો પાડીને કરવામાં આવી છે. દરેક પ્રકરણના અંતે તે તે પ્રકરણ વિષયક ખ્યાતનામ વિદ્વાનોનાં મંતવ્યો ટાંક્યાં છે.

મારો આ શુભભાવ-પ્રેરિત પ્રયાસ પરિપૂર્ણ લિપિમાં લખાયેલા કલ્યાણકારી પ્રાચીન ગ્રન્થોના સમ્યક્ બોધ દ્વારા આત્માને ઓળખીને આત્મહિત સાધવા તત્પર બનનારા પુણ્યાત્માઓ માટે સાર્થક થાય એ જ શુભાભિલાષા.

નવાં સૂચનો

૧. કેટલાક વિદ્વાનો ચાલુ ગુજરાતી લિપિની વર્ણમાળામાંથી નીચે બતાવેલા સ્વર-વ્યંજનોની બાદબાકી કરીને લિપિમાં અને પ્રચલિત-સુસ્થિર લેખનવ્યવસ્થામાં પણ ફેરફાર કરવાનું વિચારી રહ્યા છે. એમાં સ્વરોના આકાર બારાખડી જેવા બનાવાયા છે. જેમ કે, **'અ - આ - અિ - અી - અુ - અૂ - અૃ - એ - અૈ - ઓ - અૌ - અં - અઃ'**

ચાલુ વર્ણમાળામાં રહેલા **'ઇ-ઈ-ઉ-ઊ'**ની જગ્યાએ **'અિ-અી-અુ-અૂ'** કરવામાં આવ્યા છે. એનો સ્વીકાર થાય અને એ અમલી બને તો લેખનમાં નીચે મુજબ ફેરફાર થાય :

ચાલુ લિપિમાં લખાતા શબ્દો	❋ ફેરફાર કરાયેલી લિપિમાં આમ લખવા પડે	ચાલુ લિપિમાં લખાતા શબ્દો	❋ ફેરફાર કરાયેલી લિપિમાં આમ લખવા પડે
ઇનામ	અિનામ	ઉગ્ર	અુગ્ર
ઇચ્છા	અિચ્છા	ગાઉ	ગાઅુ
ઈશ્વર	અીશ્વર	ઘઉં	ઘઅું
કોઈ	કોઅી	ઊંધ	અૂંધ

૨. 'ઋ' સ્વરને અને 'ઙ-ઞ-ષ' આ ત્રણ વ્યંજનોને (કુલ ચાર વર્ણોને) નિરર્થક અને ભારરૂપ સમજીને લિપિમાંથી રદ કરવા વિચારાયું છે. 'ઋ'ની જગ્યાએ 'રુ', 'ઙ-ઞ'ની જગ્યાએ 'ન' અને 'ષ'ની જગ્યાએ 'શ' રાખવામાં આવ્યો છે. એનો સ્વીકાર થાય અને એ અમલી બને તો લેખનમાં નીચે મુજબ ફેરફાર થાય :

ચાલુ લિપિમાં લખાતા શબ્દો	❋	ફેરફાર કરાયેલી લિપિમાં આમ લખવા પડે
ઋતુ		રુતુ
ઋક્ષ		રુક્ષ
કૃપાકાંક્ષી		ક્રુપાકાંક્ષી
કૃતજ્ઞ		ક્રુતજ્ઞ
કૃત્રિમ		ક્રુત્રિમ
હૃદય		હ્રુદય
દૃશ્ય		દ્રુશ્ય
દૃષ્ટિ		દ્રુષ્ટિ
દૃષ્ટાંત		દ્રુષ્ટાંત
તૃષા		ત્રુષા
કૃષિ		ક્રુષિ
કૃષ્ણ		ક્રુષ્ણ
ઋષિ		રુષિ

ચાલુ લિપિમાં લખાતા શબ્દો	❋	ફેરફાર કરાયેલી લિપિમાં આમ લખવા પડે
ઉત્કૃષ્ટ		ઉત્ક્રુષ્ટ
ઋષભ		રુષભ
ભ્રાતૃ		ભ્રાત્રુ
માતૃગૃહ		માત્રુગ્રુહ
નૃસિંહ		ન્રુસિંહ
પૃષ્ઠ		પ્રુષ્ઠ
સૃષ્ટિ		સ્રુષ્ટિ
અઙ્ગ-અંગ		અન્ગ-અંગ
શઙ્કા-શંકા		શન્કા-શંકા
ચઞ્ચળ-ચંચળ		ચન્ચળ-ચંચળ
ચઞ્ચુ-ચંચુ		ચન્ચુ-ચંચુ
નેત્રાઞ્જન-નેત્રાંજન		નેત્રાન્જન-નેત્રાંજન
રઞ્જન-રંજન		રન્જન-રંજન

૩. સરળતાના ઓઠા નીચે 'ઐ-ઔ'ના સ્થાને 'અઈ-અઉ' કરવાનો પણ એક મત છે. એનો સ્વીકાર થાય તો લેખનમાં નીચે મુજબ ફેરફાર થાય :

ચાલુ લિપિમાં લખાતા શબ્દો	❋	ફેરફાર કરાયેલી લિપિમાં આમ લખવા પડે
ધૈર્ય		ધઇર્ય
પૈસા		પઇસા
વૈદ્ય		વઇદ્ય
ગવૈયો		ગવઇયો
હૈયું		હઇયું
ઐશ્વર્ય		અઇશ્વર્ય
શનૈશ્ચર		શનઇશ્ચર

ચાલુ લિપિમાં લખાતા શબ્દો	❋	ફેરફાર કરાયેલી લિપિમાં આમ લખવા પડે
શૌર્ય		શઉર્ય
ઔદાર્ય		અઉદાર્ય
ઔષધ		અઉશધ
પૌરુષ		પઉરુશ
કૌરવ		કઉરવ
કૌમાર્ય		કઉમાર્ય
સૌષ્ઠવ		સઉશ્ઠવ

૪. **'ક્ષ-જ્ઞ'** આ બે જોડાક્ષરોને સરળતાના નામે પડતા મૂકવામાં આવ્યા છે. **'ક્ષ'**ની જગ્યાએ **'ક્‌શ'** અને **'જ્ઞ'**ની જગ્યાએ **'ગ્ન'** રાખવામાં આવેલ છે. એનો સ્વીકાર થાય તો લેખનમાં નીચે મુજબ ફેરફાર થાય :

ચાલુ લિપિમાં લખાતા શબ્દો	✲ ફેરફાર કરાયેલી લિપિમાં આમ લખવા પડે	ચાલુ લિપિમાં લખાતા શબ્દો	✲ ફેરફાર કરાયેલી લિપિમાં આમ લખવા પડે
ક્ષત્રિય	ક્‌શત્રિય	પરીક્ષા	પરીક્‌શા
ક્ષાત્રવૃત્તિ	ક્‌શાત્રવ્રુત્તિ	શિક્ષક	શિક્‌શક
ક્ષુદ્ર	ક્‌શુદ્ર	લક્ષ્મી	લક્‌શ્મી
ક્ષેત્ર	ક્‌શેત્ર	જ્ઞાન	ગ્નાન
ત્રિપક્ષી	ત્રિપક્‌શી	યજ્ઞ	યગ્ન

૫. વ્યંજનોને અડધા (સ્વરરહિત) કરવા માટે દંડવાળા (પાણવાળા) **'ખ-ગ-ઘ'** આદિ અક્ષરોનો દંડ કાઢી નખાય છે અને દંડ વગરના **'ક-છ-ટ-ઠ-ડ-ઢ'** આદિ અક્ષરોને **' ્ '** આવું ખોડાનું (હલન્ત) ચિહ્ન અપાય છે. આ માટે કોઈ પણ વર્ણને વિકલ્પ કે અપવાદ બનાવાયો નથી. વર્ણસમ્રાટ **'ર'** વ્યંજનને પણ નહિ. આ લિપિ અમલમાં આવે તો **'દ્મ-દ્ય-દ્ર-દ્ધ-દ્ભ-ર્ક-ટ્ર-પ્ર-ત્ર-શ્ર'** વગેરે બધા જ જોડાક્ષરો લેખનમાંથી રદ થાય. તેથી લેખનમાં નીચે મુજબ ફેરફાર થાય :

ચાલુ લિપિમાં લખાતા શબ્દો	✲ ફેરફાર કરાયેલી લિપિમાં આમ લખવા પડે	ચાલુ લિપિમાં લખાતા શબ્દો	✲ ફેરફાર કરાયેલી લિપિમાં આમ લખવા પડે
પદ્મપ્રભ	પદ્‌મપ્રભ	વાદ્ય	વાદ્‌ય
વૈદ્ય	વઈદ્‌ય	વંદ્ય	વંદ્‌ય
વિદ્યાર્થી	વિદ્‌યાર્‌થી	ગદ્ય	ગદ્‌ય
વિદ્યુત	વિદ્‌યુત	ઉદ્યોગ	ઉદ્‌યોગ

આમાંથી **'વૈધ્‌ય, વિધ્‌યા, વિધ્‌યાર્થી, વંધ્‌ય'** આદિ ઉચ્ચારણો તરફ પ્રગતિ સહજ રીતે થાય.

'દ્ય' જોડાક્ષરમાં **'દ્+ય'**નું જોડાણ અસ્પષ્ટ હોવાને કારણે વાચકો તેમાં ધજાના **'ધ્+ય'**નું જોડાણ સમજી બેસતા હોય અને તેથી જ ઉચ્ચારણના ગોટાળા થતા હોય તો એ આપત્તિ **'દ્ય'**ને બદલે **'દ્‌ય'** લખવામાં પણ આવશે. કારણ કે **'ઘ-ધ-દ'**ના ખોડા (અડધા) વર્ણો **'દ-ધ-દ્'** આમ લગભગ સમાન

આકારવાળા હોવાથી **'વૈદ્ય-વિદ્યા-વંદ્ય'** વગેરે શબ્દો ફેરફાર કરાયેલી લિપિ પ્રમાણે **'વઈદ્ય-વિદ્યા-વંદ્ય'** આમ લખાશે ત્યારે તેમાં વચ્ચેનો ખોડાના ચિહ્નવાળો વર્ણ ઘડિયાળનો **'ઘ્'** છે ? ધજાનો **'ધ્'** છે ? કે દરવાજાનો **'દ્'** છે ? એ સમજવું સામાન્ય જનોને માટે મુશ્કેલ બનશે. તેથી **'દ્ય'** જોડાક્ષર લખવાને કારણે થતા **'વૈધ્ય - વિધ્યા - વન્ધ્ય'** જેવા અશુદ્ધ ઉચ્ચારણોનું નિવારણ થશે કે **'વૈધ્ય-વૈદ્ય, વિધ્યા-વિદ્યા, વન્ધ્ય-વન્દ્ય'** જેવાં અશુદ્ધ ઉચ્ચારણો તરફ વિશેષ પ્રકારે પ્રગતિ થશે એ મતાગ્રહ છોડીને વિચારવા યોગ્ય બાબત છે.

જોડાક્ષરો ચાલુ લિપિમાં	❋	જોડાક્ષરો ફેરફાર કરાયેલી લિપિમાં	જોડાક્ષરો ચાલુ લિપિમાં	❋	જોડાક્ષરો ફેરફાર કરાયેલી લિપિમાં
દ્રાક્ષ		દ્રાક્ષ	વિદ્વાન		વિદ્વાન
નિદ્રા		નિદ્રા	વિદ્વદ્વર્ય		વિદ્વદ્વર્ય
દયાર્દ્ર		દયાર્દ્ર	દ્વન્દ્વ		દ્વન્દ્વ
આર્દ્રાનક્ષત્ર		આર્દ્રા નક્ષત્ર	દ્વિઅર્થી		દ્વિઅર્થી
હૃદયદ્રાવક		હૃદયદ્રાવક	પ્રસિદ્ધ		પ્રસિદ્ધ
દ્વાર		દ્વાર	સિદ્ધાર્થ		સિદ્ધાર્થ
દ્વેષ		દ્વેશ	પ્રાણપ્રિય		પ્રાણપ્રિય

આમાંથી **'ધ્રાક્ષ - ઘ્રાક્ષ - ધરાકશ; નિધ્રા - નિઘ્રા-નિદરા-નિધરા; ધ્વાર - ઘ્વાર; દવાર - ધવાર; ધ્વેશ - ઘ્વેશ - ધવેશ - ઘવેશ; વિધ્વાન - વિઘ્વાન - વિધવાન - વિઘવાન'** જેવાં ભ્રામક અને સરળ કરાયેલાં ઉચ્ચારણો તરફ દોરી જતી સ્વાભાવિક પ્રક્રિયા થાય છે અને તે વાસ્તવિક બોધનો અભાવ સૂચવે છે.

જોડાક્ષરો ચાલુ લિપિમાં	❋	જોડાક્ષરો ફેરફાર કરાયેલી લિપિમાં	જોડાક્ષરો ચાલુ લિપિમાં	❋	જોડાક્ષરો ફેરફાર કરાયેલી લિપિમાં
સૂર્ય		સૂર્ય	શ્રીકૃષ્ણ		શ્રીકૃરુશ્ણ
વર્ષ		વર્શ	અર્જુન		અર્જુન
કર્ક		કર્ક	ગ્રાહક		ગ્રાહક
ધર્મપ્રેમી		ધર્મપ્રેમી	શ્રમ		શ્રમ
દર્શનાર્થી		દર્શનાર્થી	ગ્રામ		ગ્રામ

આમાંથી આગળ અલ્પશિક્ષિતજનો દ્વારા **'કરશન, અરજણ, ઘરાક, શરમ, ગરામ'** જેવાં સરળ કરાયેલાં ઉચ્ચારણો તરફ પ્રગતિ સહજ રીતે થાય છે.

જોડાક્ષરો ચાલુ લિપિમાં	❋	જોડાક્ષરો ફેરફાર કરાયેલી લિપિમાં	જોડાક્ષરો ચાલુ લિપિમાં	❋	જોડાક્ષરો ફેરફાર કરાયેલી લિપિમાં
ઇન્દ્ર		અિન્દ્ર્ર	પ્રિયદર્શી		પ્રિયદર્‌શી
ઊર્ધ્વદૃષ્ટિ		અુર્‌ધ્વદ્‌રુશ્ટિ	બ્રાહ્મણ		બ્રાહ્‌મણ
કર્મેન્દ્રિય		કર્‌મેન્દ્રિય	બ્રહ્મચર્યાશ્રમ		બર્‌હ્‌મચર્‌યાશ્રમ
દીર્ઘદ્રષ્ટા		દીર્‌ઘદ્‌રશ્ટા	ત્રિમૂર્તિ		ત્રિમૂર્‌તિ
પ્રભૃતિ		પ્રભ્રુતિ	ભ્રાતૃપ્રેમ		ભ્રાત્રુપ્રેમ
પ્રકૃતિ		પ્રકૃરુતિ	મહર્ષિ		મહર્‌શિ
પ્રશ્નપત્ર		પ્રશનપત્ર	ગૃહસ્થાશ્રમ		ગ્રુહસ્થાશ્રમ
પ્રપૌત્ર		પ્રપઔત્ર	વૃદ્ધાશ્રમ		વ્રુદ્‌ધાશ્રમ
પ્રવૃત્તિ		પ્રવ્રુત્તિ	રાષ્ટ્ર		રાશ્ટ્ર
પ્રકર્ષ		પ્રકર્‌શ	વસ્ત્ર		વસ્ત્ર
પ્રતિષ્ઠા		પ્રતિશ્ઠા	શ્રેયાર્થે		શ્રેયાર્‌થે
પ્રતિકૃતિ		પ્રતિકૃરુતિ	શ્રેષ્ઠિવર્ય		શ્રેશ્ઠિવર્‌ય
પ્રશ્નાર્થ		પ્રશનાર્‌થ	સ્પર્શેન્દ્રિય		સ્પર્‌શેન્દ્રિય
પ્રક્રિયા		પ્રક્રિયા	સર્વજ્ઞ		સર્‌વગ્ન
પ્રાકૃત		પ્રાકૃરુત	હર્ષાશ્રુ		હર્‌શાશ્રુ
પ્રાર્થના		પ્રાર્‌થના	હર્ષુંભર્યું		હર્‌યુંભર્‌યું

ગુજરાતી લિપિમાં અને લેખનમાં આવા ફેરફારોથી ઉચ્ચારણશુદ્ધિ, લખવાનો શ્રમ, સરળતા તેમ જ લેખનની નયનરમ્યતા આદિની વધઘટ કેવી અને કેટલી થાય તે તટસ્થ બુદ્ધિથી વિચારવા યોગ્ય બાબત છે.

❋

૬. તદુપરાંત 'ઇ - ઈ, ઉ - ઊ' હ્રસ્વ-દીર્ઘ એવા આ ચાર સ્વરોમાંથી દીર્ઘ 'ઈ' અને હ્રસ્વ 'ઉ' આ બેને જ માન્ય રાખીને અને હ્રસ્વ 'ઇ' તેમ જ દીર્ઘ 'ઊ' આ બેને નિરર્થક અને અભ્યાસમાં બોજારૂપ માનીને લિપિમાંથી રદ કરવાના પ્રયત્નો પણ ચાલે છે. તેમ બને તો –

હ્રસ્વ 'ઇ'	દીર્ઘ 'ઈ'	હ્રસ્વ- 'ઉ'	દીર્ઘ 'ઊ'
અલિ (ભમરો),	અલી (સ્ત્રી સંબોધન)	અનુદિત (નહિ ઉગેલું),	અનૂદિત (ભાષાંતરિત)
કંસારિ (શ્રીકૃષ્ણ),	કંસારી (એક જીવાત)	અંગુર (નવી ચામડી-રુઝ),	અંગૂર (લીલી દ્રાક્ષ)
ખચિત (જડેલું),	ખચીત (અવશ્ય)	આલુ (ખોટો આરોપ),	આલૂ (જરદાળૂ)
ચિર (લાંબા કાળનું),	ચીર (વસ્ત્ર)	આહુત(હોમેલું),	આહૂત (બોલાવેલ)
જિન (તીર્થંકર),	જીન (ભૂત)	ઉરુ (વિશાળ),	ઊરુ (જાંઘ, સાથળ)
દિન (દિવસ),	દીન (રાંક, ગરીબ)	કુચ (સ્તન),	કૂચ (લશ્કરી ઢબની ચાલ)
દ્વિપ (હાથી),	દ્વીપ (ટાપુ, બેટ)	કુજન (દુર્જન),	કૂજન (મધુર ગાન)
પલિત (ધોળા વાળવાળું),	પલીત (ભૂતપ્રેત)	કુલ (કુળ, વંશ),	કૂલ (કિનારો, કાંઠો)

પાણિ (હાથ),	પાણી (જળ)	ગુણ (સદ્‌ગુણ),	ગૂણ (કોથળો)
પિતા (બાપ),	પીતા (પાન કરતા)	દારુ (લાકડું),	દારૂ (મદિરા)
રતિ (પ્રીતિ),	રતી (ચણોઠી જેટલું વજન)	પુર (નગર),	પૂર (પાણીનો ધસમસતો પ્રવાહ)
શિલા (પથ્થર),	શીલા (સદાચારવાળી સ્ત્રી)	પુરી (નગરી),	પૂરી (ખાવાની વાનગી)
સિતા (સાકર),	સીતા (જનકસુતા-સીતાજી)	વધુ (વધારે),	વધૂ (વહુ)
		સુત (પુત્ર),	સૂત (સારથિ)
		સુર (દેવ),	સૂર (કંઠ, સૂર્ય)
		સુરત (કામક્રીડા),	સૂરત (ચહેરો)

ઉપરના શબ્દોમાં લેખન દ્વારા જે અર્થભેદ બતાવાય છે તે બતાવી શકાશે નહિ. કારણ કે હ્રસ્વ **'ઇ'** વાળા **'પિતા-રતિ-દિન'** વગેરે બધા જ શબ્દો **'પીતા-રતી-દીન'** આમ માત્ર દીર્ઘ **'ઈ'**વાળા જ બની જશે અને દીર્ઘ **'ઊ'**વાળા **'દારૂ-પૂર-પૂરી'** વગેરે બધા જ શબ્દો **'દારુ-પુર-પુરી'** આમ હ્રસ્વ **'ઉ'** વાળા જ બની જશે. તેથી અર્થભેદ સંદર્ભમાત્રથી જ સમજી લેવાનો રહેશે. આથી બાળકો અને અલ્પશિક્ષિતોના માનસ ઉપર વૈચારિક ભારણ વધે કે નહિ તે વિચારણીય છે.

વળી **'કવિ + ઈશ્વર = કવીશ્વર, મંત્રી + ઈશ્વર = મંત્રીશ્વર; અનુ + ઉદિત = અનૂદિત, અનુ + ઉત્તર = અનૂત્તર'** વગેરે શબ્દોમાં સંધિના નિયમો કેવી રીતે શિખવાડાશે ?

કેટલાક વિદ્વાનો કહે છે કે બોલાતી ભાષામાં હ્રસ્વ-દીર્ઘ **'ઇ-ઈ, ઉ-ઊ'**ના ભેદ રહ્યા નથી, માટે એને લેખનમાંથી પણ મિટાવી દેવા જોઈએ. પણ નીચેના શબ્દો જુઓ :

અનુકૂળ	ખુશી	તુરીય	પિપૂડી	મુહૂર્ત્ત	વિમૂઢ	સુદીર્ઘ
કિચૂડ	ગિરીશ	દુકૂલ	પ્રતિકૂળ	વિકીર્ણ	વિરૂપ	સુદૂર
કિરીટ	ગુણી	દુઃશીલ	મુખી	વિદૂર	શિરીષ	સુધીર
કુતૂહલ	ચિઠ્ઠી	નિરીક્ષણ	મુનીમ	વિનીત	સુખી	સુનીલ
કુલીન	જિગીષા	નિશીથ	મુનીશ	વિભૂતિ	સુગ્રીવ	સુશીલ

આ બધા શબ્દોમાં **'ઇ - ઉ'** હ્રસ્વ જ બોલાય છે, અથવા દીર્ઘ જ બોલાય છે કે પ્રથમના હ્રસ્વ અને પછીના દીર્ઘ બોલાય છે ? હ્રસ્વ-દીર્ઘના ભેદ વગર બોલાય છે કે સ્વાભાવિક રીતે જ હ્રસ્વ-દીર્ઘના ભેદ સાથે બોલાય છે એ બાબત વિચાર માગી લે છે.

❋

૭. વળી આ ફેરફારવાળી લિપિમાં '૧-૨-૩' વગેરે ગુજરાતી આંકડાઓ(સંખ્યાકો)ને બદલે **'1-2-3'** વગેરે અંગ્રેજી આંકડા સ્વીકારાયા છે.

નાગરી લિપિમાં નાગરી અંકો, બંગાળી લિપિમાં બંગાળી અંકો અને ગુજરાતી લિપિમાં ગુજરાતી અંકો એ જ સુસંગત છે. **ગુજરાતી લિપિમાં ગુજરાતી અંકો જ વપરાય, એને બદલે અંગ્રેજી અંકચિહ્નો ન ચાલે.**

વૈશ્વિક ભાષા અને વૈશ્વિક અંકોની ભ્રમણામાં આપણે આપણું મૂળ સ્વરૂપ તો ગુમાવી રહ્યા નથી ને ?

શિક્ષણ કોને કહેવાય ?

હિંસા, જૂઠ, ચોરી, મૈથુન (સેક્સ) અને પરિગ્રહ (બિનજરૂરી સંગ્રહ) આ પાંચ મોટાં પાપ છે. આપણા આત્માએ અનાદિકાળથી અનંતા જન્મોમાં આ બધાં મહાપાપોનું વારંવાર રસપૂર્વક સેવન કરેલું છે. તેથી આપણા આત્મામાં આ પાંચેય મહાપાપોના અતિ ગાઢ સંસ્કાર પડેલા છે. નિમિત્ત પામી-પામીને એ પાપસંસ્કારો પ્રગટ થયા કરે છે.

આપણા આત્મામાં પડેલા આ પાપસંસ્કારોનો નાશ કરીને સુસંસ્કારોનું અને સદાચારનું બીજારોપણ કરે એવા શિક્ષણને જ સાચું શિક્ષણ કહેવાય. પણ જે શિક્ષણ એ પાપસંસ્કારોનો નાશ કરવાને બદલે, માનવસેવાના સોહામણા ઓઠા નીચે એ પાપસંસ્કારોનું પોષણ કરનારું બને, એવા શિક્ષણને શિક્ષણ કહેવાય જ નહિ. કહેવું હોય તો એને કુશિક્ષણ કે પાપશિક્ષણ જ કહેવાય !



विनायकं प्रकुर्वाणो रचयामास वानरम् ।

૧. દુનિયાની આજની કોઈ પણ લિપિને સંપૂર્ણ કે સહેલી કહી શકાય તેમ નથી. ખરું કહીએ તો સરળતા કે કઠિનતા એ મહદંશે મનની વસ્તુ છે. અભ્યાસથી જેમ તીખું મરચું પણ ભાવી જાય છે, તેમ અભ્યાસથી દરેક કાર્ય કે લિપિ પણ સરળ બની શકે છે.

લિપિને કઠણ સમજીને સરળ બનાવવાની મથામણ કરવા કરતાં બાળવિદ્યાર્થીઓને લિપિ સરળ રીતે ભણાવવા માટેની મથામણ કરવા જેવી છે, જેથી લિપિની મૌલિકતાને નુકસાન ન થાય.

સંસ્કૃતમાં એક કહેવત છે કે "**विनायकं प्रकुर्वाणो रचयामास वानरम् ।**" અર્થાત્ ગણેશજીની મૂર્તિ બનાવવા જતાં વાંદરાની મૂર્તિ બની ગઈ. એમ આવડત વગરના કહેવાતા વિદ્વાનો લિપિસુધારણાના નામે ભેગા થશે તો એનું પરિણામ પણ આવું જ કાંઈક આવે એવો ભય અસ્થાને નથી.

પ્રયોગ કે સંશોધનના ક્ષેત્રમાં ધૂન કદાચ મહત્ત્વની કહી શકાય, પણ વર્ષોથી ચાલી આવતી લોકપરંપરામાં સુધારાની ધૂન એ મહદંશે આવડતના કે પૂરી સમજણના અભાવે હાનિકારક પુરવાર થઈ શકે છે.

"પ્રવર્તમાન લિપિ કઠણ છે – કઠણ છે" એવી જે બુમરાણ શરૂ કરવામાં આવી છે, તેમાં વિદ્યાર્થીઓને પડતાં કષ્ટો કરતાં ભણાવનારાઓની નબળાઈઓને છુપાવવાનો ઇરાદો વધુ ભાગ ભજવતો હોવાનું જણાઈ આવે છે. જ્યાં સુધી ભણાવનારા અથવા તો હ્રસ્વ-દીર્ઘની વ્યવસ્થાને એક બંધનરૂપ સમજી બેઠેલા એવા લેખકો-પત્રકારોને લાગેવળગે છે ત્યાં સુધી તો માત્ર લિપિ-જોડણી ક્ષેત્રે જ નહિ, પરંતુ મોટા ભાગના કષ્ટસાધ્ય વિષયો તેમને અઘરા જ લાગવાના છે.

લિપિશાસ્ત્રીઓ, કવિઓ-લેખકો-પત્રકારો વગેરે પાસે શુદ્ધ જોડણીની અપેક્ષા રાખે તે વાજબી છે, પરંતુ આમજનતા પાસે શુદ્ધ જોડણીની અપેક્ષા રાખવી, આમજનતા હ્રસ્વ-દીર્ઘ લખવામાં પારાવાર ભૂલો કરે છે, માટે હ્રસ્વ-દીર્ઘના ભેદનો છેદ ઉડાડવાનો આગ્રહ રાખવો, આવું બધું જરાય ઇચ્છનીય નથી. **આમજનતાનું નામ વટાવીને મૂળાક્ષરો અને જોડાક્ષરોને બદલવાની ચેષ્ટાઓ પણ ક્ષન્તવ્ય નથી.**

ભારતીય લિપિઓને સુંવાળી વાતો દ્વારા ધીરેધીરે નષ્ટ કરી, ભવિષ્યમાં એક જ રોમન લિપિને જીવંત રાખીને, એને સર્વવ્યાપક બનાવવાની ચાલબાજીનું કોઈ આંતરરાષ્ટ્રીય કાવતરું રચાયું હોય તો જાણ્યે-અજાણ્યે પણ આપણે તેનો ભોગ તો બની રહ્યા નથી ને ?


સંસ્કૃત વર્ણમાળા, જોડાક્ષરો અને જોડણી-ઉપરથી ઊતરી આવેલા ગુજરાતી શબ્દો અંગે સુધારાઓ કરવાની હિમાયત કરવા પૂર્વે સંસ્કૃત-ગુજરાતીનો માતા-પુત્રીભાવ સંબંધ વગેરે અનેક મુદ્દાઓ ભારપૂર્વક વિચારવાની જરૂર છે.

ભલે ભૂલભરેલું સ્પષ્ટ લાગતું હોય તોપણ કશું સુધારવું જ નહિ એમ કહેવાનો આશય નથી. તેથી જ અંગ્રેજી વગેરે ભાષામાંથી આવેલા શબ્દો અંગે અર્થાત્ તેના ગુજરાતીકરણ માટે જે કાંઈ કરવા જેવું છે તે માટે, તેમ જ સુધારાપાત્ર જોડણીમાં સુધારા કરવા—તેટલા પૂરતું જોડણી પરિષદનું ક્ષેત્ર સીમિત રહેશે તો તે સ્વાગતપાત્ર ગણાશે.

"**मुखमस्तीति वक्तव्यम्** ।" એ રીતે **'કાંઈક સુધારા કરવા જ છે અને તે માટે જ ભેગા થવું છે'** એવી મનોવૃત્તિ રાખવાને બદલે, લિપિ-જોડણી ક્ષેત્રે કોઈ અરાજકતા પ્રવર્તતી હોય તો તે દૂર થાય' એવી સદ્‌ભાવનાથી ભેગા થવું તે હિતાવહ છે.

જોડાક્ષરો અને બારાખડીવાળી લિપિથી લખવામાં ઊલટું લાઘવ થાય છે. લખનારને અને તાર કરવો હોય તો ઑપરેટરને પણ ઓછી મહેનત પડે છે. વાંચવામાં તો કોઈને કાંઈ તકલીફ જ નથી. ડૉક્ટરો વગેરે અંગ્રેજીની ત્રીજી-ચોથી એબીસીડીમાં જે કાંઈ લખે છે તે તો પોતે જ વાંચી શકે. સામાન્ય લોકોને તો એ લખાણ વાંચતાં પારાવાર મુશ્કેલી થાય છે.

— પંન્યાસશ્રી જયસુંદરવિજયજી



પાંડિત્યનો નિરર્થક ક્લેશ !

૨. શબ્દશક્તિ એક અપૂર્વ વિજ્ઞાન છે. વર્ણમાળા વિશિષ્ટ શક્તિસ્રોત છે. કેવળ બોલચાલની ભાષાના વિચારને જ કેન્દ્રિત કરીને બૌદ્ધિક વ્યાયામ કરવાની બાબત હિતાવહ જણાતી નથી.

તદ્દન વિકલ-અપૂર્ણ એવી અન્ય ભાષા-લિપિઓની સાથે તુલના કરીને સુસંસ્કારી લિપિને નીચે લઈ જવાની પ્રવૃત્તિ વિઘાતક બનવા સંભવ છે.

શબ્દ અક્ષરાત્મક છે, ભાવ વ્યક્ત કરવા માટેનું માધ્યમ છે. વક્તા કે લેખકનો ભાવ તેમાં પ્રતિબિમ્બિત થાય છે. સરનામું બરાબર ન હોય તો ટપાલખાતું જેમ પરબીડિયું પહોંચાડી ન શકે તેમ શબ્દનું ઉચ્ચારણ, શબ્દના અક્ષરોરૂપ આકારો અને શબ્દના રૂપનું જ્ઞાન સમુચિત ન હોય તો વાચક યા શ્રોતા સ્પષ્ટ બોધ પામી શકે નહિ — સંદેહયુક્ત રહે. સરળતા-સુબોધતાના સુંવાળા ઉપક્રમે બોજો ઉતારવાની કે હળવો કરવાની કુચેષ્ટા દુઃખદ બનવા સંભવ છે.

અધ્યયન-અધ્યાપન પદ્ધતિથી ગુજરાતી ભણનારને સંસ્કૃત મૌલિક વર્ણમાળા, સ્થાન, પ્રયત્ન વગેરેથી મહાવરો વધતાં અલ્પ પ્રયત્ને ભારતીય સંસ્કૃત ભાષાકીય પ્રાચીન ગ્રંથોનો બોધ અવશ્યમેવ સુબોધ બની શકે છે. શિક્ષણક્ષેત્રની પ્રતિષ્ઠિત વ્યક્તિએ કરવું હોય તો તે અધ્યાપન પદ્ધતિનું થોડું વર્ગીકરણ - વિશદીકરણ અને પ્રસાદીકરણ જરૂર કરી શકે છે. પરંતુ અમુક સ્વર-વ્યંજનોને કાયમને માટે લિપિમાંથી બાદ કરવાની વિઘાતક, વિસંવાદક અને વિપરીતતા-ઉત્પાદક એવી જઘન્ય પ્રવૃત્તિ ન જ કરવી જોઈએ. અમૂર્તભાવને કથંચિત મૂર્ત કરવાનું આપણને મળેલું અમોઘ સાધન ભાષા છે. ભાષાની દિવ્યતા, મધુરરસતા-મિષ્ટતા અજબગજબની રસાસ્વાદ્ય છે. સંસ્કૃત ભાષાની બહુ જ નજદીક આપણી ગુજરાતી ભાષાનું વ્યાકરણ, વર્ણમાળા, લિપિ, વર્ગીય વ્યંજનો, અનુનાસિકો, સ્પર્શવ્યંજનો, શબ્દ – આ બધું સાંભળતાં જ એક ચોક્કસ અર્થ સુઘટિત બને છે. તે દૂર કરીને **"ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં"**નો તુક્કો ભલા કેટલો ઉપકારક બની રહેશે એ સ્વયમેવ વિચારવું જ પડશે.

જોડણીમાં લેશમાત્ર ફેરફાર હોય તો તે ચલાવી લેવાય પણ સ્વરોની બાદબાકી, અનુનાસિકોને દેશવટો – આ બધું પરિવર્તનના નામે આગળ આવીને ઊભું રહે ત્યારે **એને પરિવર્તન નહિ, કિંતુ હ્રાસ તરફની અગ્રેસરતા જ ગણાવી શકાય.**

પુરાણું મકાન જીર્ણ થાય કે તેમાં કોઈ અગવડ જણાય ત્યારે મકાન-માલિક, મકાનની જગ્યામાં જેમ ફેરફાર કરી શકે, તેની જેમ લિપિને પણ વૈયક્તિક સંપદા માનીને લિપિપરિવર્તનની જે ઝુંબેશ ઉપાડવામાં આવી છે, તેમાં વર્ણકાપ દ્વારા સરળતા (?) લાવવાના જે પ્રયત્નો થઈ રહ્યા છે તે અસહ્ય છે. એટલું જ નહિ, મૌલિક વર્ણમાળાને અર્થાત્ લિપિના મૂર્ધન્ય સ્થાનને જઘન્ય કોટિમાં લઈ જવાનો વિડંબનામૂલક પુરુષાર્થ પ્રશસ્ત જણાતો નથી. આમાં વ્યક્તિગત કોઈની ટીકા-નિંદાનો પ્રશ્ન જ નથી. સૌ ચિંતકો પોતાની સ્વસ્થ વિચારધારાને અવશ્યમેવ પ્રસ્તુત કરી શકે.

હૃદયમાં રહેલા ભાવને અભિવ્યક્ત કરવા અર્થાત્ બહાર લાવવા માટેનું માધ્યમ ભાષા છે. ગુજરાતી ભાષાના વ્યવહારમાં અન્યાન્ય ભાષાના રોજિંદી વપરાશમાં આવતા અને તેથી પોતીકા જેવા બનેલા એ શબ્દભંડોળને ખીચડિયા કહી વગોવવા ઠીક નથી. ભાષાની આભડછેટ ન હોવી તેમ જ અન્યના પ્રવેશ સામે અણગમો એ આપણી સંસ્કારિતાનો અભાવ સૂચવે છે. **ભાષાકીય શબ્દો ઉછીના કહેવાય જ નહિ, તેથી તે પુનઃ પરત કરવાનો સવાલ જ નથી. આ તો પાંડિત્યનો નિરર્થક ક્લેશ છે.**

"ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર" અખા કવિનો આ કટાક્ષ તો ઝઘડાખોર, કદાગ્રહી એવા કોઈક વ્યાકરણવિદને જ ઉદ્દેશીને સંભવે છે.

– પ્રા. વ્રજલાલ વાલજી ઉપાધ્યાય (જામનગર)



શંકાસ્પદ સુંવાળી વાતો !

૩. આપણા પૂર્વપુરુષોએ રચેલા ગ્રન્થો દ્વારા આપણે આપણી સંસ્કૃતિ આદિનું જ્ઞાન મેળવવાનું છે. તે જ્ઞાન મેળવવા માટે આપણે અત્યારે જે રીતે પૂર્વના લિપિપ્રયોગો કરી રહ્યા છીએ તે, તે જ પ્રમાણે ચાલુ રાખવા જોઈએ.

જેઓ લિપિપરિમાર્જન કરવા માગે છે, તેમના હૃદયમાં રહેલો આશય આપણે જાણી શકતા નથી. બોલચાલની ભાષામાં તો એ ફેરફાર નિરર્થક જ છે, કારણ કે એમાં તો લોકો પોતાની અનુકૂળતા મુજબ ફેરફાર કરતા જ રહે છે. ત્યારે માત્ર લેખનવ્યવહારમાં ફેરફાર કરવાનો આશય અકળ છે. 'પૂર્વમહાપુરુષોએ રચેલા ગ્રન્થોના વાચનથી અને આપણી સંસ્કૃતિથી આપણે વિમુખ બની જઈએ' એવા આશયની કલ્પના ઘણી કઠોર લાગે છે.

"ચાલુ પ્રચલિત લિપિ ઘણી અઘરી છે, માટે એમાં અમને સરળતા કરી આપો" એવી ભણનારાઓની કોઈ માગણી નથી, એવી માગણી થવાનો સંભવ પણ નથી. આમ છતાં શીખનારા વર્ગ તરફથી લિપિના સરલીકરણની માગણી ઊઠી હોય એવો આભાસ ઊભો કરીને અને લોકમાં બિનજરૂરી દુઃખદ વાતાવરણ ઊભું કરીને, પોતાની રુચિ કે કલ્પના મુજબના ફેરફારની ઝુંબેશ જનતાના નામે ચલાવીને, જાણે આપણી તો માત્ર પરોપકારની જ ભાવના હોય એવો દેખાવ કરીને અથવા તો જનહિતના કે સરળતાના વાઘા પહેરાવીને આવી પ્રવૃત્તિ ચલાવવી એ કેટલું ઉચિત છે ?

આપણે જ્ઞાનના ભોગેય લિપિનું સરલીકરણ ચાહતા હોઈએ તો કોઈ પણ લિપિ માનવાની જરૂર નથી. કારણ આઝાદી પૂર્વે ભારતની પ્રજાનો મોટો વર્ગ લિપિસંબંધી જ્ઞાનથી રહિત હતો. છતાં તેની બોલવા-સાંભળવાની અને સમજવાની શક્તિ ઘણી વિશિષ્ટ હતી. એનાથી જ એના સંસારનો બધો વ્યવહાર કોઈ પણ જાતની તકલીફ વિના બરાબર ચાલતો હતો. આમ છતાંય વર્તમાનકાલીન બુદ્ધિજીવીઓએ લિપિબોધને જ મહત્ત્વનો મુદ્દો માન્યો અને લિપિબોધ વગરના વર્ગને નિરક્ષર ગણી સાક્ષરતા અભિયાન શરૂ કર્યું. લિપિબોધ વગરના વર્ગને લિપિજ્ઞાન આપવા માટે જ આ સાક્ષરતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, પણ સરલીકરણના મહોરા નીચે લિપિના અક્ષરોનું પરિવર્તન કરવા કે લિપિનો છેદ ઉડાડવા માટે નહિ.

જૈનસંઘમાં રાત્રિભોજન સર્વથા નિષિદ્ધ છે. આમ છતાંય કોઈ જૈન વ્યક્તિ કે પરિવાર સંયોગવશ રાત્રિભોજન કરે તો અમે એને એમ નહિ કરવા વ્યક્તિગત રીતે સમજાવીએ, પણ એનો જાહેર વિરોધ ન કરીએ. પરન્તુ જ્યારે અમારા ધાર્મિક મહોત્સવ પ્રસંગે જૈન સંઘ માટે જમણવાર ગોઠવાયેલો હોય અને એમાં રાત્રિભોજન કરાવાતું હોય તો **એની સામે અમારો પ્રબળ અને જાહેર વિરોધ અવશ્ય હોય.**

એવી જ રીતે લોકોના જે વર્ગમાં ભાષાનો વિશાળ બોધ કરવાની શક્તિ ન હોય, એ વર્ગ પોતાની અશક્તિનો સ્વીકાર કરી વ્યક્તિગત કે સમાજગત વ્યવહારમાં અમુક વર્ણોને ઉડાડી દઈને લખે-બોલે તો એની સામે હજી કોઈનોય વિરોધ હોઈ શકે નહિ. પણ **લિપિસુધારણાની દૃષ્ટિએ ચલાવાતી ઝુંબેશ એક 'અહમ્'જન્ય પ્રયત્ન સ્વરૂપ હોવાથી અને તે ભાષાના સ્વરૂપનો વિનાશ કરનારી હોવાથી એનો પ્રબળ અને જાહેર વિરોધ કરવો જરૂરી લાગે છે.**

સરલીકરણની વાતને જો સંયોગજન્ય પ્રયત્ન સ્વરૂપે સ્વીકારવામાં આવે તો તેમાં ગુજરાતી લિપિના સ્વરૂપને બદલવાની જરૂર રહેતી નથી.

જૂની પેઢી ચાલુ (જૂની) લિપિથી ટેવાયેલી છે, નવી પેઢીને તેનાથી ટેવાવાનું બાકી છે. લિપિના વિષયમાં નવી પેઢીને જેવી ટેવ પડાવશું તેવી ટેવ પ્રથમથી જ પડવાની છે. નવી ટેવ પાડવામાં તકલીફ હોતી નથી. ખરી તકલીફ તો વરસો જૂની ટેવ બદલવામાં જ હોય છે. જૂની પેઢીના ભાષાપ્રયોગમાં એને સુધારવાની ફરજ પડે એવો કોઈ દોષ નહિ હોવા છતાં એને બદલવાના પ્રયત્નો શા માટે ? એની પાછળ કોઈ ગૂઢ આશય તો નથી ને ? ઊંડેઊંડે જાણ્યે-અજાણ્યે સર્વોત્તમ ભારતીય સંસ્કૃતિના નાશની તમન્ના તો નથી ને ? **સુંવાળી વાતો શંકાસ્પદ હોઈ શકે છે, કારણ નિરંતરાય વિનાશ માટે સુંવાળી વાતો જ સાનુકૂળ હોય છે. જૂની પેઢીના સંસ્કાર બદલવા જતાં એની દશા ત્રિશંકુ જેવી અર્થાત્ "અતો ભ્રષ્ટ, તતો ભ્રષ્ટ"** જેવી થાય. જૂની-નવી પેઢી વચ્ચે સમતોલપણું જળવાય નહિ, વિસંવાદ થાય. ઊભો કરાયેલો આ વિસંવાદ ભાવિ-વિગ્રહનું બીજ બને અને સલાહસંપથી સુખે જીવતા ભાઈ-ભાઈને જ લડાવી મારે. બેને લડાવીને બહારનો ત્રીજો ફાવી જાય. જ્યારે અન્ય ભારતીય પ્રજાને વિનાશને માર્ગે દોરી જવાનું પોતાનું મલિન ધ્યેય શાહુકારી બતાવીને તે મલિન ધ્યેયવાળી વ્યક્તિ સુખપૂર્વક સાધી જાય.

– પ્રા. રતિલાલ દોશી (અમદાવાદ)

❁

ભણવાનો ભાર રસના અભાવથી અનુભવાય છે !

૪. **લિપિસુધારણા એ પરંપરાનો વિચ્છેદ કરનારી અને નૂતન જ્ઞાનસંપાદનમાં અવરોધ કરનારી બાબત છે.** આજે જ્યારે નવાનવા જ્ઞાનને વ્યક્ત કરવા માટે નવીનવી સંજ્ઞાઓ શોધાઈ રહી છે ત્યારે લિપિમાં સિદ્ધ થયેલ સંજ્ઞાવૈવિધ્યને ઘટાડવાનું પગલું, આવી રહેલા સમયથી અર્થાત્ ભવિષ્યમાં જે ઝડપી વિકાસ આવી રહ્યો છે, જ્યાં નવાનવા જ્ઞાન માટે નવીનવી સંજ્ઞાઓની આવશ્યકતા ઊભી થનાર છે, તેનાથી ગુજરાતી પ્રજાને વિમુખ કરનારું સિદ્ધ થશે.

ભણવાનો ભાર રસના અભાવથી અનુભવાય છે. આજે લિપિ-સુધારણાની વાતો થઈ રહી છે, તેમાં **"શૈક્ષણિક નિષ્ઠા"**નાં દર્શન અલ્પ અને "અહમ્‌જન્ય જિદ્દ"નો અનુભવ વિશેષ છે. આમ આ આવરણગ્રસ્ત આંદોલન છે, એમાં શુદ્ધિ અને જાગૃતિ ઓછાં છે.

– શ્રી નરોત્તમ પલાણ (પોરબંદર)

૫. ગુજરાતી જોડણી અને તેના મૂળાક્ષરોમાં સુધારણા અંગે કેટલાક વિદ્વાનોના વિચારો બાબત એટલું જ કહેવાનું કે **આવી સુધારણાનાં પરિણામોનો સુપેરે વિચાર કરી લેવો ઘટે.** અહીંની અને વિદેશોની લગભગ બધી ભાષાઓ અને લિપિઓ અંગે વિદ્વાનોમાં આવો મતભેદ પ્રવર્તે છે. સરળ ઉચ્ચારણ અને સરળ લેખનના વિચારને આપણે તેના યથાર્થ પરિપ્રેક્ષ્ય(સંદર્ભ)માં જોવો ઘટે. **ભાષાશુદ્ધિ અને લેખનશુદ્ધિનો આદર્શ લુપ્ત થાય તે ઠીક નથી.**

– શ્રી નટવરલાલ યાજ્ઞિક (અમદાવાદ)

૬. આજના મરોડદાર સુંદર અક્ષરોનો વિકાસ સદીઓમાં થયેલો છે. એનો રાતોરાત ઉચ્છેદ થઈ શકે નહિ. અંગ્રેજીમાં **'ત'** વર્ગ નથી, ફ્રેંચ ભાષામાં 'ટ' વર્ગ નથી. રશિયન ભાષામાં **'શ્ચેર્વાત્સ્કી'** જેવા અનેક વ્યંજનો એક સાથે બોલાય છે. રોમન લિપિમાં 'ક' ધ્વનિ માટે **'K-C-Q'** (કે-સી-ક્યુ) એમ ત્રણ વ્યંજનો છે. **'Circus'** એ **'સરકસ'** જ બોલાય છે, **'કિરકુસ'** નહિ. અરબી-ફારસી લિપિઓમાં ચાર જાતના **'સ'** છે : **'સે-સ્વાદ-સીન-શીન'**. 'જ' માટે **'જીમ - જાલ - જ્વાદ'** છે. આ બધી લિપિઓમાં સુધાર કે પરિવર્તન કરવાનો કોઈએ પ્રયત્ન કર્યો જણાતો નથી, એવો સંભવ પણ નથી. **તો બિચારી ગુજરાતી લિપિમાં સુધારો કરવાનો પ્રયત્ન માત્ર સાહસ જ કહેવાશે, વાસ્તવિકતા નહિ.**

ભાષા અને વિશેષતઃ લિપિના ક્ષેત્રમાં **'જૂનું એ સોનું'** એ સૂત્ર બરાબર બંધ બેસે છે.

— ડૉ. પ્રવીણચંદ્ર ચિ. પરીખ (અમદાવાદ)

૭. ગુજરાતી જોડણીના ચાલુ સ્વરૂપમાં કશો સુધારો કરવો એ વ્યવહાર અને સિદ્ધાંતની દૃષ્ટિએ ઇષ્ટ કે હિતકર નથી અને હાલ તો એવી સંભાવના પણ નથી જ એવો મારો મત છે. **સ્થાપિત વ્યવસ્થાને અસ્થિર કરવાની વાત પરિણામોની પૂરી સમજદારી વગર થઈ રહી છે.** અંગ્રેજી, ફ્રેંચ વગેરે ભાષાઓની જોડણીઓ ઘણી ગૂંચવણવાળી હોવા છતાં એ સુવિકસિત લોકો પણ તેમાં ફેરફાર કરી શક્યા નથી.

પ્રચલિત વ્યવસ્થામાં ફેરફારની ચળવળો, પ્રચાર વગેરે-ભાષાનો ઇતિહાસ, ભારતીય ભાષાઓનો ઇતિહાસ, લેખન અને ઉચ્ચારણ વચ્ચેનો સંબંધ, વ્યાપક વર્ગને સ્પર્શતા સુધારાના સમગ્રપણે લાભાલાભો—એ બધાના વત્તા-ઓછા અજ્ઞાનનું જ પરિણામ છે.

— ડૉ. હરિવલ્લભ ભાયાણી (અમદાવાદ)

૮. આપણા ઋષિમુનિઓએ હજારો વર્ષપર્યંત તપશ્ચર્યા અને પરિશ્રમ કરી લિપિને વ્યવસ્થિત રૂપ આપ્યું અને એ સ્થિર થયું. સરલીકરણના ઓઠા નીચે સુધારાવાદીઓ તેને વિકૃત અને અસ્થિર કરી રહ્યા છે. તે તેમની પ્રગતિ નથી, પણ પરાગતિ છે. મને ખાતરી છે કે એમને ભવિષ્યમાં પોતાની ભૂલ સમજાશે અને ત્યારે તેમને ઋષિમુનિઓની દૃષ્ટિનો ખ્યાલ આવશે. મને લાગે છે કે લિપિસુધારણાની ઝુંબેશમાં નિયતિની કોઈ અકળ લીલા છે. સુધારાવાદીઓના પ્રયત્નો ભવિષ્યમાં પૂર્વપક્ષ બની જશે અને ભારતવર્ષની દેવનાગરીની મહત્તા તેમ જ શાસ્ત્રીયતા પ્રગટ થશે.

— ડૉ. અરુણોદય ન. જાની (વડોદરા)

૯. **દેવનાગરી એકંદરે પરિપૂર્ણ લિપિ છે.** ભારતીય લિપિઓમાં ઓછા સ્વર કરવાનો વિચાર જ અસ્થાને છે. સંસ્કૃત પરંપરાના સ્વર આપણે જાળવી રાખ્યા છે.

અત્યારે જોડણીમાં સુધારો કરવાની વધુ પડતી ચર્ચા ઊપડી છે, આંધળી ફૂદાફૂદ ચાલી છે. હું એ ધાંધલ-ધમાલમાં ભાગ લેતો નથી.

— શ્રી કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)

૧૦. દીર્ઘકાલીન લેખનપદ્ધતિને ડહોળવાના પ્રયત્નો સફળ થાય અને નૂતન પદ્ધતિ સ્વીકૃત થાય એ સંભવિત જણાતું નથી. વળી એ લોકોને માફક આવવી પણ મુશ્કેલ છે. ફેરફારની વાતો માત્ર ડહોળામણ જ સાબિત થાય. આવું કરવાનો શો અર્થ ? પ્રચલિત પદ્ધતિ અનુસાર અનેક વ્યાકરણો રચાયાં, સાહિત્યમાં પણ એ મુજબ જ વિચારણા થઈ. નવી વાતો આ બધાં ઉપર ચોકડી મૂકવા જેવી છે.

— આચાર્યશ્રી પૂર્ણચન્દ્રસૂરિજી

❋

૧૧. એ બહુ સાચી વાત છે કે લિપિસુધારણાની ઝુંબેશમાં એકતરફી વિચાર-પ્રચાર કે પ્રભાવથી દોરવાઈને, ચોક્કસ માન્યતા, એ માટેનાં સચોટ કારણો વિના જ લોકો આ તરફ કે તે તરફ સાથ-સહકાર ન આપી બેસે, તે બહુ જરૂરી બાબત છે. આ બાબત ચોક્કસ વિચારવા અને ચિંતા કરવા યોગ્ય છે.

— શ્રીમતી પ્રજ્ઞા આ. પટેલ (ગાંધીનગર)

❋

૧૨. લિપિ બાબતમાં વ્યાપક ચર્ચા થયા પછી સર્વસંમત, સર્વગ્રાહ્ય નિષ્કર્ષ ન આવે ત્યાં સુધી કોઈ ઉતાવળિયો નિર્ણય ન જ કરવો જોઈએ. **અત્યારે દેશ સામે બીજા ઘણા મહત્ત્વના પ્રશ્નો છે, તેથી લિપિસુધારણાને અગ્રતા આપવાનો અને ઝડપી પરિવર્તનનો આગ્રહ તદ્દન અસ્થાને છે.**

આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાની સુરક્ષા થવી જોઈએ, તેમાં ભાગ્યે જ વિવાદ હોઈ શકે. વારસાની એ લિપિબદ્ધતામાં પરિવર્તન કરવાનો સુધારાવાદીઓનો પણ ઇરાદો હોય એમ લાગતું નથી. જે છે **તેમાં તો ફેરફાર કરવાનો વિચાર જ તદ્દલખી છે.**

— ડૉ. વસંત પરીખ (અમરેલી)

❋

૧૩. ભાષા-લિપિ વગેરે એની શોધખોળ કરનારા ઋષિ-મુનિઓની સંપત્તિ છે, નહિ કે રાષ્ટ્રની અને રાષ્ટ્રના નાગરિકોની. અર્થાત્ એ કોઈ સામુદાયિક સંપત્તિ નથી. હા, રાષ્ટ્રના નાગરિકો એના લાભાર્થી જરૂર છે. દા.ત., દવાખાનાની તમામ મિલકત તે દવાખાનું ચલાવનારા ટ્રસ્ટની સંપત્તિ છે, નહિ કે લોકોની. લોકો તો માત્ર તેના લાભાર્થી છે.

— પંન્યાસશ્રી જયસુંદરવિજયજી

❋

૧૪. આ અભિયાન નિમિત્તે તમારા લિપિવિચારો આમ વ્યવસ્થિત રીતે સમાજને મળી રહ્યા છે તે આનંદની વાત છે.

— પ્રા. રામજીભાઈ પટેલ (વડનગર)

❋

૧૫. કેવળ ઉચ્ચારણ-સૌકર્ય માટે, ઉચ્ચારણની અશક્તિને કારણે અથવા મુદ્રણ કે બીબાંની સરળતા માટે ભાષા અને ઉચ્ચારણની વૈજ્ઞાનિકતાનો ભોગ લેવો યોગ્ય નથી. **શુદ્ધ ઉચ્ચારણ-લેખનની કેવળણી આપવી એ જ સાચો માર્ગ છે.**

લિપિવિકાસ સહજ થાય છે. એ પ્રયત્નસાધ્ય નથી અને પ્રયત્નસાધ્ય હોવો પણ ન જોઈએ. હજી આપણી સાંભરણમાં '**अ**' અક્ષર '**ग्र**' આમ લખાતો '**झ**' પણ '**झ**' આમ લખાતો અને '**भ**' પણ '**भ**' આમ લખાતો. આ પરિવર્તન એટલું તો સહજ થયું કે કોઈને એનો ખ્યાલ પણ રહ્યો નથી. જેવું લિપિનું છે એવું જ ભાષાનું છે અને એવું જ રીતરિવાજોનું છે. એમાં કોઈ **'કૃતકતા'**ની ગંધ આવે તો બધું જ બગડી જાય.

– શ્રી કેશવલાલ શાસ્ત્રી (રાજકોટ)

❁

૧૬. **તમે બતાવેલાં લિપિ સુધાર વિરોધી કારણો સૌ કોઈને માન્ય રાખવાં પડે એવાં છે;** જેવાં કે અશુદ્ધ ઉચ્ચાર તરફ પ્રગતિ થવાની શક્યતા, અર્થભેદનો છેદ, લેખનની નયનરમ્યતાનો નાશ, સંધિના નિયમોમાં સંદિગ્ધતા, બાળકના માનસ પર વૈચારિક ભારણ વગેરે.

– ડૉ. ભારતી મોદી (વડોદરા)

❁

૧૭. **દેવનાગરી એ દુનિયાની સૌથી વધુ વૈજ્ઞાનિક રીતે તૈયાર થયેલી લિપિ છે તે સત્ય છે.** આ જ કારણે એના પરથી તૈયાર થયેલી આપણી બીજી લિપિઓ ઘણી રીતે વૈજ્ઞાનિક અને વ્યવસ્થિત રહી. પરંતુ દરેક ભાષા સતત સંસ્કૃતની જેમ જ થોડી જ ઉચ્ચારાય ? સાચી રીતે તો સંસ્કૃતમાંથી જુદી પડેલી આપણી પ્રાકૃતો, અપભ્રંશો અને આજની ભારતીય ભાષાઓને દરેકને પોતાનું આગવું ધ્વનિસ્વરૂપ અને લય હોય છે. આ લય - **Syllabic rhythm** - સ્વરો ઉપર આધાર રાખતો હોય છે. આથી સંસ્કૃત કરતાં જુદું જ એવું દરેક ભાષાનું એક સંગીતમય ઉચ્ચારણ હોય છે. તેને સમજવું, અભ્યાસવું અને પછી જ કોઈ નિર્ણય લેવો. **ત્યાં સુધી આપણી ચાલી આવેલી લિપિવ્યવસ્થા જ રાખવી ઘટે.**

– ડૉ. ઊર્મિ દેસાઈ (મુંબઈ)

❁

૧૮. કોઈ પણ ફેરફારને અપનાવતાં પહેલાં એને ચાર ખૂણેથી તપાસવો જોઈએ : ૧. **ફેરફારની જરૂરિયાત,** ૨. **ફેરફારથી થતા ફાયદા,** ૩. **ફેરફારથી થતા ગેરફાયદા** અને ૪. **ફેરફાર સ્વીકારનારા અન્યનો અનુભવ**

– શ્રી મહેન્દ્ર પંડ્યા (મુંબઈ)

❁



સ્વરોની સમસ્યા : 'અ'ની બારાક્ષરી એક તુક્કો

'અ'ની બારાક્ષરી થઈ શકે નહિ તેનાં શાસ્ત્રીય કારણો

'ક - કા - કિ - કી - કુ - કૂ - કે - કૈ - કો - કૌ - કં - ક :' આ 'ક'ની બારાક્ષરી છે. આવી જ રીતે 'ખ - ગ - ઘ' વગેરે બધા જ વ્યંજનોની બારાક્ષરી થાય, પણ 'અ' સ્વરની 'અ - આ - અિ -ઈ - અુ - ઊ - એ - ઐ - ઓ - ઔ - અં - અ :' આવી બારાક્ષરી થઈ શકે નહિ તેનાં શાસ્ત્રીય કારણો નીચે મુજબ છે :

બારાક્ષરી એટલે બાર અક્ષરોનો સમૂહ. અક્ષરોના બે ભેદ છે : સ્વર અને વ્યંજન. તેમાં સ્વરો એ સ્વતન્ત્ર અક્ષરો છે, પણ વ્યંજનો સ્વતંત્ર અક્ષરો નથી. તે સ્વરની મદદથી જ અક્ષરો બને છે. વ્યંજન અને સ્વર મળી અક્ષર બને છે. અક્ષર જ ઉચ્ચારણક્ષમ છે, પણ એકલો વ્યંજન ઉચ્ચારણક્ષમ નથી. તેથી વ્યંજનોને બાર સ્વરો ('ઋ-ઌ' સિવાય) જોડીને જે બાર અક્ષરોનું જૂથ બને છે, તેને બારાક્ષરી (બારાખડી) કહે છે.



૧. જેમ 'ક' વગેરે વ્યંજનોની બારાક્ષરી હોય છે, તેમ 'અ' વગેરે સ્વરોની બારાક્ષરી હોઈ શકે નહિ, કારણ કે વ્યંજનોનું ઉચ્ચારણ સ્વરોની સહાય વિના સ્વતન્ત્રપણે થઈ શકતું નથી. વ્યંજનમાં બારમાંથી કોઈ પણ એક સ્વર ભળે, અર્થાત્ વ્યંજનની આગળ કે પાછળ કોઈ પણ એક સ્વર હોય, ત્યારે જ તેનું ઉચ્ચારણ થઈ શકે છે. આ કારણથી જ વ્યંજનોની બારાક્ષરી હોય છે. જ્યારે સ્વરોનું ઉચ્ચારણ સ્વતન્ત્ર છે. ઉચ્ચારણ માટે કોઈ એક સ્વરને બીજા કોઈ સ્વરની સહાયની અપેક્ષા નથી. સ્વરને સ્વરમાં ભેળવ્યા વિના જ તેનું ઉચ્ચારણ થઈ શકે છે. માટે સ્વરની બારાક્ષરીનો અવસર જ પ્રાપ્ત થતો નથી. આથી **સ્વરની બારાક્ષરી બનાવવાનો વિચાર અને પ્રયત્ન અવૈજ્ઞાનિક હોવાથી નિરર્થક છે.**



૨. સ્વરો સ્વયં સંપૂર્ણ છે, જ્યારે વ્યંજનો સ્વયં સંપૂર્ણ નથી. 'અ' સ્વરની 'અ-આ-અિ-ઈ' વગેરે બારાક્ષરી કરવામાં આવે તો **'स्वयं राजन्ते इति स्वराः।'** અર્થાત્ બીજાની સહાય વિના પોતાની જાતે જ પ્રકાશે છે – પ્રગટ થાય છે એવી વ્યાકરણશાસ્ત્રમાં જણાવવામાં આવેલી સ્વરની વ્યાખ્યા ખોટી ઠરે. **'અિ-ઈ'** વગેરે કરવામાં **'અ'**માં સ્વરચિહ્ન ભળે છે. તેથી **'એક સ્વર એકલો સ્વયં શોભે છે'** એ વાત ઊડી જાય. **'અ'**નું સ્વરપણું ઊડી જાય અને તેમાં વ્યંજનપણું આવે.



૩. **'ક' આદિ વ્યંજનોની બધી જ બારાક્ષરીનું બીજક 'અ' વગેરે સ્વરો જ છે. વ્યંજન સાથે બાર પ્રકારના સ્વરો જોડાય છે માટે વ્યંજનની બારાક્ષરી થાય,** (પણ વ્યંજનોની જેમ) **સ્વર સાથે સ્વરો જોડાતા નથી, માટે સ્વરોની બારાક્ષરી થઈ શકે નહિ.** (વ્યંજનોમાં **'અ'** સ્વર ઉચ્ચારણસૌકર્ય માટે ભળે છે.)



૪. બારાક્ષરીમાં વિભિન્ન સ્વરો સાથે વ્યંજનનો ધ્વનિ હોય છે, પણ તેમાં જે તે વ્યંજન તો એક જ હોય છે. તેથી ઉચ્ચારણ-સ્થાન મુખ્યત્વે તે-નું તે જ રહે. જેમ કે, **'ક-કિ-કુ'** વગેરેમાં **'અ-ઈ-ઉ'** વગેરે સ્વરોનાં ઉચ્ચારણ-સ્થાનો ભિન્ન હોવા છતાં **'ક'**નું કંઠસ્થાન મુખ્યત્વે તે-નું તે જ રહે છે; જ્યારે સ્વરોમાં બીજા કોઈ સ્વરનો સંયોગ થતાં સજાતીય દીર્ઘ આદિ સંધિઓ થવાથી સ્વરોનું સ્વરૂપ બદલાઈ જાય છે; તે-નું તે રહી શકતું નથી. **તેથી સ્વરોની બારાક્ષરી સંભવિત જ નથી.**

૫. **કક્કાનો એક નિયમ છે કે જે અક્ષરની બારાક્ષરી કરવી હોય, એ અક્ષરની બારાક્ષરીમાં એ અક્ષરનું ઉચ્ચારણ દરેક ઠેકાણે થવું જોઈએ.** જેમ કે, **'ક'**ની બારાક્ષરીમાં **'ક'**નું ઉચ્ચારણ બારેય સ્થાનમાં થાય છે. એમ જે સ્વરની બારાક્ષરી કરવી હોય તે સ્વરનું ઉચ્ચારણ બારાક્ષરીનાં બારેય સ્થાનમાં આવવું જોઈએ. દા.ત., **'અ'** સ્વરની બારાક્ષરી કરતાં માત્ર **'અ'**માં જ **'અ'**નું ઉચ્ચારણ જણાય છે, પણ **'આ-ઇ-ઈ-ઉ-ઊ'** વગેરેમાં **'અ'**નું ઉચ્ચારણ ક્યાંય જણાતું નથી. તેથી **'ઈ'** વગેરેની બારાક્ષરી જેમ થતી નથી તેમ **'અ'**ની બારાક્ષરી પણ ન જ થાય.

૬. **'અ'**ની બારાક્ષરીના આગ્રહી વિદ્વાનોએ **'અ'**ની બારાક્ષરી કરવાનું વિચારતી વખતે સાથે એ પણ વિચારવું પડશે કે **'અ'**ની બારાક્ષરીનું ઉચ્ચારણ **'ક'** આદિ વ્યંજનોની બારાક્ષરી જેમ જ કરવાનું છે કે બીજી કોઈ રીતે કરવાનું છે ? **'ક'**ને કાંઈ નહિ **'ક'**, **'ક'**ને કાનો **'કા'**, **'ક'**ને હ્રસ્વ ઇ **'કિ'** આ પ્રમાણે વ્યંજનોની બારાક્ષરીની જેમ જ **'અ'**ની બારાક્ષરીનું ઉચ્ચારણ કરવાનું હોય તો, **'અ'**ને કાંઈ નહિ **'અ'**, **'અ'**ને કાનો **'આ'**, **'અ'**ને હ્રસ્વ ઇ **'અિ'** આ પ્રમાણે બાળકોને શીખવવું પડશે. જો બીજી રીતે ઉચ્ચારણ કરવાનું હોય તો અર્થાત્ **'અ-આ-અિ-ઈ'** આદિને માટે **'અ-આ-ઇ-ઈ'** એવાં સ્વતન્ત્ર ઉચ્ચારણો જ માન્ય રાખવાનાં હોય તો એને **'અ'**ની બારાક્ષરી એવું નામ આપી શકાશે નહિ.

❋

૭. લિપિ - સુધારણાના આગ્રહી વિદ્વાનો **'ઇ - ઈ - ઉ - ઊ - ઋ'** આ પ્રચલિત સ્વરચિહ્નોને રદ કરીને **'અિ - ઈ -અુ - ઊ - ઋ'** જેવાં નવાં સ્વરચિહ્નોનો આગ્રહ રાખે છે અને **'અ'**ની બારાક્ષરી કરવા માગે છે, તેમણે એક વાત સમજી લેવી જોઈએ કે સમય અને શક્તિ આદિના બચાવ માટે **'ઇ-ઈ-ઉ-ઊ'** વગેરે સ્વરોનાં **'િ - ી - ુ - ૂ'** આવાં ચિહ્નો જ વ્યંજન સાથે જોડવામાં આવે છે. વ્યંજનો સાથે સ્વરોનું જોડાણ **'િ - ી - ુ - ૂ'** આવાં ચિહ્નો દ્વારા કરવામાં ન આવે તો વ્યંજન સાથે સ્વરોનું જોડાણ **'ક્અ, ક્આ, ક્ઇ, ક્ઈ, ક્ઉ, ક્ઊ, ક્ઋ'** આમ લખીને કરવું પડે. આ રીતે લખતાં સમય અને શક્તિ આદિની ઘણી બરબાદી થાય.

❋

૮. **'અ'**ની બારાક્ષરી કરવામાં આવે તો વ્યંજનની સાથે સ્વરનું જોડાણ **'ક્ઇ, ક્ઈ, ક્ઉ, ક્ઊ, ક્ઋ'**ને બદલે **'ક્અિ, ક્અી, ક્અુ, ક્અૂ, ક્અૃ'** આવી રીતે લખીને કરવું પડે. આમ લખવામાં પણ **'િ - ી - ુ - ૂ - ૃ'** આ સ્વરચિહ્નોનો સ્વીકાર તો કરવો જ પડે. એટલું જ નહિ, લખવામાં તો વળી **'અ'**નો વધારો પણ થાય છે. તદુપરાંત **'ઇ-ઉ'** સાથે જે કોઈ પણ રીતે શક્ય નથી એવા **'અ'**નું ઉચ્ચારણ કઈ રીતે કરવું તે વિચારણીય છે. વળી આમ કરવાથી સરળતા થાય કે ક્લિષ્ટતા થાય ? શિક્ષણનો બોજો ઘટે કે વધે ? સમય અને શક્તિ આદિનો બચાવ થાય કે બરબાદી થાય ? આ બધી બાબતો પણ વિદ્વાનોએ સ્વયં વિચારવા યોગ્ય છે.

૯. 'ઇ-ઈ-ઉ-ઊ-ઋ' આ સ્વતન્ત્ર સ્વરચિહ્નોને શિક્ષણમાં બોજારૂપ માનીને શિક્ષણનો બોજો હળવો કરવાના કે સરળતા લાવવાના ઇરાદે 'અિ-�ી-અુ-ં-ઃ' આવાં કલ્પના મુજબનાં અને વર્ણસંકર જેવાં નવાં સ્વર ચિહ્નોને સ્વીકારવામાં આવે તો પણ 'ઇ-ઈ-ઉ-ઊ-ઋ' આ મૂળ સ્વરચિહ્નોને ભૂલી શકાશે નહિ. એને યાદ રાખવાં જ પડશે અને બાળકોને શીખવવાં પણ પડશે. દા.ત., 'અિનામ' શબ્દ જોઈને બુદ્ધિશાળી બાળક શિક્ષકને જ્યારે પ્રશ્ન કરશે કે 'અિ'માં 'િ' આવું ચિહ્ન છે તે શાનું છે ? તેના સમાધાનમાં પણ શિક્ષકે બાળકને કહેવું જ પડશે કે 'ઇ' આવા સ્વરનું 'િ' આ ચિહ્ન છે. એવી જ રીતે 'ભાઈ' શબ્દ જોઈને પણ બાળક જ્યારે પ્રશ્ન કરશે કે 'ઈ'માં 'ી' આવું ચિહ્ન છે તે શાનું છે ? તેના સમાધાનમાં પણ શિક્ષકે 'ઈ' આવા સ્વરનું 'ી' આ ચિહ્ન છે એમ કહેવું જ પડશે.

આમ 'િ-ી-ુ-ૂ-ૃ' આ બધાં સ્વરચિહ્નોની મતલબ સમજાવવા માટે પણ 'ઇ-ઈ-ઉ-ઊ-ઋ' આ બધા સ્વરો બાળકોને શીખવવા જ પડશે. એથી શિક્ષણનો બોજો ઘટવાને બદલે વધવાનો સંભવ જણાય છે.

❋

૧૦. આ વિષયમાં કદાચ એવી દલીલ કરવામાં આવે કે પેલું બુદ્ધિશાળી બાળક 'કિ-કી' વગેરેમાં રહેલા 'િ-ી' આવાં ચિહ્નો વિશે કદી પૂછતું ન હોય તો તે 'અિ-ઈ' બાબતમાં પણ કેમ પૂછે ? વાસ્તવમાં વ્યંજનો સાથે જોડાયેલાં 'િ-ી' વગેરે ચિહ્નોથી બધાં જ બાળકો પરિચિત હોય છે.

આના જવાબમાં કહેવાનું એ કે વ્યંજનોની બારાક્ષરીમાં 'ઇ-ઈ-ઉ-ઊ' આદિને બદલે જે 'િ-ી-ુ-ૂ' આવાં ચિહ્નો લખાય છે તે, તે-તે આખા સ્વરોનાં અલગ જ ચિહ્નો છે, જ્યારે 'અિ-ઈ-અુ-ઊ' આદિમાંથી 'િ-ી-ુ-ૂ' વગેરે ચિહ્નો લેવાય છે, તેમાંનો 'અ' છોડી દેવાય છે. તેથી તે, તે-તે આખા સ્વરોનાં સ્વતન્ત્ર ચિહ્નરૂપ નથી. એ ચિહ્નો તો 'અિ-ઈ-અુ-ઊ' આદિના અડધા ભાગરૂપ છે. ચિહ્નના અડધા જ ભાગનો સ્વીકાર હોવાથી બાળકને 'અિ-ઈ-અુ-ઊ'માંના 'િ-ી-ુ-ૂ' આવાં ચિહ્નો શાનાં છે એવો પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે. બાળક ન પૂછે તો પણ વિદ્વાનોનેય જવાબ આપવો જ પડશે.

હવે જો સંપૂર્ણ 'અિ-ઈ-અુ-ઊ' સ્વરના અડધા ચિહ્નરૂપ 'િ-ી-ુ-ૂ'નું પણ 'ઇ-ઈ-ઉ-ઊ' એવું જ ઉચ્ચારણ કરાય તો 'અ' સહિતના 'અિ-ઈ-અુ-ઊ'નાં ઉચ્ચારણો કેવાં સમજવાં ?

૧૧. 'અ'ની બારાક્ષરીમાં 'ઇ-ઈ-ઉ-ઊ' સ્વરોનાં સ્થાને 'અિ-અી-અુ-અૂ' સ્વીકારીએ તો સવાલ એ ઊભો થાય કે 'ક્+ઈ' વગેરેમાં 'ક્+અિ = 'ક્અિ' વગેરે લખવાને બદલે 'કિ' વગેરે જ કેમ લખાય છે ? અર્થાત્ 'ઈ' વગેરેના સ્થાને સંપૂર્ણ 'અિ' વગેરે લેવાને બદલે તેનો 'િ' આટલો અડધો અંશ જ કેમ લેવાય છે ? તેની સાથે 'અ' કેમ લેવાતો નથી ? શા માટે તેને છોડી દેવાય છે ? 'અિ'માંથી 'િ' લેવાય ને 'અ' કેમ ન લેવાય ? સંપૂર્ણ 'ઇ-ઈ-ઉ-ઊ'ને માટે જેમ 'િ-ી-ુ-ૂ' આવાં ચિહ્નો છે, તેમ સંપૂર્ણ 'અિ-અી-અુ-અૂ'ને માટે નવાં અલગ ચિહ્નો બનાવાય તો તે માન્ય થાય. પરન્તુ 'કિ-કી-કુ-કૂ' આદિને માટે 'અિ-અી-અુ-અૂ'માંથી 'િ-ી-ુ-ૂ' આવા અડધા અંશને જ ગ્રહણ કરવામાં આવે ત્યારે તે અડધા અંશને પૂર્ણ સ્વર તરીકે કેમ માની શકાય ? અર્થાત્ એને પૂર્ણ સ્વર તરીકે માની શકાય નહિ. આ જ કારણે બુદ્ધિશાળી બાળક 'કિ-કી' વગેરેમાં રહેલાં 'િ-ી' આવાં ચિહ્નો વિશે કદી ન પૂછતું હોય તોપણ એના મનમાં 'અિ-અી-અુ-અૂ'ના વિષયમાં પ્રશ્ન ઊઠવાનો સંભવ છે. કારણ કે સામાન્ય રીતે 'ઇ-ઈ-ઉ-ઊ'ને બદલે 'િ-ી-ુ-ૂ' ચિહ્નો મુકાય છે, ત્યારે સ્વરોના અડધા અંશના નહિ, પણ સંપૂર્ણ સ્વરોનાં જ એ ચિહ્નો હોવાનું બાળકોને સમજાવવામાં આવે છે. તેથી તેમને 'કિ-કી' વગેરેમાં સવાલ ઊઠતો નથી. પરન્તુ જ્યારે 'ક્અિ-ક્અી' વગેરેના બદલે 'કિ-કી' વગેરે લખાય ત્યારે બુદ્ધિશાળી બાળકના મનમાં જરૂર સવાલ ઊઠે કે ('ઇ'ના સ્થાને) 'અિ' જો સ્વતન્ત્ર સ્વર છે તો 'કિ'માં તેનું અડધું જ ચિહ્ન શા માટે લેવાય છે ? 'અ' સહિતનું 'અિ' આવું આખું ચિહ્ન જ શા માટે લેવાતું નથી ?

❄

૧૨. 'કિ'માં 'ક' સિવાયની 'િ' આ માત્રાનો ઉચ્ચાર 'ઇ' છે અને 'ક્'નો ઉચ્ચાર તેની પૂર્વમાં છે, એમ 'અિ'માં પણ ઉચ્ચાર કરવો જરૂરી બનતાં 'અ્+ઇ' જેવો વિલક્ષણ ઉચ્ચાર માનવો પડશે તથા 'અ' જે સ્વયં પૂર્ણ છે, એને પણ 'અ્' એમ અપૂર્ણ માનવો પડશે.

❄

૧૩. આમ છતાં 'અ-આ-ઇ-ઈ-ઉ-ઊ-એ-ઐ-ઓ-ઔ-અં-અઃ' આવી 'અ' સ્વરની અવૈજ્ઞાનિક બારાક્ષરી પણ બનાવવામાં આવે તો શાળામાં બાળકોને જેમ 'કિ-કી-કુ-કૂ'ને માટે 'ક'ને હ્રસ્વ ઇ (અર્થાત્ 'ક્+ઇ') 'કિ', 'ક'ને દીર્ઘ ઈ (અર્થાત 'ક્+ઈ') 'કી', 'ક'ને હ્રસ્વ ઉ (અર્થાત 'ક્+ઉ') 'કુ', 'ક'ને દીર્ઘ ઊ (અર્થાત્ 'ક્+ઊ') 'કૂ' એમ શીખવાય છે, તે શિક્ષણ અનુસાર 'ઇ-ઈ-ઉ-ઊ' વગેરે જોઈને પણ બાળકો 'અ'ને હ્રસ્વ ઇ (અર્થાત્ 'અ્+ઇ') 'ઇ', 'અ'ને દીર્ઘ ઈ (અર્થાત્ 'અ્+ઈ') 'ઈ', 'અ'ને હ્રસ્વ ઉ (અર્થાત્ 'અ્+ઉ') 'ઉ', 'અ'ને દીર્ઘ ઊ (અર્થાત્ 'અ્+ઊ') 'ઊ' એમ સમજી લે અથવા એવો ભ્રમ થાય એ બહુ જ સ્વાભાવિક બાબત છે, કારણ કે બાળકની પ્રકૃતિ અનુકરણપ્રધાન છે.

૧૪. અહીં એવી દલીલ કરવામાં આવે છે કે સંસ્કૃત વ્યાકરણના સંધિના નિયમ અનુસાર અ+ઇ = 'એ' અને અ+ઉ = 'ઓ' થાય છે. 'ઇ-ઉ'માં 'અ+ઇ' અને 'અ+ઉ' નથી, પણ 'ઇ-ઉ'ના પ્રતીકરૂપ જ 'ઇ-ઉ' છે, તેથી તેમાં બે સ્વર મનાય નહિ. આ વાત માની લઈએ તો સવાલ એ ઊભો થાય કે વ્યંજનની સાથે તો 'ઇ-ઉ' આવવાના જ નથી. ત્યાં તો માત્ર 'િ - ી' આ સંકેતો જ લેવાના છે. અર્થાત્ 'ક્ઇ-ક્ઉ' લખવાના નથી, પણ 'કિ-કુ' જ લખવાના છે, તો 'ઇ-ઉ'ના બદલે 'ઇ-ઉ' કરવાથી ફાયદો શો ? એમાં સરળતા સધાય છે એમ કહેવું બરાબર નથી. કારણ કે જેટલી સરળતા 'ઇ-ઉ' લખવામાં છે, એટલી સરળતા 'ઇ-ઉ' લખવામાં નથી. 'ઇ-ઉ' લખવામાં તો ક્લિષ્ટતા આવે છે. વળી આજ સુધી જેમણે 'ઇ-ઉ' સ્વરો જ જાણ્યા છે, તે બધાયને 'ઇ-ઉ' કેવી રીતે ગ્રાહ્ય બની શકે ? તેમ જ 'કિ-કુ' અને 'ઇ-ઉ'નું સામ્ય જોઈને સ્વાભાવિક રીતે જ બાળક જ્યારે પ્રશ્ન કરશે કે કિ='ક્+ઇ' અને કુ='ક્+ઉ' તો 'ઇ'માં 'અ્+ઇ' અને 'ઉ'માં 'અ્+ઉ' કેમ નહિ ? ત્યારે 'ક' વગેરે વ્યંજનો મૂળભૂત રીતે સ્વર વિનાના અર્થાત્ ખોડા હોય છે, પણ સ્વરો એવા હોતા નથી. તેથી જ અ+ઇ = 'ઇ' નહિ, પણ 'એ' થાય છે અને અ+ઉ = 'ઉ' નહિ, પણ 'ઓ' થાય છે. 'ઇ-ઉ' તો 'ઇ-ઉ'ના પ્રતીકરૂપ જ છે. આમ સમાધાન અપાય તોપણ ક્+ઇ = 'કિ' અને ક્+ઉ = 'કુ'ના સામ્યે અ્+ઇ = 'ઇ' અને અ્+ઉ = 'ઉ' એવી નવી ભ્રમણાઓ બાળકોનાં મનમાં સ્વયંભૂ રીતે પેદા થશે. 'અ્+ઇ'માં 'અ'ને, અ્+ઇ = 'ઇ' એમ ખોડો બતાવી શકાશે નહિ.

તેથી અનેક પ્રકારે સંશય પેદા થવા સાથે બાળકોનાં મનમાં ગૂંચવાડો વધવાનો સંભવ છે. સાથેસાથે શિક્ષણનો ગૂંચવાડો પણ વધે, શિક્ષણમાં સરળતા લાવવાના પ્રયત્નો ક્લિષ્ટતામાં પરિણમે, શિક્ષણનો બોજો ઘટવાને બદલે વધે અને જેનો ઉકેલ લાવવો મુશ્કેલ બને એવી અનેક સમસ્યાઓ ઊભી થવાનો સંભવ છે. વળી, પરંપરાથી સ્થિર થયેલી પદ્ધતિમાં ફેરફાર કરવાથી બાળકોને વધુ ચિહ્નો શીખવવાં પડે છે.

❁

૧૫. કેટલાક વિદ્વાનો 'ઇ-ઈ-ઉ-ઊ'ના ઉચ્ચારણમાં પણ 'અ'નું ગર્ભિત ઉચ્ચારણ કહે છે અથવા માને છે, પણ તેમની તે વાત બરાબર જણાતી નથી. કારણ કે 'ક્+ઇ' કે 'ક્+ઉ'ના ઉચ્ચારણમાં 'કિ-કુ' થાય ત્યાં 'અ'ના ઉચ્ચારણની કલ્પના અતિશયોક્તિરૂપ લાગે છે.

❁

૧૬. 'અ' સ્વરની બારાક્ષરી બનાવવામાં આવે અને તેમાં 'ઇ-ઈ-ઉ-ઊ'ના સ્થાને 'અિ-અી-અુ-અૂ' લખાય તો અ+ઇ=અિ, અ+ઈ=અી, અ+ઉ=અુ, અ+ઊ=અૂ – એ પ્રમાણે થાય, એવો ભ્રમ થવો પણ સહજ છે. 'અિ-અી'માં 'અ' સ્વતંત્ર સ્વર છે અને 'ઇ-ઈ' પણ સ્વતંત્ર સ્વર છે. 'ક'ની બારાક્ષરીમાં બારેય સ્થાનમાં 'ક'નું સ્થાન વ્યક્ત છે, એમ 'અ'ની બારાક્ષરીમાં 'અ' બારેય સ્થાનમાં વ્યક્ત નથી. એ જ સૂચવે છે કે 'અ'ની બારાક્ષરી નથી, પણ 'અ-આ-ઇ' વગેરે સ્વરો સ્વતન્ત્ર છે. 'અિ-અી'માં 'અ'ને કંઠ્ય વર્ણ માનેલો છે અને 'ઇ-ઈ'ને *તાલવ્ય વર્ણ માનેલા છે.* તેવી જ રીતે 'અુ-અૂ'માં પણ 'અ' સ્વતંત્ર સ્વર છે અને 'ઉ-ઊ' પણ સ્વતંત્ર સ્વર છે અને તે ઓષ્ઠ્ય વર્ણ છે. હવે 'અ+ઇ, અ+ઈ, અ+ઉ, અ+ઊ' એમ બે સ્વતંત્ર સ્વરોનો ભેગો એક વર્ણ બનાવીને એને લિપિબદ્ધ કરીએ ત્યારે તેમાં ઉચ્ચારણ કંઠ્યનું કરવું કે તાલવ્ય અથવા ઓષ્ઠ્યનું કરવું એવો મૂંઝવણભર્યો પ્રશ્ન ઊભો થાય.

૧૭. એક દલીલ એવી કરવામાં આવે છે કે 'અ-ઇ-ઈ-ઉ-ઊ-ઋ' આ બધાં જેમ સ્વરોનાં સ્વતન્ત્રા ચિહ્નો છે, તેમ 'આ' એ સ્વરનું સ્વતંત્ર ચિહ્ન નથી, પણ 'અ'ની સાથે (દંડ) કાનો જોડીને 'અ + ા' = 'આ' આવું ચિહ્ન બનાવવામાં આવ્યું છે : તો એવી જ રીતે 'અ'ની સાથે 'િ-ી-ુ-ૂ-ૃ' આ બધાં (સ્વર) ચિહ્નો જોડીને 'અિ-અી-અુ-અૂ-અૃ' આવાં ચિહ્નો સ્વીકારવામાં શો વાંધો હોઈ શકે ?

'આ' એક સ્વતંત્ર લિપિસંકેત

આ દલીલની સામે કહેવાનું એ છે કે હ્રસ્વ-દીર્ઘ **'ઇ-ઈ'**માં મૂળ સ્વર તો માત્ર **'ઇ'** જ છે, પણ હ્રસ્વ-દીર્ઘમાં ઉચ્ચારણ(કાળ)નો જે તફાવત છે, તે તફાવત બતાવવા માટે હ્રસ્વ **'ઇ'**નો ઉપરનો છેડો જરા વધુ લંબાવીને દીર્ઘ **'ઈ'**નું ચિહ્ન જુદું મુકાય છે. તેવી જ રીતે હ્રસ્વ-દીર્ઘ **'ઉ-ઊ'**માં પણ મૂળ સ્વર તો **'ઉ'** જ છે, પણ હ્રસ્વ-દીર્ઘનાં ઉચ્ચારણનો તફાવત બતાવવા માટે હ્રસ્વ **'ઉ'**ના ઉપરના છેડાને નીચે સુધી લંબાવીને દીર્ઘ **'ઊ'**નું ચિહ્ન જુદું મુકાય છે. તેવી જ રીતે **'અ-આ'**માં પણ મૂળ સ્વર તો **'અ'** જ છે, પણ તે બંનેમાં ઉચ્ચારણનો તફાવત બતાવવા માટે **'અ'**ની બાજુમાં (દંડ) કાનો મૂકીને **'આ'**નું ચિહ્ન જુદું મુકાય છે.

આ રીતે જેમ હ્રસ્વ-દીર્ઘ **'ઇ-ઈ'** અને **'ઉ-ઊ'**માં ઇકાર-ઉકાર સામાન્ય હોવા છતાં તે બંનેને જુદા પાડવા માટે જેમ સ્વતંત્ર ચિહ્ન કરાય છે, તેમ **'અ-આ'** બંનેમાં **'અ'** સામાન્ય હોવા છતાં **'અ-આ'**ને જુદા પાડવા માટે બંને વચ્ચે દંડનો તફાવત બતાવાય છે એમ કહી શકાય.

એટલે **'ઇ-ઈ'**, **'ઉ-ઊ'**ને જો આપણે સ્વતંત્ર ચિહ્ન તરીકે માનતા હોઈએ તો **'અ-આ'**ને પણ સ્વતંત્ર ચિહ્નરૂપે માન્ય રાખવા જોઈએ.

❋

૧૮. હ્રસ્વ-દીર્ઘ **'ઇ-ઈ'** અને **'ઉ-ઊ'**ના ઉચ્ચારણમાં **'ઇ-ઉ'**ને (**'ઇ-ઊ'**એમ) લંબાવીને બોલવા સિવાય બીજો કોઈ ઉચ્ચારણ ભેદ નથી. આમ છતાંય જો આપણે દીર્ઘ **'ઇ-ઊ'**ને પણ સ્વતંત્ર ચિહ્ન જ ગણીએ છીએ તો **'અ-આ'**ના ઉચ્ચારણમાં ઉચ્ચારણ ભેદ સુસ્પષ્ટ છે. તો પછી **'આ'**ને સ્વરનું સ્વતંત્ર ચિહ્ન માનવામાં શો વાંધો હોઈ શકે ?

❋

૧૯. **'આ'** સ્વતંત્ર ચિહ્ન જ છે. હ્રસ્વ સ્વરની એક માત્રા અને દીર્ઘ સ્વરની બે માત્રા હોય છે. **'અ'** હ્રસ્વ સ્વર હોવાથી **'અ'**માં રહેલો દંડ એક માત્રા સૂચવે છે : **'આ'** દીર્ઘ સ્વર હોવાથી તેની બે માત્રા સૂચવવા માટે બીજો દંડ (કાનો) કરાય છે. તેથી **'આ'**ને સ્વતંત્ર ચિહ્ન જ માનવા યોગ્ય છે.

❋

૨૦. 'એ - ઐ - ઓ - ઔ' સંધિથી થયેલા આ ચાર સ્વરોનું આંધળું અનુકરણ કરીને 'ઇ - ઈ - ઉ - ઊ - ઋ' કે જે સ્વતંત્ર સ્વરો છે તેને 'ઇ-ઈ-ઉ-ઊ-ઋ' આમ બે સ્વરો ભેગા કરીને અક્ષરો બનાવવા યોગ્ય નથી.

❋

સ્વતંત્ર સ્વરો : 'ए-ऐ-ओ-औ'

૨૧. 'ए-ऐ-ओ-औ' આ ચારેય સ્વતંત્ર સ્વરો જ છે, ભલે ક્યાંક તે સંધિથી બનતા હોય. સંધિથી બનવાનું ક્વચિત્ હોઈ તેનું સ્વાતન્ત્ર્ય નષ્ટ થતું નથી. વળી તે સ્વરોની લિપિ પણ સ્વતંત્ર છે. માત્ર 'ओ-औ'માં 'अ'ના દેખાવથી 'अ'ની બારાક્ષરીની કલ્પના કરવી યોગ્ય નથી.

❋

૨૨. 'ए - ऐ - ओ - औ' આ ચારેય સ્વરો अ/आ + इ/ई = 'ए', अ/आ + ए = 'ऐ', अ/आ + उ/ऊ = 'ओ', अ/आ + ओ = 'औ' આ રીતે સંધિથી બનેલા હોય ત્યારે મૂળ તો તેમાં 'अ' છે જ. તેથી 'अे-अै-ओ-औ' રૂપે તેને કહી શકાય, પણ 'इ-ई-उ-ऊ-ऋ'માં તો 'अ' છે જ નહિ. તેથી 'अि-अी-अु-अू-अृ'('અિ-અી-અુ-અૂ-અૃ') કેમ કહી શકાય? જો આમ કહીશું તો સન્ધ્યક્ષર તરીકે જેમ 'અે-અૈ-ઓ-ઔ' સમજાવીએ છીએ તેમ 'અિ-અી-અુ-અૂ-અૃ'ને પણ સન્ધ્યક્ષર જ કહેવા પડે.

૨૩. अ/आ + इ/ई = ए, अ/आ + ए = ऐ, अ/आ + उ/ऊ = ओ, अ/आ + ओ = औ – આમ વિજાતીય સ્વરો સાથે મળીને ભિન્ન સ્વરૂપે થયેલા હોવાથી 'ए-ऐ-ओ-औ' આ ચાર સ્વરોની સન્ધ્યક્ષર સંજ્ઞા કરી, તો પણ 'એ સ્વતન્ત્ર સ્વરો નથી' એવો તેનો અર્થ નથી.

૨૪. 'ए-ऐ-ओ-औ' આ ચાર સ્વરો સંધિના યોગે થાય છે, તેથી તેને સન્ધ્યક્ષર મનાય છે. 'अ+इ=ए' આમ બે સ્વરોના યોગે ઉત્પન્ન થયેલો ત્રીજો સ્વર-એવો સન્ધ્યક્ષરનો અર્થ નથી, પણ બેના યોગે, બંનેના બદલે મુકાતો, બેસાડાતો કે વપરાતો ત્રીજો સ્વતંત્ર સ્વર. આ જ સન્ધ્યક્ષરનો વાસ્તવિક અર્થ છે. એને સન્ધ્યક્ષર ભલે કહેવાતા હોય, પણ એમાં પૂર્વના બે અક્ષરોની અનુવૃત્તિ છે એવું નથી, તે સન્ધ્યક્ષર નામની સંજ્ઞા માત્ર છે.

રૂપાન્તર અને વર્ણાન્તર

૨૫. સન્ધ્યક્ષરમાં રૂપાન્તર નથી, પણ વર્ણાન્તર છે. લાકડાનો ઘાટ ઘડવો એ એનું રૂપાન્તર છે; જ્યારે લાકડાને બાળીને રાખ કરવામાં આવે એ વર્ણાન્તર(દ્રવ્યાન્તર)તુલ્ય છે. રૂપાન્તરમાં પૂર્વના મુખ્ય કે બહુસ્વરૂપની સત્તા ઊભી રહે છે. દા.ત., '**क-ક**', '**द-દ**' (નાગરી-ગુજરાતી વર્ણોના આકારમાં) જ્યારે વર્ણાન્તરમાં પૂર્વનું સ્વરૂપ અંશમાત્ર હોતું નથી. દા.ત., **अ+इ='ए'** વગેરેમાં તથા જ્યાં '**इ-उ**'ના '**य-व**' થાય છે તેમાં.

તાત્પર્ય એ છે કે તે તે ફેરફારોમાં નિયમવશ વર્ણાન્તરને સ્થાન અપાય છે, પણ રૂપાન્તરને નહિ. સંધિના યોગે જ્યાં '**अ+इ**' વગેરેના '**ए**' વગેરે થાય છે અને '**इ-उ**'ના '**य-व**' થાય છે, ત્યાં '**ए-ऐ-ओ-औ**' અને '**य-व**' એ રૂપાન્તર નથી, પણ વર્ણાન્તર છે. અર્થાત્ '**अ+इ**' ઇત્યાદિના સ્થાને તથા '**इ-उ**'ના સ્થાને અન્યવર્ણ સ્વરૂપ '**ए-ऐ-ओ-औ**' તથા '**य-व**' વપરાયા એમ જ માનવું યોગ્ય છે.

'**इ-उ**'ના સ્થાને સંધિના નિયમાનુસાર થતા રૂપાન્તર સ્વરૂપ કાર્યવિશેષને નહિ, પણ એના સ્થાને વપરાતા પ્રયોગવિશેષ કે રૂઢિવિશેષને માન્ય કરીને '**य-व**'ને જેમ સ્વતંત્ર અક્ષરો જ મનાય છે, તેમ '**अ+इ**' આદિના સ્થાને સંધિના નિયમાનુસાર થતાં કાર્યવિશેષને નહિ, પણ એના સ્થાને વપરાતા પ્રયોગવિશેષ કે રૂઢિવિશેષને માન્ય કરીને '**ए-ऐ-ओ-औ**' આ ચારેય સ્વરોને પણ સ્વતન્ત્ર સ્વરો જ માનવા યોગ્ય છે.

સુસ્થિર લેખનપ્રણાલીને ડહોળવી જ હોય તો –

૨૬. જો આપણે માત્ર સહેલાઈથી બોધ થાય એવું જ કરવું હોય તો વ્યંજનો બહુસંખ્યક હોવાથી એની બારાક્ષરી કરવાની જરૂર નથી. '**ા - ા - િ - ી - ુ - ૂ**' ઇત્યાદિ ચિહ્નરૂપે અલ્પસંખ્યક સ્વરોની જ બારાક્ષરી બનાવી દો. જ્યાં જે રીતે જરૂર પડશે ત્યાં તે રીતે વ્યંજનોમાં એ બારાક્ષરી જોડી દેવાશે. જેમ કે, '**ા - ા**'ની આગળ '**ક**' વ્યંજન મૂકી દેવો જેથી '**કા-કા**' થાય. '**િ**' માં '**ક**' મૂકી દેવાથી '**કિ**' થાય. '**ી**' આની આગળ '**ક**' મૂકી દેવાથી '**કી**' થાય. '**ુ - ૂ**' આની ઉપર '**ક**' મૂકી દેવાથી '**કુ-કૂ**' થઈ જાય. (આમાં '**કા-કા-કિ-કી**' આમ '**ક**'ને ખોડો લખી શકાશે નહિ. કારણ કે '**કુ-કૂ**'માં ખોડાનું ચિહ્ન મૂકી શકાય તેમ નથી. તેથી '**ક-ખ-ગ**' વગેરે વ્યંજનોને ખોડાના ચિહ્ન વિના જ ખોડા માનવાના રહેશે.)

આમ કરવાથી ૩૩ વ્યંજનોની ૩૩ બારાક્ષરી કરવાની રહેશે નહિ. પરન્તુ આવી સરળતા કરવા જતાં બોધ કેવો વિષમ બની જાય તે, તે-તે પ્રમાણે લખવા-વાંચવાનો પ્રયત્ન કરીને સ્વયં વિચારી લેવા યોગ્ય છે.

૨૭. લિપિસુધારામાં **'અ'**ની બારાક્ષરી કરવી છે તો **'અ-આ'** પછી **'અિ-ઈ-અુ-ઊ'** એવો સુધારો કરવાને બદલે **'ા - ી - ુ - ૂ'** (આમ સ્વરમાત્રાઓ જ રાખવી) આવો સુધારો શા માટે ન કરવો ?

એવી જ રીતે **'ક'** વગેરે વ્યંજનોમાં, **'ખ-ગ-ઘ'** વગેરે સ્વરમાત્રાઓ જોડાયેલા વ્યંજનોના સ્થાને, **'ા - ા - ા - ી - ુ - ૂ'** વગેરે સ્વરમાત્રાઓ જોડાયા વગરના **'ખ-ગ-ઘ'** આવા મૂળાક્ષરો રાખવામાં શો વાંધો ? **'ક-છ-ટ'** વગેરે અદંડ વ્યંજનોની બારાક્ષરીમાં **'ક-કા, છ-છા, ટ-ટા'**ને બદલે **'કા-કાા, છા-છાા, ટા-ટાા'** વગેરે શા માટે નહિ ?

સુધારો જો સરળતા લાવવા માટે જ કરવાનો હોય તો આમાં સરળતા સધાવા સાથે સંક્ષેપ પણ થશે.

❋

૨૮. **'ક-કા-કિ-કી'** વગેરે સિવાયના **'ખ-ખા-ખિ-ખી'** વગેરે અક્ષરો પણ માન્ય જ છે ને ? હવે જો **'ક-કા-કિ-કી'** આદિ વ્યંજનો દ્વારા બારાક્ષરી કહેશો તો માત્ર સ્વરોનું સ્થાન ક્યાં ? **'અ-આ'** આદિ સ્વરો પણ અક્ષરો છે જ. બાર અક્ષરોના આધારે બારાક્ષરી કહી છે, પણ તેરાક્ષરી વગેરે કહી નથી. હવે તે બાર અક્ષરોના સમૂહનો ભેદ બતાવનાર કોણ છે ? એ ભેદ બતાવનાર **'ક-ખ'** આદિ વ્યંજનો તો નથી જ. કારણ કે તેની સંખ્યા તો બારથી અધિક છે. **'ક-કા-કિ-કી'** આદિ બારાક્ષરીમાં **'ક'** સમાન છે, અર્થાત્ તે બારેય સ્થાનમાં રહેલો છે. તેવી જ રીતે **'ખ-ગ'** વગેરેની બારાક્ષરીમાં પણ **'ખ-ગ'** વગેરે સમાન છે, અર્થાત્ તે બારેય સ્થાનોમાં રહેલા છે. એટલે બારાક્ષરીમાંનાં બાર સ્થાનોનો ભેદ **'ક-ખ'** આદિ વ્યંજનો દ્વારા પડતો નથી. પણ (**'ક્+અ, ક્+આ, ક્+ઈ'** ઇત્યાદિ જોતાં) તેમાં ભળેલા **'અ-આ-ઈ'** ઇત્યાદિ સ્વરો દ્વારા જ પડે છે. માત્ર વ્યંજન સાથે જોડાણ વખતે જ તેનાં આડી-ઊભી માત્રાત્મક ચિહ્નો બની જાય છે.

'અ-આ-ઈ' ઇત્યાદિ સ્વરોની સંખ્યા બારની હોવાથી બારાક્ષરી કહેવાય છે. એટલે **'બારાક્ષરી'** એવા નામનું કારણ વ્યંજનો નહિ, પણ સ્વરો જ છે. માટે **'બારાક્ષરી'** સ્વરોની જ સિદ્ધ થાય છે. સ્વરોની બારાક્ષરી કહેવાથી, વ્યંજનોથી થતી બારાક્ષરીઓનો સમાવેશ (તેમાં રહેલા બાર સ્વરો દ્વારા) તેમાં થઈ જાય છે. માટે **'સ્વરોની બારાક્ષરી'** એમ જ કહેવું ઉચિત ગણાશે.

તાત્પર્ય એ છે કે ઘણા લાંબા કાળથી સ્થિર થયેલી લેખનપ્રણાલીને ડહોળવી જ હોય – અસ્થિરતા ભણી લઈ જવી જ હોય અને વિસંવાદ ઊભા કરવા જ હોય તો સરળતા આદિનાં ઓઠાં નીચે જ આવા અનેક પ્રશ્નો ઊભા થઈ શકે એમ છે, કે જે પ્રશ્નો અને સમાધાનો વગર લેખનપ્રણાલી સુંદર રીતે ચાલી આવી છે, ચાલે છે અને ચાલે તેમ છે.

❄

વર્ણવિદાય : કુદરતી અને કૃત્રિમ

૨૯. એક દલીલ એવી કરવામાં આવે છે કે દેવનાગરીમાંથી '**ओ**'કારનો સ્વતંત્ર મૂળાક્ષર ગયો. '**अ**' જોડે જ ('ો') કાનો માત્રા લગાડીને '**ओ**' વ્યક્ત થાય છે. '**એ**'કાર માટે તો દેવનાગરીમાં '**ए**' છે. ગુજરાતી લિપિમાં આપણે '**ए**'કારનો મૂળાક્ષર કાઢી નાખ્યો. '**અ**' ઉપર માત્રા લગાડીને '**એ**' વ્યક્ત કરાય છે. હવે એ જ પ્રક્રિયાને આગળ વધારીને '**ઇ - ઈ - ઉ - ઊ - ઋ**' જેવાં રૂપો સ્વીકારી લેવામાં કાંઈ ખોટું નથી.

લિપિના ઊંડા અભ્યાસી એક માનનીય વિદ્વાનની આ દલીલની સામે કહેવાનું એટલું જ કે દેવનાગરી લિપિમાંથી '**ओ**'કારનો સ્વતંત્ર મૂળાક્ષર ગયો અને '**ओ**' આવ્યો, તેથી ગુજરાતીમાં પણ '**ઓ**' (આ રીતે લખવાનો) આવ્યો એ વાત બરાબર છે. પણ એ હતો અને ગયો તો કયા કારણે ગયો એ બંને વાત આપણે જાણતા નથી. ઝુંબેશ ઉઠાવીને લિપિમાંથી એની હકાલપટ્ટી કરવામાં આવી હોય એવું માની શકાય તેમ નથી. તેથી આ પરિવર્તનને આપણે ક્લેશરહિત કુદરતી જ માનવું રહ્યું.

ક્લેશરહિત કુદરતી પરિવર્તન દ્વારા પ્રાપ્ત થયેલા '**ઓ**'કારનું ઉદાહરણ આપીને '**ઇ - ઈ - ઉ - ઊ - ઋ**' કે જે લિપિમાંથી ગયા નથી, વર્તમાનમાં પણ જેમની હયાતી છે, જે સંપૂર્ણ સ્વાતન્ત્ર્ય ધરાવે છે અને જેમની વિદાયની વાતો પણ ક્લેશકારી હોવાથી દુઃખ ઉપજાવે એવી છે, તેમને લોકમાં ક્લેશ ઊભો થાય, શાંત વાતાવરણ ડહોળાય એવી રીતની ઝુંબેશ ચલાવવા દ્વારા લિપિમાંથી બલાત્કારે લુપ્ત કરવાના પ્રયત્નોને હરગિજ વાજબી ઠરાવી શકાય નહિ.

નામ એનો નાશ છે. જન્મેલાનું મરણ નિશ્ચિત જ છે, તેથી કુદરતી મરણ ઇચ્છવા યોગ્ય ગણાય. પરન્તુ અકુદરતી મરણ તો કદી પણ ઇચ્છવા યોગ્ય ગણાય નહિ. સુખપૂર્વક જીવન જીવીને કુદરતી મૃત્યુ દ્વારા આ દુનિયામાંથી

વિદાય થયેલા માણસનું દૃષ્ટાંત લઈને અકુદરતી રીતે મરવા તૈયાર થવું એ જેમ અનુચિત છે, તેમ લિપિમાંથી કુદરતી રીતે લુપ્ત થયેલા **'ઓ-ઔ'**ના મૂળાક્ષરોનું ઉદાહરણ લઈને લિપિમાં જે જીવંત છે – જેમની હયાતી છે, જેમનું સ્વાતન્ત્ર્ય આજ સુધી જળવાઈ રહ્યું છે અને જે નિર્દોષ પણ છે, એવા **'ઇ-ઈ-ઉ-ઊ-ઋ'** આ પાંચ સ્વરો ઉપર નિરર્થકપણાનું દોષારોપણ કરીને તેમની સામે કરડી નજર કરવી અને ઝુંબેશ ચલાવીને એમને અકુદરતી રીતે લુપ્ત થવાના માર્ગે ઘસડી જવા એ પણ શું અનુચિત નથી ?

❋

લોકરુચિ વિદ્વાનોના અભિપ્રાયથી જાણી શકાય

૩૦. પૂર્વે કાકાસાહેબ કાલેલકરે **'ઇ-ઈ-ઉ-ઊ'**ને **'અિ-�ી-અુ-ૂ'**માં ફેરવી પોતાના સંપાદનમાં પ્રગટ થતાં સામયિકો અને પુસ્તકોમાં એનો ઉપયોગ કરેલો. પણ એ લોકરુચિ વિરુદ્ધ હોવાથી, પોતાનો આગ્રહ પડતો મૂકી થોડા જ વખતમાં એમણે એ લિપિને પાછી સંકેલી લીધી હતી.

વર્તમાનકાળમાં પણ ઉપર મુજબ **'અ'**ની બારાક્ષરી કરવાના અને જોડાક્ષરોના સ્વતંત્ર સંકેતો દૂર કરી, જોડાક્ષરોના પૂર્વ વર્ણને ખોડો કરીને લખવાના આગ્રહભર્યા ઘણાઘણા પ્રયત્નો થઈ ચૂક્યા છે અને એમાં નિષ્ફળતાનો કડવો અનુભવ જ થયો છે.

આપણે હજી આપણી કલ્પના મુજબની લિપિ રચી એમાં સરળતા-સુંદરતાની કલ્પના કરી લઈએ, પણ લોકોને એમાં સરળતા-સુંદરતાનો અનુભવ થતો ન હોય તો એને માટેનો આપણો આગ્રહ શા કામનો ?

પોતાની કલ્પના મુજબની લેખનવ્યવસ્થા સરકારમાન્ય બને અને એ શાળાઓમાં ફરજિયાત શીખવાય એ માટેના પ્રયત્નો વર્તમાનમાં થઈ રહ્યા હોય એમ જણાય છે. જો કે સરકાર લોકરુચિ જાણ્યા વિના આંધળૂકિયાં કરીને, એ લિપિને માન્ય કરે અને શિક્ષણમાં દાખલ કરે એ બનવાજોગ લાગતું નથી. લોકરુચિ જાણવા મળે માટે આ લખાણ દ્વારા પ્રયાસ કર્યો છે, જે વિદ્વાનોના અભિપ્રાયથી જાણી શકાય તેમ છે.



'બારાક્ષરી' વ્યંજનોની જ થાય

૧. વર્ણ એટલે લેટર **(Letter)**. વર્ણમાળામાં સ્વરવર્ણ અને વ્યંજનવર્ણ આ બંને પ્રકારના વર્ણોની સૂચિ આવે છે. વર્ણોમાં જે **'આક્ષરિક' (Syllabic)** છે તે સ્વરો છે અને જે **'અનાક્ષરિક'** છે તે વ્યંજનો છે. તેથી પ્રાતિશાખ્યમાં કહેવાયું છે કે **'स्वयं राजन्ते स्वराः । अन्वक् भवति व्यञ्जनम् ॥'**

સ્વરો સ્વયં ઉચ્ચાર્યમાણ છે, જ્યારે વ્યંજનોનું ઉચ્ચારણ સ્વરોની સહાય વગર શક્ય નથી. એટલે કે વ્યંજનોની આગળ કે પાછળ સ્વર હોય તો જ તેનો ઉચ્ચાર કરી શકાય. 'ક્'ના ઉચ્ચાર માટે **'ક્+અ=ક'** અથવા **'અ+ક્=અક્'** એમ જ બોલી શકાય. વળી પ્રાતિશાખ્યમાં કહેવાયું છે કે **'व्यञ्जनसमुदायस्तु स्वरसन्निहित एव अक्षरं भवति।'** વ્યંજનો સ્વર સાથે મળીને અક્ષર બનાવે છે. દા.ત., **'ષ્ણ, ક્ષ, ગ્ન'** વગેરેમાં સ્વરની પૂર્વે વ્યંજનો આવીને એક એક અક્ષર બન્યો છે. વ્યંજન સાથે બાર સ્વરો-અક્ષરો મળીને જે રૂપો થાય તે **'બારાક્ષરી'** કહેવાય. જેમ કે **'ક-કા-કિ-કી-કુ-કૂ-કૃ-કે-કૈ-કો-કૌ'** (**અં-અઃ** અર્થાત્ અનુસ્વાર અને વિસર્ગ અક્ષરો નથી. તે **'અયોગવાહ'** કહેવાય છે. **अकारादिना योगेन आत्मलाभं वहन्ति = अयोगवाहाः।**)

અક્ષર અહીં લેટર **(Letter)** અર્થાત્ વર્ણ તરીકે નહિ, પણ સિલેબલ **(Syllable)** તરીકે વપરાયો છે. સિલેબલ એટલે અક્ષર અને અક્ષર એટલે એક સ્વરાન્ત ઉચ્ચારણ. **'અ-આ-ઇ-ઈ-ઉ-ઊ-ઋ-ૠ-એ-ઐ-ઓ-ઔ'** આ બાર અક્ષરો સિલેબલ છે. દરેક સિલેબલ (અક્ષર) પોતે જ અક્ષર છે. **'ઇ-ઈ-ઉ-ઊ'** સ્વયં અક્ષરો છે. તેથી **'અ-આ-ઇ-ઈ-ઉ-ઊ-ઋ'** એવી સ્વરની બારાક્ષરી કેવી રીતે હોઈ શકે ? અર્થાત્ અક્ષરોની બારાક્ષરી કેવી રીતે થાય ? આ તો **'वदतो व्याघात'** જેવી વાત છે.

ગુજરાતીમાં **'આ-એ-ઐ-ઓ-ઔ'** આ પાંચ વર્ણો **'અ'**ની મદદથી લખાય છે. દેવનાગરીમાં **'आ-ओ-औ'** આ ત્રણ વર્ણો **'अ'**ની મદદથી લખાય છે. તેથી એવો ભ્રમ થવાનો સંભવ રહે છે કે જેમ **'ક્'**માં **'આ'** ઉમેરીએ તો **'કા'** થાય, તેમ **'અ'**માં **'આ'** ઉમેરીએ તો **'આ'** થાય. આવો જ ભ્રમ **'એ-ઐ-ઓ-ઔ'** વિશે પણ થાય. પરન્તુ પ્રત્યેક સ્વરનું ઉચ્ચારણ સ્વતંત્ર હોય છે. કોઈ પણ સ્વર બીજા સ્વરની મદદથી ઉચ્ચારાતો નથી, કારણ કે દરેક સ્વરના ઉચ્ચારણમાં જીભની જુદીજુદી ઊંચાઈ અને જુદોજુદો ભાગ કાર્યરત હોય છે. ફોનેટિક્સ**(Phonetics)**માં આ બધા માટે જુદાંજુદાં લિપિચિહ્નો હોય છે, જે આ ભ્રમ દૂર કરવામાં મદદરૂપ બની શકે.

દેવનાગરીમાં જેમ **'ए-ऐ'**નાં સ્વતન્ત્ર ચિહ્નો છે, તેમ ગુજરાતી લિપિમાં **'આ-એ-ઐ-ઓ-ઔ'**નાં, જેમાં **'અ'**નો આકાર ન હોય, એવાં સ્વતન્ત્ર ચિહ્નો હોત તોપણ આવો ભ્રમ થવાની શક્યતા રહેત નહિ.

– ડૉ. ઊર્મિ દેસાઈ (મુંબઈ)

સ્વરોની 'બારાક્ષરી' બની શકતી નથી

૨. **'ઇ-ઈ-ઉ-ઊ'** ને બદલે **'અિ-અી-અુ-અૂ'** કરવાથી ટાઇપરાઇટરની ચાર ચાવી બચે એ વાત સાચી, પણ તે માટે આપણી લિપિનાં સંકેતો બદલવા એ બાબત જૂની - નવી પેઢી વચ્ચે ઊંડો ભેદ કરાવનારી બને. લાભની સામે અલાભનો પણ વિચાર કરવો જોઈએ. એકલા લાભનો જ વિચાર કરવો ઠીક નથી. વળી આપણે એ પણ અનુભવી શકીએ છીએ કે હાલમાં ઉત્તરોત્તર જ્ઞાનની હાનિ થઈ રહી છે. તેથી પ્રાચીન અભ્યાસકોના જ્ઞાન કરતાં અર્વાચીન અભ્યાસકોનો મોટો વર્ગ મંદ-મંદતર જ્ઞાનવાળો જણાય છે. આ કારણે લિપિપરિવર્તન તેમને વધુ મંદ બોધ તરફ લઈ જનાર બને એવો સંભવ છે.

નવી બારાક્ષરીથી પ્રાચીન ગ્રન્થોનું વાચન મુશ્કેલ બનશે. જેમ પ્રાચીન લિપિબોધના અભાવે કેટલુંક જ્ઞાન લુપ્ત થયું તેમ વર્તમાનમાં લભ્ય શાસ્ત્રો પણ લિપિબોધાભાવે લુપ્ત થશે.

'અિ-અી' આદિ જોઈને **'કૃ'**ને હ્રસ્વ ઇ **'કિ'**ની જેમ **'અ'**ને હ્રસ્વ ઇ **'અિ'** આવો ભ્રમમૂલક બોધ થશે અને ઉચ્ચારણ શુદ્ધિ નષ્ટ થશે.

વ્યંજનની બારાક્ષરીમાં આપણે જે સ્વરચિહ્નો મૂકેલાં છે તે ચિહ્નો ઉચ્ચારણના તફાવતને જ બતાવે છે. દા.ત., કાનાને જો **'ક'**ની બાજુમાં મૂકીએ તો **'કા'** થાય, પણ જો તેને **'ક'**ના માથે મૂકીએ તો **'કા'**ને બદલે **'કે'** થઈ જાય. **'ક'**ની બાજુમાં અને ઉપર એમ બંને ઠેકાણે કાનો મૂકીએ તો **'કો'** થઈ જાય. આમ દંડ અથવા કાનારૂપ ચિહ્ન સર્વત્ર એકનું એક જ હોવા છતાં, ઉચ્ચારણનો ભેદ એને જુદાંજુદાં સ્થાનોમાં મૂકવાને કારણે જ પડે છે. વ્યંજનમાં કયો સ્વર જોડાયો છે તે જાણવા-સમજવા માટે તેનું ચિહ્ન અર્થાત્ સ્વરની નિશાની આગળ-પાછળ અને ઉપર-નીચે જોડાય છે. વ્યંજનમાં સ્વર ભળે ત્યારે જ તે અક્ષર બને છે. વ્યંજનમાં બાર સ્વર ભળવા દ્વારા વ્યંજનની બારાક્ષરી બને. પણ સ્વર તો પોતે જ અક્ષર છે, માટે અક્ષરની અક્ષરી અર્થાત્ સ્વરની બારાક્ષરી બની શકતી નથી. તેથી **'અિ-અી-અુ-અૂ'** વગેરે કરી શકાય નહિ.

લિપિની રચના કરનારા ઋષિમુનિઓએ લિપિમાં **'અિ-અી-અુ-અૂ'** વગેરે આકારો કેમ ન રાખ્યા એ બાબત વિચારતાં એમ જણાય છે કે **'કિ-કી-કુ-કૂ'** વગેરેમાં **'અિ-અી-અુ-અૂ'** વગેરેનો **'િ-ી-ુ-ૂ'** આવો અર્ધ આકાર જ આવે છે, તેથી બાકીનો જે **'અ'** આવો આકાર આવતો નથી તેનું શું થયું ? તે ક્યાં ગયો ? એવો પ્રશ્ન ઊઠે. બીજી બાજુ **'િ-ી-ુ-ૂ'** આવા અર્ધ આકારને જ જો **'ઇ-ઈ-ઉ-ઊ'** તરીકે સમજાવવામાં આવે તોપણ પ્રશ્ન ઊઠે કે 'અિ-અી-અુ-અૂ'માં 'અ-અ-અ-અ' અને **'િ-ી-ુ-ૂ'** આ બંને આકારો શા માટે ? બાળમાનસમાં આવી ભ્રમણાઓ પેદા ન થાય તે માટે જે વર્ણો ભ્રાન્તબોધ કરાવે તેવા હતા તેના **'ઇ-ઈ-ઉ-ઊ'** એવા સ્વતંત્ર આકારો રાખ્યા એમ માનવું ઠીક લાગે છે.

'અિ-અી-અુ-અૂ' એવી **'અ'**ની બારાક્ષરી કરવામાં આવે તો કેટલાક પ્રયોગો એવા વિચિત્ર બની જાય કે ત્યાં આપણે શું કરવું તે સમજી શકાય નહિ. દા.ત., ગુજરાતીમાં આપણે **'રામેશ્વર'** બોલીએ છીએ ત્યાં **'અ+ઈ'**ની સંધિમાં **'એ'** કે **'અી'** બેમાંથી કયો ઉચ્ચાર કરવો ? નવી લેખનવ્યવસ્થા પ્રમાણે **અ+ઈ='અી'** એવો ભ્રમ થવાથી **'રામેશ્વર'**ને બદલે **'રામીશ્વર'** એવું અનિષ્ટ રૂપ થશે.

– પ્રા. રતિલાલ દોશી (અમદાવાદ)

સ્વરચિહ્નો સ્વર સાથે પ્રયોજી શકાય નહિ

૩. આજની ગુજરાતી લિપિ, જૂની બ્રાહ્મી લિપિ અને દેવનાગરી દ્વારા અર્વાચીન નાગરી લિપિમાંથી વિકાસ પામેલી છે. પાઘડી અને ટોપીની જેમ માત્ર શિરોરેખા અદૃશ્ય થઈ ગઈ છે. દેવનાગરીમાં લિપિસુધારનો પ્રશ્ન કાકાસાહેબ કાલેલકરે **'હિંદી સાહિત્ય સંમેલન'**ના ઇન્દોર અધિવેશનમાં ઉપાડેલો. એમનાં સૂચનો પ્રમાણે **'ઇ-ઉ'**ને અનુક્રમે **'ઞિ-ઞુ'**માં ફેરવવામાં આવેલા. આમ એંઓશ્રીના સંપાદનમાં પ્રગટ થતાં સામયિકો ને પુસ્તકોમાં એનો ઉપયોગ કરવામાં આવેલો. પરંતુ એ વર્ધાલિપિ લોકરુચિ વિરુદ્ધ હોવાથી થોડા જ સમયમાં પાછી સંકેલાયેલી.

બારાક્ષરી શબ્દપ્રયોગ પ્રચલિત છે. હકીકતમાં તેરાક્ષરી શબ્દપ્રયોગ પ્રયોજવો જોઈએ. સ્વરો સ્વયં સંપૂર્ણ છે, જ્યારે વ્યંજનો સ્વયં સંપૂર્ણ નથી. વ્યંજનોના ઉચ્ચારણ માટે સ્વરોની સહાયતાની જરૂર રહે છે. **स्वयं राजते इति स्वरः।**

'ા-િ-ુ-ૂ-ૃ' આ અંતર્ગત સ્વરચિહ્નો સ્વર સાથે પ્રયોજી શકાય નહિ. સ્વરચિહ્નો અર્થાત્ સ્વરમાત્રાઓ સ્વરોનો સંકેત છે. આથી એ સંકેત વ્યંજનને લાગુ પડે, પણ સ્વરને પોતાને નહિ. એટલે **'ઈ'** કે **'ઉ'** માટે **'અ'**નો વ્યંજનની જેમ પ્રયોગ થઈ શકે નહિ. જ્યારે **'ઇ-ઈ-ઉ-ઊ-ઋ'**ના ધ્વનિઓ માટે સ્વતંત્ર સંકેત-ચિહ્નો પ્રચલિત છે ત્યારે એને એકવાક્યતા લાવવાના સંદર્ભમાં રદ કરીને **'અ'** પરથી સાધિત કરવામાં ચોક્કસ દોષ આવે. વ્યંજનના સંદર્ભમાં માત્રાનું સંયોજન ફલિત થાય, પણ સ્વરના સંદર્ભમાં આવું સંયોજન ફલિત ન જ થાય અને થાય તો ઉચ્ચારણદોષ લાગે. લિપિ એ ઉચ્ચારણનું વાહન છે, એ ધ્વનિસંકેત છે; કારણ લિપિ હંમેશાં ઉચ્ચારણને અનુસરવા પ્રયત્નશીલ હોય છે.

— ડૉ. પ્રવીણચંદ્ર ચિ. પરીખ (અમદાવાદ)

❋

માત્રા 'અ'નો પાયાનો અક્ષર ગણવો અનુચિત છે

૪. **'અ'** સ્વરની **'અ-આ-અિ-ઈ'** એમ બારાક્ષરી કરવાથી કોઈ વ્યાવહારિક સગવડનું પ્રયોજન સધાતું નથી. દરેક સ્વર સ્વતન્ત્ર હોવાથી અને તે બીજા સ્વર સાથે અક્ષર બનવા પરતન્ત્ર ન હોવાથી તેમાં વિશેષ ચિહ્ન ઉમેરવાની આવશ્યકતા નથી. માત્ર **'અ'**ને પાયાનો અક્ષર ગણવો અનુચિત છે. લેખન-સૌકર્યને લક્ષમાં રાખીને લિપિનો વિકાસ થયો છે અને લિપિ પરંપરાથી સ્થિર થયેલી છે. પરંપરાથી સ્થિર થયેલી પદ્ધતિમાં ફેરફાર કરવાથી અસ્થિરતા ઊભી થાય અને ભૂતકાળમાં લખાયેલા ગ્રન્થોનો બોધ થવો મુશ્કેલ બની જાય. વળી બાળકોને વધુ ચિહ્નો શીખવવાં પડે. મુશ્કેલીમાં વધારો કરવામાં હરકત ન હોય તો **'અિ-ઈ'** વગેરે ખુશીથી કરી શકાય.

લિપિ એ ગ્રન્થોના બોધનું સાધન છે. જો લોકો નવી લિપિથી ટેવાતા હોય, તેમને જૂના ગ્રન્થો જાણવામાં રસ ન હોય અને જૂના ગ્રન્થો પણ ફેરફાર કરેલી લિપિમાં રજૂ કરવાની તકલીફ લેવાની તૈયારી હોય તો ગુજરાતી લિપિમાં જે ફેરફાર કરવા હોય તે કરો.

'અિ-ઈ' આવાં સંયોજનો વસ્તુતઃ સંધિ જ છે. એના ફલિત તરીકે **यणादि** આદેશો થાય.

— ડૉ. નારાયણ એમ. કંસારા (અમદાવાદ)

૫. 'અ'માં 'અ'નું અને 'આ'માં દ્વિમાત્રિક (દીર્ઘ) 'અ'નું ઉચ્ચારણ જણાય છે, પણ 'ઇ-ઈ-ઉ-ઊ'માં 'અ'નું ઉચ્ચારણ જણાતું નથી. તેથી જેમ 'ઇ' વગેરેની બારાક્ષરી થતી નથી તેમ 'અ'ની બારાક્ષરી પણ ન જ થાય.

'ક'ની બારાક્ષરીમાં બારેય સ્થાનમાં 'ક'નું સ્થાન વ્યક્ત છે, એમ 'અ'ની બારાક્ષરીમાં બારેય સ્થાનમાં 'અ'નું સ્થાન વ્યક્ત નથી. એ જ સૂચવે છે કે 'અ'ની બારાક્ષરી નથી, પણ 'અ-આ-ઇ' વગેરે પ્રત્યેક સ્વર સ્વતન્ત્ર છે. અર્થાત્ ઉચ્ચારણ માટે એક સ્વર બીજા કોઈ પણ સ્વરની અપેક્ષા રાખતો નથી.

– આચાર્યશ્રી જગચ્ચન્દ્રસૂરિજી

❁

૬. એક દરખાસ્ત એવી થાય છે, ખરેખર તો પ્રચલિત પણ બની ચૂકી છે કે 'ઇ-ઉ' વગેરેનો આવો અલગ આકાર ચાલુ રાખવાને બદલે 'અિ-અુ' એમ 'અ'ને હ્રસ્વ ઇ-ઉ ('િ-ુ' એવી સ્વરસંજ્ઞા) લગાડીને લખવું. પરંતુ એ શાસ્ત્રીય કે ધ્વનિલક્ષી નથી. કારણ કે સ્વર તો એક સ્વતન્ત્ર ઉચ્ચારણ જ છે; મતલબ કે 'ઇ' તે 'અ+ઇ' નથી જ. 'અ+ઇ'ની તો સંધિ થઈ 'એ' બની જાય. વળી જે સ્વર માટે આપણને અલગ સંકેત તૈયાર મળ્યો છે તે અકારણ શા માટે છોડી દેવો ?

'ઇ-ઉ'ને બદલે 'અિ-અુ' લખવાનો સુધારો એટલા માટે સ્વીકાર્ય નથી કે હાલ જે સંકેતો છે તે પૂરતા સક્ષમ હોઈ કોઈ ગોટાળા સર્જતા નથી. પછી અકારણ તો લિપિ ન જ બદલવી જોઈએ ને ? ઉપરાંત 'અ'ને હ્રસ્વ 'ઇ' ('અિ') લગાડેલી છે એવો ભ્રમ નાહક શા માટે ઊભો કરવો ?

– પ્રા. રમણલાલ પાઠક (સુરત)

❁

૭. માહેશ્વરસૂત્રોમાં 'અ-ઇ-ઉ-ઋ-ઌ' ને જ મૂળ-શુદ્ધ સ્વરો કહ્યા છે અને એમાં પણ 'અ' બધા સ્વરોનું મૂળ છે.

શુદ્ધ સ્વરો અને સંયુક્ત (બે વિજાતીય સ્વર મળે તે) સ્વરોની લિપિનાં સાંકેતિક ચિહ્નો અલગ અલગ સ્વતન્ત્ર છે. એટલે 'અ'ની બારાક્ષરી બની શકે નહિ. એમ કરવા જતાં મોટો ગોટાળો થઈ જાય. જેમ કે 'અ' (સ્વતન્ત્ર) + 'ઇ' (સ્વતન્ત્ર) = 'અિ' કરીએ તો 'એ' થઈ જાય.

'અ+ઇ' = 'અિ' એવું ફલિત થવાની સંભાવનાએ જ લિપિવિદોએ 'અિ-ઈ' વગેરે સંકેતોનો નિરાદર કર્યો હોય એમ સંભવે છે.

– શ્રી કેશવલાલ શાસ્ત્રી (રાજકોટ)

❁

૮. 'અ'ની બારાખડીનું સૂચન પાયારહિત છે.

– ડૉ. ભારતી મોદી (વડોદરા)

૯. સરળતાના નામે વર્ણવ્યવસ્થા બદલવા અંગેનો એક તુક્કો 'અ'ની બારાખડી બનાવવા અંગેનો છે. એમાં 'ઇ-ઈ, ઉ-ઊ'ની જગ્યાએ અનુક્રમે 'અિ-ઈ, અુ-ઊ' લખવા સૂચવાયું છે. આવા ફેરફાર કરવાથી મુદ્રણ અને ટંકલેખન(ટાઇપરાઇટર)માં સુવિધા થાય એવી વાહિયાત દલીલ કરવામાં આવે છે.

માનો કે મુદ્રણ અને ટંકલેખનમાં સુવિધા થાય ખરી, તોપણ ભાષાશાસ્ત્રની મૂળભૂત દૃષ્ટિએ જે અશુદ્ધિ ઊભી થાય છે એનો વિચાર એમાં કરવામાં આવ્યો હોય એમ જણાતું નથી.

'અ+ઇ' = 'અિ' અથવા 'અ+ઉ' = 'અુ' એ રૂપ જ અશુદ્ધ છે. 'અ+ઇ' = 'એ' થાય અથવા 'અ+ઉ' = 'ઓ' થાય એ મહત્ત્વની બાબત કેમ વીસરાતી હશે? અહીં એવી દલીલ કરવામાં આવે છે કે 'અિ-અુ'માં 'અ+ઇ' નથી, પણ 'ઇ-ઉ'ના પ્રતીકરૂપ જ 'અિ-અુ' છે. આ દલીલ મનઘડંત હોવાથી સ્વીકારી શકાય એવી નથી.

— પ્રા. રતિલાલ સાં. નાયક (અમદાવાદ)

❄

૧૦. 'એ-ઐ-ઓ-ઔ' અંગે એક વાત સમજી લેવા જેવી છે કે એ ચારેય સન્ધ્યક્ષરો હોવા છતાં એનાં ઉચ્ચારણો સ્વતંત્ર હોવાથી એ સ્વતંત્ર સ્વરો જ છે. વ્યાકરણ રચયિતાઓએ 'અ+ઇ=એ', 'અ+એ=ઐ' વગેરે સંધિઓના નિયમો દર્શાવ્યા છે, તે સંસ્કૃતની પ્રણાલિકા મુજબ બે સ્વરો એક સાથે જોડાજોડ સંસ્કૃત ભાષામાં વપરાય નહિ, તેથી તે બે સ્વરોના સ્થાને જે કાંઈ યોગ્ય ફેરફાર કરવા જેવો હતો તે સૂચવ્યો છે. તેનો અર્થ એવો તો નથી જ કે 'અ+ઇ' આ બે સ્વરોના ઉચ્ચારણના મિશ્રણથી 'એ-ઐ-ઓ-ઔ' સ્વરો બન્યા હોય. તે હેતુથી જ 'અ-આ' વગેરે સ્વરમાળામાં 'એ' એટલે 'અ્+એ' એમ મનાતું નથી. 'એ'માં જે માત્રા છે તે ત્યાં 'કે'ની જેમ 'એ' સ્વરના પ્રતિનિધિ ચિહ્નરૂપ નથી. પરંતુ માત્રા સહિત 'અ' અર્થાત્ 'એ' આ સ્વતંત્ર સંકેત જ છે. આ જ રીતે 'આ' વગેરેમાં પણ સમજી શકાય છે.

તેથી 'એ-ઐ-ઓ-ઔ'નું દૃષ્ટાંત પકડીને 'અિ-ઈ' વગેરે નવા સંકેતોની રચના કરવી તે અવૈજ્ઞાનિક હોવા સાથે અજુગતું પણ છે.

— પંન્યાસશ્રી જયસુંદરવિજયજી

❁

૧૧. 'અ-આ-એ-ઐ-ઓ-ઔ' આટલા (૬) સ્વરોમાં લેખનમાં 'અ'ના લિપિઆકારની અનુવૃત્તિ છે; જ્યારે ઉચ્ચારણમાં તો માત્ર 'અ'કારમાં જ 'અ' છે. 'આ' વગેરેના ઉચ્ચારણમાં 'અ'ની અનુવૃત્તિ નથી અર્થાત્ ઉચ્ચારઆકાર સમાન નથી અને 'કણ-કાણ, ઘણ-ઘાણ, જન-જાન' જેવા શબ્દોમાં અર્થાકારની સમાનતા તો મુદ્દલ નથી.

— આચાર્યશ્રી જગચ્ચન્દ્રસૂરિજી

'આ' એક સ્વતંત્ર લિપિસંકેત

૧૨. **'અ-અ'**ના ઉચ્ચારણમાં સમાનતા છે, **'ઇ-ઈ'**ના ઉચ્ચારણમાં પણ કાંઈક સમાનતા છે; જ્યારે **'અ-આ'**ના ઉચ્ચારણમાં તો **'ઇ-ઈ'** જેટલી પણ સમાનતા નથી.

'આ' એ **'અ'**ને કાનો લગાડીને (**અ + ા**) બારાખડીની માફક **'આ'** બનાવાયો નથી, પણ એ કાનો બીજી માત્રાનો સૂચક છે. તેથી **'આ'** એ દ્વિમાત્રિક **'અ'** (=**'આ'**)નું સ્વતંત્ર ચિહ્ન છે.

ગુજરાતી લિપિમાં શિરોરેખા નીકળી જવાથી **'આ'** સ્વર માટે આપણને એવો ભ્રમ થાય છે કે એમાં **'અ + ા'** અર્થાત્ **'અ+દંડ'**(કાનો)નો સરવાળો છે. પરંતુ હકીકત એવી નથી. ખરેખર તો દેવનાગરીના **'आ'** આવા સ્વતંત્ર સંકેતનું ગુજરાતી લિપિમાં આવેલું **'આ'** એ અપભ્રંશ રૂપ છે. વાસ્તવમાં એ એક સ્વતંત્ર સંકેત જ છે, પણ **'અ+અ=અ+ ા = આ'** એવું નથી.

– પંન્યાસશ્રી જયસુંદરવિજયજી

❁

૧૩. **'आ'** એક સ્વતંત્ર લિપિસંકેત જ છે. ઘણા જૂના કાળમાં **'अ'** સ્વર **'ા'** આમ ઊભા દંડરૂપે લખાતો. પછી ધીમેધીમે **' ⊓ '** આમ લખાવો શરૂ થયો. એનો દીર્ઘ કરતાં સ્વતંત્ર રીતે **' ⊓⊓ '** આમ થાય. ક્રમવિકાસથી **'आ'** આવો સંકેત થયો છે.

– શ્રી કેશવલાલ શાસ્ત્રી (રાજકોટ)

૧૪. **'आ'** આવું સ્વતંત્ર ચિહ્ન જ જણાય છે. કાળક્રમે એ જ ચિહ્ન **'अ-ा'**, આમ બે વિભાગમાં લખાતું થયું છે. તેથી **'अ'**ને **'ા'** (કાનો) **'आ'** એવી ભ્રમણા ઊભી થઈ લાગે છે.

– પ્રા. રતિલાલ દોશી (અમદાવાદ)

૧૫. **'અ-આ'** સ્વરો જીભના મધ્યભાગ વચ્ચે ઉચ્ચારાતા મધ્ય સ્વર છે, પણ તેમાં જીભની ઊંચાઈનો તફાવત છે. માટે **'અ'** અને **'આ'** બંને જુદા પ્રકારના સ્વરો છે. **'આ'** સ્વર જીભની નિમ્નમાં નિમ્ન ઊંચાઈએથી ઉચ્ચારાય છે, જ્યારે **'અ'** સ્વર તેનાથી થોડી ઊંચી-નિમ્નતર ઊંચાઈએથી ઉચ્ચારાય છે. મુખનું ખૂલવું પણ બંને સ્વરોનું ભિન્ન છે. **'આ'** સ્વર ઉચ્ચારાતાં મુખ એકદમ વિવૃત (ખુલ્લું) હોય છે, જ્યારે **'અ'** સ્વર ઉચ્ચારાતાં મુખ અર્ધવિવૃત (અધખુલ્લું) હોય છે.

– ડૉ. ઊર્મિ દેસાઈ (મુંબઈ)

૧૬. **'ઇ-ઈ'**ના અને **'ઉ-ઊ'**ના ઉચ્ચારણમાં ભેદ રહેલો નથી, જ્યારે **'અ-આ'**ના ઉચ્ચારણમાં ભેદ સ્પષ્ટ અને તીવ્ર રીતે રહેલો છે એ ખરું છે. **'આ'**માંનો દંડ માત્ર માત્રાસૂચક અર્થાત્ સમયસૂચક નથી, તેથી **'અ-આ'**નું યુગ્મ ભ્રામક બને છે. **'આ'** એ ગુજરાતીનો સૌથી વધુ બળવાન સ્વર છે. તેથી **'આ'**નો લોપ કદી કરી શકાય નહિ.

– ડૉ. ભારતી મોદી (વડોદરા)



સ્વરોની સમસ્યા : 'ઇ-ઈ,ઉ-ઊ'

ડખો અને ડખલ

(ડખો વ્યાકરણમાં, ડખલ લોકોનો)

હ્રસ્વ 'ઇ'વાળા શબ્દોને દીર્ઘ 'ઈ'વાળા અને દીર્ઘ 'ઊ'વાળા શબ્દોને હ્રસ્વ 'ઉ'વાળા બનાવી દેવા એટલે શુદ્ધને અશુદ્ધ બનાવવા એટલું જ નહિ, પાછી એના ઉપર સંપૂર્ણ શુદ્ધની મહોર મારવી. આ કામ સાચા વિદ્વાનનું હોઈ શકે ખરું ? **સાચા વિદ્વાનનું કામ તો અશુદ્ધને શુદ્ધ બનાવવાનું જ હોય, પણ શુદ્ધને અશુદ્ધ બનાવવાનું તો હોય જ નહિ.** શુદ્ધને અશુદ્ધ બનાવવાથી તો વ્યાકરણમાં ડખો થાય છે, તીક્ષ્ણ બુદ્ધિવાળા વૈયાકરણોનો ભારે અનાદર થાય છે અને જાડી બુદ્ધિવાળા એવા આપણું **'અહમ્'** ખોટી રીતે પોષાય છે, વળી અધૂરામાં પૂરું લોકોનેય ડખલ થાય છે.

ઘણા લાંબા કાળથી સુદૃઢ-સુસ્થિર થયેલી લેખનવ્યવસ્થામાં ક્લિષ્ટતા અંગેની જનતા સામાન્યની કોઈ ફરિયાદ નહિ હોવા છતાં, સરળતાના ઓઠા નીચે **'ઇ-ઈ, ઉ-ઊ'**ના ભેદ મિટાવવાની વાત કરાય છે અને તે માટે એવી દલીલ કરાય છે કે **'પિતા-પીતા'** જેવા શબ્દોમાં રહેલો અર્થભેદ સંદર્ભમાત્રથી સમજી શકાય છે, માટે **'ઇ-ઈ, ઉ-ઊ'**ના ભેદની જરૂર નથી. પરંતુ આ દલીલ તો અલ્પસંખ્યક વિદ્વાનોની બાબતમાં જ સ્વીકાર્ય બની શકે એવી છે, પણ બહુસંખ્યક જનસામાન્યની બાબતમાં નહિ. કારણ બાળકો, મંદ બુદ્ધિવાળા અને ઓછા શિક્ષણવાળા લોકો સ્થાને સ્થાને સંદર્ભ જાણવામાં અને ચોક્કસ અર્થનો નિર્ણય કરવામાં મુશ્કેલી અનુભવે.

'મારા પિતા ચા પીતા નથી' જેવાં વાક્યોમાં **'ઇ-ઈ'**ના ભેદના અભાવે પણ અર્થબોધ થઈ જાય છે. પણ **'પિતા'** (સંજ્ઞા) અને **'પીતા'** (ક્રિયાપદ) જેવી વ્યાકરણીય ઓળખ કે વ્યુત્પત્તિ બાજુએ રહી જાય છે. **'પિતા'** અર્થમાં **'પીતા'** લખવાથી અર્થભિન્નતાની છટા દૂર થશે એનું શું ? તો એવી સરળતા તરફ જવાનો શો અર્થ ?

'ઇ-ઈ, ઉ-ઊ'ના ભેદ મિટાવી **દિન** (દિવસ), **સૂર** (વાજિંત્રનો) અને **નિસ્-નિર્**(ઉપસર્ગ)નું, **'દીન - સુર - (નીસ્) નીર્'** કર્યા પછી **દીનબંધુ** એટલે સૂર્ય કે ગરીબનો બેલી ? **સુરપતી** એટલે ગવૈયો કે ઇન્દ્ર ? **નીરાહાર** એટલે અનાહાર કે જળાહાર ? (નિસ્ - નીસ્ - નીર્ + આહાર = **નીરાહાર** અને નીર+આહાર=નીરાહાર) **'નીરાહાર'**ની જેમ **'નિરાશ્રય, નિરાઘાત, નિરામિષ, નિરાગ્રહ, નિરાલય,**

નિરાશ્રિત, નિરાકાર અને જિનાલય, સૂરાલય વગેરે અનેક સામાસિક શબ્દો તથા **ચિર** (લાબું), **જિન** (રાગદ્વેષ વિજેતા), **દ્વિપ** (હાથી), **પાણિ** (હાથ), **કૂચ** (રવાના થવું), **કૂજન** (કૂજવું), **પૂર** (જોશથી વહેતું પાણી), **વધૂ** (વહુ), **સૂર** (વાજિંત્રનો અવાજ) વગેરે અનેકાનેક શબ્દો જે અત્યારે એકાર્થક છે તે 'ઇ-ઊ'નાં 'ि-ू' આ ચિહ્નો રદ થયા પછી, માત્ર 'ઈ-ઉ'નાં 'ी-ु' આ ચિહ્નો સાથે **નીરાશ્રય** (આશ્રય વગરનું, જળના આશ્રયવાળું), **જીનાલય** (જિન મંદિર, ભૂતનું સ્થાન), **સુરાલય** (સ્વર્ગ, સ્વર-સૂર્ય) તથા **ચીર** (લાબું,વસ્ત્ર), **જીન** (રાગદ્વેષ વિજેતા, ભૂત-પલાણ-કપડું), **દ્વીપ** (હાથી, બેટ), કુચ (રવાના થવું, સ્તન), **કુજન** (કૂજવું,ખરાબ માણસ) **પુર** (જોશથી વહેતું પાણી, નગર), **વધુ** (વહુ, વધારે), **સુર** (વાજિંત્રનો અવાજ, દેવ) વગેરે શબ્દો આમ લખાશે ત્યારે દ્વિઅર્થી બનશે.

તદુપરાંત **'તે નીરાહારી છે', 'દીનકર રોજ સવારે પુર્વ દીશામાંથી આવીને સાંજે પશ્ચીમ દીશા તરફ ચાલ્યો જાય છે'** આવાં અનેક વાક્યો પણ દ્વિઅર્થી બને.

ઉપર જણાવેલા **'દીનબંધુ'** વગેરે સામાસિક શબ્દો, **'ચીર'** વગેરે શબ્દો અને **'તે નીરાહારી છે'** વગેરે વાક્યોના સ્પષ્ટ અર્થાવબોધ માટે આગળ-પાછળનો સંબંધ સહાયક ન હોય ત્યારે અપેક્ષિત અર્થનો નિર્ણય કેવી રીતે કરવો ?' **'पूर्वं तु-नोक्तं, अधुनापि-नोच्यते, इति न द्विरुक्तम् ।' અર્થ :** (૧) પૂર્વે **'तु'**થી કહેવાયું છે, હમણાં **'अपि'**થી કહેવાય છે તેથી **દ્વિરુક્તિ** નથી. પણ **'पूर्वं तु न उक्तं, अधुनापि न उक्तं, इति न द्विः उक्तम्।'** અર્થાત્ (૨) પૂર્વે પણ કહેવાયું નથી, હમણાં પણ કહેવાતું નથી, તેથી દ્વિરુક્તિ નથી, ફરીથી કહેવાયું નથી. અહીં આગળ-પાછળનો સંબંધ હોવા છતાં અક્ષરોનો અન્વય યોગ્ય રીતે નહિ થવાથી કુમારિલ ભટ્ટ જેવા મોટા વિદ્વાન પણ પ્રથમનો અપેક્ષિત અર્થ જાણી શક્યા નહિ, બીજો અનપેક્ષિત અર્થ જ તેમની નજર સામે આવ્યો અન્વયમાં એક અક્ષર આઘોપાછો થાય તેમાં ભલભલા સરસ્વતીપુત્રો પણ ગોથાં ખાઇ જતા હોય તો, જ્યાં આગળ-પાછળનો સંબંધ ન હોય અને વિચાર કરી, મગજ કસી અપેક્ષિત અર્થનો નિર્ણય કરવાનો હોય તેવી વાતમાં સામાન્ય માણસો ગોથાં ખાય તેમાં આશ્ચર્ય શું ?

ઉપરના શબ્દો અને વાક્યો દ્વિઅર્થી બને માટે હ્રસ્વ **'ઇ'** રદ ન કરાય. હ્રસ્વ **'ઇ'** રદ કરવા માટેનું આ કારણ નબળું ગણાય. પ્રબળ કારણ તો એ છે કે હ્રસ્વ **'ઇ'** રદ કરવાથી અનેક તત્સમ શબ્દોનું મૂળ અસ્પષ્ટ બને તથા આવું તદ્ભવીકરણ અકુદરતી બને અને એ ભાષાની સ્વાભાવિક પ્રક્રિયા નથી. વળી, અન્ય ભાષામાંથી આવેલા આવા શબ્દોનો તે ભાષા સાથેનો સંબંધ તૂટી જાય.

'ઇ-ઈ, ઉ-ઊ'ના ભેદ મિટાવવામાં આવે તો **'શિક્ષ્-ભિક્ષ્'** વગેરે ધાતુઓને પણ **'શીક્ષ્-ભીક્ષ્'**માં ફેરવીને અશુદ્ધિ ઊભી કરવી પડે, તેથી અશાસ્ત્રીયતા આવે.

વળી **સમાસ, સંધિ, પિંગળ, પૂર્વગ, ઉપસર્ગ** વગેરે સ્થાનોમાં ચિરકાળથી નિશ્ચિતરૂપે રહેલા **હ્રસ્વ-દીર્ઘ** કે **લઘુ-ગુરુ**ના ભેદના બોધનો અભાવ થવાથી તેમાં પણ અશાસ્ત્રીયતા આવે. લઘુગુરુની સ્પષ્ટતાના અભાવે છંદસ્વરૂપ કાવ્યોનાં ઉચ્ચારણમાં આમજનતા અવશ્ય ગોટાળા કરશે. વળી છંદની રચના પણ દુષ્કર બનશે. લઘુના અભાવમાં ગુરુનો અને ગુરુના અભાવમાં લઘુનો ઉપયોગ થાય અને છતાંય નવા નિયમને સાચો માનવામાં આવે તો પૂર્વના છંદો એ નિયમથી સંગત નહિ થાય. નિયમ અને છંદ સંગત થવા જોઈએ. છંદને સાચો માનવામાં આવશે તો નિયમ ખોટો ઠરશે. નિયમ સાચો મનાશે તો છંદ ખોટો ઠરશે.

'ઇક' પ્રત્યયવાળા **'સામાહિક, પાક્ષિક, માસિક, વાર્ષિક'** વગેરે અનેક શબ્દોમાં **'ઇક'** અંગેની મૂળ શાસ્ત્રીયતા ખતમ કરીને જ અટકવું પડે.

વળી, **શિક્ષિત, રક્ષિત, કુક્ષિ, અક્ષિ તથા કીર્તિ, કાન્તિ, શાન્તિ, ધૃતિ, મતિ, બુદ્ધિ** વગેરે કેટલાય શબ્દોને, વ્યાકરણના નિયમોનો અને વૈયાકરણોનો અનાદર કરીને **'શીક્ષીત, રક્ષીત, કુક્ષી, અક્ષી'** આમ દીર્ઘ ઈકારવાળા બનાવવા પડે.

'કાંતિ' (તેજ) અને **'કાંતી'** (કાંત્યું) જેવા અનેક શબ્દોમાં પણ ઓછી સમજ આદિના કારણે અપેક્ષિત અર્થ ન પકડી શકાય ત્યારે અર્થની બાબતમાં હાસ્યાસ્પદ ગોટાળા સરજાય.

'કુકરેકૂક' (વાસ્તવમાં **'ઉ ઊ ઊ૩'**) **'કુકરેકુક'**માં ફેરવાય તેથી તેનું યથાર્થ ઉચ્ચારણ પણ થાય નહિ અને તેના દ્વારા જે **હ્રસ્વ-દીર્ઘ-પ્લુત** માત્રાઓ સમજાવાય છે તે સમજાવવા ખાતર પણ સમજાવી શકાય નહિ.

'ઇ-ઈ, ઉ-ઊ'ના ભેદ મિટાવવાથી વ્યાકરણમાં કેટલાય ફેરફાર આવી પડે. તેથી ગુજરાતી વ્યાકરણની રચના જ નવેસરથી કરવી પડે અને શબ્દકોશો પણ ફેરવવા પડે. વળી આ બધું નવેસરથી છપાવવું પણ પડે. જૂનું છાપેલું બધું નકામું થાય. વિદ્યાર્થીઓને નવું વ્યાકરણ ભણાવવા માટે પ્રથમ તો શિક્ષકોને જ નવું વ્યાકરણ ભણવા બેસવું પડે. જૂની-નવી પેઢી વચ્ચે પણ મોટો વિસંવાદ ઊભો થઈ જાય.

માત્ર સરળતાની ધૂન ચાલે નહિ. બુદ્ધિને ધારદાર બનાવીને અનેક પાસાંઓ દ્વારા પરિવર્તનનાં પરિણામોનો ગંભીરતાથી ગહન રીતે વિચાર કરવો ઘટે.

ખરેખર સરળતા તો 'ઇ-ઈ, ઉ-ઊ'ના ભેદમાં જ છે. ક્લિષ્ટતા તો હ્રસ્વ-દીર્ઘના ભેદના અભાવે ઊભી થાય છે. અપેક્ષિત અર્થનો નિર્ણય કરવા માટે બાળકને વિચાર કરવા થોભવું પડે છે. તેથી તેના માનસ પર વૈચારિક ભારણ વધે છે ને સરળતા બાજુ પર રહી જાય છે. ભાષા જૂની-નવી પેઢી વચ્ચે સમજણના ઐક્ય માટે છે, પણ તેમની વચ્ચે વિસંવાદ માટે નથી. પ્રાચીન બોધકથાઓ અને તેના સારને સમજવામાં ભાષાભેદ બાધક બને.

ગુજરાતની શાંત પ્રજાના હૃદયમાં ખળભળાટ મચે, સંઘર્ષ અને ક્લેશ થાય, શાંત વાતાવરણ ડહોળાય, વાદવિવાદ થાય અને તેમાં અનેક વિદ્વાનોનો કીમતી સમય વેડફાય ઉપરાંત શક્તિ અને નાણા આદિનો પણ દુર્વ્યય થાય એવો આપણો મતાગ્રહ શા માટે ?

હ્રસ્વ - દીર્ઘના અર્થભેદનો ચમત્કાર !

नद्यश्च नार्यश्च समस्वभावाः, स्वतन्त्रभावे गमनादिके च ।
तोयैश्च दोषैश्च निपातयन्ति, नद्यो हि कूलानि कुलानि नार्यः ॥

ભાવાર્થ : નદીઓ અને નારીઓ સરખા સ્વભાવની છે. સ્વતંત્રભાવમાં તથા ગમનાદિમાં નદીઓ જળ વડે અને નારીઓ દોષો વડે **'કૂલો'**(કિનારા)ને અને **'કુલો'**(કુટુંબો)ને તોડી પાડે છે !

લિપિના સુસ્થિર પાયાને હચમચાવી નાખવાના ઘાતક પ્રયત્નો

એક દલીલ એવી કરવામાં આવે છે કે લિપિમાંથી **'ઇ-ઊ'**ને રદ કરી માત્ર ઈ - ઉ' રાખવાથી **'મારા પીતા ચા પીતા નથી'** જેવાં વાક્યોમાં **'પિતા-પીતા'**નો અર્થ સંદર્ભમાત્રથી સમજી લેવામાં જરાય વાંધો આવતો નથી.

લિપિપરિવર્તકોની આ વાતના સમર્થનમાં જ આગળ વધીને એમ કહી શકાય કે જો આશય બોજો હળવો કરવાનો અને સરલીકરણનો જ હોય અને બધું સંદર્ભમાત્રથી જ સમજી લેવાનું હોય તો લિપિમાંથી માત્ર 'ઇ - ઊ'ને જ શા માટે ? સાથે **'ળ'**ને પણ રદ કરવો. **'ળ'**ને રદ કરી તેના સ્થાને **'લ'** મૂકી દેવામાં આવશે તો **'આળ-આલ, કાળ-કાલ, ગાળ-ગાલ, ચાળ-ચાલ, ટાળ-ટાલ, ઢાળ-ઢાલ, પાળ-પાલ, ફાળ-ફાલ, બાળ-બાલ, ભાળ-ભાલ, માળ-માલ, વાળ - વાલ, શાળ - શાલ, હળ-હલ, પોળ-પોલ, બોળ-બોલ, સાળો-સાલો'** જેવા અનેક શબ્દોનો ભેદ પણ સંદર્ભમાત્રથી સમજી શકાશે.

વળી લિંગભેદ, વચનભેદ આદિ પણ અર્થભેદ જાણવામાં સહાયક બનશે દા.ત., **'આવતી કાલ ઘણી ખરાબ છે', 'આવતો કાલ ઘણો ખરાબ છે.' 'ઢાલ ઘણી છે, ઢાલ ઘણો છે.' 'ગાલ દીધી ને ગાલે તમાચો પડ્યો.' 'બાલ કાગલ બાલે છે.' 'આ પોલના લોકો પાસે પોલ ચાલશે નહિ.' 'તે બોલ બોલ કરતો જાય છે ને પાણીમાં કપડાં બોલતો જાય છે.' 'તે તેના ભાલે તિલક ભાલે છે.' 'હલથી ખેતર ખેડ્યું ને તેનો પ્રશ્ન હલ થઈ ગયો.' 'તલાવની પાલે સંઘના પાલ (તંબૂ) ઘણા છે.' 'સાત માલના મકાનમાં પહેલા માલે માલ ભર્યો છે.'** કહો આમાં 'ળ'ના અભાવે અર્થભેદ સમજવામાં ક્યાં વાંધો આવે છે ? **'सैन्धवम् आनय'**ની જેમ અર્થ બરાબર પકડાય જ છે ને ?

હ્રસ્વ 'ઈ'ના 'િ' આ ચિહ્નને લિપિનિકાલ કરવાનું એક કારણ એ બતાવાય છે કે એનું સ્થાન વર્ણની પૂર્વે છે અને એ લખવા માટે હાથને ઉપાડીને પાછળ લઈ જવો પડે છે, તેથી હાથને કષ્ટ પડે છે. દીર્ઘ 'ઈ'નું 'ી' આ એક જ ચિહ્ન રાખવાથી હાથના કષ્ટનું નિવારણ થાય છે. એમ કરવાથી અનેક શબ્દો દ્વિઅર્થી બનશે તોપણ અપેક્ષિત અર્થ સંદર્ભમાત્રથી જાણી શકાશે. સંદર્ભ જાણવા માટે મગજને ભલે કષ્ટ પડે, કસવું પડે. જમાનો હાથપગના શ્રમને ઘટાડવાનો અને મગજના શ્રમને વધારવાનો અર્થાત્ મગજને કસવાનો છે. વળી નવીનીકરણના આ જમાનામાં બુદ્ધિને સતેજ બનાવવા મગજને કસવું જરૂરી પણ છે.

પૂર્વે માણસોનાં નામ સ્થિર હતાં. નવાં જન્મેલાં પુત્ર-પુત્રીનાં નામ પાડવા માટે જ્ઞાતિવાર અમુક ચોક્કસ નામોમાંથી જ કોઈ એક નામની પસંદગી કરવાની રહેતી. નવાંનવાં નામ શોધવા મગજને કસવું પડતું નહોતું. પણ વીસમી સદીમાં નવાંનવાં નામ પાડવાની શરૂઆત થઈ. તેથી ઘણા લાંબા કાળના સ્થિર નામો વિચલિત થયાં. **'ઈશ'** અને **'ઇન્દ્ર'** શબ્દો લગાડીને **'રમેશ, મહેશ; દેવેન્દ્ર, મહેન્દ્ર'** વગેરે નામો શરૂ થયાં. પરંતુ નવીનીકરણના જમાનામાં થોડા જ વખતમાં એ નવાં નામ પણ જૂનાં ને અણગમતાં થયાં. લોકોમાં નવાંનવાં નામ પાડવાની ધૂન એવી ઊપડી કે સૌને, પૂર્વે કોઈએ ન પાડ્યું હોય એવું જ નામ જોઈએ. એથી નવાંનવાં નામ પાડવાનું એ ચક્કર એવું ચાલુ થયું કે એ હંમેશાં ફરતું જ રહે, સ્થિરતા પામી શકે જ નહિ. નવાંનવાં નામ શોધવા માટે લોકોને હંમેશાં મગજ કસતા જ રહેવું પડે.

સર્વત્ર ફેલાયેલી નવીનીકરણની એ હવા, મહામેધાવી ઋષિ-મુનિઓએ રચેલી આપણી વૈજ્ઞાનિક લિપિને પણ સ્પર્શી ગઈ. **સરળતા આદિના ઓઠા નીચે લિપિના સુદૃઢ-સુસ્થિર પાયાને, પોતાનો કક્કો ખરો કરવા માટે હચમચાવી નાખવાના પ્રયત્નો શરૂ થયા. કેટલાક ટેકેદારો મળી જવાથી ઉત્સાહના અતિરેકમાં જોર પકડવા લાગ્યા.** જો એ પ્રયત્નો અંશે પણ સફળ થાય તો ખાનપાન, પહેરવેશ, શિક્ષણ તથા માણસોનાં નામ આદિની જેમ લિપિપરિવર્તનની પણ અવિચલ પરંપરા ચાલુ થશે. બધાં પરિવર્તનો ટૂંકજીવી રહેશે. કોઈ પણ પરિવર્તન દૃઢમૂલ ને સુસ્થિર બની શકશે નહિ. એક પછી બીજા ને બીજા પછી ત્રીજા પરિવર્તન માટે ભાવિપેઢીને મગજ કસતા જ રહેવું પડશે. વળી અનેક અર્થોમાંથી એક ચોક્કસ અર્થનો નિર્ણય કરવાની બાબત પણ મગજનું દહીં કરવાની તાલીમ આપનારી હોવાથી **ભાવિકાળના પરિવર્તકો ઉપર આદ્ય લિપિપરિવર્તકોનો અકથ્ય-અવર્ણનીય ઉપકાર થશે એ નિઃશંક છે.**

❋

અહો ! અંધેરી નગરી ગંડુ રાજા, જ્યાં દીકરાના વાંકે દંડાય માતા !

ટ્રાફિકના નિયમોની જાણકારી હોવા છતાં અને તેના પાલનની પૂરી ઇચ્છા હોવા છતાંય, ઘણા માણસોથી પરિસ્થિતિ, ઉતાવળ આદિના કારણે વારંવાર ચૂક કરી બેસાય છે. આથી અનેક શહેરોમાં રોજ ઘણા માણસો દંડાય છે. આપણને એમની દયા આવે છે ને એમના પ્રત્યે કરુણા પણ જન્મે છે ને એમને દંડાતા બચાવવાનું મન થાય છે, તો આપણે શું કરવું ? લોકોના વાંકે ટ્રાફિકના નિયમોને જ જવાબદાર ગણવા ? ને એ નિયમો સમૂળા રદ કરાવવા નિયમનસત્તાની સામે મેદાને પડવું કે લોકોને ટ્રાફિક-નિયમોનું પાલન કરવાની સારામાં સારી તાલીમ આપવી અને નિયમ-પાલનમાં ખૂબ સાવધાન અને આગ્રહી બનાવવા કે જેથી તેઓ અકસ્માત અને દંડથી બચી જાય. બેમાંથી કયો માર્ગ અપનાવવો ઉચિત ગણાય ? અભણને પૂછવામાં આવે તોય જવાબ એક જ મળે : **'ટ્રાફિકનિયમના પાલનની તાલીમ.'** એવી જ રીતે **'ઇ-ઈ-ઉ-ઊ'** અંગેના વ્યાકરણના નિયમોનું પાલન કરીને લખવામાં ઘણાની ચૂક થતી હોય, પરીક્ષાના ઉત્તરપત્રો લખવામાં આ અંગેની ચૂકને કારણે વિદ્યાર્થીઓના ગુણ (માર્ક) કપાતા હોય ત્યારે **'ખટમલના વાંકે માર ખાય ખાટલો' એ ઉક્તિ અનુસાર 'આપણી ચૂકના વાંકે વ્યાકરણના નિયમોને જ જવાબદાર ગણીને વ્યાકરણમાંથી એમનું અસ્તિત્વ મિટાવી દેવા વ્યાકરણશાસ્ત્રીઓ સામે મેદાને પડવું કે લોકોની અને**

વિદ્યાર્થીઓની ચૂક ન થાય તે માટે શિક્ષણ અર્થાત્ તાલીમ સુધારવા પ્રયત્નો કરવા ?' આવે વખતે પણ બેમાંથી ક્યો માર્ગ અપનાવવો ઉચિત ગણાય ? અલ્પબુદ્ધિમાનને પૂછવામાં આવે તો પણ જવાબ એક જ મળે : **'તાલીમ સુધારવાનો જ પ્રયત્ન કરવો.'**

એક એવી દલીલ કરવામાં આવી રહી છે કે પૂર્વે ભણનારા-લખનારા ઘણા ઓછા હતા, તેથી હ્રસ્વ-દીર્ઘ લખવાની બાબતમાં તકલીફ ઘણા ઓછા લોકોને હતી. વર્તમાનમાં ભણનારા-લખનારા વધ્યા હોવાથી હ્રસ્વ-દીર્ઘ લખવાની તકલીફ ઘણા લોકોને પડવા માંડી છે, માટે હ્રસ્વ-દીર્ઘના ભેદ મિટાવવા જોઈએ.

એમની આ દલીલ માની લઈએ તોપણ પૂછવાનું મન થાય છે કે આમાં કોના વાંકે કોને દંડવાની વાત કરાય છે ? આ દલીલ તો દીકરાઓના વાંકે પૂજનીય માતાના નાક-કાન છેદી નાખવા જેવી છે.

કાંડાની, ઘરની, દુકાનની અને ટાવરની ઘડિયાળમાં સમય જોનારો વર્ગ ઉત્તરોત્તર વધતો જાય છે. માટે સમયની બાબતમાં પણ ઉત્તરોત્તર ચોકસાઈ આદિ વધારતા જવું પડે. ટાવરની ઘડિયાળ અનિયમિત હોય તો ઘણા માણસો ભુલાવામાં પડે. ઘણા માણસો ભુલાવામાં ન પડે માટે ટાવરની ઘડિયાળને તો એકદમ સાચો સમય બતાવનારી રાખવાની ફરજ થઈ પડે.

એમ શિક્ષણ લેનારો (ભણનારો) વર્ગ જેમજેમ વધતો જાય તેમતેમ સાચું (શુદ્ધ) શિક્ષણ આપવાની શિક્ષણક્ષેત્ર, શિક્ષણસંસ્થાઓ અને શિક્ષકો, આ તમામની જવાબદારી વધતી જાય. ભણવામાં કોઈ બાબત અઘરી પડતી હોય તો એ ભણાવવા માટેનો સરળ માર્ગ શોધાય પણ જ્ઞાનના ભોગે ભણનારાઓની સગવડ સાચવવાનો વિચાર ન કરાય.

વર્ગ જેમજેમ વધતો જાય તેમતેમ ચોકસાઈ, સચ્ચાઈ, શુદ્ધિ અને સાવધાની વધારવી એ માર્ગ છે, પણ વર્ગ વધવા સાથે ચોકસાઈ, સચ્ચાઈ, શુદ્ધિ અને સાવધાની ઘટાડવી એ માર્ગ નથી. એ તો અવમાર્ગ છે, એથી તો શિક્ષણ ખાડે જવાની અને લોકો ઉપર મહા અપકાર થવાની પૂરી શક્યતા છે.

વ્યવહારમાં આવી અનેક બાબતો છે કે જેમાં પ્રજાની અગવડ-સગવડની વિચારણાને ઓછો અવકાશ અપાય છે, જ્યારે કાયદા બંધારણને વધુ મહત્ત્વ અપાય છે. એથી સરવાળે પ્રજાની જ સગવડ વધતી જાય છે. કાયદાને ગૌણ બનાવાય તો દેખીતી રીતે અગવડ દૂર થઈ એમ લાગે છે, પણ સરવાળે અગવડ જ વધતી હોય છે. આ જ નિયમ લિપિની બાબતમાં પણ લાગુ પડે છે.

ભણતરનો ભાર

એક બાજુ સંદર્ભમાત્રથી અર્થભેદ જાણી શકાય છે માટે લિપિમાં એક જ 'ઈ-ઉ' બસ છે, 'ઇ-ઊ'ની જરૂર નથી. હ્રસ્વ-દીર્ઘ બંને 'ઇ-ઈ, ઉ-ઊ' રાખવાથી બાળકોને માથે નાહક ભણતરનો ભાર વધે છે એવી દલીલ કરીને લિપિમાંથી 'ઇ-ઊ'ના નિકાલની વાત કરાય છે. તદુપરાંત બીજા કેટલાક વર્ણો ઉપર **'નકામા-ભારભૂત'**નું દોષારોપણ કરીને એમને પણ લિપિમાંથી કાઢી મૂકવાની વાત કરાય છે. વળી જોડાક્ષરોની પણ બાદબાકી કરીને ભણતરનો ભાર હળવો કરવાની વાત જોરશોરથી કરાય છે અને બીજી બાજુ **'वदतो व्याघात'**ની જેમ વિવૃત **'ઍ-ઑ'** જે લિપિમાં મૂળથી નથી, જેના અભાવે વ્યવહારમાં ક્યાંય અનર્થો સરજાતા નથી, ગ્રામપ્રજા પણ **ગોળ** (ખાદ્ય), **ગોળ** (આકાર) જેવા અનેક શબ્દોનો અર્થભેદ સંદર્ભથી જાણી લે છે, એમાં ક્લિષ્ટતાનો કોઈને અનુભવ નથી, છતાંય એને લિપિમાં દાખલ કરવાની વાત એ જ વિદ્વાનો તરફથી કરાય છે અને તે વખતે લિપિના રચયિતા ખુદ ઋષિ-મુનિઓએજ જરૂરી માનીને જેને લિપિમાં સામેલ કરેલા છે અને લિપિમાં જેના અસ્તિત્વનો આજ પહેલાંના કોઈ સાક્ષરોએ વિરોધ કર્યો નથી, જે દીર્ઘકાલીન છે એવા **'ઇ-ઊ'**ને પણ લિપિમાંથી મનસ્વીપણે રદ કરવાની વાત કરતી વખતે પોતાની વાતના સમર્થનમાં જે સંદર્ભમાત્રથી અર્થભેદ જાણવાની અને ભણતરના ભારને હળવો કરવાની દલીલો કરાય છે, એ જ દલીલો લિપિમાં **'ઍ-ઑ'**ના પ્રવેશની બાબતમાં બરાબર લાગુ પડતી હોવા છતાં એને અહીં સિફતપૂર્વક ભૂલી જવામાં આવે છે, *એના ઉપરથી જ સમજી શકાય છે કે એમની એ દલીલો* કેટલી અવિશ્વસનીય છે. **એક બાજુ ભણતરનો ભાર ઘટાડવાની ને બીજી બાજુ ભણતરનો ભાર વધારવાની બેદૂદી વાત શા માટે કરાય છે ? એની પાછળ હૃદયગત આશય સરળતાનો છે કે બીજો કોઈ છે તે સમજી શકાતું નથી.**

ઉપરની વાત લિપિમાંથી 'ઇ-ઊ' આદિને રદ કરવાના વિરોધમાં જણાવાઈ છે, પણ **'ઍ-ઑ'**ના પ્રવેશના વિરોધમાં નથી. **વિરોધ લિપિમાં વર્ણકાપ સામે જ છે.**



શું બાળકોનો રાજીપો એ જ શિક્ષણનું લક્ષ્ય છે ?

લિપિમાંથી 'ઇ-ઊ' રદ કરવાનું એક કારણ એવું અપાય છે કે 'ઇ-ઈ, ઉ-ઊ'ના ભેદમાં બાળકો કાંઈ સમજી શકતાં નથી. તેથી પરીક્ષાના ઉત્તરપત્રો (પેપરો) લખવામાં તેમની ઘણી ભૂલો થાય છે. મોટા ભાગનાં બાળકો સાચી જોડણી કરી શકતાં નથી, તે કારણે તેમના ગુણ (માર્ક) કપાય છે. તેથી બાળકો ખૂબ નારાજ થાય છે. તેઓ રાજી રહે તે માટે પણ લિપિમાંથી 'ઇ-ઊ' રદ કરવા જોઈએ. **અહો ઉપકારભાવના !**

સુધારાવાદી સાક્ષરોનું એકમાત્ર લક્ષ્ય બાળકોને રાજી રાખવાનું હોય અને એ રીતે જ તેઓ બાળકોના ઉપકારી બનવા માગતા હોય તો એમણે બીજી બધી ઝંઝટો છોડી દઈને ગુજરાતની તમામ શાળાઓને રમતગમતના મેદાનમાં ફેરવી નાખવા માટે જ કટિબદ્ધ બનવું જોઈએ અને બાળકોને ભણાવવાને બદલે રમાડવાનું જ રાખવું જોઈએ ! પછી જુઓ કે બાળકો કેવાં રાજી થાય છે ! 'ઇ-ઊ' રદ કરવા માત્રથી તો તેઓ પરીક્ષાના બહુ થોડા દિવસો પૂરતા રાજી થશે. પણ તમામ શાળાઓ રમતગમતના મેદાનમાં ફેરવાઈ જવાથી તો રમતગમતનાં રસિયાં બાળકો એટલાં બધાં રાજી થશે કે બારેય માસ માત્ર હસતાં ને કિલ્લોલ કરતાં જ જોવા મળશે. એથી એમના ઉપર આજ સુધીમાં કદી કોઈએ પણ ન કર્યો હોય એવો અપ્રતિમ અને મહાનમાં મહાન ઉપકાર થશે ! અને બાળકોને રાજી કરવાનું લક્ષ્ય પણ સોએ સો ટકા સિદ્ધ થશે.

✲

લિપિ-જોડણી ફેરફાર ઝુંબેશ : અબુધ બાળકોના નામે !

અહો ! આ કેવી હાસ્યાસ્પદ વાત છે કે જે બાળકોને લિપિ-જોડણીનું શિક્ષણ આપવાનું છે, એમના જ નામે લિપિ-જોડણી સુધારવાની વાતો જાહેરમાં મૂકતાં જરાય સંકોચ અનુભવાતો નથી !

બાળકો તો શિક્ષણનું પાત્ર છે. શિક્ષણનું અર્થાત્ સમજણ આપવાનું પાત્ર એવાં બાળકોના નામે લિપિ-જોડણીમાં ફેરફાર કરવાની તરફેણ કરવી અને એની વકીલાત કરવી એ અવાસ્તવિક છે.

આપણી વાત અબુધ બાળકોના નામે રજૂ કરવી યોગ્ય ગણાય કે તદ્વિદ વિદ્વાનો અને વૈયાકરણીઓના નામે રજૂ કરવી યોગ્ય ગણાય ?

બાળકોના નામે લિપિ-જોડણી ફેરફારની ઝુંબેશ ચલાવવી તે વસ્તુતઃ શિક્ષકોની પોતાની લિપિજ્ઞાનમર્યાદાને કે ઉચ્ચારણક્ષમતાની મર્યાદાને છુપાવવા માટેની ચાલબાજી તો નથી ને ?

શિક્ષણ જેવી બાબતમાંય અબુધ બાળકોની બધી જ વાત માની લેવાની હોય કે જ્યાં એમનું અજ્ઞાન જણાય ત્યાં એ દૂર કરવાનું હોય ?

શિક્ષણ સિવાયનાં અન્ય ક્ષેત્રોમાં પણ શું અબુધ બાળકોની વાતો માની લેવા યોગ્ય હોય છે ખરી ?

બાલવયમાં સતેજ ગ્રહણશક્તિ અને નવું શીખવાનો અદમ્ય ઉત્સાહ !

ધંધાર્થે ગુજરાતમાંથી મહારાષ્ટ્રમાં જઈને વસેલા કુટુંબના મોટી ઉંમરના માણસોને મરાઠી ભાષા શીખતાં ઘણો સમય લાગ્યો; જ્યારે બાળકોએ તો મરાઠી ભાષા બોલવા-લખવા-વાંચવામાં ટૂંક સમયમાં જ કુશળતા મેળવી લીધી !

કોઈ પણ ભાષા બાલવયમાં જ સહેલાઈથી અને ઝડપથી શીખી શકાય છે. એવી જ રીતે સાઇકલ ચલાવતાં પણ બાલવયમાં જેટલી સહેલાઈથી અને ઝડપથી શીખી શકાય છે, એટલી સહેલાઈથી અને ઝડપથી મોટી ઉંમરે શીખી શકાતું નથી.

કુદરતી રીતે જ બાલવયમાં ગ્રહણશક્તિ સાથે સ્મરણશક્તિ પણ સતેજ હોય છે અને નવું નવું શીખવાનો અદમ્ય ઉત્સાહ હોય છે. તેથી અઘરું પણ બાલવયમાં તો સહેલું બની જતું હોય છે. જરૂર હોય છે જાતજાતનું નવું નવું અને ઝીણું ઝીણું જ્ઞાન મેળવવાની બાબતમાં તેમનો રસ કેળવાય, રોજરોજ ઉત્સાહ વધતો રહે અને એમનું મન સદા પ્રફુલ્લિત રહે એવાં આયોજનો અને સંનિષ્ઠ પ્રયત્નો કરવાની ! આ સીધી સાદી વાત તો બાળકોને માટે રમકડાં બનાવનારાઓ પણ સારી રીતે સમજતા હોય છે ! પણ આ વાત આપણા કેળવણીકારોને સમજાતી નથી !

સાચી દયા

બોલવાનું શીખતાં બાળકોને શરૂશરૂમાં બધાં ઉચ્ચારણો અઘરાં પડતાં હોય છે. કેટલાક વર્ણોના શુદ્ધ ઉચ્ચારણમાં તેમને ભારે મુશ્કેલી અનુભવાતી હોય છે, એથી એમનું બોલવું ઘણી ઘણી જગ્યાએ અસ્પષ્ટ બની જતું હોય છે. પણ બોલવાનો મહાવરો વધતાં અને ઉંમરમાં પણ વૃદ્ધિ થતાં જે પહેલાં અઘરું હતું એ સાવ સહેલું બની જતું જોવા મળે છે – એમની કાલી (અસ્પષ્ટ) બોલી પ્રત્યેક વર્ણના સુસ્પષ્ટ ઉચ્ચારણ તરફ આવી ગયેલી જોવા મળે છે.

શરૂઆતમાં સ્પષ્ટ ઉચ્ચારણો કરવામાં મુશ્કેલી અનુભવતાં પોતાનાં સંતાનોની સાચી દયા ખાઈને માતાપિતા ધીમેધીમે એમને સ્પષ્ટ ઉચ્ચારણો શીખવાના માર્ગે સફળતાપૂર્વક દોરી જાય છે, પણ એમની ખોટી દયા ખાઈને સ્પષ્ટ ઉચ્ચારણોને અસ્પષ્ટ જ રાખવા જગતની સામે ઝુંબેશ ચલાવતાં નથી. કેળવણીકારો પણ આ જ માર્ગ અપનાવે એ હિતાવહ છે.

શીખનારાની ભૂલ ના થતી હોય તો શિક્ષણ કે શિક્ષક સંભવે ખરા ?

હ્રસ્વ-દીર્ઘ લખવામાં બાળકોની ઘણી ભૂલો થાય છે માટે એ ભેદ મિટાવી દેવાની, 'જૂ'ના વાંકે કપડાનો ત્યાગ કરવા જેવી વાતો કરનારા શું એટલું પણ નહિ જાણતા હોય કે સંસાર સંબંધી કોઈ પણ કાર્યની સિદ્ધિ ભૂલો કર્યા વગર થઈ શકતી જ નથી. માણસ ભલે ગમે તેટલો હોશિયાર હોય, ભલે ગમે તેવી ચીવટવાળો હોય તોપણ બિલકુલ ભૂલ કર્યા વગર તો કદી કોઈ કાર્ય સાધી શકતો નથી. એટલા જ માટે તો **'માણસ માત્ર ભૂલને પાત્ર'** એવી કહેવત પડી છે. આધુનિક વિજ્ઞાનક્ષેત્રમાં કેટલીક શોધો તો ખરેખર ભૂલોને જ આભારી છે. અલબત્ત, ભૂલ એ ભૂલ છે, એનો બચાવ ન હોય, પણ એનો સુધાર કેમ થાય એ જ જોવાનું હોય. જગતમાં જેટલી સિદ્ધિઓ થયેલી છે એ દરેકની પાછળ કોઈ ને કોઈ ભૂલનો ઇતિહાસ અવશ્ય મળશે. તો ભૂલ કરવાની વાતમાંથી શિક્ષણક્ષેત્ર બાકાત રહી શકે ખરું ? ભલભલા વિદ્વાનોય જ્યાં ભૂલને પાત્ર હોય ત્યાં બિચારા બાળકની શી વાત ? જેમ વારંવાર પડ્યા વગર અને અનેકવાર હાથપગ છોલાયા વગર બાળકો ચાલતાં કે સાઇકલ ફેરવતાં શીખી શકતાં નથી તેમ ભૂલો કર્યા વગર ભાષા પણ શીખી શકતાં નથી. માટે તો શિક્ષણને **'શિક્ષણ'** કહેવાય છે. શિક્ષણ એ સિદ્ધિ નથી પણ સિદ્ધિ મેળવવાનો માર્ગ છે. **ભૂલ થવી સહજ છે. એ ભૂલના નિવારણ માટેની તાલીમ એનું જ નામ શિક્ષણ છે. જો માણસ માત્ર ભૂલને પાત્ર ન હોત, ભૂલો કોઈનીય થતી જ ન હોત અને કાર્યસિદ્ધિ ભૂલો કર્યા વગર જ થઈ જતી હોત તો આ જગતમાં શિક્ષણ-સંસ્થાઓ અને 'શિક્ષણ' જેવો કોઈ શબ્દ શોધ્યોય મળત નહિ અને શિક્ષણના અભાવે શિક્ષકો પણ શોધ્યા મળત નહિ ! ભૂલો ન થાય એને માટેની તાલીમ એનું જ નામ શિક્ષણ અને ભૂલોનું નિવારણ કરવાની ફરજ બજાવનાર વ્યક્તિ એનું જ નામ શિક્ષક ! સંસારની જ્યારે આવી સ્વાભાવિક સ્થિતિ હોય ત્યારે હ્રસ્વ-દીર્ઘ લખવામાં બાળકોની ભૂલો થાય છે માટે હ્રસ્વ-દીર્ઘના ભેદ મિટાવી દેવા જોઈએ** એ વાત તદ્દન અવાસ્તવિક છે.



એક જ ઈ-ઉ (દીર્ઘ ઈ, હ્રસ્વ ઉ) લિપિસુધાર કેટલો જરૂરી ?

૧. ભાષાશુદ્ધિ અભિયાન અંતર્ગત ડૉ. દયાશંકર જોષી વગેરે વિદ્વાનો ગુજરાતી લિપિમાં એક જ ઈ(દીર્ઘ) અને ઉ(હ્રસ્વ) રાખવાની હિમાયત અને તરફેણ કરી રહ્યા છે, ભાષાવિજ્ઞાનના નવા અભિગમ મુજબ 'ઇ-ઉ'નું હ્રસ્વત્વ-દીર્ઘત્વ-ઉચ્ચારણ હવે અર્થભેદક નથી રહ્યું તેથી લિપિના સરલીકરણની દૃષ્ટિએ એકલી દીર્ઘ 'ઈ' અને એકલા હ્રસ્વ 'ઉ'ને જ ચાલુ રાખવાનો સુધારો તેઓ સૂચવી રહ્યા છે. એથી **ચિર** (લાંબું) અને **ચીર** (એક વસ્ત્ર), **સુર** (દેવ) અને **સૂર** (અવાજ) એવા અર્થભેદ પડે એવા થોડાક જ શબ્દો વધશે, પણ એવે વખતે વાક્યમાં સંદર્ભથી અર્થ સમજી લેવા આપણે ટેવાયેલા છીએ જ એવી દલીલથી રદિયો આપી રહ્યા છે.

લિપિ એ ઉચ્ચારણનો પૂર્ણ અને વિજ્ઞાનશુદ્ધ સંકેત નથી; કોઈ પણ ભાષાની જોડણી સંપૂર્ણપણે ધ્વનિરૂપ હોતી નથી તો પછી હ્રસ્વના અલગ અને દીર્ઘના અલગ એવા લિપિસંકેત ચાલુ રાખી શા માટે જુદાજુદા અર્થ યાદ રાખવાનો બોજો વેઠીએ એ તેમની વિચારણા છે. ધારો કે બધી 'ઈ' દીર્ઘ કરવી અને બધા 'ઉ' હ્રસ્વ કરવા એમ નક્કી કરીએ તોપણ એ એક પ્રકારનો નિયમ જ થવાનો ને ? અને એવો નિયમ કર્યા પછી પણ દીર્ઘ 'ઈ' અને હ્રસ્વ 'ઉ' સિવાયના શબ્દોચ્ચારોને લિપિબદ્ધ કરવામાં પણ શુદ્ધિનો કોઈ ને કોઈ નિયમ તો જાળવવો પડશે ને ? **આમાં ઉચ્ચારણ અર્થભેદક નથી રહ્યું માટે લિપિસુધાર કરવા કહેવું એના કરતાં અર્થફેર વેળા ઉચ્ચારણ સુધારવા આગ્રહ સેવવાનું કહેવું એ વધુ યોગ્ય નથી શું ?** ભાષાવિજ્ઞાનનું એક નિરીક્ષણ એ રહ્યું છે કે માણસનાં પ્રથમ ઉચ્ચારણો ઉચ્ચારસ્થાનને કારણે ઘણાં અઘરાં હોય, પણ પછી ધીમેધીમે એમાં સહેલાપણાની પ્રક્રિયા આવે જ છે. વેદપાઠ થતા ત્યારે પણ ઉચ્ચારભેદથી અર્થભેદ થવા માંડતા શુદ્ધોચ્ચારના આગ્રહીઓએ લિપિસુધાર નહિ પણ ઉચ્ચારભેદનું જ શાસ્ત્ર રચી કાઢ્યું હતું. ડૉ. ભારતી મોદીએ સૂચવ્યું છે તેમ લિપિસુધારના આ ફેરફાર વિષયે ઉતાવળ કરવા જેવી નથી. ગુજરાતી, મરાઠી, હિંદી એમ ત્રણેય ભાષાઓ નાગરીમાંથી જ ઉદ્ભવેલ લિપિ વાપરતી હોવાથી અને ત્રણેય ભાષામાં હ્રસ્વ-દીર્ઘનો પ્રશ્ન સમાંતર હોવાથી, બધી ભાષાના વિદ્વાનો સાથે મળીને ચર્ચાવિચારણા કરે પછી જ આ **'અ-સંસ્કૃતપણાની પહેલ'** કરવા જેવી છે. મહારાષ્ટ્રમાં શબ્દના છેડેની 'ઈ' દીર્ઘ અને છેડેના **'ઊ'** પણ દીર્ઘ કરવાનો સુધારો કરવામાં આવ્યો છે એનો દાખલો આપવામાં આવે છે, પણ ત્યાંય છેડેના **'ઈ-ઊ'** જ દીર્ઘ રાખવાં પરંતુ સામાસિક શબ્દ જેવા સ્થળે પૂર્વપદમાં આવતા

એ જ શબ્દમાં મૂળ 'ઇ-ઉ' હ્રસ્વ ચાલુ રાખવાં એવું તો ઠરાવવામાં આવ્યું છે જ. મતલબ કે બંને 'ઇ' અને બંને 'ઉ' ચાલુ તો રખાયા છે જ; ઊલટું એકલા **'કવિ'**ને **'કવી'** અને **'ગુરુ'**ને **'ગુરૂ'** લખવું અને એ જ **'કવિ'** અને **'ગુરુ'** પૂર્વપદ તરીકે સમાસમાં હોય તો તત્સમની મૂળ જોડણી ચાલુ રાખવી દા.ત., **'કવિસભા'** અને **'ગુરુકૃપા'**. આમ બેવડી પદ્ધતિ અંગે ત્યાં ઊહાપોહ પણ થયો છે.

એક એવી દલીલ પણ થાય છે કે આપણે ત્યાં વર્ણમાળા અંગે શિક્ષણના વ્યાપ સાથે વધુ સંશોધન થયાં છે ત્યારે અને હવે સંસ્કૃત પહેલાં જેટલું ભણાતું નથી ત્યારે, 'ઇ-ઈ, ઉ-ઊ' લખવાની તકલીફ હળવી કરવી જોઈએ' હું આ પરિસ્થિતિ અને દલીલ સાથે સંમત થઈ શકતો નથી.

— પ્રા. રતિલાલ સાં. નાયક (અમદાવાદ)

❋

ભાષામાં સરળતા સાથે સ્પષ્ટતા પણ જરૂરી છે

૨. જેમ અન્ય ભાષા તેમ ગુજરાતી ભાષા પણ ધ્વનિશ્રેણીઓ રૂપે સાંભળી શકાય છે. આ ધ્વનિશ્રેણીઓની જે વ્યવસ્થા છે તે ધ્વનિઘટકોની બનેલી છે. દરેક ભાષામાં ધ્વનિઘટકો ચોક્કસ સંખ્યામાં હોય છે. ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ ગુજરાતી પાસે આઠ સ્વરો અને બત્રીસ વ્યંજનો ધ્વનિઘટકો તરીકેની કામગીરી કરે છે. આ આઠ સ્વરોમાંના 'ઇ-ઉ' આ બે સ્વરો અંગે કેટલોક વિવાદ સર્જાયો છે.

'ઇ' ચાર રીતે લખાય છે : 'ઇ' (હ્રસ્વ) અને 'ઈ' (દીર્ઘ) એમ બે અલગ વર્ણો તરીકે અને વ્યંજનોની સાથે (વ્યંજનની આગળ અને પાછળ) 'િ' અને 'ી' એવાં ચિહ્નો રૂપે. **'ઇનામ'**, **'ઈમાન'**, **'ચિત્ત'** અને **'ચીત'**માં 'ઇ' ચાર રીતે વપરાયેલ જોઈ શકાશે.

'ઉ' પણ ચાર રીતે લખાય છે : 'ઉ' (હ્રસ્વ) અને 'ઊ' દીર્ઘ એમ બે અલગ વર્ણો તરીકે અને વ્યંજનોની સાથે (વ્યંજનના છેડે) 'ુ' અને 'ૂ' એવાં ચિહ્નો રૂપે. **'ઉતારો'**, **'ઊતર'**, **'સુખ'** અને **'કૂખ'** એ ચાર શબ્દોમાં 'ઉ' ચાર રીતે વપરાયેલો જોઈ શકાશે.

ધ્વનિઓના ઉચ્ચારણના સમયને માપનાર યંત્રે બતાવ્યું છે કે આ 'ઇ-ઈ' હોય કે 'ઉ-ઊ' હોય પણ ઉચ્ચારણવેળા તો એ સરખા કાલમાનથી સંભળાય છે; એટલે કે એ વખતે એના હ્રસ્વ-દીર્ઘ એવા ભેદ જણાતા નથી.

ઉચ્ચારણકાળની તુલ્યતાનો આ દાખલો લઈને વર્ષોથી ચાલી આવતી આપણી લેખનવ્યવસ્થા બદલવાના પ્રયત્નો થઈ રહ્યા છે જે સારી એવી ચર્ચા માગે છે.

ભાષામાં સરળતાની સાથે સ્પષ્ટતા પણ જરૂરી છે. હ્રસ્વત્વ-દીર્ઘત્વને કારણે થતા અર્થભેદ માટે નીચેના શબ્દો જુઓ :

દિન = દિવસ, **દીન** = ગરીબ **સુર** = દેવ, **સૂર** = અવાજ
રવિ = સૂર્ય, **રવી** = શિયાળુ પાક **સુત** = પુત્ર, **સૂત** = સારથિ

શબ્દભંડોળ જેમ મોટું એમ ભાષા વધારે વિકસિત. આમ સ્પષ્ટતા, સરળતા, મોટું શબ્દભંડોળ વગેરે બાબતોનો વિચાર કરી આપણી વર્ણવ્યવસ્થા રચાઈ છે.

હવે આ વર્ણવ્યવસ્થાને **'સરળતા'**ના નામે બદલવા વારંવાર તુક્કા ઊઠવા લાગ્યા છે.

– પ્રા. રતિલાલ સાં. નાયક (અમદાવાદ)

❋

એક અગત્યનો ખુલાસો

૩. મેં ઘણાં વરસ પહેલાં ગુજરાતી સ્વરોના અને ધ્વનિઓના પ્રચલિત ઉચ્ચારણના ઇતિહાસના સંદર્ભમાં ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ જે કહેલું, તેમાં અંતે આનુષંગિક રીતે ઇકાર-ઉકારને લેખનમાં હ્રસ્વ-દીર્ઘ બે રૂપે લખવાનું ઇષ્ટ નથી એમ કહ્યું હતું. તે વખતે સમગ્રપણે મેં પ્રચલિત ગુજરાતી ઉચ્ચારણ અને લેખન-જોડણીના પ્રશ્નની બધી બાજુનો વિચાર કરીને વિધાન કર્યું ન હતું અને આટલાં વરસો પછી મારા વિચાર પણ બદલાયા હોય એ સ્વાભાવિક છે.

– ડૉ. હરિવલ્લભ ભાયાણી (અમદાવાદ)

❋

શિક્ષણના મૂળભૂત ઉદ્દેશો

૪. **સંસારભરની લિપિઓમાં દેવનાગરી લિપિ સૌથી વધુ વૈજ્ઞાનિક છે.** એમાંથી થોડા ફેરફાર સાથે ઊતરી આવેલી ઉત્તર ભારતીય લિપિઓ પણ તેટલે અંશે વૈજ્ઞાનિક છે. એમાં પ્રાચીનકાળથી તે આજ પર્યંત સમૃદ્ધ સાહિત્ય રચાયું છે, તેથી લિપિ બદલતાં એ બધું બદલવાથી આર્થિક, માનસિક અને વ્યાવહારિક તકલીફો પેદા થાય.

આર્યાવર્તી ભાષામાંથી ઊતરી આવેલી વર્તમાન ભાષાઓ જેવી કે ગુજરાતી, હિંદી, મરાઠી, બંગાળી વગેરે એક જ માતાની દીકરીઓ હોવાથી કાકાસાહેબ કાલેલકરે આ ભાષાઓ માટે **'ભગિની ભાષાઓ'** શબ્દો પ્રયોજ્યા છે.

આર્યાવર્તી ભાષાઓમાં હ્રસ્વ-દીર્ઘના તફાવતથી શબ્દોના અર્થો બદલાતા રહે છે અને શબ્દકોશ સમૃદ્ધ બને છે. **સમૃદ્ધિથી વંચિત થવાનો વિચાર જ ઘાતક છે.** ફાધર વાલેસ જેવી બિનગુજરાતી વ્યક્તિએ પણ ગુજરાતી ભાષાની જોડણીમાં આજે પ્રવર્તતી અરાજકતા અંગે ચિંતા વ્યક્ત કરી છે, ત્યારે **ગુજરાતના કેટલાક વિદ્વાનો સરળતાના નામે હ્રસ્વ-દીર્ઘના ભેદ દૂર કરીને અરાજકતા પોષવાની વાતો કરે છે તે કમનસીબ બાબત છે.**

ગુજરાતી ભાષાને સરળ બનાવવા માટે 'કિ-કી, કુ-કૂ'ના ભેદ અર્થાત્ હ્રસ્વ-દીર્ઘ 'ઇ-ઈ, ઉ-ઊ'ના ભેદ કાઢી નાખવાનું શ્રી જોશી સાહેબ સૂચવે છે, જેની સાથે શ્રી નરોત્તમ પલાણ સંમત થતા નથી તે બિલકુલ ઉચિત છે. **'સરળતાથી કઠિનતા તરફ' એ શિક્ષણનું સૂત્ર છે. કશુંક પ્રાપ્ત કરવું હોય તો પરિશ્રમ કરવો જ પડે. વળી જેમ લક્ષ્ય ઊંચું તેમ પરિશ્રમ વિકટ.**

શિક્ષણના ઉદ્દેશો છે : સરળતાથી કઠિનતા તરફ જવું, સ્થૂલમાંથી સૂક્ષ્મ તરફ જવું, મૂર્તમાંથી અમૂર્ત તરફ જવું, જ્ઞાતમાંથી અજ્ઞાત તરફ જવું વગેરે. ટૂંકમાં, આ બધા ઉદ્દેશો સિદ્ધ કરવા માટે પરિશ્રમ કરવો જ પડે. એટલે જો પરિશ્રમ કરવાની તૈયારી ન જ હોય તો ભણવાનું જ માંડી વાળવું જોઈએ. માથે કશો બોજ જ નહિ. પરિશ્રમ કે બોજ ઘટાડવાની વાત જ શિક્ષણના મૂળભૂત ઉદ્દેશોની વિરુદ્ધ છે.

કેવળ બોજ ઓછો કરવા માટે સરલીકરણ કરવું તે સરસ્વતી સાથે દ્રોહ કર્યો ગણાશે. **એમ તો આપણે ભણવાનું જ માંડી વાળીએ તો કેટલી બધી સરળતા થઈ જાય ?**

જ્યાં ક્લિષ્ટતાથી કોઈ ફાયદો ન હોય, ઊલટું તેથી અવૈજ્ઞાનિકતા પેદા થતી હોય ત્યાં જ સરળતાનો વિચાર કરવો જોઈએ. **સરલીકરણનો વિચાર જ્ઞાનના ભોગે તો ન જ કરવો જોઈએ.**

હું તો શુદ્ધ લિપિ-ઉચ્ચાર ભણ્યો; કશી કઠિનાઈ લાગી નહિ. ઊલટું મને તો અશુદ્ધ લખવું અઘરું લાગે છે.

ભૌતિક પદાર્થો વાપરવાથી ક્ષીણ થાય છે, પણ મગજ એક એવી ચીજ છે કે જે વાપરવાથી વિકસે છે. આટલી સાદી વાત પણ આજે આપણા કેળવણીકારો સમજતા નથી અને સરલીકરણના રવાડે ચડીને જ્ઞાનસાધનાની ગંભીર પ્રવૃત્તિને પણ હાસ્યાસ્પદ બનાવી રહ્યા છે !

ગુજરાતી કે જે પોતાની માતૃભાષા છે, તે ન આવડવા બદલ આપણો બુદ્ધિજીવી વર્ગ ગર્વ ધારણ કરે છે, ત્યારે તો હદ થાય છે ! આપણી અજ્ઞાનતાનું આપણને જ્ઞાન થાય તોય મોટું જ્ઞાન લાધ્યું ગણાશે.

બધા સુધારકોમાંય એકવાક્યતા નથી. આવી સ્થિતિમાં આપણે અનુસરવું તો કોને અનુસરવું ? એ બધા એક થઈને આવે તો કાંઈક સૂઝ પડે, પરંતુ તેઓ મમત્વમાંથી નીકળી એક થઈને આવે તે શક્ય લાગતું નથી.

અત્યારે તો આ લિપિસુધારકોએ શાંત સરોવરમાં પથ્થર ફેંક્યો છે ને તરંગો પેદા કર્યા છે.

— પ્રા. તુલસીભાઈ કા. પટેલ (મહેસાણા)



માર્ક સત્યમ્ : શિક્ષણ મિથ્યા !

૫. હ્રસ્વ અને દીર્ઘ એમ બે પ્રકારના 'ઇ-ઈ, ઉ-ઊ'ને બદલે એક જ પ્રકાર રાખ્યો હોય તો ભૂલ થવાનો સંભવ જ ન રહે અને તેથી માર્ક ન કપાય. સરસ ! છતાં હજી એક વધુ સુધારાની જરૂર રહે છે. **"ખોટો જવાબ લખવા માટે માર્ક ન કપાવા જોઈએ"** આટલો સુધારો પણ થઈ જાય તો દરેક બાળકને ૧૦૦% માર્ક મળે ! કેવો સામાજિક અભેદ ! બીજા ભેદો તો આપણે દૂર કરતાં કરીશું, પણ તેજસ્વી અને નબળા બાળક જેવા ભેદ તો ઉપલા બે સુધારાથી દૂર થઈ જ જાય !

વિદ્યાર્થીઓને અને તેથીય વધારે વાલીઓને શિક્ષણ કરતાં માર્કની ચિંતા વધારે છે. આ આપણો સામાજિક સડો છે. ખરી જરૂર છે આ સડાને દૂર કરવાની. પરંતુ લિપિ ફેરફાર અભિયાન "માર્ક સત્યમ્, શિક્ષણ મિથ્યા"ના સિદ્ધાંતને પુષ્ટિ આપવા માટે હ્રસ્વ-દીર્ઘના ભેદ કાઢી નાખવા માગે છે.

કોઈ પણ વસ્તુ શીખતાં ભૂલ સૌની થાય. ભૂલ મોટાઓની થતી હોય, તો બાળકોની કેમ ન થાય ? બાળક શીખતી વખતે ભૂલ તો કરવાનું જ છે. એને સાચું શિક્ષણ આપવામાં આવે તો ભૂલ ઓછી કરે. પ્રાથમિક શાળાનું બાળક જે ભૂલ કરે તે માટે બાળક નહિ, એના વાલી અને શિક્ષક જવાબદાર છે. વાલી અને શિક્ષકે પૂરતી કાળજી લીધી હોવા છતાં બાળક ભૂલ કરે એમ બને, કારણ કે એ બાળક છે, કમ્પ્યુટર નથી. દર વખતે દરેક વિષયમાં ૧૦૦% માર્કની આશા રાખી બાળમાનસ પર બોજો નાખવાનું યોગ્ય નથી. બાળક જેમ જેમ મોટું થાય તેમતેમ એને એ બાબત સમજાવવી રહી કે **"તું ભૂલ કરીશ તો માર્ક તો કપાશે જ."** પછી સારા માર્ક મેળવવા માટે કેવી રીતે ભણવું તેનું માર્ગદર્શન આપવું રહ્યું. માત્ર બાળકનો કે બીજા-ત્રીજાનો દોષ કાઢવાથી કાંઈ નહિ વળે. જેમના વાલીઓ શિક્ષણમાં રસ લેતા હોય તેવાં જ બાળકો સારું ભણે છે.

'ઇ-ઈ' દૂર કરવાથી **'ખિણ'** (ક્ષણ) અને **'ખીણ'** (બે ટેકરી વચ્ચેનો પ્રદેશ), **'ગિરજા'** (પાર્વતી) અને **'ગીરજા'** (એક પક્ષી), **'ચિત'** (ચિત્ત) અને **'ચીત'** (ચત્તું), **'જિત'** (જિતનારું) અને **'જીત'** (વિજય), **'ટિપ'** (બક્ષીસ) અને **'ટીપ'** (યાદી), **'કુખ'** (દર્ભ) અને **'કૂખ'** (ગર્ભાશય) તથા **દિન-દીન, ચિર-ચીર** જેવા અનેક શબ્દોને અન્યાય થશે. શબ્દોને અન્યાય થવાની વાત જવા દઈએ, કારણ કે તેનું દુઃખ તો માત્ર તેમને થશે કે જેમને સાચી જોડણી ને સાચા ઉચ્ચારમાં રસ છે. **'પાનીમાં કીરી પરી'** (પાણીમાં કીડી પડી) અને **'અમે તો બાળપણથી 'નર'(નળ)ને 'નર' જ કહીએ છીએ'** જેવું અધમ કક્ષાનું ગુજરાતી બોલનારને કાંઈ ફેર પડતો નથી.

'ઇ-ઊ' રદ કરવાથી બાળકોના માર્ક નહિ કપાય એ ફાયદો ખરો, પણ તે ફાયદો આગળ જતાં નુકસાન કરનારો છે !

'ઇ-ઊ' રદ કરવાથી અન્યભાષીઓની સરખામણીમાં આપણે વામણા દેખાઈશું.

'પતિ'નો ઉચ્ચાર કદાચ **'પતી'** કરાતો હોય તોપણ **'પતી'** લખવાનો નિયમ બનાવવાથી ખોટા ઉચ્ચારને માન્યતા મળે !

સભાનપણે ગુજરાતી જોડણી શીખનારને હ્રસ્વ-દીર્ઘના ભેદ સમજાય છે. હવે જો જોડણીમાંથી પણ હ્રસ્વ-દીર્ઘના ભેદ દૂર કરી નાખવામાં આવે તો સભાનપણે જોડણી શીખનારને પણ આ ભેદ ધ્યાનમાં ન આવે. આપણા ઉચ્ચારમાં જે નથી, પણ જોડણીમાં છે તે હ્રસ્વ-દીર્ઘના ભેદ જોડણીમાંથીય કાઢી નાખવા તે આપણી અન્ય (ખાસ કરીને હિંદી અને અંગ્રેજી) ભાષા ભણવાની ઓછી ક્ષમતાને શૂન્યવત્ બનાવી દેશે. તે ભાષાઓ સારી રીતે બોલવામાં આપણે વધુ પાછા પડીશું.

અત્યારે આપણે ત્યાં રસ્તાની ડાબી બાજુએ વાહન ચલાવવાનો નિયમ છે. કેટલાક લોકોને એ નિયમનો ભંગ કરતા જોઈને ડાબી બાજુ વાહન ચલાવવાનો નિયમ આપણને ખામીવાળો લાગે. તેથી અમેરિકાની નકલ કરીને આપણે એમ ઠરાવીએ કે હવેથી રસ્તાની જમણી બાજુ પર વાહનો ચલાવવાં તો તેથી નિયમભંગની બાબતમાં સુધારો નહિ થાય. જેટલા લોકો આજે નિયમ તોડે છે તેટલા (કદાચ તેથી વધુ) લોકો ત્યારે પણ નિયમ તોડશે. આપણી પ્રજાનો મોટો ભાગ એવો છે કે એ કોઈ નિયમ પાળવામાં માને નહિ, અનુકૂળતામાં જ માને !

ખરેખર તો મૂળાક્ષરો ઘટાડવાની નહિ પણ વધારવાની જરૂર છે. મૂળાક્ષરો વધારવાથી લિપિની કેટલીક ઊણપો દૂર થાય. ખોટા ઉચ્ચારોના સ્થાને સાચા ઉચ્ચારો શીખવવા જોઈએ. **ભાષાશુદ્ધિ અભિયાને વિપરીત દિશામાં કદમ માંડ્યાં છે.**

ગતિ હોય તો ઊર્ધ્વગતિ હોય અથવા ગતિ ન હોય એ સારું ! પણ અધોગતિ તો ન જ હોવી જોઈએ. અધોગતિ કરીને ભાવી પેઢીઓને આપણાથી પણ વામણી બનાવવાનો વિનાશકારી પ્રયોગ ન કરી શકાય ! પગલાં પાતાળમાં ન મંડાય !

— શ્રી મહેન્દ્ર પંડ્યા (મુંબઈ)

✲

માતૃભાષા કદી અઘરી હોતી નથી !

૬. **ગુજરાતી ભાષા અઘરી છે એ વાત તદ્દન પાયા વિનાની છે. કોઈ પણ ભાષા, જો તે માતૃભાષા હોય તો અઘરી નથી લાગતી.** પરભાષા અને તે પણ જો મોટી ઉંમરે શીખીએ તો અઘરી લાગે એવું બને. છતાં યુવાનવયે ગુજરાતમાં આવીને વસેલા બિનગુજરાતીને એવું કહેતો સાંભળવો કે **'ગુજરાતી બહુ સહેલી છે'** તે કોઈ એકલદોકલનો અનુભવ નથી, સાર્વત્રિક અનુભવ છે.

તમિળ, તેલુગુ અને મલયાલમ ભાષાઓ માટે, તે ભાષાઓના અજ્ઞાનને કારણે આપણે એક રમૂજ માણતા હોઈએ છીએ કે "આ ભાષાઓ સાંભળીએ ત્યારે એમ લાગે છે કે લોટામાં કાંકરા ભરીને કોઈ હલાવતું હોય !" અર્થાત્ આપણને આ ભાષાઓ જરાય સમજાતી નથી, પણ કરોડો લોકો આ ભાષાઓ કડકડાટ બોલી શકે છે. અને એમાંના કેટલાક તો પોતપોતાની એ ભાષાઓમાં માતબર સાહિત્યનું સર્જન કરીને જ્ઞાનપીઠ પુરસ્કાર પણ મેળવે છે. આ ભાષાઓ બોલનારા લોકો ગુજરાતીને સહેલી કહે છે અને લિપિ ફેરફાર અભિયાનવાળા એને અઘરી કહે છે.

ગુજરાતી અઘરી છે માટે આદિવાસીઓને એ શીખતાં તકલીફ પડે છે એવી ફરિયાદની સામે કહેવા યોગ્ય એ છે કે આદિવાસીઓનો વિકાસ કરી તેમને અન્ય લોકોની સમકક્ષ લઈ જઈ શકાય. તેમને સ્વીકૃત ગુજરાતી શીખવી બીજા લોકોની સમકક્ષ કરવાને બદલે, જેઓ સ્વીકૃત ગુજરાતી શીખ્યા છે અથવા શીખવાની સ્થિતિમાં છે તેમને વિકૃત ગુજરાતી શીખવી આદિવાસીઓની સમકક્ષ લઈ જવાનું કઈ રીતે યોગ્ય ગણાય ?

એક મલયાલી મિત્રે એકવાર ગર્વપૂર્વક કહ્યું હતું કે અમારી ભાષામાં ૬૮ મૂળાક્ષરો છે. પણ લિપિ ફેરફાર અભિયાનને આપણા ૩૬ મૂળાક્ષરો વધારે લાગે છે ! તેઓ તેમાં ઘટાડો કરવા ઇચ્છે છે. ચીની ભાષા તો ચિત્ર લિપિમાં લખાય છે. એ લખવા માટે લગભગ ૬૦૦ સંકેતો શીખવા પડે છે. છતાં વિશ્વમાં ગુજરાતીભાષીઓ કરતાં ચીનીભાષીઓની સંખ્યા ૨૦/૨૫ ગણી છે.

ગુજરાતીને સહેલી બનાવીશું તો વધુ બાળકો ભણવા આવશે અને સમાજમાં સાક્ષરતા વધશે એવી માન્યતા તો મૂર્ખાઓના સ્વર્ગમાં રાચવા જેવી બાબત છે.

હ્રસ્વ-દીર્ઘના ભેદ મિટાવવાથી વારંવાર જોડણીકોશ જોવાની જરૂર નહિ પડે એ બાબત પણ માર્ક નહિ કપાય જેટલી જ સાચી છે. **ન રહે જોડણી, ન રહે જોડણીકોશ !**

આ પ્રમાદી લોકોનો અભિગમ છે. એમને ઓછી મહેનતે સારું લખાણ જોઈએ છે. **છાપકામ કે લેખનના વ્યવસાયમાં પડેલાઓ તો વારંવારના અભ્યાસથી અમુક સમયમાં જ જોડણીમાં એટલા બધા પાવરધા થઈ જાય કે એમને જોડણીકોશ જોવાની જરૂર ભાગ્યે જ પડે.** છતાં કોઈને વારંવાર એવી જરૂર પડતી હોય તો તેણે જોડણીકોશ જોવાના કાર્યનો પોતાના વ્યવસાયના એક ભાગ તરીકે સ્વીકાર કરી લેવો જોઈએ. નાનપણમાં સારું ન ભણ્યા હોઈએ તો મોટપણે જોડણીકોશના શરણે જવું જ પડે, એમાં ફરિયાદ ન હોય.

ગુજરાતીનો ઘટતો જતો પ્રચાર અટકાવવા સરલીકરણ જરૂરી છે એ માન્યતા પણ ખોટી છે. 'મારું બાળક અંગ્રેજી નિશાળમાં ભણીને બહુ આગળ આવશે' એવી ભૂલભરેલી માન્યતાનો ગાડરિયો પ્રવાહ અને તે માન્યતાનો લાભ લઈ, ગુજરાતી માધ્યમ બંધ કરી અંગ્રેજી માધ્યમ શરૂ કરી કમાણી કરી લેવાની વૃત્તિ રાખતા ટ્રસ્ટીઓ ગુજરાતીના ઘટતા જતા પ્રચાર માટે જવાબદાર છે.

યહૂદી પ્રજા સદીઓ સુધી પોતાના વતનથી દૂર દુનિયાના અનેક દેશોમાં વહેંચાયેલી રહી. તેથી પોતાની માતૃભાષા ભૂલી ગઈ. જેઓ જ્યાં વસ્યા ત્યાંની ભાષા તેમની માતૃભાષા બની ગઈ. એક દિવસ તેમને પોતાનું વતન પાછું મળ્યું. વિખરાયેલી પ્રજા પાછી ભેગી થઈ. તે પ્રજાએ પોતાની માતૃભાષા પુનર્જીવિત અને વિકસિત કરી. ખમીરવંતી યહૂદી પ્રજાના ઉદાહરણમાંથી ધડો લઈ આપણે પણ આપણી ભાષાના વિકાસ માટે પ્રયત્ન કરવો જોઈએ. પ્રગતિ માટે હજી ઘણો અવકાશ છે. **સાત પગલાં પાતાળમાં નહિ ભરવાનો સંકલ્પ કરીએ અને આકાશને આંબવાની કોશિષ કરીએ !**

– શ્રી મહેન્દ્ર પંડ્યા (મુંબઈ)

ફેરફાર આવકાર્ય છે પણ તે સાચી દિશાનો હોવો જોઇએ !

૭. "જો સૂચિત લિપિ-જોડણી સુધારા અમલી બનશે તો સાક્ષરતાનું પ્રમાણ વધશે. આદિવાસીઓ તથા ઇતર વંચિત વર્ગો વધુ સહેલાઈથી ગુજરાતી લખતાં-વાંચતાં શીખી શકશે ને એથી ભણવા પ્રેરાશે."

(એક સાક્ષરની આ દલીલની સામે શ્રી મહેન્દ્ર પંડ્યા(મુંબઈ)ની વાત તથ્યવાળી જણાય છે.) 'બુધવાર, ૨૩ જુલાઇ ૧૯૯૭'ના 'સમકાલીન'માં પ્રગટ કરાયેલા લેખમાં ઉપરની વાતના જવાબમાં વાસ્તવિકતા રજૂ કરતાં **શ્રી મહેન્દ્ર પંડ્યા** જણાવે છે કે "પોતાના સંતાનને ભણવા ન મોકલનાર માણસ તેવું એટલા માટે કરે છે, કારણ કે (૧) એ તેની આર્થિક જરૂરિયાત છે. બાળક ભણવાને બદલે કમાણી કરે તો પરિવારને થોડી રાહત થાય. (૨) તેના મિત્રવર્તુળમાં બધા એવું જ કરે છે અને તેને વર્તુળની બહાર જવાનો વિચાર જ નથી આવતો. (૩) તે માને છે કે પોતે જે પરિસ્થિતિ પોતાના પિતા પાસેથી વારસામાં મેળવી છે તે પોતાનાં બાળકોને આપી જવા સિવાય પોતે બીજું કાંઇ કરી શકે એમ નથી. (૪) વળી, બાપ દૃઢતાથી માને છે કે 'ભણવાથી કોનું ભલું થયું છે કે મારા દીકરાનું થશે ?'

ઉપર્યુક્ત એક કે વધુ કારણોસર બાપ પોતાનાં બાળકોને નિશાળમાં મોકલતો નથી. ભાષા કેટલી સહેલી છે કે અઘરી છે તેનો તો તેને વિચાર જ નથી આવતો, કારણ કે તે વિશે તેને ખબર જ નથી. સમાજના નીચલા વર્ગમાંથી જેમને ભણતરનો મહિમા સમજાયો છે, તેઓ તો ભણતર વિશે એટલા ઉત્સાહી છે કે પોતાને અંગ્રેજી ન આવડતું હોવા છતાં પોતાનાં બાળકોને અંગ્રેજી માધ્યમની નિશાળમાં મોકલે છે અર્થાત્ **ભાષાની સરળતા કે જટિલતા વિશે વિચાર કરીને કોઇ પોતાનાં બાળકોને નિશાળમાં મૂકવા કે નહિ મૂકવાનો નિર્ણય લેતું નથી.**

જે બાળકો નિશાળનું ભણતર પ્રાથમિક કક્ષામાં જ છોડી દેતાં હોય છે, તે પણ મોટે ભાગે આર્થિક કારણોસર જ. તેમના પરિવારમાં અને આસપાસ ભણતરને યોગ્ય વાતાવરણની ગેરહાજરી પણ એક કારણ છે. જો આ કારણો દૂર કરી શકાય તો બાળકો જરૂર ભણવા આવશે, હ્રસ્વ-દીર્ઘના ભેદ દૂર કરો કે ન કરો !

આજકાલ અંગ્રેજી માધ્યમમાં ભણવાનો વાયરો બહુ ચાલ્યો છે. અંગ્રેજી ભાષા ગુજરાતીની સરખામણીમાં ઘણી અઘરી છે. ઉચ્ચાર અને જોડણી વચ્ચે મેળ ન હોય તેવા અનેક શબ્દો અંગ્રેજીમાં છે. ગુજરાતીની જોડણી ગોખવી પડતી નથી, પણ અંગ્રેજીની જોડણી ગોખવી પડે છે. વધુ ને વધુ બાળકો અંગ્રેજી માધ્યમમાં ભણવા જાય છે અને **કોઇ કહેતું નથી કે 'અંગ્રેજી ભાષાને સહેલી બનાવો, એ સામાજિક વિષમતા સરજે છે !'**

આજે ખરી જરૂરિયાત છે ભાષામાં પેસી ગયેલા સડાને દૂર કરવાની, નહિ કે સડો જ સત્ય છે અને વ્યાકરણ મિથ્યા છે એવી મહોર મારવાની !

ફેરફાર આવકાર્ય છે પણ તે સાચી દિશામાં હોવો જરૂરી છે. ફેરફાર ખાતર જ ફેરફાર કરવો યોગ્ય નથી. આપણને જે નથી આવડતું તે શીખવાને બદલે ભાષામાં એવો ફેરફાર કરીએ કે જેથી શીખવાની જરૂરત જ ઊભી ન થાય. તો ફેરફાર કર્યા પછીની સાચી ભાષા લખવા-બોલવાનો સંતોષ જરૂર લઇ શકીશું, પણ એ સંતોષ પોલો હશે. **લાંબા ગાળે નુકસાન કરનાર ખોટી દિશાનો કોઇ પણ ફેરફાર આવકાર્ય ન હોઇ શકે.**

(સમકાલીનમાં પ્રગટ થયેલા લેખમાંથી ટુંકાવીને)

સુધારકોનું વલણ : પ્રગતિશીલ કે પુચ્છગતિશીલ ?

૮. ઉચ્ચારશાસ્ત્રની દૃષ્ટિએ હ્રસ્વનો ઉચ્ચાર દીર્ઘ અને દીર્ઘનો ઉચ્ચાર હ્રસ્વ કરવો એ કેટલું ઉચિત લેખાશે ? વિદ્વાન ભાષાશાસ્ત્રીઓ એમાં કેટલા અંશે સંમત થશે ? શૈક્ષણિક સંસ્થાઓ પણ એને માન્યતા આપશે ખરી ? વળી **માત્ર બાળકોનો વિચાર કરીને એવા અશાસ્ત્રીય સુધારા કરવાની જરૂર ખરી ?**

ઘણા વિષયો એવા છે કે એમાંના અઘરા પાઠો પ્રારંભમાં ન ભણાવાતા ઉપલા ધોરણોમાં જ ભણાવાય છે. એ રીતે વિચારતાં દીર્ઘ 'ઈ'કારવાળા અને હ્રસ્વ 'ઉ'કારવાળા શબ્દો ભણાવવામાં વધુ સરળ લાગતા હોય તો એવા શબ્દોવાળા પાઠો પ્રારંભિક ધોરણોમાં રાખવાનું નક્કી કરી શકાય.

આજે જ્યારે બધાં જ શાસ્ત્રોમાં ખૂબ જ ઊંડાણ સુધી ખેડાણ થઈ રહ્યું છે તથા સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ સિદ્ધાંતો ઘડાતા જાય છે અને એને લઈને તજ્ઞતા (વિષયોના ઉપવિષયો અને એમાં પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ વિષયોના અભ્યાસ) તરફની માનસિકતા વધી રહી હોય ત્યારે, ધ્વનિશાસ્ત્રના આધારે લિપિઓમાં જે **વિવિધ ચિહ્નો અને સંકેતો સેંકડો વર્ષોથી નિશ્ચિત થયેલાં છે એના છેદ ઉડાડી દઈને એ ચિહ્નોની સંખ્યા ઘટાડવાનું અથવા એનો સંકોચ કરવાનું વલણ પ્રગતિશીલ ગણાશે કે પુચ્છગતિશીલ ગણાશે ?**

– શ્રી વસંત ચિપળુણકર ('સાધના'માંથી)

ભૂલને વાજબી ઠરાવીને પોષવી એ સાક્ષરનું કાર્ય નથી !

૯. 'ઇ-ઈ'માં બહુ સામ્ય લાગે છે, પણ ઉચ્ચારણ-લેખનના આભાસિક સામ્યમાત્રથી એનો અભેદ નહિ બની શકે. કારણ કે હ્રસ્વ-દીર્ઘ 'ઇ-ઈ'વાળા શબ્દો સાથે જે વાચ્યપદાર્થો સંકળાયેલા છે, એ પદાર્થો વચ્ચેનું અંતર બહુ મોટું છે. દા.ત., **'પાણિ'** અને **'પાણી'** ('હાથ' અને 'જળ'), **'દિન'** અને **'દીન'** ('દિવસ' અને 'ગરીબ') વગેરે. અણસમજને કારણે કોઈ વ્યક્તિ ભ્રમિત હોય તેથી બોલવા-લખવા-સમજવામાં ભૂલ કરે તો **સાક્ષરનું કાર્ય એની ભૂલનું નિવારણ કરવાનું છે, પણ ભૂલને વાજબી ઠરાવવાનું કે પોષવાનું નથી.** ભૂલ સુધારવાની જવાબદારી સાક્ષરોની હોવાથી એમનું તો મહત્ત્વનું સ્થાન છે. સાહિત્ય વ્યવહારમાં મહત્ત્વ આશયનું છે. અર્થને સ્પર્શવું એ આશય છે. વર્ણના આકાર અને ઉચ્ચાર એ બધાનું મહત્ત્વ પણ તે જો અર્થને અનુસરતા હોય તો જ છે. **સુજ્ઞ સાક્ષરો આ અગત્યની વાતને કેમ ભૂલી શકે ?**

હિતેન સહિતં - સહિતમ્, સહિતસ્ય ભાવઃ - સાહિત્યમ્। અર્થાત્ જે હિતકર છે તે જ સાહિત્ય છે. સાહિત્ય અર્થપ્રધાન છે. સંગીત એ સાહિત્ય નથી. કારણ કે એ સુર-લય-માત્રા આદિ પ્રધાન છે, પણ અર્થપ્રધાન નથી. **સાહિત્યમાં પ્રધાનતા અર્થની જ છે. અર્થ જ સાહિત્યના પ્રાણ છે. પ્રાણરૂપ અર્થમાં ભેદ થાય એવો કોઈ ફેરફાર લિપિ કે ઉચ્ચારણમાં ન જ કરવો જોઈએ.** ક્યાંક થતો હોય તો તેમાં વ્યક્તિને ભ્રમિત માનીને તેમાં સુધારો કરવો જોઈએ કે ભૂલને ક્ષન્તવ્ય ગણવી જોઈએ.

દોષોને નિર્દોષતાનું સ્વરૂપ આપી શકાય નહિ

૧૦. ખરી રીતે દોષો પરિહરણીય છે, એ ખ્યાલ લિપિ અને ભાષા શીખનારાઓમાં ઊભો રાખવો જોઈએ. દોષોને જો નિર્દોષતાનું સ્વરૂપ આપી દેવામાં આવે તો તેના પરિહાર્યપણાનું ભાન ભુલાઈ જાય, તેથી **દોષો અનાદરપાત્રને બદલે આદરપાત્ર બની જાય. માટે દોષોને નિર્દોષતાનું સ્વરૂપ આપી શકાય નહિ.**

'હાથ' અર્થમાં હ્રસ્વ 'ઇ'વાળા **'પાણિ'** શબ્દને બદલે દીર્ઘ 'ઈ'વાળો **'પાણી'** શબ્દ વાપરવામાં આવે તો **'હાથ'**ને બદલે **'જળ'** અર્થ આવી પડવાનો જે મહાદોષ થાય તે સામાન્ય શિક્ષણવાળા લોકો ન ટાળી શકે તોપણ એમનામાં **'આ દોષ છે અને તે ટાળવો જોઈએ. 'હાથ' અર્થમાં હ્રસ્વ 'ઇ'કારવાળા 'પાણિ' શબ્દનો પ્રયોગ કરવો જોઈએ એવી બુદ્ધિ ઊભી રાખવી જોઈએ. આ જાતની બુદ્ધિ ન હોય તો પેદા કરવી જોઈએ. ક્યાંક એવી બુદ્ધિ પેદા ન થઈ શકે ત્યાં એ વાતને ક્ષન્તવ્ય ગણવી જોઈએ.** આ જાતની બુદ્ધિ પેદા કરવા ને ઊભી રાખવા માટે **'હાથ'** અર્થને બતાવનારા હ્રસ્વ 'ઇ'કારવાળા **'પાણિ'** શબ્દને શુદ્ધ સ્વરૂપે ઊભો રાખવો જોઈએ.

— પંન્યાસશ્રી જયસુંદરવિજયજી

❋

ગુજરાતી ભાષામાં અંધાધૂંધી ફેલાવશો નહિ

૧૧. જોડણીની સુધારણા એટલા માટે કરવાની માગણી થાય છે કે હ્રસ્વ **'ઇ'**, દીર્ઘ **'ઈ'** કે હ્રસ્વ **'ઉ'**, દીર્ઘ **'ઊ'**માં લખનારની ભૂલો થાય છે. એ ભૂલો ન થાય એવી કાળજી રખાવવાને બદલે, ગુજરાતી ભાષામાંથી હ્રસ્વ **'ઇ'** અને દીર્ઘ **'ઊ'** કાઢી નાખવાનો આત્મઘાતી નિર્ણય પણ લેવાય છે. **આવી અંધાધૂંધી ગુજરાતી ભાષાનું સ્વરૂપ ક્યારેય સ્થિર નહિ થવા દે.**

મારા મતે તો ગુજરાતી વિષયનો અભ્યાસક્રમ સહેલો બનાવવાને બદલે અઘરો બનાવવો જોઈએ, પ્રશિષ્ટ કોટિનો બનાવવો જોઈએ.

ગુજરાતીમાં હ્રસ્વ **'ઇ'** કે દીર્ઘ **'ઊ'** લુપ્ત કરી દીધાં પણ સંસ્કૃત ભણે ત્યારે તો એ હોવાનાં, હિંદી ભણે ત્યારે પણ એ હોવાનાં. આ સ્થિતિમાં ભણનાર ઊલટાનો મૂંઝાઈ જશે કે એક ભાષામાં એક જ શબ્દની જોડણી આમ, બીજી ભાષામાં બીજી તો સાચી કઈ ? **આ અંધાધૂંધીનો કોઈ અંત નહિ હોય.**

કૃપા કરી લિપિસુધાર કે જોડણીસુધારને નામે ગુજરાતી ભાષામાં અંધાધૂંધી ફેલાવશો નહિ. હજી તો મહાત્મા ગાંધીના નિર્ણાયાત્મક આદેશ પછી માંડમાંડ એનું એક સ્થિર રૂપ બંધાતું આવે છે.

— શ્રી ભોળાભાઈ પટેલ (અમદાવાદ)

['૫૨બ'(વર્ષ-૩૯,અંક-૨,૧૯૯૮)માંથી]

૧૨. હ્રસ્વ-દીર્ઘ તો માત્ર **'ઇ-ઊ'** લેખનમાં સ્વીકાર્યા છે, જેને હટાવવાનો પ્રશ્ન તત્સમ શબ્દો માટે તો અસ્થાને છે.

— શ્રી કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)

૧૩. ગુજરાતી લિપિમાં 'ઇ-ઈ, ઉ-ઊ'ના ભેદ કાઢી નાખી સર્વત્ર 'ઈ-ઉ'નો જ પ્રયોગ કરવો એ સૂચન તદ્દન અવૈજ્ઞાનિક અને અસ્વીકાર્ય છે.

– ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)

૧૪. મારી દૃષ્ટિએ ગુજરાતી ભાષક, દેશ્ય શબ્દોમાં અને જે રીતે તદ્ભવીકરણ થયું હોય તે જ શબ્દોમાં એક **'Pattern'**નું પાલન કરતો હોય છે. એ **'Pattern'** પ્રમાણે 'હ્રસ્વ-દીર્ઘ' સ્વરો બોલાતા હોય છે. હવે આ **'Pattern', syllabication** ઉપર આધાર રાખે છે. માટે જ્યાં સુધી આ અભ્યાસ પૂર્ણતયા થયો ન હોય ત્યાં સુધી કોઈ લિપિસુધારને અવકાશ જ નથી. વૈજ્ઞાનિક સંશોધનો અને બૌદ્ધિક છણાવટ વગરનું આવું કોઈ પણ પગલું તદ્દન બાલિશ જ બની રહે. **વિદ્યાર્થીઓના શૈક્ષણિક બોજામાત્રનું કારણ આપીને આપણી ચાલુ લિપિ બદલાય જ નહિ.**

– ડૉ. ઊર્મિ દેસાઈ (મુંબઈ)

૧૫. **'Colour'**માંથી **'Color'** વગેરે કેટલાક અંગ્રેજી શબ્દોની જોડણી અમેરિકન પ્રજાએ બદલી તેથી કોઈ ફાયદો થયાનું જાણમાં નથી. બાળકજો **'Color'** શીખી શકે તો **'Colour'** પણ શીખી શકે. શીખવા માટે વધારે મહેનતની જરૂર ન પડે.

પેઢી દર પેઢી ઉચ્ચાર બાબતમાં સેવેલી ઉપેક્ષાને કારણે આપણી ગાડી અવળે પાટે ચડી ગઈ છે. એને સીધા રસ્તે લાવવાની જરૂર છે, નહિ કે તેના માર્ગમાં શિલાઓ મૂકીને તેને ગબડાવી દેવાની ! એટલે કે હ્રસ્વ-દીર્ઘના સાચા ઉચ્ચારો શીખવાની અને બોલતી વખતે તે ઉચ્ચારોને વળગી રહેવામાં ધ્યાન આપવાની જરૂર છે. આ અસંભિવત નથી. ગળથૂથીમાં ન મળવાને કારણે ઉચ્ચારમાં ભૂલ તો થવાની પણ આજની પેઢી જો સાચા ઉચ્ચારો કરતી થાય તો તેમનાં (ભાવિ) બાળકો પણ સહજ રીતે સાચા ઉચ્ચારો કરતાં થઈ જાય. જોડણીકોશમાં શબ્દોની જે જોડણી આપી છે તે મુજબના ઉચ્ચાર કરવાનું બાળકને જો નાનપણથી શીખવવામાં આવે તો જોડણીમાં કદી ભૂલ જ કેવી રીતે થાય ?

'Fill' (ફિલ) અને **'Feel'** (ફીલ), **'Still'** (સ્ટિલ) અને **'Steel'** (સ્ટીલ) જેવા હ્રસ્વ-દીર્ઘના ભેદ ધરાવતા ઘણા જોડકાં અંગ્રેજી ભાષામાં પણ છે.

– શ્રી મહેન્દ્ર પંડ્યા (મુંબઈ)

૧૬. **'હ્રસ્વ-દીર્ઘ'**ના ભેદ તો અંગ્રેજીમાંય છે જ. છતાં એ શીખવા-શીખવવામાં આપણને જરાય કષ્ટ લાગતું નથી ! ઉપરથી એ શીખવા-શીખવવાની મહેનત હોંશે હોંશે કરાય છે !

'હ્રસ્વ-દીર્ઘ'ના ભેદને કારણે બાળકોને જો ગુજરાતી લખવામાં તકલીફ પડતી હોય તો એ જ કારણથી અંગ્રેજી લખવામાંય તકલીફ પડે જ !

જેમ ગુજરાતી શબ્દોની ખોટી જોડણી લખનારાં બાળકોના ગુણ કપાય છે, તેમ અંગ્રેજી શબ્દોની ખોટી જોડણી લખનારાં બાળકોના ગુણ પણ કપાય છે જ. તો ત્યાં બાળકોની દયા કેમ નહિ ???

– શ્રીમતી ઈશા અ ત્રિવેદી (ગાંધીનગર)

૧૭. તત્સમ શબ્દોની જોડણી સંસ્કૃત પ્રમાણે જ રાખવી ઘટે, નહિ તો અન્ય ભારતીય ભગિની-ભાષાઓ સાથે ગુજરાતીમાં પ્રયોજાતા તત્સમ સંસ્કૃત શબ્દોની જોડણી ઘણી અલગ પડી જાય.

– ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)

૧૮. **'ઇ-ઊ'** નીકળી જાય પછી, દીર્ઘ **'ઈ'** કે હ્રસ્વ **'ઉ'** બોલવાનો કાંઈ અર્થ જ રહેતો નથી (સાપેક્ષત્વાત્). પછી ફક્ત **'ઈ-ઉ'** (હ્રસ્વ-દીર્ઘના નિર્દેશ વિના) એટલું જ બોલવાનું રહેશે. પરિણામે હ્રસ્વ-દીર્ઘનું જ્ઞાન લુપ્ત થશે.

– પંન્યાસશ્રી જયસુંદરવિજયજી

૧૯. લિપિસુધાર, જોડણીસુધાર માટેના જે પ્રયત્નો થઈ રહ્યા છે તે ન થવા જોઈએ એમ ન કહીએ. પરંતુ કોઈ પણ જાતનાં સૂચનો માટે સબ્બર વૈજ્ઞાનિક કારણ ન હોય તો એ સૂચનો સ્વીકારાય નહિ.

'ઇ-ઊ' રદ કરવા, કેટલાક વર્ણોને બાકાત કરવા, **'અૅ-ઑ'** ઉમેરવા એ બધાં આ પ્રકારનાં અસ્વીકાર્ય સૂચનો છે.

દરેક ઇન્ડો-આર્યન ભાષામાં બધા જ લખાતા તત્સમ અને તદ્ભવ શબ્દો વ્યુત્પત્તિસાધ્ય રહ્યા નથી. પરંતુ જે શબ્દો વ્યુપત્તિસાધ્ય રહ્યા હોય તેને બદલવાનો આપણને હક્ક નથી. બને ત્યાં સુધી તત્સમ શબ્દો જેમ છે તેમ જ રાખીએ. એ શબ્દોમાં આવતી હ્રસ્વત્વ-દીર્ઘત્વની નિશાનીઓ આપણને મૂળ શબ્દો સાથે પરિચિત રહેવા દઈ ભાષાના ઇતિહાસ સાથે જોડે છે.

– ડૉ. ભારતી મોદી (વડોદરા)

૨૦. **'હ્રસ્વ-દીર્ઘના ભેદ આજે રહ્યા નથી'** આ મત સર્વાંશે સાચો નથી. સાચું તો એ છે કે હ્રસ્વ-દીર્ઘના ભેદ બાબતે અરાજકતા પ્રવર્તે છે. લોકો આજે પરિણામવાદી બની ગયા છે. 'ભાષાને શું વળગે ભૂર' સૂત્ર વ્યાપક બનતું જાય છે, એ ખૂબ દુઃખદ સ્થિતિ છે. **સૈદ્ધાન્તિક રીતે હ્રસ્વ-દીર્ઘના ભેદ રહેવા ઘટે.**


– પ્રા. તુલસીભાઈ કા. પટેલ (મહેસાણા)

૨૧. સ્વ. આચાર્ય ડોલરરાય માંકડ, બાળકને શુદ્ધ ઉચ્ચારો અઘરા પડશે, એમ માનીને કાલી બોલી શીખવવાના વિરોધી હતા. એમના મત પ્રમાણે બાળકો શુદ્ધ ઉચ્ચાર કરવાની ક્ષમતા ધરાવતાં જ હોય છે. વાલીઓ એમની નકામી દયા ખાય છે. બાળકને આરંભથી જ જો શુદ્ધ ઉચ્ચાર શીખવવામાં આવે તો, તેઓ શુદ્ધ રીતે બોલવા લાગે છે. પરંતુ માબાપ અજ્ઞાનવશ એમ માનતાં હોય છે કે બાળકો શુદ્ધ ઉચ્ચાર કરવાની ક્ષમતા ધરાવતાં નથી; તેથી શુદ્ધ ઉચ્ચાર અઘરા થઈ પડશે એમ માનીને વાલીઓ પોતાનાં બાળકોને કાલી બોલી શીખવે છે જે બરાબર નથી.

અલીઆબાડા(જિ. જામનગર)ની આર્ટ્સ કૉલેજના આચાર્ય શ્રી મોહનભાઈ પટેલની દીકરી સુજાતાને કાલી બોલી ન શીખવતાં શુદ્ધ ઉચ્ચાર શીખવવાની સ્વ. ડોલરરાય માંકડે શીખ આપી હતી. એ ચાલીસેક વરસ પૂર્વેની વાત આજે યાદ આવે છે.

– પ્રા. તુલસીભાઈ કા. પટેલ (મહેસાણા)

સર્વાંગ સંપૂર્ણ સર્વાંગ સુંદર વર્ણમાતૃકા દેવી
(લિપિદેહધારિણી વાગ્દેવી)



सप्तधातु

थ — त्वक्
र — रक्त
ल — मांस
व — मेद
श — अस्थि
ष — मज्जा
स — शुक्र
ह — प्राण
ळ — शक्ति
क्ष — क्रोध

શ્રી ભગવતીનું તંત્રશાસ્ત્રોક્ત વર્ણમય સ્વરૂપ

आद्यो मौलिरथाऽपरो मुखमिई नेत्रे च कर्णावुऊ
नासावंशपुटे ऋॠ तदनुजौ वर्णौ कपोलद्वयम् ।
दन्ताश्चोर्ध्वमधस्तथोष्ठयुगलं सन्ध्यक्षराणि क्रमात्
जिह्वामूलमुदग्रबिन्दुरपि च ग्रीवा विसर्गीं स्वरः ॥
कादिर्दक्षिणतो भुजस्तदपरो वर्गश्च वामो भुज-
ष्टादिस्तादिरनुक्रमेण चरणौ कुक्षिद्वयं ते पफौ ।
वंशः पृष्ठभवोऽथ नाभिहृदये बादित्रयं धातवो
याद्याः सप्त समीरणश्च सपरः क्षः क्रोध इत्यम्बिके ॥
एवं वर्णमयं वपुस्तव शिवे लोकत्रयव्यापकं
योऽहंभावनया भजत्यवयवेष्वारोपितैरक्षरैः ।
मूर्तीभूय दिनावसानकमलाकारैः शिरःशायिभि-
स्तं विद्याः समुपासते करतलैर्दृष्टिप्रसादोत्सुकाः ॥

અર્થ : आद्यो मौलिः = આદ્યવર્ણ અ (તમારું=દેવીનું) મૌલિ(મસ્તક) છે.
अथ अपरः मुखम् = પછી બીજો आ (તમારું = દેવીનું) મુખ છે.
इ-ई नेत्रे च = इ અને ई = (તમારાં=દેવીનાં) બે નેત્રો છે.
कर्णौ उऊ = उ અને ऊ = (તમારા=દેવીના) બે કાન છે.
नासावंशपुटे ऋ ॠ = ऋ-ॠ નાકનાં બે પુટ (નસકોરાં) છે.
तदनुजौ वर्णौ = તે પછીના બે વર્ણો ऌ-ॡ બે કપોલ(ગાલ) છે.
क्रमात् सन्ध्यक्षराणि ऊर्ध्वश्च अधश्च दन्ताः, तथा ओष्ठयुगलं (सन्ति)=सन्ध्यक्षरो (ए-ऐ-ओ-औ) અનુક્રમે ઉપરના અને નીચેના દાંત તથા ઓષ્ઠ છે. उदग्रबिन्दुः (=अं) = (દેવીનું) જિહ્વામૂળ છે.
अपिच विसर्गीस्वरः ग्रीवा अस्ति = વળી વિસર્ગ સ્વર (=अः) એ દેવીની ગ્રીવા(ડોક) છે.
कादिः वर्गः दक्षिणतो भुजः अस्ति =(જમણા હાથના પાંચ અવયવો)
'क' વર્ગના (क-ख-ग-घ-ङ) પાંચ વર્ણો છે.
तदपरः वर्गः च वामो भुजः (अस्ति)= તે પછીનો = 'च' વર્ગ (च-छ-ज-झ-ञ)દેવીનો ડાબો હાથ છે.
(અહીં દક્ષિણ-વામ ક્રમનો ઉલ્લેખ હોવાથી સર્વત્ર પ્રથમ જમણું અને પછી ડાબું અંગ સમજવાનું છે.)
टादिः तादिः अनुक्रमेण चरणौ स्तः ='ट' વર્ગ (ट-ठ-ड-ढ-ण) અને 'त' વર્ગ (त-थ-द-ध-न) અનુક્રમે જમણો અને ડાબો પગ છે.
कुक्षिद्वयं ते पफौ=હે દેવી ! 'प' અને 'फ' એ બે તારી કૂખો છે.
बादित्रयं वंशः पृष्ठभवः, नाभिहृदये (अस्ति)= 'ब'થી શરૂ થતા ત્રણ (ब-भ-म) અનુક્રમે પૃષ્ઠભવવંશ (= પૃષ્ઠવંશ= મેરુદંડ કરોડ) નાભિ અને હૃદય છે.
याद्याः सप्त धातवः (सन्ति) =य-र-ल-व-श-ष-स એ સાત તમારા શરીરના સાત ધાતુઓ છે. (ત્વગ્, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર)
हे अम्बिके सपरः (तव) समीरणः, क्षः (च) क्रोधः अस्ति। = હે મા! 'स'થી પરમાં આવેલો 'ह' એ તારો વાયુ (પ્રાણ) છે અને 'क्ष' એ તારો ક્રોધ છે.
હે શિવે ! ત્રણે લોકમાં વ્યાપક તારા આ વર્ણમય સ્વરૂપને પોતાના તે તે અવયવોમાં આરોપીને (ન્યાસ કરીને) (તે દેવી સ્વરૂપ હું છું) એવી અહંભાવના વડે જે ભજે છે, તેની પાસે તમામ વિદ્યાઓ દિવસના અંતે (બિડાયેલા) કમળનો આકાર ધારણ કરી મૂર્તિરૂપે મસ્તકમાં સૂઈને તમામ વિદ્યાઓ તેની ઉપાસના કરે છે.

– તંત્રોક્ત માહિતી પ્રેષક ડૉ. અરુણોદય ન. જાની (વડોદરા)



લિપિમાં વર્ણક્રમ વૈજ્ઞાનિક ખરો ?

'ઋ' સ્વર

૧. 'ऋ-ॠ' એ સ્વતન્ત્ર સ્વરો છે. એ ઉચ્ચારણમાંથી ગયા હોવા છતાં લેખનમાં તો છે જ. 'રુ' એ 'ર્ + ઉ'નું સંયોજન છે. 'ऋ' અને 'રુ' આ બંનેની પરિસ્થિતિ ભિન્ન છે. એકના સ્થાને બીજાને મૂકવાથી અક્ષરભેદ થાય, અક્ષરભેદ થવાથી શબ્દભેદ થાય અને શબ્દભેદ થવાથી ક્યાંક અર્થભેદ પણ થાય.

૨. ગુજરાતી લિપિમાંથી 'ऋ' સ્વરને રદ કરવામાં આવે તો **'ऋષિ'**ને બદલે **'રુષિ'** કે **'રુશિ'** લખાય. **'ऋ'** એક સ્વર છે, જ્યારે 'રુ'માં 'ર્ + ઉ' એમ બે વર્ણો પ્રયોજાય છે, જેમાં ગૌરવનો દોષ છે.

૩. **सप्त + ऋषि = 'सप्तर्षि'** થાય છે. **'सप्त + रुषि કે रुशि'** લખવામાં આવે તો **'सप्तर्षि'** એવું રૂપ કેવી રીતે પ્રાપ્ત થાય ? એ જ પ્રમાણે **'महर्षि, राजर्षि'** વગેરે શબ્દોમાં પણ ગૂંચવાડો થાય.

૪. ગુજરાતી ભાષા સંસ્કૃતમાંથી ઊતરી આવેલી છે. હજારો તત્સમ શબ્દો એ ગુજરાતી-સંસ્કૃત વચ્ચેનો સેતુ છે. **'ऋષિ'**ને બદલે **'રુષિ'** કે **'રુશિ'** લખવામાં આવે તો અર્થાત્ લિપિમાં ફેરફાર કરવામાં આવે તો તત્સમ શબ્દોનો અપભ્રંશ થવાથી, તત્સમ શબ્દોનો એક આખો વિભાગ જ લુપ્ત થવાનો ભય છે. તે લુપ્ત થાય તો સંસ્કૃત સાથેનો સેતુ પણ તૂટવા માંડે. સંસ્કૃતમાંથી ઊતરી આવેલી અન્ય ભાષાઓ સાથે પણ ગુજરાતી ભાષાનો સીધો સંબંધ હોય છે. એક ગુજરાતી ભાષાના પરિવર્તનના કારણે તે બીજી ભાષાઓ સાથેનો અનુબંધ પણ ક્યારેક તૂટી જતો હોય છે.

૫. **સંસ્કૃત-ગુજરાતીનો સંબંધ પતંગ-દોરી જેવો માનવસર્જિત અને તોડી શકાય તેવો નથી, પણ વૃક્ષ-પાંદડા જેવો કુદરતી, જીવંત અને અકાટ્ય છે.** ગરવી ગુજરાતી ભાષાને જો સમૃદ્ધિની દિશામાં લઈ જવી હોય તો આમ જ વિચારવા યોગ્ય છે.

૬. **'ऋ'**ના લેખનમાં એકવાક્યતા છે, પણ ઉચ્ચારણમાં એકવાક્યતા નથી. તેથી લોકોમાં તેનાં **'રુ-રિ-ર'** એવાં જુદાંજુદાં ઉચ્ચારણો થાય છે. ગુજરાતી લિપિમાંથી **'ऋ'** રદ કરવામાં આવે તો લોકો **'કૃષ્ણ'**ને બદલે **'કુરુષ્ણ - કુરુશ્ણ'**, **'ક્રિષ્ણ - ક્રિશ્ણ'** કે **'કૃરષ્ણ - કૃરશ્ણ'** લખશે. તેમાં હિંદી-મરાઠીભાષીઓ કાંઈ સમજી શકશે નહિ અર્થાત્ તેમાં **'ऋ'**નું જ્ઞાન કરી શકશે નહિ.

જ્યારે 'કૃષ્ણ' લખેલું વાંચીને તો તેઓ પોતપોતાની ભાષામાં બરાબર સમજી શકશે. 'ऋ' રદ કરવાથી હિંદી, મરાઠી વગેરે ભાષાવાળા લોકોને ગુજરાતી વાંચવા-શીખવામાં ઘણી વિષમતાનો અનુભવ થશે.

૭. **'ऋ' રદ થયા પછી ઉચ્ચારણની જેમ લેખનમાં પણ એકવાક્યતા જળવાશે નહિ.**

અનુસ્વાર અને વિસર્ગ

૧. **'स्वरम् अनु-स्वर्यते उच्चार्यते इति अनुस्वारः।'** અથવા **'स्वरम् अनुगतः अनुस्वारः।'** સ્વરની પછી ઉચ્ચારાય છે માટે અનુસ્વાર કહેવાય છે. અનુસ્વાર એ સ્વર નથી, પણ સ્વરનો અનુગામી છે. સ્વરના આધાર વિના તેનું ઉચ્ચારણ સંભવે નહિ.

૨. વિસર્ગ પણ સ્વરને અંતે ઉચ્ચારાતો ધ્વનિ છે. આમ અનુસ્વાર અને વિસર્ગ બંને સ્વરના સહચારી છે, સ્વર નથી.

૩. પાણિનિ-શિક્ષામાં એને **'अयोगवाह'** એવી સંજ્ઞા આપી છે. **[अकारादिना योगेन (आत्मलाभं) वहन्ति अयोगवाहाः]** સ્વરની મદદથી બોલાય છે માટે સ્વર છે અને **'अहः+गणः = अहर्गणः।'** એમ સંધિમાં ક્યારેક વિસર્ગનો **'र्'** થતો હોવાથી તેને વ્યંજન પણ મનાય છે.

૪. સામાન્ય રીતે વ્યંજનોના ઉચ્ચારણમાં પ્રથમ **'ક-ખ-ગ'** વગેરે વ્યંજન અને પછી **'અ-આ-ઇ-ઈ'** વગેરે સ્વર બોલાય છે, જ્યારે અનુસ્વાર અને વિસર્ગ વ્યંજન હોવા છતાં એની પછી સ્વરો બોલાતા નથી, પણ સ્વરોનું ઉચ્ચારણ એની પૂર્વે કરવું પડે છે. સ્વરરહિત એકલા વ્યંજન પછી ક્યારેય પણ અનુસ્વાર કે વિસર્ગનો પ્રયોગ થતો નથી. તે બંનેનો પ્રયોગ સ્વર પછી જ થાય છે. તે બંનેની અભિવ્યક્તિ પૂર્વસ્વરો દ્વારા જ થતી હોવાથી, અર્થાત્ તે સ્વરો પછી બોલાતા હોવાથી એને સ્વરોની પછી બતાવ્યા છે. એટલે કે તે બંનેની ગણના સ્વરોમાં કરવામાં આવી છે, તેથી તે બંનેને સ્વરોના વિભાગમાં દર્શાવાય છે.

૫. શબ્દાંતે અનુસ્વાર કે અનુનાસિકનું ઉચ્ચારણ થતું નથી એવી દલીલ દ્વારા શબ્દાંતે આવતું અનુસ્વારનું ચિહ્ન રદ કરવાની વાત થાય છે, પરંતુ વાસ્તવમાં એ ઉચ્ચારણ થાય છે જ. વળી **'ચોમાસુ-ચોમાસું, મરુ-મરું, સારુ-સારું, વરુ-વરું'** (આમાં અનુનાસિક 'ઉ' સ્વર છે, અનુસ્વાર નથી) વગેરેમાં અનુસ્વાર ચિહ્ન દ્વારા જે અર્થભેદ બતાવાય છે તે અર્થભેદ અનુસ્વાર ચિહ્નના અભાવે બતાવી શકાય નહિ અને જાણવો પણ મુશ્કેલ બને.

આમાંય **'अश्वमेध'** કે **'अश्वमेघ'** અને **'मेधा'** કે **'मेघा'** જેવા શબ્દોમાં તો અર્થભેદની જાણકારીના અભાવમાં લખવામાં અને તેને અનુસરીને બોલવામાં પણ ભારે ગોટાળા સરજાય છે.

૬. ગુજરાતીમાં વિસર્ગ **'દુઃખ, અંતઃકરણ'** જેવા થોડા જ શબ્દોમાં રહ્યો છે. અન્યત્ર સંધિનિયમોથી **'ર્ / ઉ'** ઇત્યાદિ પરિવર્તન થાય છે. દા.ત., **દુર્ભાગ્ય, દુર્બળ, નિર્બળ; તપોધન, તપોવન, મનોબળ**

૭. ગુજરાતી ભાષામાંથી વિસર્ગને રદ કરવામાં આવે તો **'તપોનિધિ, તપોરત્ન, તપસ્વી, યશસ્વી, આવિષ્કાર, તિરસ્કાર, બહિષ્કાર, નિરારંભી, નિઃસ્વાર્થ, નિઃસ્નેહ, અંતઃકરણ'** વગેરે સંસ્કૃત તત્સમ શબ્દોની રચના બહુ મુશ્કેલ બની જાય.

❀

પાડાના વાંકે પખાલીને ડામ

અનુનાસિક 'ङ-ञ'

૧. **'ऋ'** સ્વરના ઉચ્ચારણનું વિસ્મરણ કદાચ વિદ્વાનોને પણ થયું હશે, પરન્તુ **'ङ-ञ'** આ બે અનુનાસિક વ્યંજનોના ઉચ્ચારણનું વિસ્મરણ તો ગ્રામીણ જનતાને પણ થયું જણાતું નથી. **'अङ्क - गङ्गा - शङ्ख - सङ्घ'** વગેરે શબ્દોમાં ઉત્તરમાં રહેલા કંઠ્ય વર્ગના અક્ષરોને કારણે કંઠ્ય વર્ગના જ **'ङ'** અનુનાસિકનું ઉચ્ચારણ સ્વાભાવિક બને છે. તેવી જ રીતે **'पञ्च-गञ्ज'** વગેરે શબ્દોની ઉત્તરમાં રહેલા તાલવ્ય વર્ગના અક્ષરોને કારણે તાલવ્ય વર્ગના જ **'ञ'** અનુનાસિકનું ઉચ્ચારણ પણ સ્વાભાવિક બને છે. **'अङ्क-पञ्च'** આદિ શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ **'ङ-ञ'** અનુનાસિકોની સહાય વિના અથવા **'ङ - ञ'**ના સ્થાને **'न'** અનુનાસિક પ્રયોજીને શક્ય જ નથી. આમ છતાં **'अङ्क-पञ्च'** આદિ જેવા શબ્દોમાં રહેલા **'ङ-ञ'**ના સ્થાને **'न'** અનુનાસિકને બલાત્કારે ગોઠવી દેવામાં આવશે તો **'अङ्क-पञ्च'** આદિ અનેક શબ્દોનાં સ્વાભાવિક શુદ્ધ ઉચ્ચારણો નષ્ટ થશે અને ઉચ્ચારણ-વિષયક અશુદ્ધિની જનેતા સમાન **'अन्क-पन्च'** આદિ જેવાં કૃત્રિમ-અશુદ્ધ ઉચ્ચારણોનો જન્મ થશે, જેના પ્રતાપે ગુજરાતી ભાષામાં ઉચ્ચારણ-વિષયક અશુદ્ધિઓની વૃદ્ધિ થતી રહેશે. જેમ **'ऋ'**નું ખરું ઉચ્ચારણ ભુલાઈ ગયું, તેમ કાલક્રમે **'अङ्क-पञ्च'** આદિ શબ્દોનું સાચું ઉચ્ચારણ પણ લુપ્ત થઈ જશે. ભાવિ પેઢી એનો દોષ આપણને આપશે.

૨. **'ઙ-ઞ'** આ બે અનુનાસિક વર્ણોને ન માનીએ તો **'મઙ્ગલ-પઙ્કજ; ચઞ્ચુ-ચઞ્ચળ'** આ શબ્દોના ઉચ્ચારણમાં જે સ્વાભાવિક ભેદ રહેલો છે, તેને કેવી રીતે સમજી-સમજાવી શકાય ? વળી એ બે અનુનાસિક વર્ણોના અભાવે શબ્દોમાં એનું ઉચ્ચારણ પણ કેમ કરી શકાય ? કારણ કે જે વર્ણોને લિપિમાંથી રદ કરવામાં આવ્યા હોય એ ઉચ્ચારણમાંથી રદ થયેલા હોવા જોઈએ.

૩. **'અઙ્ક-પઞ્ચ** આદિ ગુજરાતી ભાષાના શબ્દોમાં તો 'ઙ-ઞ' અનુનાસિકોનું સુસ્પષ્ટ ઉચ્ચારણ થાય જ છે, સાથે અંગ્રેજી ભાષાના **(King-Ring-Lunch) 'કિઙ્ગ-રિઙ્ગ-લઞ્ચ'** વગેરે શબ્દોમાં પણ 'ઙ-ઞ' અનુનાસિકોનાં સ્પષ્ટ ઉચ્ચારણો સંભળાય છે. આથી **'ઙ-ઞ' આ બે અનુનાસિક વ્યંજનોને નિરર્થક માનીને કદાચ લિપિમાંથી રદ કરવાનો પ્રયત્ન સફળ થઈ શકશે, પણ તેને ઉચ્ચારણમાંથી રદ કરવાનો પ્રયત્ન સફળ થઈ શકે તેમ નથી.**

૪. 'ઙ-ઞ' આ બે અનુનાસિકો લેખનમાંથી રદ થયા હોવા છતાં ઉચ્ચારણમાં તો જાણ્યે-અજાણ્યે પણ જળવાઈ જ રહ્યા છે. લિપિમાંથી એને રદ કરવાથી તો એ સ્વાભાવિક શુદ્ધ ઉચ્ચારણમાંથી પણ કાલાન્તરે જશે.

ઉચ્ચારણનું મહત્ત્વ દુનિયાની સર્વ ભાષાઓમાં છે. કથનનો ભાવ અને અર્થ, શબ્દના ઉચ્ચારણના આધારે સમજાય છે.

૫. **વક્તાને જેનું ઉચ્ચારણ ન ફાવે તેને લિપિમાંથી જ રદ કરવાનો પ્રયત્ન કરવો તે 'પાડાના વાંકે પખાલીને ડામ' એ ગુજરાતી કહેવતને યાદ કરાવે છે. વસ્તુતઃ જે આપણને ન ફાવે તે બીજા પાસેથી શીખવા પ્રયત્ન કરવો જોઈએ.**

૬. **'શંકા-ચંચુ'** વગેરે 'ઙ-ઞ' અનુનાસિકવાળા શબ્દો આપણી ભાષામાં લેખનની સરળતા ખાતર અનુસ્વાર મૂકીને લખાય છે અને લિપિમાંથી 'ઙ-ઞ' રદ કર્યા પછી પણ આવી જ રીતે લખાવાના છે. એટલે લેખનમાં કાંઈ ફેર પડવાનો નથી, પરન્તુ ઉચ્ચારણની સ્પષ્ટતા અત્યારે **'શઙ્કા-ચઞ્ચુ'** આ રીતે ('ઙ-ઞ' લખીને) કરી શકાય છે, જે 'ઙ-ઞ'ને લિપિમાંથી રદ કર્યા પછી 'શન્કા-ચન્ચુ' આવું તદ્દન ભ્રામક લખીને જ કરવી પડે.



લેખનની સરળતા અને ઉચ્ચારણની સ્પષ્ટતા

૭. **'કમ્પ-પડ્ક, ખણ્ડ-ડઙ્ખ, પઞ્ચક-ચમ્પક'** આમાં ઉચ્ચારણની સ્પષ્ટતા છે.

'કંપ - પંક, ખંડ - ડંખ, પંચક - ચંપક' આમાં લેખનની સરળતા છે, પણ ઉચ્ચારણની સ્પષ્ટતા નથી.

'ઙ-ઞ-ણ-ન-મ' આ પાંચ અનુનાસિકો ઉચ્ચારણની સ્પષ્ટતા બતાવનારા છે. આમ છતાં ગુજરાતીમાં લેખનની સરળતા ખાતર એ પાંચેય અનુનાસિકોના સ્થાને અનુસ્વાર મુકાય છે. લેખનની સરળતા અને ઝડપ ખાતર અનુનાસિકોના સ્થાને અનુસ્વાર લખવાનું ચાલુ રહે એ જેમ જરૂરી છે તેમ ઉચ્ચારણની સ્પષ્ટતા સમજાવવા-બતાવવા ખાતર, પરંપરા-પ્રાપ્ત **'ણ-ન-મ'ની સાથે 'ઙ-ઞ' આ બે અનુનાસિક ચિહ્નોને પણ લિપિમાં જાળવી રાખવાં હિતકર છે તેમ જ શીખવવાં અને પરંપરામાં વહેતાં રાખવાં જરૂરી છે.**

❋

ભણાવાનો ભાર જ ના રાખીએ !

અનુનાસિક 'ણ'

૧. 'ણ' અનુનાસિકને પણ લિપિમાંથી રદ કરવાની વાતો થઈ રહી છે. એના સમર્થનમાં એવી દલીલ કરાય છે કે 'ણ'નો જોડાક્ષર લખવો તથા ઉચ્ચારણભેદ પારખવો મુશ્કેલ છે, માટે એને જોડાક્ષરરૂપે લખવો બંધ કરવો જોઈએ. **'ન - મ'** આ બે અનુનાસિકો જ રાખવા જોઈએ. **'ખણ્ડ'** નહિ લખતાં **'ખન્ડ'** જ લખવાનું રાખવું. અંગ્રેજીમાં **'KHAND'** જ લખાય છે ને ?

આ વાતના સમર્થનમાં જ આગળ વધીને એમ કહેવું જોઈએ કે **'ટ-ત, ઠ-થ, ડ-દ, ઢ-ધ'** આ અક્ષર જોડકાંઓમાં પણ ઉચ્ચારણોનો પરસ્પર ઝાઝો તફાવત નથી. તેથી 'ટ' વર્ગના વ્યંજનોના સ્થાને **'ત'** વર્ગના વ્યંજનોથી કાર્ય સાધી શકાય તેમ છે. **'ટાગોર'**ને બદલે **'તાગોર'** અને **'ઠાકોર'** ને બદલે **'થાકોર'** લખવું. **'ખણ્ડ'**નું જેમ અંગ્રેજીમાં **'KHAND'** લખાય છે, (રોમન લિપિમાં **'ણ'** ધ્વનિ નથી, તેથી લખાય ભલે **'ન'** પણ બોલાય છે **'ખણ્ડ'** જ) તેમ **'તરલ'**નું **'TARAL'** અને **'ટાગોર'**નું **'TAGOR'**; 'ઠાકોર'નું **'THAKOR'**; અને **'થાન'**નું **'THAN'** વગેરે પણ લખાય જ છે ને ? તો માત્ર **'ણ'**ને જ શા માટે ? આખે આખા 'ટ' વર્ગને જ રદ કરવો જોઈએ.

૨. વળી **'ચ'** વર્ગના વ્યંજનોમાંથી માત્ર **'ઞ'** અનુનાસિકને જ શા માટે ? **'ચ-છ-ઝ'**ને પણ રદ કરવા જોઈએ. કારણ કે એના બદલે **'હ-સ-જ'**થી કામ ચલાવી શકાય તેમ છે. ગુજરાતના કેટલાક ભાગની ગ્રામીણ પ્રજામાં **'ચ-છ-ઝ'**ના સ્થાને **'હ-સ-જ'** બોલાય છે. દા.ત., **ચાલો-હાલો, છાપું-સાપું, છોકરો-સોકરો, ઝાઝું-જાજું** વગેરે. માટે **'ચ'** વર્ગના વ્યંજનોમાંથી એક માત્ર **'જ'**ને રાખીને બાકીના ચારેયને પણ રદ કરવા જોઈએ.

૩. વળી **'શ-ષ-સ'** એ ત્રણેના સ્થાને માત્ર એક 'સ'થી જ કામ ચલાવી શકાય તેમ છે. પ્રાકૃત ભાષામાં એક **'સ'**થી કામ ચાલે જ છે તો ગુજરાતીમાં કેમ ન ચાલે ? સૂરત પ્રદેશમાં તો **'શ-ષ-સ'**ના સ્થાને **'હ'**થી જ કામ ચાલે છે.

૪. 'ળ'ને બદલે **'લ'**થી પણ કામ ચલાવી શકાય તેમ છે. **'ગાલ-ગાળ, કાલ-કાળ, બાલ-બાળ'** જેવા શબ્દોમાં લોકો સંદર્ભથી અર્થભેદ જાણી લેશે. સંસ્કૃત-હિંદી-અંગ્રેજીમાં **'લ–L'**થી કામ ચાલે જ છે ને ?

૫. **શિક્ષણ જો બોજારૂપ જ લાગતું હોય અને જ્યારે એકમાત્ર બોજો હળવો કરવાની વાત જ વિચારાતી હોય, ત્યારે એ બોજો જેટલો બને તેટલો વધુ જ ઘટાડવો જોઈએ. થોડો ઉતારવો ને થોડો રાખવો, એવું શા માટે કરવું ? સંપૂર્ણ બોજો ઉતારી નાખવા માટે શિક્ષણ જ જો બંધ કરી દેવામાં આવે તો કાયમી રજાથી બાળકો ખુશખુશ થઈ જશે. પણ આવી રીતે બાળકોને ખુશ કરી દેવામાં આવે તો પ્રજાના ભાવિનું શું થાય એ વાત વિચારણીય બને.**

૬. **વર્તમાન ગુજરાતી લિપિમાંથી 'ઙ-ચ-છ-ઝ-ઞ-ટ-ઠ-ડ-ઢ-ણ-શ-ષ' આ બાર (૧૨) વ્યંજનોને રદ કરીને 'ક-ખ-ગ-ઘ-જ-ત-થ-દ-ધ-ન-પ-ફ-બ-ભ-મ-ય-ર-લ-વ-સ-હ' આ (૨૧) વ્યંજનો જ રાખવાથી શિક્ષણ ઘણું હળવું અને ઘણું સરળ બની જશે. લાખો ગુજરાતીઓ આનંદ પામશે અને એમના અંતરના આશીર્વાદ પ્રાપ્ત થશે. મોંઘવારી-બેકારી આદિને કારણે આજે તો જીવન પણ એવું બોજારૂપ બની ગયું છે કે લોકો આપઘાત કરનારનેય આશીર્વાદ આપે.**

૭. અક્ષરો ઘટાડ્યા પછી પણ વાક્ય, લેખન અને પ્રતિપાદન શૈલી પણ તે તે વાચકોને બોજારૂપ લાગે છે તો તેનું નિયન્ત્રણ પણ આવી પડશે, ખાસ કરીને સાક્ષરો માટે. તે બધું પણ સુધારક સાક્ષરોએ વિચાર્યું જ હશે !

❄

૮. સંસ્કૃત અને અંગ્રેજી આ બંને ભાષાઓની લેખન ઉચ્ચારણ વ્યવસ્થા ભિન્ન છે. વળી સુસ્પષ્ટ લેખન-ઉચ્ચારણની જે વ્યવસ્થા સંસ્કૃતમાં છે એવી અંગ્રેજીમાં નથી. સંસ્કૃતમાં 'ङ-ञ-ण-न-म' આ પાંચ અનુનાસિકો છે, જ્યારે અંગ્રેજીમાં માત્ર **'N-M'** બે જ છે. સંસ્કૃતના **'ङ-ञ-ण'** આ ત્રણેયની જગ્યાએ અર્થાત્ અંગ્રેજીની રોમન લિપિમાં એને માટેના સંકેતોના અભાવે એક માત્ર **'N'** જ વપરાય છે. તેથી આપણે **'રંગ-પંચ-કંઠ'** (રઙ્ગ-પञ્ચ-કણ્ઠ) ઇત્યાદિ શબ્દોને રોમન લિપિમાં લખતી વખતે નિરુપાયે **'RANG-PANCH-KANTH'** આમ **'N'** દ્વારા જ લખવા પડે છે. **'ङ-ञ-ण'**ના સ્થાને એક માત્ર **'N'**થી જ કામ ભલે ચલાવાતું હોય, પણ એમાં ઉચ્ચારણની સ્પષ્ટતાનો અભાવ છે અને એટલા અંશે એ રોમન લિપિની મર્યાદા ગણાય.

૯. ડૉ. ઊર્મિ દેસાઈ કહે છે કે, "અંગ્રેજી ભાષાની રોમન લિપિ અંગ્રેજી ભાષાના વર્ણો દર્શાવતી હોય છે. અંગ્રેજી ભાષામાં મૂર્ધન્ય વર્ણો હોતા નથી, તેથી તે દર્શાવતાં લિપિચિહ્નો પણ એમાં ન હોય એ સ્વાભાવિક છે. ભારતીય ભાષાઓમાં મૂર્ધન્ય વર્ણો 'ट-ठ-ड-ढ-ण-ष-ळ' અસ્તિત્વ ધરાવે છે.

ભારતીય ભાષાઓને રોમન લિપિમાં લખવી હોય તો તેનાં દંત્ય વર્ણો માટેનાં લિપિચિહ્નો મૂર્ધન્ય વર્ણો માટે વપરાય છે એ એક કામચલાઉ વ્યવસ્થા છે. પરન્તુ જ્યારે સંસ્કૃત ભાષાના શબ્દોને રોમન લિપિમાં લખવા હોય તો અક્ષરાન્તર (Transliteration)ના નિયમ પ્રમાણે તેની નીચે બિંદુ મૂકવું આવશ્યક છે. આમ, ट=**ṭ**, ठ=**ṭh**, ड=**ḍ**, ढ=**ḍh**, ण=**ṇ**, ष=**ṣ** (એસ), ळ=**ḷ**"

૧૦. ડૉ. ભારતી મોદી કહે છે કે, "અંગ્રેજીમાં લખવામાં માત્ર **'N-M'** એમ બે અનુનાસિક છે, જ્યારે ઉચ્ચારણમાં **'ઙ-ઞ'** પણ છે. જેમ કે, **'Sing, Single'** વગેરે શબ્દોમાં **'ઙ'** અને **'Lunch'** વગેરે શબ્દોમાં **'ઞ'** છે."

પૂર્ણાંકો અપૂર્ણાંક કે અપૂર્ણાંકો પૂર્ણાંક બનાવાય ?

૧૧. કોઈ એક પૂર્ણ લિપિનું ઉદાહરણ આપીને અપૂર્ણ લિપિને પૂર્ણ બનાવવાની વાત વાજબી ગણાય, પણ અપૂર્ણ લિપિનું ઉદાહરણ આપીને પૂર્ણ લિપિને અપૂર્ણ બનાવવાની વાત કેવી રીતે વાજબી ગણાય ?

જન્મથી ઠૂંઠો માણસ એક જ હાથ વડે સર્વ કામ નિભાવતો હોય, તેનું ઉદાહરણ આપીને બે હાથવાળાને, એક હાથ ઑપરેશન દ્વારા કઢાવી નાખવાનું કહેવાય કે એક હાથવાળાને બીજો (ભલે કૃત્રિમ પણ) હાથ

લિપિમાં વર્ણકાપ જરૂરી કે ઉચ્ચારણદોષ ટાળવો જરૂરી ?

વ્યંજન 'ષ'

૧. ઉચ્ચારણમાંથી જ્યારે **'ષ'** નીકળી ગયો છે ત્યારે તેને લિપિમાં શા માટે પકડી રાખવો એવી દલીલ કરવામાં આવે છે, તેની સામે કહેવાનું એટલું જ કે અત્યારે ઉચ્ચારણમાંથી **'ષ'** ભલે નીકળી ગયો હોય, પરંતુ ક્યારેક કોઈ વિદ્વાનથી વિજ્ઞાનપ્રયોગ આદિ દ્વારા તેનું શુદ્ધ ઉચ્ચારણ શક્ય પણ બને. હવે **જો આપણે એને લિપિમાંથી જ રદ કરી દઈશું તો ઉચ્ચારણ અને લિપિ આ બંનેમાંથી તેને ગુમાવી બેસીશું.**

૨. વળી ઉચ્ચારણમાંથી **'ષ'** સર્વથા નીકળી ગયો છે એવું પણ માની શકાય તેમ નથી. એકલા **'ષ'**નો ઉચ્ચાર ભલે આપણે ન કરી શકતા હોઈએ, પણ **'અષ્ટ, કષ્ટ, નષ્ટ, ભ્રષ્ટ, સ્પષ્ટ, સ્પૃષ્ટ, ઈષ્ટ, અનિષ્ટ, ક્લિષ્ટ, શ્લિષ્ટ, શિષ્ટ, વિશિષ્ટ, વિશેષ, પિષ્ટપેષણ, દુષ્ટ, સંતુષ્ટ, હૃષ્ટપુષ્ટ, તુષ્ટિ, પુષ્ટિ, મુષ્ટિ, યષ્ટિ, સૃષ્ટિ, વૃષ્ટિ, દૃષ્ટિ, દૃષ્ટાંત, રાષ્ટ્ર, સૌરાષ્ટ્ર; ઓષ્ઠ, ઓષ્ઠ્ય, જ્યેષ્ઠ, કનિષ્ઠ, સ્વાદિષ્ઠ, નિષ્ઠા, નિષ્ઠુર, કુષ્ઠ, કાષ્ઠ, સુષ્ઠુ, પૃષ્ઠ, શ્રેષ્ઠ, શ્રેષ્ઠી, ગોષ્ઠિ; ઉષ્ણ, કૃષ્ણ, વિષ્ણુ, સહિષ્ણુ, તૃષ્ણા, અન્વેષણ, સંપ્રેષણ, દૂષણ, ભૂષણ, આવિષ્કાર, બહિષ્કાર, દુષ્કાળ, નિષ્કામ, નિષ્પ્રાણ, નિષ્કારણ, શુષ્ક'** વગેરે અનેક શબ્દોમાં—ખાસ કરીને 'ટ' વર્ગ પૂર્વે મૂર્ધન્ય **'ષ'**નું ઉચ્ચારણ સ્વાભાવિક રીતે જ થાય છે. કારણ કે આવા સંસ્કૃત શબ્દોની જોડણી સહજસિદ્ધ છે. આમાં ફેરફાર થવાથી કૃત્રિમ-બનાવટી-પ્રયત્નપૂર્વકનાં ઉચ્ચારણો થશે.

૩. **'શાન્તિ, સંતોષ, વિશેષ, શુશ્રૂષા, સૌષ્ઠવ, સુશ્લિષ્ટ'** વગેરે શબ્દોમાં કુદરતી રીતે **'શ-ષ-સ'** જુદા બોલાય છે, પણ તેનો ભેદ આપણને પરખાતો નથી. એ ભેદ લિપિના રચયિતા ઋષિઓએ પારખ્યો, તેથી જ તેમણે **'શ-ષ'**નાં અલગ પ્રતીકો બનાવ્યાં.

'જ્ઞ'ને લિપિમાંથી રદ કરવો યોગ્ય નથી

૧. **'જ્ઞ'**નાં ઉચ્ચારણો પ્રાન્તભેદે **'જ્ઞ-જ્ઞ્ય, જ્ય, દ્ન-દ્ન્ય'** એમ જુદાંજુદાં થાય છે. હવે જો ગુજરાતી લિપિમાંથી **'જ્ઞ'** રદ કરવામાં આવે અને **'જ્ઞાન, યજ્ઞ'**ને બદલે **'જ્ઞાન, યજ્ઞ'** લખવામાં આવે તો હિંદી-મરાઠીભાષીઓ કાંઈ સમજી શકશે નહિ-અર્થાત્ તેમાં **'જ્ઞ'**નું જ્ઞાન કરી શકશે નહિ. જ્યારે **'જ્ઞાન, યજ્ઞ'** આમ લખેલું વાંચીને તો તેઓ પોતપોતાની ભાષામાં **'જ્ઞાન, દ્ન્યાન'** એમ સમજી શકશે. આપણી લિપિમાંથી **'જ્ઞ'** રદ કરવાથી હિંદી, મરાઠી વગેરે અન્ય ભાષાવાળા લોકોને ગુજરાતી વાંચવામાં ઘણી વિષમતાનો અનુભવ થવાનો પૂરો સંભવ છે.

૨. લેખન-ઉચ્ચારણના ગોટાળાના બહાને **'જ્ઞ'**ને લિપિમાંથી રદ કરવાની વાત બરાબર નથી. શિક્ષણ આપવું જરૂરી છે. કેટલાંક બાળકો અને ઓછા શિક્ષણવાળા લોકો **'ઠ-ઢ'** અને **'ઘ-ધ'**નાં લેખન-ઉચ્ચારણમાં તેમ જ **'પ-ય, ચ-મ'**ના લેખનમાં ભૂલ કરે છે. એમની આવી ભૂલ થતી હોવાને કારણે આ બધા વર્ણોને લિપિમાંથી રદ કરવાની વાત વાજબી ગણાય નહિ. શિક્ષણમાં સુધારો કરવાની વાત જ વાજબી ગણાય.

૩. ક્ષેત્રભેદે અને અનેક મુખે બોલાતી ભાષાનાં ઉચ્ચારણોમાં જેમ ભેદ પડે છે, તેમ અનેક હાથો વડે લખાતી લિપિના અક્ષરોમાં પણ ભેદ પડે છે. ઓછા શિક્ષણવાળા અને ખરાબ અક્ષરવાળા લોકોના હાથે લખાતા અક્ષરોની આકૃતિઓ વિચિત્ર હોય છે, તે જેમ ક્ષન્તવ્ય ગણાય છે તેમ **ઓછા શિક્ષણવાળા લોકોના ઉચ્ચારણદોષો પણ ક્ષન્તવ્ય જ ગણાય.**

આપણી લિપિમાં એક પણ વર્ણ નિરર્થક નથી

૧. સર્વ અંગોપાંગ સહિત સંપૂર્ણ શરીરવાળા કોઈ માણસને એવો વિચાર આવે કે મારા શરીરમાંનું અમુક અંગ કે ઉપાંગ બિનજરૂરી અને બોજારૂપ છે. નાહક એનો બોજો ઉપાડી-ઉપાડીને મારે શા માટે ફરવું ? ઑપરેશન દ્વારા એને કઢાવી નાખીને બોજો હળવો કરી નાખવો જ શ્રેયસ્કર છે. પોતાના આ વિચારમાં અમુક મિત્રો પણ સંમત થાય, તેથી તે માણસ અત્યંત ઉત્સાહિત થઈને પોતાના તે અંગ કે ઉપાંગનું ઑપરેશન કરાવવા તૈયાર થાય, તે અવસરે હિતચ્છુઓ તેને 'શરીરનું કોઈ પણ અંગ કે ઉપાંગ બિનજરૂરી કે બોજારૂપ નથી, પણ અનિવાર્ય જ છે' એમ સમજાવીને એને ઑપરેશન કરાવતો રોકવાનો પ્રયત્ન કરે ત્યારે ઉત્સાહના અતિરેકમાં મસ્ત બનીને હિતેચ્છુઓને **'વેદિયા, ચીકણા, જુનવાણી, રૂઢિચુસ્ત'** વગેરે કટુવચનો સંભળાવીને તેમની હિતકારી વાતનેય તોડી પાડવા જ પ્રવૃત્ત થાય, હિતકારી વાતની અવગણના કરીને ઑપરેશન કરાવી નાખે, પછી તે અંગ કે ઉપાંગના અભાવે પોતાને કેટલી તકલીફો વેઠવી પડે છે, એનો જ્યારે જાતઅનુભવ થાય ત્યારે જ સાચી વાત સમજાય.

કહેવાનો ભાવ એટલો જ છે કે આપણી ચાલુ લિપિ પરિપૂર્ણ છે. એમાં એક પણ વર્ણ નિરર્થક નથી. માટે વર્ણકાપ હિતાવહ નથી.

લિપિમાંથી કાંઈ પણ રદ કરવાનો પ્રયત્ન વ્યર્થ છે

૧. માણસના મુખમાં ૩૨ દાંત હોય છે. તેમાંથી બે દાંત પડી જાય ત્યારે બાકીના ત્રીસ દાંતોથી કામ તો ચાલે જ છે, તોપણ પડી ગયેલા બે દાંતની ખોટ માણસને ચિરકાળ પર્યંત સાલ્યા જ કરતી હોય છે.

તેમ પરિપૂર્ણ લિપિમાંથી અમુક સ્વર-વ્યંજનોને પ્રયત્નપૂર્વક રદ કરવાથી ભાષાવ્યવહાર વહેતો રહેવા છતાંય રદ કરાયેલા સ્વર-વ્યંજનોની ખોટ આપણને કોઈને કોઈ રીતે લાંબા કાળ સુધી સાલ્યા જ કરે એ બનવાજોગ છે.

૨. અમુક ઉંમરે દાંતનું પડી જવું અપરિહાર્ય છે. માણસ બનતાં સુધી દાંતને પડવા દેતો નથી. ન પડે એને માટેના પ્રયત્નો કરે છે. આમ છતાંય પડી જાય તો ચોકઠું બનાવી લે છે, જ્યારે લિપિમાં આવું કાંઈ નથી. લિપિમાંથી કાંઈ પણ રદ કરવાનો પ્રયત્ન વ્યર્થ છે.

❁

ઉચ્ચારણના ગોટાળા કે ઉચ્ચારણની અશક્તિ ?

જોડાક્ષરો

સરલીકરણ આદિના બહાને લિપિમાંથી **'દ્ય-દ્ય-દ્ર-દ્વ-ક્ષ-જ્ઞ-શ્ર-હ્ય-હ્ય-ઠ્ઠ-ઢ્ઢ'** વગેરે જોડાક્ષરોના સ્વતંત્ર સંકેતો મનસ્વીપણે રદ કરવાની વાત કરતા કેટલાક વિદ્વાનો પોતાની વાતના સમર્થનમાં એવી દલીલ કરે છે કે, 'જોડાક્ષરો ઉચ્ચારણના ગોટાળા સરજે છે. કારણ કે બધા વર્ણોને સ્પષ્ટ રીતે અડધા લખી શકાતા નથી. પરિણામે આવા વર્ણો એની પાછળ આવતા વર્ણો સાથે જોડાયેલા છે કે નહિ એ વાચક નક્કી કરી શકતો નથી અને ખોટાં ઉચ્ચારણો કરવા લાગી જાય છે.'

❁

ઉચ્ચારણના ગોટાળાનાં નિર્દંભ, વાસ્તવિક અને શાસ્ત્રીય કારણો :

૧. આ દલીલની સામે કહેવાનું એ છે કે આવું તો સામાન્ય રીતે બધી જ ભાષાઓમાં બને છે. ગુજરાતીમાં તો આ તકલીફ થોડા જોડાક્ષરો પૂરતી જ છે. ઉચ્ચારણના ગોટાળા (વાસ્તવમાં 'મુશ્કેલી') બાબત આપણે ભલે જોડાક્ષરોનાં સ્વતંત્ર લિપિચિહ્નોને અને અમુક અક્ષરોનાં લિપિચિહ્નોને દોષિત ઠરાવીએ અને એને લિપિનિકાલ કરવાની ઝુંબેશ ચલાવીએ, પણ

ઉચ્ચારણના ગોટાળાનાં નિર્દંભ અને વાસ્તવિક કારણો તો ઓછું શિક્ષણ, વક્તાની શુદ્ધ ઉચ્ચારણ કરવાની અશક્તિ, ઉચ્ચારણની વારસાગત ઢબ, વક્તાનું ભાષાવિષયક અજ્ઞાન અને વર્તમાન શિક્ષણની ખામી છે એ ભૂલવા જેવું નથી. આ બધા દોષો જ્યાં હોય ત્યાં ઉચ્ચારણના અને લેખનના દોષો પણ અવશ્ય હોય. આગળ વધીને કહીએ તો જ્યાં પૂરતું ભાષાવિષયક જ્ઞાન હોય છે ત્યાં પણ ઉચ્ચારણના ગોટાળા થાય છે એનું શું ? અંગ્રેજી વિશાળ પ્રદેશમાં બોલાતી ભાષા હોવાથી એનું ઉદાહરણ સહજ આપી શકાય. દા.ત., **'KAMAL=કમલ-કામલ-કમાલ-કામાલ', 'MAGANLAL=મગનલાલ-માગણલાલ', VANDA = વંડા-વાંડા-વંદા-વાંદા** – આમાંથી શું નક્કી કરવું ? ઉપરાંત **'સીતા'નું 'સીટા', 'રામ'નું 'રામા', 'કૃષ્ણ'નું 'ક્રિશ્ના'** વગેરે. અંગ્રેજીમાં **'A'** વગેરે કેટલાક અક્ષરોનાં ઉચ્ચારણો નિશ્ચિત નહિ હોવાથી, તેમ જ ઉપર બતાવેલાં કારણોસર ભણેલા માણસ દ્વારા પણ પાર વગરના ઉચ્ચારણના ગોટાળા થાય જ છે. અંગ્રેજી ભાષાનું ક્ષેત્ર વિશાળ હોવા છતાંય એમાં ઉચ્ચારણના ગોટાળા નિવારવાના પ્રયત્નો થતા નથી.



ઓછા શિક્ષણનું પરિણામ

૨. ગુજરાતીમાં જે વર્ણોને સ્પષ્ટ રીતે અડધા લખી શકાતા નથી એવા વર્ણોવાળા જોડાક્ષરોમાં જ ઉચ્ચારણના ગોટાળા થાય છે અને જે વર્ણોને સુસ્પષ્ટ રીતે અડધા લખી શકાય છે, એવા વર્ણોવાળા જોડાક્ષરોમાં ઉચ્ચારણના ગોટાળા થતા નથી એવું તો નથી જ. ઉચ્ચારણના ગોટાળા તો સુસ્પષ્ટ રીતે અડધા લખી શકાતા કે લખાતા વર્ણોવાળા જોડાક્ષરોમાં પણ થાય જ છે. દા.ત., **'સ્ટૉપ-ઈસ્ટૉપ, સ્ટેશન-ઈસ્ટેશન, ટેશન-ઠેહણ, ઈજેક્શન-અંજીસન, પ્રથમ-પરથમ, પ્રદ્યુમ્ન-પ્રદ્યુમન-પદ્યુમન-પર્દ્યુમન, ધ્યાન-ધિયાન, મ્યાન-મિયાન, મ્યાઉં-મિયાઉં, વૈરાગ્ય-વૈરાગ, લગ્ન-લગન, ચિહ્ન-ચિન્હ, બ્રહ્મા-બ્રમ્હા-બ્રમ્મા, બ્રાહ્મણ - બ્રામ્હણ - બામણ, પ્રહ્લાદ - પ્રલ્હાદ - પ્રલ્લાદ - પલ્લાદ, આહ્લાદ-આલ્હાદ-આલ્લાદ, જીર્ણોદ્ધાર જીર્ણોદ્ધ્વાર, બોલ્યા કરે બોલિયા કરે'** વગેરે. વાસ્તવમાં આ ઉચ્ચારણના ગોટાળા નથી, પણ ઉપર જણાવ્યા મુજબ ઓછા શિક્ષણ આદિનું પરિણામ છે.



દોષનો ટોપલો અન્યના માથે ના ચડાવીએ

૩. વળી જોડાક્ષરોના વિષયમાં એક એવી પણ દલીલ કરવામાં આવે છે કે "રૂઢ જોડાક્ષરી આકૃતિઓએ ઉચ્ચારણશુદ્ધિ જાળવી રાખી છે એ વાત તદ્દન વાહિયાત છે. જુઓ **'ક્ષ-જ્ઞ'**ને બદલે **'ક્ષ-જ્ઞ'** એમ લખાતું હોત તો **'ક્ષ'**નાં **'ખ-ક્ષ-છ'** જેવાં અને **'જ્ઞ'**નાં **'ગ્ન-જ્ઞ-ગ્યઁ-દ્ન્ય'** જેવાં ઉચ્ચારણો ન થાત. **'સ્ત્ર-સ્ત્ર-સ્ત્ર'**ના સ્થાને **'સ્ર-સ્ત્ર-સ્ન'** એમ જ લખાતું હોત તો ઉચ્ચારણદોષ ન ઉપજયા હોત. **'દ્ધ'** આમ જ લખાતું હોત તો **'ધ્દ-દ્ધ'**ની ગરબડ થાત જ નહિ. એટલે રૂઢ જોડાક્ષરી રૂપો, શુદ્ધ ઉચ્ચારણો જાળવવા માટે મહત્ત્વનાં છે એ તર્ક **'જ્ઞ'**નાં વિકૃત ઉચ્ચારણોને ધ્યાનમાં લેતાં જ ધૂળમાં મળી જાય છે."

૩. આ દલીલની સામે પણ કહેવાનું એ છે કે **'પ્રથમ'** વગેરે શબ્દોના સ્થાને **'પ્રથમ-પ્રદ્યુમ્ન-ચિહ્ન-બ્રહ્મા-પ્રહ્લાદ-જીર્ણોદ્ધાર'** વગેરે લખવામાં આવે તોપણ શુદ્ધ ઉચ્ચારણ કરવા અસમર્થ વક્તા અશુદ્ધ ઉચ્ચારણો જ કરશે. **'હ્ન-હ્ન-હ્ય-હ્વ'** વગેરે આદિમાં **'હ'**વાળા જોડાક્ષરોમાં **'હ'** મહાપ્રાણ છે. ઓછા શિક્ષણવાળા સામાન્યજનોને જોડાક્ષરના આદિમાં મહાપ્રાણ **'હ'** બોલવો કઠણ પડે છે. **'સ્ર-સ્ત્ર-સ્ન'** વગેરે શબ્દના આદિમાં આવતા જોડાક્ષરોનાં ઉચ્ચારણો પણ તેમને માટે મુશ્કેલી ઊભી કરે છે. તેથી **'ચિહ્ન-ક્ષુદ્ર-દ્રાક્ષ'** વગેરે શબ્દોમાં જોડાક્ષરોનાં સ્વતંત્ર ચિહ્નો લખવાને બદલે **'ચિહ્ન-ક્ષુદ્ર-દ્રાક્ષ'** આમ તેમાંના આગલા વર્ણને ખોડો કરીને લખવામાં આવે એટલા માત્રથી ઓછા શિક્ષણવાળા સામાન્યજનો તેનાં વિશુદ્ધ ઉચ્ચારણો કરવા લાગી જશે એમ માનવું ભૂલભરેલું છે કે નહિ એ તટસ્થ બુદ્ધિથી વિચારવું જરૂરી છે. આમાં મતાગ્રહ આડે આવવો જોઈએ નહિ. **'ક્ષમા'**ના સ્થાને **'ક્ષમા'** કે **'ક્ષમા'** અને **'જ્ઞાન'**ના સ્થાને **'જ્ઞાન'** કે **'ગ્નાન'** લખવાથી તેનાં ઉચ્ચારણો **'કશમા-જયાન-ગનાન'** જેવાં વધુ વિકૃત થવાનો સંભવ નકારી શકાય એમ છે ? **'પદ્મ'** લખવામાં આવે કે **'પદ્મ'** લખવામાં આવે, **'દ્વાર'** લખવામાં આવે કે **'દ્વાર'** લખવામાં આવે, **ઓછા શિક્ષણવાળા લોકોને જોડાક્ષરો બોલવા ફાવતા નથી – મુશ્કેલી ઉચ્ચારણની છે, તેથી તેઓ જોડાક્ષરોમાં સ્વર ઉમેરીને 'પદમ, દુવાર' જેવાં સરળ કરાયેલાં જ ઉચ્ચારણો કરવાના છે.**

એટલે ઉચ્ચારણના ગોટાળા (વાસ્તવમાં ઉચ્ચારણની મુશ્કેલી) બાબત મતાગ્રહથી જોડાક્ષરોના સ્વતંત્ર સંકેતોને જ સંપૂર્ણપણે દોષિત ઠરાવીને, પરાપૂર્વથી ચાલ્યા આવતા અને સારી રીતે સ્થિર થયેલા ભાષાના વર્તમાન લિખિત સ્વરૂપને સરળતાના ઓઠા નીચે ફેરવીને એને અસ્થિર કરવાના ઘાતક પ્રયત્નો કરતાં પહેલાં એમાં લાભ-હાનિ વિચારવી જરૂરી છે.

સુધારાવાદી વિદ્વાનો એકમતવાળા થઇ શકશે ?

૪. જોડાક્ષરમાંના પૂર્વ વર્ણને ખોડો કરીને લખવાની પદ્ધતિ માન્ય થાય તો **'રુક્મિણી'**ને બદલે **'રુક્‌મિણી'** લખવું કે **'રુક્‌મિણી'** લખવું ? **'સિદ્ધિ'**ને બદલે **'સિદ્‌ધિ'** લખવું કે **'સિદ્‌ધિ'** લખવું ? **'તદ્ધિત'**ને બદલે **'તદ્‌હિત'** લખવું કે **'તદ્‌ધિત - તદ્‌ધિત'** લખવું ? **'ઉદ્ધાર'**ને બદલે **'ઉદ્‌હાર'** લખવું કે **'ઉદ્‌ધાર'** લખવું ? એ બાબત ચર્ચાસ્પદ-વિવાદાસ્પદ બની રહેશે. **'પાપર્દ્ધિ'** શબ્દ **'પાપર્‌દ્‌ધિ - પાપર્‌દ્‌ધિ - પાપર્‌દ્‌ધિ'** આ ત્રણમાંથી કોઇ પણ એક રીતે લખવાનો નિર્ણય કરવો પડશે. એમાં વિદ્વાનોએ એકમતવાળા થવું પડશે. સુધારાવાદી વિદ્વાનો સુધારાની બાબતમાં તેમ જ સુધારાના પરિણામે નવી ઊભી થનારી અનેક સમસ્યાઓને હલ કરવાની વાતમાં એકમતવાળા થઈ શકતા હોય તો એ બહુ સારી વાત મનાશે—ધન્યવાદને પાત્ર ગણાશે !

જરૂર છે શિક્ષણ સુધારવાની !

૫. જોડાક્ષરોમાં સરળતા ખાતર ખોડાનું ચિહ્ન કરીને ચલાવી શકાય, પરંતુ **'દ્ધ-દ્ય-દ્વ-ક્ષ-જ્ઞ'** વગેરે જોડાક્ષરોનાં સ્વતંત્ર ચિહ્નોનો લોપ કરવો હિતાવહ નથી. એનો લોપ થવાથી અને એ શીખવવાનું બંધ કરવાથી લોકોપકારી પ્રાચીન સાહિત્યના બોધમાં મુશ્કેલી ઊભી થાય. દેવનાગરી લિપિ સાથે પણ વિસંવાદ થાય, તેથી હિંદી-મરાઠી ભાષા વાંચવામાં પણ મુશ્કેલી થાય.

૬. **'૫ - ત્ર - શ્ર'** આવાં મૂળ જોડાણોમાંથી વિકાસ દ્વારા **'પ્ર - ત્ર - શ્ર'** આવાં જોડાણો આપણને પ્રાપ્ત થયાં છે. કલમ ઉપાડ્યા વગર લખવાની લોકોની ટેવ તથા ઝડપ વગેરે કારણસર કાળક્રમે **'૨'**નો આકાર બદલાઈને **'૨'** આવો ઓછા વળાંકવાળો થયો.(ઘણા પ્રાચીન ગ્રંથોમાં **'૨'** આવો જોવા મળે છે.) પરિવર્તન ચાલુ રહેતાં છેવટે એનો આકાર **'ɹ'** આવો—બિલકુલ વળાંક વગરનો થયો. એટલે **'પ્+૨'**નો જોડાક્ષર પ્+૨=પ્+૨=પ્+ɹ=**'પ્ર'** થયો. એથી હવે આપણને એવો ભાસ થાય છે કે **'પ-મ-ય-વ'** વગેરે દંડવાળા અક્ષરો દંડ સહિત આખા લખાય છે અને આખા **'૨'**ના સ્થાને **'ɹ'** આવું ચિહ્ન જોડવામાં આવે છે.

૭. 'છ-ટ-ઠ-ડ-ઢ'માં સુવિધા ખાતર 'ર'ને '૴' આમ આડો કરીને જોડવામાં આવ્યો છે. જેમ કે, 'છ્ટ'. આડા કરીને જોડેલા 'ર'માંથી વચ્ચેનો મીંડાવાળો ભાગ દૂર થવાથી તેનું ' ∧ ' આવું બે પાંખિયાંવાળું રૂપ બન્યું છે. તેથી જ 'છ-ટ-ઠ-ડ-ઢ' આ પાંચ વર્ણો સાથે 'ર'નું જોડાણ 'છ્ર-ટ્ર-ઠ્ર-ડ્ર-ઢ્ર' આમ બે પાંખિયાંથી થાય છે.

૮. 'પ્ર-ત્ર-શ્ર' આદિમાં જોડાયેલા 'ર'ના ઉપર-નીચેના બે વળાંકો અને વચ્ચેનો મીંડાવાળો ભાગ દૂર થઈ, વિકાસ દ્વારા તેનો 'ɾ' આવો સરળ આકાર આપણને પ્રાપ્ત થયો છે. એવી જ રીતે 'ત્ર' માંના 'ત'ના સ્થાને વિકાસ દ્વારા નીચેનો વળાંક દૂર થઈ '—' આવો સરળ આકાર પ્રાપ્ત થયો છે અને 'શ્ર'માંના 'શ'ના સ્થાને પણ વિકાસ દ્વારા નીચેનો વળાંક દૂર થઈ, ઊંધા ચોગડા જેવો 'श्' આવો સંક્ષિપ્ત આકાર આપણને પ્રાપ્ત થયો છે.

પૂર્વગ્રહ છોડીને લેખનની સરળતા તેમ જ ઝડપ અને જગ્યાના બચાવની અપેક્ષાએ વિચારવામાં આવે તો 'પ્ર-ત્ર-શ્ર' વગેરે મૂળ જોડાણમાંથી ક્રમિક વિકાસ દ્વારા પ્રાપ્ત થયેલાં અને ઘણા લાંબા કાળથી લેખનમાં સ્થિર થયેલાં ('પ + ɾ', '— + ɾ', 'श् + ɾ') 'પ્ર-ત્ર-શ્ર' આવાં જોડાણો જ વધુ ઉપકારક જણાશે

માત્ર, લેખનની સરળતા અને ઝડપને કારણે 'ર-ત-શ'ના આકારો બદલાઈને 'ɾ', '—', 'श्' આવા થયા છે એવી સમજ શિક્ષણકાળે આપવી જરૂરી છે. **જોડાક્ષરોના સ્વતંત્ર સંકેતો દૂર કરવાની વાત કરવાને બદલે તે દિશામાં શિક્ષણ આપવું જરૂરી છે. કુશળ શિક્ષકો અઘરાને પણ સહેલું બનાવી શકે.**

૯. લોકો સંક્ષેપરુચિવાળા હોય છે, તેમ જ ઝડપથી અને કલમ ઉપાડ્યા વગર લખવાની આદતવાળા હોય છે. શ્રમ અને સમયના બચાવમાં સદા પ્રયત્નશીલ હોય છે. વળી બોલાતી ભાષા, લિપિ દ્વારા અસંખ્ય લોકોના હાથ વડે લખાતી હોય છે. આ બધાં કારણોથી લિપિના સંકેતો સદાકાળ એક જ સ્વરૂપવાળા રહી શકતા નથી. અમુક સંકેતો અમુક સમય માટે લિપિમાં સ્થિરતા પ્રાપ્ત કરી લે એ વાત જુદી છે. એ સિવાય તો એમાં ફેરફારી થયા જ કરતી હોય છે. આમ છતાં **સ્થિરતા જેમ બને તેમ વધુ લાંબા કાળ સુધી ટકી રહે એવા પ્રયત્નો કરવા એ જ આપણા માટે હિતાવહ છે.**

૧૦. અસલમાં ', , ' આવા સંભવિત સ્વરૂપમાંથી ઉત્તરોત્તર વિકાસ પામીને અત્યારે આપણને '૧-૨-૩' આવા સુંદર સંખ્યાંકો પ્રાપ્ત થયા છે. એને સરળતા આદિના બહાને ફરીથી એના ', , ' આવા મૂળ સ્વરૂપમાં મૂકી દેવા યોગ્ય છે ખરા ? એને મૂળ તરફ પાછા વાળી દેવામાં આવે તો એને **'પ્રગતિ'** કહેવાય કે પરાઙ્‌ગતિ કહેવાય ? આ સંખ્યાંકોને ફરીથી એના અસલ સ્વરૂપમાં મૂકી દેવામાં આવે તોપણ '૧-૨-૩' આવા વિકાસની દિશામાં એની પ્રગતિ થયા વગર રહે ખરી ? એવા પ્રયત્નો પ્રશંસનીય બને ખરા ?

એવી જ રીતે ઉત્તરોત્તર વિકાસ દ્વારા જ આપણને જોડાક્ષરોના **'પ્ર-ત્ર-ત્ત-શ્ર'** વગેરે સ્વતંત્ર અને સંક્ષિપ્ત સંકેતો પ્રાપ્ત થયેલા છે. હવે એના ઉપર ઉચ્ચારણના ગોટાળા સરજવાનું દોષારોપણ કરીને, સરળતા-સુંદરતાના બહાને એને એના અસલ સ્વરૂપમાં મૂકી દેવામાં આવે તોપણ **કલમ ઉપાડ્યા વગર ઝડપથી લખવાની લોકોની આદતને કારણે ફરીથી પણ એની 'પ્ર-ત્ર-ત્ત-શ્ર' આવી વિકાસવાળી દિશામાં પ્રગતિ થયા વગર રહે ખરી ?**

૧૧. જોડાક્ષરોના સ્વતંત્ર સંકેતોના વિષયમાં એક દલીલ એવી *કરવામાં* આવે છે કે પ્રાચીનકાળે હસ્તલિખિત પ્રતોમાં દરેક અક્ષર માટે અમુક ચોક્કસ જગ્યા જ ફાળવવામાં આવતી. તેથી તેટલી જગ્યામાં જ અક્ષરની જેમ જોડાક્ષરને પણ સમાવવામાં આવતો. તેથી 'દ્'ની નીચે **'મ'** અર્થાત્ **'દ્મ'**એમ ગોઠવાતું. હવે કમ્પ્યુટર આવી ગોઠવણ કરવામાં મુશ્કેલી અનુભવે – પ્રોગ્રામરે આવી ગોઠવણ નહિ કરી હોવાથી. ત્યારે **'દ્મ'** વગેરે લખવા - છાપવા સિવાય છૂટકો નથી.

આ દલીલના જવાબમાં કહેવાનું એ છે કે કમ્પ્યુટરમાં તો ઘણા જોડાક્ષરો વર્તમાનમાં ઉપલબ્ધ છે જ. આવા તૈયાર પ્રોગ્રામ જોઈએ તેટલા મળે છે. માટે આ દલીલ યોગ્ય નથી.

૧૨. છેવટનું કથન એ છે કે આપણે આપણી રીતે, આપણને ઠીક લાગે તેવા સુધારા કર્યા પછી પણ લોકો પોતાને અનુકૂળ પડે એ રીતે જ લખવાનો પ્રયત્ન કરે એ સ્વાભાવિક છે. **એથી લેખન-ઉચ્ચારણના દોષો દૂર થાય કે વધે અને નિશ્ચલતાને ચલાયમાન કરવાથી લાભ થાય કે હાનિ થાય એ બંને બાબતો સરળભાવે વિચારાય તે જરૂરી છે.**

જગલાના વાંકે ભગલાનો કુટાય નહિ

૧. કોઈ વ્યક્તિ કે વસ્તુ સ્વયં દુષ્ટ નથી. દુષ્ટતા તો તેનામાં રહેલા દોષોને કારણે જ હોય છે. દોષો ટળી ગયા પછી વ્યક્તિ કે વસ્તુ નિર્દોષ બની જાય છે અને એના લાભ ઉઠાવી શકાય છે.

માનવ-જીવનમાં વ્યક્તિ પણ આવશ્યક છે અને વસ્તુ પણ આવશ્યક છે. વ્યક્તિ અને વસ્તુના દોષો ટાળી પણ શકાય છે અને વધારી પણ શકાય છે.

જે માણસ દોષને બદલે દોષવાળી વ્યક્તિ પ્રત્યે નફરત કરી એની દુષ્ટતામાં વધારો કરે છે અને એને દુશ્મન બનાવી દુઃખ ઊભાં કરી દુઃખ વેઠે છે, તેમ જ દોષવાળી વસ્તુ પ્રત્યે અણગમો બતાવી એનો ત્યાગ કરી એના લાભથી વંચિત રહે છે, તેને આપણે ડહાપણવાળો કેવી રીતે ગણી શકીએ ?

બીજી બાજુ જે માણસ સદ્‌ભાવ અને સદ્‌વર્તન વડે વ્યક્તિના હૃદયમાં રહેલા દોષોને દૂર કરી એને મિત્ર બનાવી એના તરફથી સુખશાન્તિ પામે છે, તેમ જ સદ્‌બુદ્ધિથી દોષવાળી વસ્તુના દોષો દૂર કરી એને વિશુદ્ધ બનાવી અર્થાત્ ઉપયોગી બનાવી એના લાભ ઉઠાવે છે એને જ આપણે આદરણીય ગણીએ તો તેમાં કશું ખોટું નથી ને ?

૨. આપણી લિપિ તો તીક્ષ્ણ બુદ્ધિવાળા અને આપણી અપેક્ષાએ પૂર્ણ એવા ઋષિ-મુનિઓએ રચેલી છે. એટલે ભ્રમિત બનીને લિપિમાં દોષો માનવા યોગ્ય નથી. **દોષો તો ખરેખર આપણામાં રહેલા છે એ પદાર્થને નજર સમક્ષ રાખીશું તો આપણા દોષનો ટોપલો અન્યને માથે ચડાવી દેવો એ સજ્જન - સાક્ષરનું કાર્ય લાગશે નહિ.** આમ છતાં આપણા અજ્ઞાન, પ્રમાદ, શિક્ષણની ખામી આદિ દોષોનો ટોપલો માતૃલિપિને માથે ચડાવી દઈને એને જ દુષિત માનવામાં આવી રહી છે એ ખેદની વાત છે. જગલાના વાંકે ભગલો કુટાઈ રહ્યો છે એવું સમજાય ત્યારે **નિખાલસ હૃદયથી આપણા દોષોનો સ્વીકાર કરી એનું ઑપરેશન કરવાને બદલે નિર્દોષ એવી માતૃલિપિને જ ઑપરેશન ટેબલ પર સુવાડી એનાં અંગોપાંગનો છેદ કરી એને પંગુ બનાવવાનું અધમ કાર્ય આચરવામાં આવી રહ્યું હોય ત્યારે સાવકા દીકરાઓ એને ટેકો આપે, પણ સગા દીકરાઓ (સાક્ષરો) શું કરે ? એને ટેકો આપે કે વિરોધ કરે ? એની યોગ્ય શુશ્રૂષા કરી એને બચાવ્યે જ છૂટકો કરે, કારણ કે તેઓ દીકરાના નાતે માતૃલિપિના ભક્ત બની રહેલા હોય છે.**



ગુજરાતી લિપિમાં સૂચિત વર્ણ-લોપ

૧. અર્વાચીન કાળમાં ગુજરાતી ભાષામાં જોડણીની બાબતમાં નરી અરાજકતા પ્રવર્તતી હતી. સંસ્કૃતમાં શુદ્ધ જોડણી કરનાર વિદ્વાનો પણ ગુજરાતીમાં મનફાવતી જોડણી કરતા હતા. કેળવણી ખાતાએ તેમ જ કેટલાક સાક્ષરોએ જોડણીને વ્યવસ્થિત કરવા કેટલાક પ્રયત્ન કર્યા. પરંતુ મહાત્મા ગાંધીજીના આગ્રહથી ગુજરાત વિદ્યાપીઠે જોડણી સમિતિ નીમી ગુજરાતીનો જોડણીકોશ તૈયાર કરી ૧૯૧૯માં પ્રકાશિત કર્યો ત્યારથી ગુજરાતી સાહિત્યનાં લખાણોમાં અરાજકતા દૂર થવા લાગી. ગુજરાત રાજય સરકારે પણ પાઠ્યપુસ્તકો માટે આ જોડણીકોશને માન્ય રાખ્યો ત્યારથી લેખકો જોડણી માટે વધુ સજાગ થયા. છતાં અનેક શિક્ષિત જનોમાં જોડણીની સભાનતા કેળવાઈ નહિ. વળી કેટલાક અન્ય વિદ્વાન જોડણી માટે ઘડાયેલા નિયમો અંગે મતભેદ ધરાવતા રહ્યા ને જોડણીકોશની નવી આવૃત્તિઓમાં થોડા સુધારા થતા ગયા. પરંતુ બે/ત્રણ દાયકાથી આ કાર્ય અટકી ગયું ને મતભેદનો વંટોળ વધતો રહ્યો.

અંગ્રેજી વગેરે ભાષાઓની સરખામણીએ ગુજરાતી વગેરે ભારતીય ભાષાઓમાં જોડણીનો પ્રશ્ન બહુ અટપટો નથી, કેમ કે અંગ્રેજી વગેરેમાં વર્ણ ઓછા છે ને એનાં ઉચ્ચારણ અનેકવિધ છે, જ્યારે ગુજરાતી વગેરેમાં પ્રાયઃ જેવું બોલાય તેવું લખાય છે. અલબત્ત એમાં થોડી મુશ્કેલીઓ છે. 'ઋ, ઙ, ઞ, ષ'નાં ઉચ્ચારણ સ્પષ્ટ અને અસંદિગ્ધ રહ્યાં નથી ને 'ઇ-ઈ' તથા 'ઉ-ઊ'નાં ઉચ્ચારણ પણ તેવાં જટિલ છે. આથી ગુજરાતીમાં મૂળાક્ષરોમાં તથા બારાખડીમાં 'ઇ-ઈ'તથા 'ઉ-ઊ'ની બાબતમાં સામાન્ય જનોને ઘણી ભૂલો પડ્યા કરે છે. આથી કેટલાક સુધારકોએ ગુજરાતીમાં 'ઇ' અને 'ઊ' વર્ણોને તથા તે વર્ણોનાં સ્વર-ચિહ્નોને સમૂળાં લુપ્ત કરી દેવાનું સૂચવ્યું છે. વળી તેઓ 'ઋ, ઙ, ઞ' અને 'ષ' જેવા વર્ણોનો તથા 'ક્ષ' અને 'જ્ઞ' જેવા અટપટા જોડાક્ષરોનો પણ લોપ કરી દેવાનું સૂચવે છે.

સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી સંસ્કૃતના અભ્યાસીઓ યાદ રાખે છે, પરંતુ બીજાઓને એ યાદ રાખવું મુશ્કેલ પડે છે. વળી જોડણીકોશના નિયમો સમજવા અને એમાં આપેલી જોડણી પ્રયોજવી એ પણ સામાન્ય જનોને ઘણું અઘરું પડે છે. આથી કેટલાકને મન ગુજરાતી વર્ણમાળામાં તથા બારાખડીમાં અમુક વર્ણોને લુપ્ત કરવાનું સૂચન ગમી જાય તેવું છે. ગુજરાતીમાં શબ્દ તત્સમ હોય કે તદ્‌ભવ, દરેક શબ્દમાં માત્ર 'ઈ' અને 'ઉ' અક્ષર તથા દીર્ઘ 'ઈ' અને હ્રસ્વ 'ઉ'નાં સ્વરચિહ્ન જ વાપરવાથી જોડણીની ઘણી ભૂલો આપોઆપ નિવારી શકાય.

પરંતુ ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ વિચારીએ તો સૂચિત વર્ણલોપનું વલણ તદ્દન અશાસ્ત્રીય છે. સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણીમાં **'पिता'**ને બદલે **'पीता'**, **'वधू'**ને બદલે **'वधु'**, **'दिन'**ને બદલે **'दीन'**, **'पाणिनि'**ને બદલે **'पाणीनी'** અને **'ऋषि'**ને બદલે **'रुशी'** કેવું કઢંગું લાગે ! ધારો કે વિદ્યાર્થી ગુજરાતી વિષયના વર્ગમાં **'पिता'**ને બદલે **'पीता'** અને **'वरवधू'**ને બદલે **'वरवधु'** લખતાં શીખે તો એ હિંદી તથા સંસ્કૃતના વર્ગમાં વળી **'पीता'**ને બદલે **'पिता'** અને **'वरवधु'**ને બદલે **'वरवधू'** લખવાનું યાદ રાખી શકશે ? જો સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણીમાં એને ભાષાવાર જુદીજુદી જોડણી કરવાનું યાદ રાખવું પડશે, તો એથી એના શિક્ષણમાં સરળતા આવશે કે જટિલતા ?

જો પ્રાદેશિક ભાષા તથા લિપિની અસ્મિતા જાળવવી હોય તો ખરી જોડણી યાદ રાખવાની તકલીફ લેવી અનિવાર્ય ગણાય. અભ્યાસથી બધું સાધ્ય છે. **અઘરું પડે છે તેથી એનો સદંતર લોપ કરી દો એ વલણ કોઈ પણ રીતે યોગ્ય ગણાય નહિ.** જોડણી યાદ રાખવાની વિટંબના નિવારવા **'मूले कुठारः'** અનુસાર **'ઈ-ઊ'**નો જ સમૂળો લોપ કરવો એ સૂચન નથી વ્યાવહારિક, નથી તર્કયુક્ત કે નથી સંભવિત.

૨. **'ऋ'** સ્વરનું ખરું ઉચ્ચારણ લુપ્ત થઈ ગયું છે. હાલ આપણે એનો ઉચ્ચાર **'રુ'** જેવો કરીએ છીએ. **'ऋ'**નો ખરો ઉચ્ચાર આપણે ન કરી શકીએ એટલા માત્રથી **'ऋ'** ચિહ્નને લિપિમાંથી લુપ્ત કરવું યોગ્ય લાગતું નથી. **'ऋषि'**માં **'ऋ'**ને બદલે **'રુ'** લખવું જરાય શોભે નહિ. **'राजर्षि, महर्षि, ब्रह्मर्षि, सप्तर्षि'** જેવા શબ્દોનું બંધારણ (સ્વરૂપ) સમજવું પણ મુશ્કેલ બની જાય.

'ऐ'ને બદલે **'अई'** અને **'औ'**ને બદલે **'अउ'** લખવાથી કોઈ અલ્પશિક્ષિત લખતું હોય તેવું લાગશે. **'धईर्य'** અને **'शउर्य'** જેવી જોડણી કેવી કઢંગી લાગે ! આ તો અક્ષરોની કરકસર નહિ, કંજૂસાઈ ગણાય !

✵

અનુસ્વાર અને વિસર્ગ

અનુસ્વાર અને વિસર્ગ એ સંસ્કૃતમાંથી ઉદ્ભવેલી સર્વ ભારતીય ભાષાઓ તથા એની લિપિઓનું આવશ્યક અંગ છે, તેનો લોપ કેવી રીતે થાય ? **'आव्या हता'** અને **'आव्यां हतां'** વચ્ચે સ્પષ્ટ અર્થભેદ છે. નારી જાતિ તથા નાન્યતર જાતિમાં અનુસ્વાર અધિક પ્રમાણમાં પ્રયોજાય છે. **'सारुं छोकरुं'** અને **'सारां छोकरां'**માં અનુસ્વાર વિના કેમ ચાલે ? કવિશ્રી સુન્દરમે **'अनुस्वार'** કાવ્યમાં પ્રતિપાદિત કર્યું છે કે **'नान्यतरमां सदा वसुं'.**

સ્વરો તથા વ્યંજનો સાથે અનુસ્વાર બહોળા પ્રમાણમાં સંકળાયેલો છે, બારાખડીના બારેય અક્ષરોમાં.

અનુસ્વાર વિના **'मा'**(નામ) અને **'मां'**(પ્રત્યય) વચ્ચેનો ભેદ કેવી રીતે દર્શાવાય ?

સૌરાષ્ટ્રમાં અનુસ્વારનું વધુ સ્પષ્ટ ઉચ્ચારણ પ્રચલિત છે.

અનુનાસિકની જગ્યાએ બધે અનુસ્વાર વપરાય તો 'ङ-ञ' વિના ચાલી શકે, પણ 'દાન્ત' અને 'દાંત' જેવા શબ્દોમાં અર્થભેદ કેવી રીતે બતાવાશે ?

વિસર્ગ એના પ્રમાણમાં સંસ્કૃત કરતાં અર્વાચીન ભાષાઓમાં ઓછા પ્રમાણમાં પ્રયોજાય છે. **'દુઃખ'**નું **'દુખ'** કે **'દૂખ'** કરીએ તો સંસ્કૃતપ્રેમીઓ જરૂર દુઃખી થાય. વળી **'અંતઃકરણ, નિઃશસ્ત્ર, નિઃશુલ્ક, નિઃશેષ, નિઃશંક, નિઃશ્વાસ, નિઃસત્ત્વ, નિઃસરણ, નિઃસહાય, નિઃસીમ, નિઃસંકોચ, નિઃસંગ, નિઃસંતાન, નિઃસંદેહ, નિઃસ્નેહ, નિઃસ્પૃહ'** તથા **'દુઃસાહસ, દુઃશાસન'** જેવા શબ્દોમાં વિસર્ગ વિના ચાલે તેમ નથી – તે અનિવાર્ય છે. વિસર્ગના અભાવે **'નિ'** અને **'નિઃ'** વચ્ચે કેટલો બધો ગોટાળો થાય ?

❋

સરલીકરણને પણ સીમા હોય

'ક્ષ'માં **'ક્ષ'**ને બદલે **'ક્ષ'** પ્રયોજવાથી ને **'જ્ઞ'**માં **'જ્ઞ'**ને બદલે **'ગ્ન'** પ્રયોજવાથી પ્રચલિત ઉચ્ચારણ પ્રમાણે જોડણી થશે, પણ શબ્દનું મૂળ રૂપ સમજાશે ખરું ? **અંગ્રેજી ભાષામાં શબ્દેશબ્દની જોડણી યાદ રાખવી પડે છે. 'Light, the, Though, Aunt, Uncle, Mother, Week, Son, Sun, Daughter' એવા અનેક શબ્દોની જોડણી યાદ રાખવી પડે છે. એની સરખામણીએ આપણે તો ઘણું ઓછું યાદ રાખવું પડે છે.** વળી સંસ્કૃત, હિંદી, મરાઠી, બંગાળી વગેરે ભાષાઓમાં આવા મોટાં ક્રાંતિકારી ફેરફાર કરવાનું વિચારાતું નથી તો શું ગુજરાતી ભાષામાં જ આવું સરલીકરણ કરવું જરૂરી છે ? સરલીકરણને પણ સીમા હોય. **સરલીકરણ માટે શતકોથી રૂઢ થયેલા અનેક વર્ણોને તથા સ્વરચિહ્નોને મનસ્વી રીતે લુપ્ત કરી દેવાય નહિ.**

ખરી વાત એ છે કે વર્તમાન ભારતીય ભાષાઓમાં જ્યાં સુધી તત્સમ શબ્દોની જોડણી બાબતમાં કોઈ એકસરખા સુધારા કરવાનું અપનાવવાનું નક્કી ન થાય ત્યાં સુધી માત્ર ગુજરાતી લિપિમાં આવા ભારે ફેરફાર કરવાનું નક્કી કરી શકાય નહિ. કેમ કે એમ કરવા જતાં વિદ્યાર્થીના ભણતરમાં સરળતા આવવાને બદલે ગૂંચવાડો થવાનો. આ મુદ્દો સુધારાના આગ્રહી શિક્ષણકારોના મનમાં કેમ નહિ આવ્યો હોય ?

આ બાબતમાં આપણને સૂઝ્યું એટલે આપણે પહેલ કરીએ; આગળ જતાં બીજાઓ આપણને અનુસરશે એવી દલીલ કરવી અસ્થાને છે, કેમ કે તે દરમિયાન શિક્ષણમાં નરી અરાજકતા પ્રવર્તે.

જોડણીમાં સુધારા કરવા એ પ્રમાણમાં સરળ છે, જ્યારે લિપિપરિવર્તનનાં સૂચન એટલાં ક્રાંતિકારી છે કે એનાથી સમગ્ર ગુજરાતી લિપિનું જ સ્વરૂપ બદલાઈ જાય. ભાષા અને લિપિ એ સામાજિક વારસો છે, જેની પાછળ પેઢીઓ અને હજારો વર્ષોનું સાતત્ય રહેલું હોય છે. **આથી એમાં કોઈની કલ્પના કે કલમ અનુસાર આવા ક્રાંતિકારી ફેરફાર કરી શકાય નહિ. આ અગાઉ પણ આવા જે ફેરફાર સૂચવાયા છે તે લોકોમાં રૂઢ થઈ શક્યા નથી. પરિવર્તન હંમેશાં ક્રમિક અને મંદ હોય તો જ લોકભોગ્ય બની શકે છે.**

ભાષા અને લિપિ એ માનવની સ્વાભાવિક પ્રક્રિયા છે. એ હરહંમેશ વહેતા પ્રવાહ જેવી ગતિમાન છે, ક્યારેય સ્થગિત રહી શકે નહિ. વહેતા પ્રવાહમાં નિરંતર પરિવર્તન થયા જ કરે, એને કોઈ રોકી શકે નહિ. પરંતુ એ પરિવર્તન ઘણું સ્વાભાવિક અને અગોચર હોય છે. એ માનવના કૃત્રિમ આયાસથી ભાગ્યે જ સિદ્ધ થાય છે. **કૃત્રિમ પ્રયાસોથી લદાતાં પરિવર્તન કામિયાબ નીવડતાં નથી.**

યુગેયુગે સુધારાવધારા તો થયા જ કરે, એને કોઈ રોકી શકે નહિ, પરંતુ એ પ્રક્રિયા સહજ અને સ્વાભાવિક હોવી જોઈએ. મંદ ગતિએ થયેલું કુદરતી પરિવર્તન જ કામિયાબ નીવડી શકે છે. કોઈ બુદ્ધિશાળી મનુષ્ય કે થોડા મનુષ્ય પોતાની કલ્પના પ્રમાણે ભાષા કે લિપિમાં કોઈ મોટા ફેરફાર કરવાનું સૂચવે તો તેનો તે મનોરથ જનતામાં લોકપ્રિય બનશે નહિ. પરિવર્તન ક્રમિક, ધીમું અને લોકભોગ્ય હોય તો જ તે લોકસમુદાયમાં પ્રચલિત થઈ શકે. **શતકોથી સમાજમાં પ્રચલિત રહેલા વર્ણોને કે સ્વરચિહ્નોને વર્ણમાળામાંથી સદંતર લુપ્ત કરવાં એ કોઈ રીતે શક્ય નથી, હિતાવહ પણ નથી.**

– ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)

❋

૨. 'ऋ' આપણે સ્વીકાર્યો જ છે. ભલે ત્રણેક હજાર વરસોથી આપણે **'ऋ-ॠ-ऌ'**નાં સ્વરોચ્ચારણ સંસ્કૃતમાં પણ ગુમાવ્યાં છે, છતાં લખાય છે. ગુજરાતી-હિંદી વગેરેમાં તત્સમ શબ્દોને માટે જોડણીમાં **'ऋ'** આપણે જાળવ્યો છે.

– શ્રી કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)



૩. **'ऋषि, ऋतु, ऋण, ऋषभदेव'**માં વપરાતો **'ऋ'** એક સ્વર છે, વ્યંજન નથી. **'देवर्षि'**ની સંધિ **'देव + रुषि'** કે **रुशि** સાથે સંગત નથી.

જો **'ऋ'**ને બદલે **'रु'** લખવામાં આવે તો **'नैर्ऋत्य-नैर्रुत्य, ऋत - रुत, ऋषभ-रुषभ, ऋण-रुण, ऋचा-रुचा, ऋजु-रुजु, ऋषि-रुशि, ऋत्विज-रुत्विज'** આવા અનેક શબ્દોની આકૃતિ-સ્વરૂપ-ઉચ્ચારણ બધું બદલાઈ જાય. **'ऋ'** સ્વરનું ઉચ્ચારણ **'रु'** વ્યંજનમાં બદલાઈ જાય.

– ડૉ. પ્રવીણચંદ્ર ચિ. પરીખ (અમદાવાદ)



૪. **'ऋ'**ના સ્થાને **'रु'**નો સ્વીકાર કરવામાં આવે તો **'ऋ'**ની સંધિના નિયમમાં ફેરફાર કરવો પડશે. **'अ'** કે **'आ'** પછી **'ऋ' = 'अर्'**ને બદલે **'अ'** કે **'आ'** પછી **'रु' = 'अर्'** એમ કહેવું પડશે. પરિણામે **महा + रुषि = 'महर्षि'**ની જેમ **महा + रुदन = 'महर्दन'** આવી અનિષ્ટ સંધિ ફલિત થશે.

– પંન્યાસશ્રી જયસુંદરવિજયજી

૫. 'ઋ' એ સ્વતન્ત્ર સ્વર છે. 'રુ' એ 'ર્+ઉ'નું સંયોજન છે. બંનેની પરિસ્થતિ ભિન્ન છે. એકના સ્થાને બીજાને બેસાડવાથી શબ્દાન્તર થઈ જાય અને અર્થભેદ પણ થઈ જાય.

– શ્રી નટવરલાલ યાજ્ઞિક (અમદાવાદ)



૬. 'ઋ-ૠ-ऌ'નાં મૂળ ઉચ્ચારણો બોલવામાં ઘસાઈ ગયાં છે અને એના સ્થાને પ્રાદેશિક ઉચ્ચારણભેદ દાખલ થઈ ગયો છે. દા.ત., **'કૃષ્ણ'**નો ઉચ્ચાર ક્યાંક **'ક્રિષ્ણ'**, ક્યાંક **'કુષ્ણ'**, તો વળી ક્યાંક **'કૄષ્ણ'** એવો કરવામાં આવે છે. ઉચ્ચારણના આ ઘસારાને કારણે લિપિમાં પણ એવા ફેરફાર કરી દઈએ તો શબ્દની વ્યુત્પત્તિ અને સંધિનું શું થાય ? છન્દનું શું થાય ? મંત્રોની શુદ્ધતાનું શું થાય ? સમગ્ર વાઙ્મયનો એથી તો એક જબરો ગોટાળો થઈ જાય. ભાષાનું અનુશાસન જ માર્યું જાય. ભાષાવિકાસનું અનુશાસન જ ખતમ થઈ જાય.

– શ્રી કેશવલાલ શાસ્ત્રી (રાજકોટ)



૭. **'ઋ-ૠ'** રદ કરીને **'રુ-રૂ'** કરવામાં આવે તો પ્રાચીન ગ્રંથોમાં જ્યાં એ વર્ણચિહ્નો છે તેને સાચી રીતે સમજવામાં મુશ્કેલી આવશે. કારણ કે **'ઋ-ૠ'** એ સ્વરો છે, જ્યારે **'રુ-રૂ'** એ **'ર્+ઉ, ર્+ઊ'** એમ વ્યંજન + સ્વરથી બનેલા અક્ષરો છે એ જ્ઞાન નવી પેઢીને નહિ થાય—અજ્ઞાનમાં વધારો થશે.

'ળ'ને બદલે **'લ'** કે **'ર'**નું ચિહ્ન રાખીએ તોપણ આવું જ પરિણામ આવે. **'ળ'**ને બદલે **'લ'** તો ઠીક, પણ **'ર'** તો ચોખ્ખો ઉચ્ચારણદોષ કહેવાય. જેમ કે, **ફળ-ફર**

– ડૉ. નારાયણ એમ. કંસારા (અમદાવાદ)



૮. ગુજરાતી લિપિમાંથી **'ઋ-ૠ'** રદ કરીને **'રુ-રૂ'** કરવામાં આવે તો તથા **'ઙ-ઞ-ષ'** વ્યંજનો અને કોઈ સ્વરોને ઓછા કરવામાં આવે તો સંસ્કૃત ભાષાના ગ્રંથો ગુજરાતી લિપિમાં છાપી શકાય નહિ. મંત્રશાસ્ત્રો અને છંદશાસ્ત્રોની બાબતમાં પણ કાંઈ ને કાંઈ તકલીફ ઊભી થાય.

– શ્રી લક્ષ્મણભાઈ ભોજક (અમદાવાદ)



૯. અનુસ્વાર અને વિસર્ગ વૈદિકી તેમ જ સંસ્કૃત ભાષાની મૂડી છે. આમાં અનુસ્વાર પાલિથી લઈ અપભ્રંશ ભાષાઓ સુધી (નાસિક્ય સ્વરો પછી વર્ગીય વગેરે અનુનાસિક વ્યંજનો બોલાતા હોવા છતાં) અનુસ્વાર જ લખાયેલ છે. વિસર્ગ માત્ર **'દુઃખ, અંતઃકરણ'** જેવા સંસ્કૃત તત્સમ થોડા જ શબ્દોમાં જોડણીની શુદ્ધિ માટે આદૃત થયો છે.

– શ્રી કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)

૧૦. અનુસ્વાર અને વિસર્ગનો ઉપયોગ સ્વરોની સાથે એટલા માટે કરવામાં આવે છે કે અર્ધમાત્રિક વ્યંજનોનું ઉચ્ચારણ સ્વર વિના થતું નથી, તેમ પામાત્રિક અનુસ્વાર અને વિસર્ગનું ઉચ્ચારણ પણ સ્વર વિના સર્વથા અશક્ય છે. 'અ' = એક માત્રા, 'ક્' = અર્ધમાત્રા, **'અનુસ્વાર-વિસર્ગ'** = પા(૦।) માત્રા

– ડૉ. પ્રવીણચંદ્ર ચિ. પરીખ (અમદાવાદ)

❀

૧૧. અનુસ્વાર અને વિસર્ગ બંને વ્યંજનો છે, સ્વર નથી. છતાં તેને વ્યંજનોથી જુદા બતાવવાનું કારણ એ છે કે બીજા વ્યંજનોમાં વ્યંજનના ઉચ્ચારણ પછી સ્વરનું ઉચ્ચારણ થાય છે, જ્યારે અનુસ્વાર-વિસર્ગમાં પ્રથમ સ્વરનું અને પછી વ્યંજનનું ઉચ્ચારણ થાય છે. એટલે અનુસ્વાર અને વિસર્ગને સ્વરના ભેદરૂપે કહેવાય નહિ એમ શ્રી હેમચંદ્રાચાર્યજી માને છે. વ્યવહારમાં **'ઓ-ઔ'** સ્વરો પછી અનુસ્વાર-વિસર્ગને ગણાવાય છે તેથી તેમ જ **'ક'** આદિ વ્યંજનોને **૧૨** સ્વરો લગાવી **'બારાક્ષરી'** બનાવાય છે તેમાં મુકાય છે. તેથી તે અનુસ્વાર-વિસર્ગને સ્વર પછી મૂક્યા છે. પરંતુ અનુસ્વાર, **'મ્'** અને **'ન્'**ના સ્થાને અને વિસર્ગ, **'સ્'** અને **'ર્'**ના સ્થાને હોવાથી તે વ્યંજનાદેશરૂપે વ્યંજન જ ગણાય.

– પ્રા. રતિલાલ દોશી (અમદાવાદ)

❋

૧૨. **વિસર્ગ** (:) એ વિસર્ગ તરીકે તો લગભગ દૂર થઈ જ ચૂક્યો છે, પણ બીજાં કારણોસર તે ગુજરાતી અને અન્ય બધી જ ભાષાઓમાં વપરાય છે. ટાઇપરાઇટર અને કમ્પ્યુટરના કીબૉર્ડ પર પણ દેખાય છે. એ અર્થમાં તો એને દૂર કરી શકાય જ નહિ. આમેય વિસર્ગનો ઉપયોગ **'દુઃ'** થી શરૂ થતા દસ અને **'નિઃ'**થી શરૂ થતા ત્રીસ શબ્દોમાં (જો જાણકારી અને ઇચ્છા હોય તો) પ્રયોજાય છે. તેને કાઢવાની જરૂર શી છે ?

– શ્રી મહેન્દ્ર પંડ્યા (મુંબઈ)

❋

૧૩. **'અ'**ની ઉપર ' ે ' (માત્રાનું) આવું ચિહ્ન મૂકીને **'એ'** લખાય છે તે તેની સ્વતન્ત્ર સંજ્ઞા છે. **'ક્ + એ = કે'**ની માફક **'અ + એ = એ'** એવું નથી. આ જ પ્રમાણે **'ઐ - ઓ - ઔ'**ની બાબતમાં પણ સમજવું.

– પંન્યાસશ્રી જયસુંદરવિજયજી

❋

૧૪. **'આ-ઈ-ઊ-ૠ'** આ ચારેય દીર્ઘ સ્વરો સવર્ણ સ્વરો સાથે મળવાથી થયા છે, પણ વિજાતીય સ્વરો સાથે મળીને થયા નથી. તેથી એને સન્ધ્યક્ષર ગણ્યા નથી. વિજાતીય સ્વરો સાથે મળીને જો એ ભિન્ન સ્વરૂપે થયા હોય તો જ એને સન્ધ્યક્ષર ગણી શકાય. સન્ધ્યક્ષર અને સંયુક્તાક્ષરમાં ફરક છે : બે સજાતીય સ્વરો મળે એ **'સંયુક્તાક્ષર'** કહેવાય અને બે વિજાતીય સ્વરો મળે એ **'સન્ધ્યક્ષર'** કહેવાય.

– શ્રી કેશવલાલ શાસ્ત્રી (રાજકોટ)

૧૫. દીર્ઘ સ્વરો 'તે'નો 'તે'જ સ્વર લંબાવતાં ઉચ્ચરિત થાય છે, તેથી તે સંધિસ્વરો નથી, વળી એ કોઈ આદેશ પણ નથી, કારણ કે આદેશ તો એકના સ્થાને બીજાને બેસાડી દેવામાં આવે છે.

– શ્રી કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)



૧૬. **અ+ઈ=એ । અ+ઉ=ઓ ।** આ બંને સન્ધ્યક્ષરો છે. પંરતુ એકનો એક જ સવર્ણ સ્વર જોડાય તો તે સન્ધ્યક્ષર બનતો નથી. વિજાતીય સ્વર હોય તો સંધિ થાય. આથી **'આ-ઈ-ઊ-ઋ'**ને સન્ધ્યક્ષર ગણવામાં આવતા નથી. **'ઈ+ઈ'** કે **'ઈ+ઈ'**ની સાથે **'ઈ'** એ આદેશ નથી; કારણ કે બંનેની **'ઈ'**માં જ એકરૂપતા થાય છે, તેથી એ આદેશ નથી. **'અ'** અને **'આ'**નો જેમ માત્રાભેદ છે, તેમ **'ઈ'** અને **'ઈ'**નો પણ માત્રાભેદ છે.

– ડૉ. પ્રવીણચંદ્ર ચિ. પરીખ (અમદાવાદ)



૧૭. **'આ-ઈ-ઊ'** વગેરે સન્ધ્યક્ષર નથી, કારણ કે એમાં મૂળ એકમાત્રિક સ્વર લંબાઈને દ્વિમાત્રિક બને છે. બે હ્રસ્વ વગેરેના સ્થાને એક દીર્ઘ આવે તેને દીર્ઘાદેશ કહે છે. આદેશ એટલે વૈયાકરણે બતાવેલા નિયમરૂપી આજ્ઞા. એમાં આજ્ઞાપાલન જ અપેક્ષિત છે. બેના સ્થાને એક કેમ આવ્યો એવો નિરર્થક પ્રશ્ન અપેક્ષિત નથી. પ્રત્યક્ષ ભાષામાં આમ બને છે જ. તેથી આમ સ્વીકારવું એવી આજ્ઞા છે – એવો આદેશ છે.

– ડૉ. નારાયણ એમ. કંસારા (અમદાવાદ)



૧૮. જેમ **'અ'** સ્વર સ્વતન્ત્ર છે તેમ **'એ-ઐ-ઓ-ઔ'** આ ચાર સ્વરો પણ સ્વતન્ત્ર જ છે. કેટલેક સ્થળે (**'અ+ઈ=એ'** વગેરે) આ ચાર સ્વરો સન્ધિથી પણ બને છે માટે સન્ધ્યક્ષર કહેવાય છે. તોપણ એનો અર્થ એવો તો નથી જ કે સન્ધિ વિના આ ચાર સ્વરો હોઈ શકે નહિ. **'खेल्, धे'** વગેરે ધાતુઓમાં રહેલો **'ए'** સંધિથી બનેલો નથી.

– પ્રા. રતિલાલ દોશી (અમદાવાદ)



૧૯. **'ए-ऐ-ओ-औ'** આ ચાર સ્વરો સન્ધિથી બન્યા હોય તોય તેમાં **'अ'** છે જ નહિ. તેવા પ્રકારના નિયમના કારણે **'अ+इ'** વગેરેના સ્થાને સ્વતન્ત્ર એવા **'ए-ऐ-ओ-औ'** છે. તે સંધિનિષ્પન્ન છે, પણ **'कृ+ई=किं'** એમ બેના સરવાળારૂપ નથી.

– આચાર્યશ્રી જગચ્ચન્દ્રસૂરિજી

'ઙ-ઞ'ને બદલે 'ન' લખવો તદ્દન ભ્રામક છે

૨૦. **'ઙ-ઞ'નાં સ્થાન નિશ્ચિત છે. એ બેને બદલે 'ન' લખવો તદ્દન ભ્રામક છે.** છેક વેદકાળથી અનુનાસિક ઉચ્ચારણ અને અનુસ્વાર એ બે જુદાં છે. કારણ કે અનુનાસિક વિશેષણરૂપ છે, જ્યારે અનુસ્વાર નામ છે.

વર્ગીય વ્યંજનો અને **'ય-વ-લ'** પૂર્વે પરસવર્ણ ઉચ્ચરિત થાય છે, તેથી સંસ્કૃત શુદ્ધ જોડણી અખંડ શબ્દાન્તર્ગત સ્થિતિમાં પૂર્વસ્વર નાકમાંથી ઉચ્ચરિત થતો હોવાથી લિપિમાં ખાસ ઊભા કરેલા **'ઙ-ઞ-ણ-ન-મ'** સંકેતો આવશ્યક છે.

ગુજરાતીમાં **'અનુનાસિક ઉચ્ચારણ'** અને **'અનુસ્વાર'** વચ્ચે લેખન-મુદ્રણમાં ભલે ભેદ ન હોય, પણ ઉચ્ચારણમાં તો ભેદ છે જ : **'कांस्य'** અને **'કાંસું'**, **'હંસ'** અને **'હાંસ'** જેવા અનેક શબ્દો એનાં ઉદાહરણરૂપ છે. આ બંને પ્રકારનાં ઉચ્ચારણો લેખનમાં આપણે બિંદુથી વ્યક્ત કરીએ છીએ. જીવતી ભાષા હોઈ ઉચ્ચારણ શુદ્ધ કરીએ છીએ. **'कङ्कण-पञ्च-मण्डप'**માં સ્વાભાવિક તે તે વર્ગનું ઉચ્ચારણ છે, જ્યારે **'कन्कण-पन्च-मन्डप'** લખતાં ઉચ્ચારણો **'कन्कण-पन्च-मन्डप'** જેવાં થવાનાં. હા, અંગ્રેજી તત્સમ શબ્દોમાં 'ટ-ડ' પહેલાં **'सुपरिन्टेन्डन्ट'** આમ (**'ण'**ને બદલે **'न'**) લખાય છે, પણ એ આ વિદેશી શબ્દો પૂરતું જ લખાય-છપાય છે. ગુજરાતીમાં આ શક્યતા નથી, તેથી ડિગ્રીનું ચિહ્ન પોલું મીંડું છે, એ સ્વીકારાય તો પછી ટેવાઈ જવાશે.

વૈદિક સાહિત્યમાં શુદ્ધ અનુનાસિક કિંવા નાસિક્ય સ્વરો હતા તે પ્રાકૃતોમાં અલભ્ય બન્યા, પરંતુ અપભ્રંશ ભાષાઓમાં વિકસ્યા. પછી આર્યભારતીય, નવ્ય મધ્યકાલીન અને અર્વાચીન ભાષાઓમાં છે. જેમ કે, **'कांस्य'** (**काँस्य**), પણ **'કાંસું'** (**કાઁસું**). આપણા મગજમાં આ ભેદ સ્પષ્ટ હોવો જોઈએ. **સ્વ.બ.ક. ઠાકોરે** અનુસ્વાર પોલા મીંડાથી પોતાના વિશિષ્ટ ગ્રંથોમાં સૂચવ્યો છે. 'બૃહદ્ ગુજરાતી કોશ'માં મેં **'હંસ-પ્રશંસા'** વગેરે શબ્દોની પાસે કૌંસમાં **'હઁસ-પ્રશંસા'** આ દૃષ્ટિએ સાચા ઉચ્ચાર કરવા બતાવેલ છે. હિંદીવાળા અનુનાસિક **'ँ'** આમ ચંદ્રબિંદુથી અને અનુસ્વાર **'ं'** બિંદુથી (ટપકાથી) બતાવે છે.

'ન-મ'ની એક લાક્ષણિકતા છે. શબ્દારંભે એ નાસિકાસ્થાનીય નથી. માત્ર એની પૂર્વે સ્વર હોય તો જ એ નાકમાંથી ઉચ્ચરિત થાય છે અને એના ઉપર અનુસ્વાર ન લખતાં પછી **'ન-મ'** લખાય છે. અનુનાસિકનો અર્થ જ નાસિકોચ્ચારણ પછી. આપણા ચતુર પૂર્વજોએ આપણી દેવનાગરી લિપિ જેમાંથી ઊતરી આવી છે તે બ્રાહ્મી લિપિમાં એના સ્વતંત્ર સંકેતો ઊભા કર્યા. ઉપર બતાવેલી **'ન-મ'**ની લાક્ષણિકતાને કારણે વિદેશી લિપિઓમાં આ બે વ્યંજનો સુલભ છે.

'ષ'નો ભેદ તત્સમ શબ્દોમાં તો આપણે અનિવાર્ય રીતે આપ્યો જ છે. એને સંસ્કૃત તત્સમ શબ્દો પૂરતો જતો કરી શકાય એમ નથી.

– શ્રી કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)

૨૧. 'ઙ-ઞ'ના સ્થાને **'ન'** લખવો એ વિચાર અવૈજ્ઞાનિક છે. અનુનાસિક વર્ણવાળા જોડાક્ષરોમાં જ્યાં અનુનાસિક ઉચ્ચારણ થતું હોય ત્યાં અનુસ્વાર ન પ્રયોજતાં અનુનાસિક પ્રયોજવા ઘટે. તેથી વર્ણમાળામાં **'ઙ-ઞ-ણ'** પણ આવશ્યક બની રહે છે.

— પ્રા. વ્રજલાલ વાલજી ઉપાધ્યાય (જામનગર)

૨૨. 'ઙ-ઞ' અનુનાસિકો છે. સંધિની વિવક્ષા ન હોય તો અનુસ્વાર અથવા **'ન'** કે **'મ'**નો પ્રયોગ તેમને સ્થાને થતો જોવાય છે. વસ્તુતઃ અહીં પણ અક્ષરભેદે શબ્દભેદ અને અર્થભેદ થવાનો સંભવ ખરો.

— શ્રી નટવરલાલ યાજ્ઞિક (અમદાવાદ)

૨૩. 'ઙ-ઞ' આ બે અનુનાસિક વ્યંજનો હાલ ગુજરાતીમાં ભાગ્યે જ પ્રયોજાય છે. ગુજરાતીમાં તે તે વર્ગના અનુનાસિકોને બદલે સર્વત્ર અનુસ્વાર પ્રયોજવાનું પ્રચલિત છે. આથી નાગરી લિપિમાં 'ઙ-ઞ'ની જાણકારી ધરાવીને, ગુજરાતીમાં એ બે વ્યંજનોને પડતા મુકાય તો વાંધો ન આવે, પરન્તુ શિષ્ટ સાહિત્યમાં **'ક'**થી **'મ'**ના જોડાક્ષરોમાં અનુનાસિક આવશ્યક ગણાય, તેથી 'ઙ-ઞ'ને ચાલુ રાખવા પડે. **'વાઙ્મય'** જેવા શબ્દોમાં 'ઙ' અનિવાર્ય છે.

'ણ'નો ઉપયોગ તો **'પાણી'** જેવા અનેક શબ્દોમાં અનિવાર્ય છે. એવી જ રીતે ગુજરાતીમાં **'હળ'** જેવા અનેક શબ્દોમાં **'ળ'** પણ અનિવાર્ય છે.

— ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)

૨૪. **'ઙ-ઞ-ષ'** રદ કરવાથી આ વર્ણોવાળા પ્રાચીન સંસ્કૃત શબ્દોને સમજવામાં મુશ્કેલી પડશે.

— ડૉ. નારાયણ એમ. કંસારા (અમદાવાદ)

૨૫. લિપિમાંથી **'ઙ-ઞ-ષ'** વ્યંજનોને રદ કરવામાં આવે તો ઉચ્ચારણમાં અનેક ગૂંચવાડા અને ગોટાળા ઊભા થાય. દા.ત., **'વાઙ્મય - વાંમય, યાચ્ઞા - યાચાં, વાઞ્છા - વાંછા, શાર્ઙ્ગધર - શાંર્ગધર'** થાય.

વૈદિક-લૌકિક સંસ્કૃત, પાલિ, અર્ધમાગધી, પ્રાકૃતો અને તિબેટી ભાષામાં 'ઙ-ઞ'નો પુષ્કળ પ્રયોગ છે. આ ભાષાઓનાં પુસ્તકો ગુજરાતી લિપિમાં લિપ્યન્તર કરવા જતાં મુશ્કેલી ઊભી થાય.

— ડૉ. પ્રવીણચંદ્ર ચિ. પરીખ (અમદાવાદ)

૨૬. 'ઙ-ઞ' આ બે અનુનાસિક ચાલુ લિપિમાં ઘણું ખરું અનુસ્વાર તરીકે જ જોવા મળે છે. જેમ કે **શઙ્કા - શંકા, ર�ङ्क - રંક, ચઞ્ચુ - ચંચુ, વાઞ્છા - વાંછા** સાચી રીતે તો **'ઙ-ઞ'** જ લખાવા જોઈએ.

'ઙ-ઞ'ને લિપિમાંથી રદ કરવાની સૂચના તદ્દન વાહિયાત છે. **'ઙ-ઞ'**ના ઉચ્ચાર આપણે કરીએ જ છીએ. એટલે જે ધ્વનિનું ઉચ્ચારણ કરાતું હોય તેને માટેની નિશાની લિપિમાં હોય એય રદ કરવી એ તદ્દન અસ્વીકાર્ય સૂચન છે.

– ડૉ. ભારતી મોદી (વડોદરા)

ભાષામાં પ્રકૃતિથી જ ઉચ્ચારાતાં 'ઙ-ઞ'ને રદ કરવાની વાતમાં વૈજ્ઞાનિકતા નથી

૨૭. નાસિક્ય વ્યંજન + સમ ઉચ્ચારણસ્થાન વ્યંજન – એ ક્રમમાં આવતા વ્યંજનના જોડાક્ષર એ મનુષ્યની ભાષાની ઉચ્ચારણમૂલક કુદરતી અર્થાત્ સ્વાભાવિક પ્રક્રિયા છે. આમ દુનિયાની મોટા ભાગની ભાષાઓમાં જ્યાં નાસિક્ય+ વ્યંજન એ સ્વરૂપના જોડાક્ષર હોય ત્યાં ઉચ્ચારણમૂલક સ્વાભાવિકતાથી તે બંને ધ્વનિ સમઉચ્ચારણસ્થાની બનતા હોય છે. સમઉચ્ચારણસ્થાન એટલે નાસિક્ય વ્યંજન જે વર્ગનો હોય તે જ વર્ગનો વ્યંજન તેની સાથે જોડાય. દા.ત., **'અङ्ग-પञ્ચ-કણ્ઠ'** વગેરે. આ એક વૈશ્વિક સ્વાભાવિકતા છે અને તે માનવપ્રકૃતિ-જન્ય જ છે. સ્વભાવથી જ મનુષ્ય પોતાના હરેક કામમાં મહેનત બને તેટલી ઓછી થાય એવો પ્રયત્ન કરતો હોય છે. 'Economy of efforts'ના સિદ્ધાંત પ્રમાણે બોલવામાં પણ સહેલા પડે એવા ધ્વનિજૂથ મનુષ્ય માતૃભાષાની પ્રકૃતિને અનુરૂપ પસંદ કરતો હોય છે. ઉચ્ચારણસ્થાન એક જ રાખવું. જેમકે **'ઙ'** અનુનાસિક સાથે કંઠ્ય વ્યંજનો, **'ન'** અનુનાસિક સાથે દંત્ય વ્યંજનો (અર્થાત્ કંઠ્ય અનુના. સાથે કંઠ્ય વ્યંજનો, દંત્ય અનુના. સાથે દંત્ય વ્યંજનો વગેરે), ઘોષત્વ કે અઘોષત્વનું બંને ધ્વનિમાં હોવું (અર્થાત્ ઘોષ વ્યંજન સાથે ઘોષ વ્યંજન અને અઘોષ વ્યંજન સાથે અઘોષ વ્યંજન જ જોડાય છે.) દા.ત., **'હસ્ત'**માં **'સ્+ત'** બંને અઘોષ, પણ **'સ્તબ્ધ'**માં **'બ્+ધ'** બંને ઘોષ. આધુનિક ધ્વનિવિજ્ઞાનમાં **'ય-વ'** અર્ધસ્વર કે અર્ધવ્યંજન કહેવાય છે. આ અર્ધસ્વર **'ય-વ'** બીજા (ઉત્તર)વ્યંજન તરીકે આવે છે. દા.ત., **હાસ્ય, તથ્ય, હ્રસ્વ** વગેરે. આમ આ બધું જ સ્વાભાવિક રીતે સુગમ-સુકર થતું હોય છે અર્થાત્ એ બધું ઉચ્ચારણ અંગોને ઓછી મહેનત પડે એવું હોય છે.

આ એક મહત્ત્વનું વૈજ્ઞાનિક સત્ય સ્વીકારીને આપણે વિચારીએ તો સમજાશે કે ભાષામાં જન્મતી અશુદ્ધિઓ ક્યારેય પ્રકૃતિ વિરુદ્ધ હોતી નથી. તાત્પર્ય એ છે કે ઉચ્ચારણો તો પ્રકૃતિવિરુદ્ધ ન જ હોય, પરંતુ અશુદ્ધિઓય મનુષ્યના ઉચ્ચારણ અવયવોને અનુકૂળ જ હોય છે. **'અન્ગ-પન્ચ-કન્ઠ'** વગેરે ઉદ્ભવી શકે જ નહિ. આવા શબ્દોનું ઉચ્ચારણ સ્વાભાવિક રીતે જ **'અઙ્ગ - પઞ્ચ - કણ્ઠ'** જ રહે અને તે સ્વાભાવિક હોવાથી તેમાં કોઈ પણ કાળે ફેરફાર થઈ શકે નહિ. તાત્પર્યાર્થ એ છે કે ભાષામાં પ્રકૃતિથી જ ઉચ્ચારાતાં 'ઙ-ઞ' અનુનાસિક વ્યંજન-ચિહ્નો લિપિમાંથી રદ કરવાની વાતમાં વૈજ્ઞાનિકતા નથી.

– ડૉ. ભારતી મોદી (વડોદરા)

૨૮. અનુનાસિક વર્ણવાળા જોડાક્ષરમાં જ્યાં અનુનાસિક ઉચ્ચારણ થતું હોય ત્યાં અનુસ્વાર ન પ્રયોજતાં અનુનાસિક પ્રયોજવા ઘટે એ સૂચન પ્રતીતિકર લાગે છે ને એ ન્યાયે લિપિમાં 'ઙ-ઞ-ણ' પણ આવશ્યક બની રહે.

– ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)

૨૯. **અનુનાસિક વર્ણોને આડેધડ 'ન' કે 'મ'માં પરિણમાવી શકાય નહિ.** અંગ્રેજી આદિ ભાષાઓ અને તેમની લિપિઓમાં કેટલાક વર્ણધ્વનિઓનાં પ્રતીકો(અક્ષરો) નથી, તેથી તે લિપિઓમાં ઉચ્ચારભેદ દર્શાવવા સારુ ડાયાક્રિટિકલ ચિહ્નોનો પ્રયોગ કરવો પડે છે. **સંસ્કૃત અને તેના કુળની ભાષાઓમાં તો ૬૩ કે ૬૪ વર્ણો અને લગભગ તેટલાં જ વર્ણપ્રતીકો છે. આ કારણે દેવનાગરી લિપિ કમ્પ્યુટરમાં પ્રયોજવા માટે આદર્શ લિપિ ગણાઈ છે.**

અર્ધશિક્ષિતો પણ અનુનાસિકો, ઉષ્માક્ષરો અને સ્પર્શ વ્યંજનોનાં સ્પષ્ટ ઉચ્ચારણો કરે છે. નિષ્કાળજી અને ખોટી ટેવને લીધે અનુનાસિકો, ઉષ્માક્ષરો અને અન્ય કેટલાક વર્ણોનાં ઉચ્ચારણોમાં અરાજકતા જણાય છે ખરી, પણ **સરળતાના નામે અનુનાસિક વર્ણોને 'ન-મ'માં પરિણમાવવા વગેરે બાબતો ચલાવી લેવાય નહિ.** ઉચ્ચારણ અને સ્વરભાર અંગેની સભાનતા કેળવવી ઘટે. **'સ'**નો **'ષ'** અને **'ત'**વર્ગનો **'ટ'**વર્ગ થાય, પણ તેનાથી ઊલટું ન થાય. **'ણ'**ને સ્થાને **'ન'** માત્ર અશાસ્ત્રીય જ છે એટલું જ નહિ, જનસાધારણના શુદ્ધ ઉચ્ચારણની એ સ્પષ્ટ અવગણના છે.

– શ્રી નટવરલાલ યાજ્ઞિક (અમદાવાદ)

૩૦. નરસિંહરાવ અનુસ્વારનાં વિવિધ ઉચ્ચારણોને કોમળ અને તીવ્ર એવા બે ભિન્ન વિશેષણોથી ઓળખાવે છે; પરન્તુ એથી કોઈ શાસ્ત્રીય વર્ગીકરણ થતું નથી, કારણ કે તીવ્ર અનુસ્વાર જેવું વાસ્તવમાં કાંઈ છે જ નહિ. વિદ્યાપીઠના જોડણીકોશે આ બંને પ્રકારનાં ઉચ્ચારણો દર્શાવવા માથે મીંડું મૂકવાની રીતને સ્વીકારી એમાંથી જ ઉચ્ચારણના ગોટાળા સરજાયા છે. તો આવા ગોટાળા દૂર કરવા તથા મૂળ ઉચ્ચારણ મુજબ ચોકસાઈથી લખાય અને પછી વાચક અજાણ્યા શબ્દને એટલી જ ચોકસાઈથી ઉચ્ચારી શકે એ માટે કહેવાતો તીવ્ર અનુસ્વાર દર્શાવવા આગલા સ્વરને માથે મીંડું મૂકવું નહિ, એને બદલે વર્ગીય અનુનાસિક વ્યંજન જ અર્ધો કરીને પછીના વ્યંજન સાથે જોડવો. દા.ત., **'શાન્તિ, અન્ત, કમ્પ, સમ્પ'** વગેરે. બીજી બાજુ જ્યાં કોમળ અનુનાસિક અર્થાત્ ખરેખર સ્વર નાસિક્ય થતો હોય ત્યાં જ મીંડું ચડાવવું. દા.ત., **'આંખ, પાંખ, અહીં, દહીં'** વગેરે.

'દાંત, કાંતવું' વગેરેમાં **'આ'** સ્વરનું નાસિક્ય ઉચ્ચારણ છે. **'દાન્ત, કાન્ત'** વગેરેમાં અનુનાસિક છે. બંનેના માથે મીંડું ચડાવવાની લેખનવ્યવસ્થાથી ઉચ્ચારણના ગોટાળા થાય છે. આ ગોટાળા અટકાવવા અનુનાસિકના સંયુક્તાક્ષર ઉપર મીંડું ચડાવવાની પ્રથા બંધ કરવી જોઈએ. ત્યાં મીંડું ચડાવવાને બદલે **'ન-મ-ણ'** આ અનુનાસિકો જ અડધા લખીને જોડવાની પદ્ધતિ અપનાવવી જોઈએ.

– પ્રા. રમણલાલ પાઠક (સૂરત)

૩૧. **'ષ'**નો ભેદ તત્સમ શબ્દોમાં તો આપણે અનિવાર્ય રીતે આપ્યો જ છે. એને સંસ્કૃત તત્સમ પૂરતો લેખનમાંથી જતો કરી શકાય એમ નથી.

– શ્રી કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)

૩૨. આપણને જે અક્ષરનો ઉચ્ચાર ન આવડતો હોય તે શીખી લેવો જોઈએ, પણ તે અક્ષરને લિપિમાંથી કાઢી નાખવો ન જોઈએ. મોટા ભાગના લોકો તો **'શ'** કે **'ષ'**ને બદલે **'સ'** જ બોલતા હોય છે. તો શું **'શ'** ને પણ કાઢી નાખશો ? દક્ષિણ ભારતના લોકો **'શ-ષ-સ'**ના ઉચ્ચારો સુપેરે કરતા હોય છે. તેમની પાસેથી શીખી શકાય.

– શ્રી મહેન્દ્ર પંડ્યા (મુંબઈ)

૩૩. **'ષ'** વ્યંજન ગુજરાતી તદ્‌ભવ શબ્દોમાં હંમેશાં **'શ'** રૂપે જ લખવો એ બરાબર હોય તોપણ ગુજરાતી તત્સમ શબ્દોમાં એની હયાતી અનિવાર્ય ગણાય. **'જોશી'**માં **'ષ'**ની જરૂર ન પડે, પણ **'જ્યોતિષી'**માં એના વિના ન ચાલે.

– ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)

૩૪. કોઈ પણ ભાષા પ્રગતિશીલ કે વિકસિત ત્યારે જ ગણાય છે જ્યારે એનું શબ્દભંડોળ સંખ્યામાં વિપુલ હોય અને સમયાંતરે એ વધતું રહેતું હોય. એવી જ રીતે ભાષાનો એક મહત્ત્વનો હેતુ **'સ્પષ્ટતા'**નો માનવામાં આવતો હોય તો લિપિમાં વર્ણકાપથી ઘણા શબ્દોના અર્થબોધમાં દ્વિધાઓ વધશે. એટલે સાચો માર્ગ તો એ છે કે અર્થબોધ અવરોધાય નહિ એ માટે પણ લિપિમાં વર્ણકાપ કરવો નહિ.

– પ્રા. રતિલાલ સાં. નાયક (અમદાવાદ)

૩૫. કેટલાક વર્ણાક્ષરોના ત્યાગને લીધે તે વર્ણવાળા શબ્દોના અર્થમાં જે અનર્થ થાય એની કલ્પના પણ કરી શકાતી નથી. **શિક્ષણને હળવું કરવાની ધૂનમાં આપણે શિક્ષણનો સત્યાનાશ વાળશું કે શું ?**

– શ્રી નટવરલાલ યાજ્ઞિક (અમદાવાદ)

૩૬. લિપિમાં વર્ણકાપ દ્વારા શિક્ષણને હળવું કરવાના પ્રયત્નો વિઘાતક છે.

– પ્રો. જયાનંદભાઈ દવે (રાજકોટ)

૩૭. **'મંત્ર-તંત્ર-યંત્ર'** આ ત્રણેય વર્ણમાતૃકાઓ પ્રમાણે હોવાથી એક પણ ધ્વનિને રદ કરી શકાય કે બદલી શકાય નહિ. નહિ તો એનાથી સધાતી સિદ્ધિમાં વિક્ષેપ ઉત્પન્ન થાય અને એ શાસ્ત્રોમાં તો એક પણ ઉચ્ચારણમાં કે લેખનમાં સહેજ પણ ફેરફાર કરવાની મનાઈ છે. નહિ તો એ એના સાધકને જ હાનિકર્તા થઈ પડે એવું સ્પષ્ટપણે મનાય છે.

– ડૉ. પ્રવીણચંદ્ર ચિ. પરીખ (અમદાવાદ)

૩૮. મંત્રાક્ષરોમાં અનુનાસિક વ્યંજનો ખૂબ ખૂબ સક્ષમ છે.

– પ્રા. વ્રજલાલ વાલજી ઉપાધ્યાય (જામનગર)

૩૯. મંત્રશાસ્ત્ર અનુસાર મંત્ર જે ભાષાનો હોય તે અનુસાર એનું ઉચ્ચારણ અપેક્ષિત છે. ગુજરાતી ભાષાનો મંત્ર હોય તો એમાંના સ્વર-વ્યંજનો જે તે રીતે ઓછા થયેલા હોય તે ચાલે, પણ મૂળ મંત્રમાં હોય તે સ્વર-વ્યંજનોમાં ઘટાડો કરીએ તો મંત્ર ખંડિત થાય. શાબરમંત્રો લોકભાષામાં હોય છે.

– ડૉ. નારાયણ એમ. કંસારા (અમદાવાદ)

૪૦. **'ऋ'**ની જેમ **'ज्ञ'**નું મૂળ ઉચ્ચારણ લાંબા વખતથી લુપ્ત થઈ ગયું છે. ઉદ્દિષ્ટ **'ज्+ञ'** સાથે **'ग्न'** એવું ઉચ્ચારણ જરાય બંધબેસતું નથી. **'क्ष-ज्ञ'**ના **'ક્ષ-જ્ઞ'** એવા મૂળ ભાષાકીય સ્વરૂપને જાળવવું હોય તો ગુજરાતી વર્ણમાળામાંથી **'ષ-ઞ'**નો લોપ ન થઈ શકે.

– ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)

૪૧. **'क्ष'**નું ઉચ્ચારણ બંગાળીઓ **'ખ્ય'** કરે છે અને **'ज्ञ'**નું ઉચ્ચારણ પ્રાન્તભેદે **'ગ્ય - ગ્ન્ય - દ્ન્ય'** થાય છે, તેમાં જોડણી જવાબદાર નથી. **'क्ष'**ને બદલે **'ક્ષ'** અને **'ज्ञ'**ને બદલે **'જ્ઞ'** લખવામાં આવશે તોપણ તેનું ઉચ્ચારણ ખોટું જ થશે. કારણ કે ઉચ્ચારણનો સંબંધ ઉચ્ચારણસ્થાન સાથે છે. આવી ભૂલો વક્તાની ઉચ્ચારણની અશક્તિના કારણે થાય છે. પતંજલિ(ઈ.સ. પ્રથમ સદી)એ **વ્યાકરણ-મહાભાષ્યમાં આવી ભૂલોને 'શુદ્ધ ઉચ્ચારણ કરવાની વક્તાની અશક્તિ છે' એમ કહ્યું છે.**

– ડૉ. અરુણોદય ન. જાની (વડોદરા)

૪૨. **'क्ष'**ને એટલા માટે દૂર કરવો છે કે એ જોડાક્ષર છે. જોડાક્ષર હોય તો ભલે રહ્યો. એ મૂળાક્ષરની જેમ લખાય તો છે ને ? એની હાજરી કઈ રીતે નડે છે ? હાજરી તો નડતી નથી, પણ ગેરહાજરી નડશે. **'क्ष'**ને બદલે **'ક્ષ'** લખવું પડશે. કારણ કે **'क्ष'** એ **'ક્ષ'**નો જોડાક્ષર છે. વળી **'ષ'** તો કાઢી નાખવો છે તેથી **'ક્ષ'**ને બદલે **'ક્શ'** લખવું રહ્યું. આજે **'पक्षी'**ને **'પક્ષી'** કહેનાર પણ લખે છે તો **'પક્ષી'** જ. પરંતુ **'क्ष'**નીકળી ગયા પછી **'પક્ષી'**ને **'પક્સી'** કહેનારો **'પક્શી'** નહિ લખે, **'પક્સી'** જ લખશે. અહીં તો એ વાત છતી થાય છે કે આપણને જોડણીસુધારની નહિ, ઉચ્ચારસુધારની જરૂર છે.

વળી **'ज्ञ'**ને પણ કાઢવો છે. એટલા માટે કે એ પણ જોડાક્ષર છે. **'ज्ञ'**એ **'જ્+ઞ'**નો જોડાક્ષર હોવા છતાં આપણે એનો ઉચ્ચાર **'ગ્ન કે ગ્ન્ય'** કરીએ છીએ. હિંદીમાં એનો ઉચ્ચાર **'ગ્ય'** અને મરાઠીમાં **'દ્ન્ય'** થાય છે, પણ એમને **'ज्ञ'** નડતો નથી.

'ज्ञ' કાઢવાનું સૂચન અપનાવી લેવાય તો **'ज्ञान'**ને બદલે (રૂઢ ઉચ્ચારણ મુજબ) **'ગ્નાન'** કે **'ગ્ન્યાન'** લખાય. સાર્થ જોડણીકોશમાં **'ज्ञ'**થી શરૂ થતા નવ મુખ્ય શબ્દો છે. તેમાં પહેલો શબ્દ છે **'ज्ञ'**. તેનો અર્થ આપ્યો છે **'જાણનારું'**. **'ज्ञाति'** સિવાયના દરેક શબ્દમાં **'જાણવું'** એવો અર્થ અભિપ્રેત છે. એ સિવાય **'પ્રજ્ઞા, સર્વજ્ઞ, જિજ્ઞાસા'** વગેરે શબ્દોમાં **'જાણકારી'** કે **'બુદ્ધિ'** એવા અર્થો સમાયેલા જ છે. આથી **'प्रज्ञा'**ને **'પ્રગ્ના'** લખી ન શકાય. તે જ રીતે **'लग्न'**ને બદલે **'લજ્ઞ'** લખી શકાય નહિ. **'ज्ञ'**ને ભાષામાંથી દૂર કરવો એટલે **'જાણકારી'** દૂર કરવી.

– શ્રી મહેન્દ્ર પંડ્યા (મુંબઈ)

૪૩. 'જ્ + ઞ' = 'જ્ઞ' થાય. એમાંથી 'ઞ'ને કાઢી નાખવામાં આવે તો સંયુક્તાક્ષર 'જ્ઞ'નું ઉચ્ચારણ શક્ય નથી.

– ડૉ. પ્રવીણચંદ્ર ચિ. પરીખ (અમદાવાદ)

૪૪. 'જ્ઞ'નું તો આપણે માત્ર ઉચ્ચારણ જ ગુમાવ્યું છે. એને સંસ્કૃત તત્સમ શબ્દો પૂરતો પણ લેખનમાં જાળવવો પડશે.

– શ્રી કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)

૪૫. **'દ્મ-દ્ય-દ્ર-દ્વ'** લખવાથી **'દ્મ-દ્ય-દ્ર-દ્વ'** જોડાક્ષરો કૃત્રિમ બને. હલન્તની માત્રા લગાડવી પડે તેમ જ સ્થળનું લાઘવ જતું રહે અને ઉચ્ચારણ પણ ભદ્રંભદ્રીય થાય. **'ભદ્રંભદ્રીય-ભદ્રંભદ્રીય, દ્વારિકા-દ્વારિકા, દ્વન્દ્વ-દ્વન્દ્વ'** આ શબ્દોનાં ઉચ્ચારણ કરવામાં દ્રાવિડી પ્રાણાયામ કરવો પડે.

– ડૉ. પ્રવીણચંદ્ર ચિ. પરીખ (અમદાવાદ)

૪૬. ગુજરાતી છાપખાનાંઓમાં **'દ્મ-દ્ય-દ્વ-દ્ર-દ્ભ-હ્મ'** વગેરે જોડાક્ષરોનાં અખંડ બીબાં મળે જ છે. કમ્પ્યુટરમાં પણ એ સુલભ છે. આમ છતાં જ્યાં સંદિગ્ધતા હોય ત્યાં કાના વિનાના વ્યંજનોને ખોડા લખવા એ જ એકમાત્ર ઉકેલ છે.

– શ્રી કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)

૪૭. જોડાક્ષરો માટે **'ખ-ગ-ઘ-ચ-ણ-ત-થ-ધ-ન-પ-બ-ભ-મ-ય-લ-વ-શ-સ'** આ દંડવાળા અક્ષરો પૂર્વવર્તી હોય ત્યારે તેનો ઊભો દંડ કમી કરવાથી ઉત્તરવર્તી વ્યંજન જોડવો સરળ બને છે, પરન્તુ બાકીના અક્ષરો માટે પૂર્વવર્તી વ્યંજનને હલન્ત (ખોડો) કરવો એ યોગ્ય ગણાય.

– શ્રી નટવરલાલ યાજ્ઞિક (અમદાવાદ)

૪૮. ઘણા લાંબા કાળથી **'પ્ર-ત્ર-ત્ત-શ્ર'** આ રીતે જોડાક્ષરો લખવાની પદ્ધતિ પ્રચલિત છે. તેમાં પરિવર્તન લાવીને **'પ્ર-ત્ર-ત્ત-શ્ર'** આવો આંખોનેય અણગમતો અને અલોકપ્રિય ફેરફાર કરવાનો અર્થ નથી. એથી લોકો દ્વિધામાં પડે.

– આચાર્યશ્રી પૂર્ણચન્દ્રસૂરિજી

૪૯. વ્યંજન 'ર'ના '્ર - ્ર - c (રેફ)' આ ત્રણેય પ્રકારો લેખનમાં સારી રીતે સ્થિર થયેલા છે અને તે સરળતા ખાતર છે માટે એને જતા કરવાની જરૂર નથી.

– શ્રી કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)

૫૦. અત્યારના વૈશ્વિક સંદર્ભમાં ગુજરાતીને સમૃદ્ધ કરવા સંસ્કૃત ભાષા તેમ જ સંસ્કૃત સાહિત્ય ઘણું મૂલ્યવાન અને ઉપયોગી છે.

– ડૉ. હરિવલ્લભ ભાયાણી (અમદાવાદ)

સ્વરમાત્રાઓ અને જોડાક્ષરોની ઉપકારકતા

૫૧. શબ્દના આદિમાં આવતા જોડાક્ષરો આખા હિંદીભાષી વિસ્તાર(બેલ્ટ)ને માટે મુશ્કેલી ઊભી કરે છે. હજી પણ ટી.વી. ઉપર હિંદી ઉદ્‌ભાષકો **'स्थानों पर'**ને બદલે **'अस्थानों पर'** બોલે છે. કોઈ એક ઉદ્‌ઘોષિકા માટે એમ સાંભળ્યું છે કે એ **'ज्ञानी ज़ैलसिंघ'**ને માટે **'अग्यानी ज़ैलसिंघ'** બોલ્યાં ત્યારે એમની વિરુદ્ધ આ માટે કાર્યવાહી થઈ હતી.

જોડાક્ષરોને સ્વરપ્રક્ષેપથી તોડવા અને તેમને ઉચ્ચારણને માટે સરળ બનાવવા એ સામાન્ય જનતાની ભાષાનું લક્ષણ છે. તેથી **'ध्यान-धियान' વગેરે ઉચ્ચારણો સ્વાભાવિક પ્રક્રિયાઓ છે અને એ ઓછા શિક્ષણનું પરિણામ છે.**


બોલીભેદને કારણે થતા ઉચ્ચારણભેદ સ્વાભાવિક પ્રક્રિયા છે. શિક્ષિત વ્યક્તિ ગમે તે બોલીપ્રદેશની હોય તોય એ શિક્ષિતવર્ગની માન્ય બોલી બોલવાનો પ્રયત્ન કરે જ. ઓછા શિક્ષણવાળાના ઉચ્ચાર ધોરણાત્મક બોલીના ઉચ્ચાર જેવા ન હોય એ સમજી શકાય એવી હકીકત છે. ઓછું શિક્ષણ પામેલા લોકો પોતે જ જ્યારે વધારે શિક્ષણ લેવા માંડે છે ત્યારે સુધરવાનો પ્રયત્ન કરે છે. આને **'Prestige Movement'** અર્થાત્ **'શિષ્ટમાન્ય બોલી તરફ ખસવાનો પ્રયત્ન'** કહેવાય છે.

જોડાક્ષરો અને સ્વરમાત્રાઓ સંક્ષેપ અને સમય-મહેનતનો બચાવ જરૂર કરે છે તેથી ઉપકારક છે. પણ બચાવને કારણે ઉપકારક છે એ કારણ કરતાંય ઘણા વધારે મહત્ત્વનાં કારણોને લીધે ઉપકારક છે. સૌથી વધુ મહત્ત્વનું કારણ તો એ છે કે મનુષ્યનું જ્ઞાનતંતુગ્રાહ્ય ન્યૂનતમ ઉચ્ચારણઘટક અક્ષર છે અને આપણી લેખનવ્યવસ્થા સહેલાઈથી અક્ષરનિષ્ઠ બની છે તેનું કારણ અંતર્ગત સ્વરચિહ્નો અને જોડાક્ષરો છે. આપણી લિપિમાં અક્ષરનિષ્ઠતા ટકી રહી છે તે અંતર્ગત સ્વરચિહ્નોને લીધે જ. અક્ષરના ઉચ્ચારણઘટકત્વને લક્ષમાં રાખીને જ આપણી લેખનવ્યવસ્થામાં આવતા જોડાક્ષરો + સ્વરમાત્રાઓ મુકાયાં છે. માટે જ આપણી લિપિ અક્ષરનિષ્ઠ રહે છે. આપણું ન્યૂનતમ ઉચ્ચારણઘટક અક્ષર (Syllable) છે અને બાળક ઉચ્ચારણને તેમ જ લિપિને જોડવાની ક્ષમતા આપોઆપ કેળવી શકે એવી આપણી લેખનપદ્ધતિ (Syllabic Writing System) છે. આ એક મહત્ત્વનું કારણ છે.

બીજું મહત્ત્વનું કારણ એ છે કે દરેક સ્વર બીજા સ્વરોથી ભિન્ન છે અને એ આપણી બારાક્ષરી સુંદર રીતે બતાવે છે. વ્યંજન સાથે સ્વરો જે રીતે મળી જઈને ઉચ્ચારાય છે તે જ રીતે આપણી લિપિ બની છે. **આપણી લિપિ અત્યંત વૈજ્ઞાનિક રીતે બનેલી છે.**

– ડૉ. ભારતી મોદી (વડોદરા)

અંગવિચ્છેદથી વિકૃત બનેલી અપ્રસન્ન વર્ણમાતૃકા દેવી



અહો ! દીકરાના વાંકે દંડાય માતા !

અંગોપાંગ છેદ : હ્રસ્વ 'ઇ' જમણી આંખ, દીર્ઘ 'ઊ' = ડાબો કાન,


હ્રસ્વ - દીર્ઘ 'ઋ-ૠ' = નાક (નસકોરાં)
'ઙ' જમણા હાથની અનામિકા આંગળી
'ઞ' ડાબા હાથની અનામિકા આંગળી



૧. ભારતવર્ષમાં પરંપરાથી જન્મદાત્રી મા, માતૃભૂમિ અને માતૃભાષા આપણી માતાઓ છે. તેઓ પૂજનીય છે. આ માતાઓનું અપમાન કરનાર કદી પ્રશંસનીય બની શકતા નથી.

૨. જેઓ **મા**(-તૃભાષા)નું ધાવણ ધાવીને સાક્ષર થયા અને એ સાક્ષરપણાને લીધે લેખનવ્યવસાયમાંથી પેટિયું જ નહિ, એશઆરામ રળવાની પણ ક્ષમતા જેમણે મેળવી લીધી છે, એવા સાક્ષરો – પોતાની ઉપકારી **'મા'**નાં અંગોપાંગ છેદવા કોઈ તત્પર હોય ત્યારે – ઉદાસીનતા કેમ બતાવી શકે ?

– શ્રી મહેન્દ્ર પંડ્યા (મુંબઈ)





બોલાય તેવું લખાય કે લખાય તેવું બોલાય ?

લખવા પ્રમાણે બોલવાનો સિદ્ધાંત

ઉદ્‌ગમકાળમાં અર્થાત્ આદિકાળમાં બોલી હોય પણ લેખન ન હોય. લિપિની શોધ થયા પછી જે બોલાતું હોય તેને જ અક્ષર આકાર અપાય અર્થાત્ લોકો જે રીતે બોલતા હોય તે રીતે લેખન નક્કી થાય. **એકવાર લેખન નક્કી થયા પછી તો લેખનના આધારે જ બોલાય અર્થાત્ જેવું લખાયું હોય તેવું જ બોલાય. આમ લખવા પ્રમાણે બોલવાનો જે સિદ્ધાંત ચાલ્યો આવે છે તેને ફેરવ્યા વિના ચાલુ જ રાખવો જોઈએ.**

લિપિનો સંબંધ લેખન સાથે છે અને લેખનનો સંબંધ લોકોપકારી અનેક પ્રકારના સાહિત્ય સાથે છે. માટે પૂર્વાપરનો લેખનસંબંધ જાળવી રાખવો આવશ્યક બની રહે છે. લિપિમાં પૂર્વાપરનો સંબંધ જળવાઈ રહે એવો સામાન્ય કોટિનો ફેરફાર થતો હોય તો તેનો વિરોધ ન હોય, પણ એ સંબંધ તૂટે એવો ફેરફાર કરવાની વાત આવે ત્યારે તો વિરોધ કરવો જ પડે. નજીવા ફેરફારમાં માણસ મૂળ લિપિની નજીક રહી શકે છે અને મૂળ લિપિ સમજી શકે છે. પરંતુ મોટા ફેરફારમાં તો માણસ મૂળ લિપિથી ઘણો દૂર ચાલ્યો જાય છે, એનાથી પરિચિત રહી શકતો નથી તેથી માણસને આખી લિપિ નવી જ લાગે છે અને નવી લાગતી એ (જૂની) લિપિ માણસને એના અભ્યાસથી અળગો રાખનારી બને છે.

લેખન ભલે પરિવર્તન પામતું હોય તોપણ એ પરિવર્તન દીર્ઘકાલીન અને બહુ થોડા પ્રમાણમાં હોય છે; જ્યારે ઉચ્ચારણ ઘણું અસ્થિર હોય છે. એટલે **લેખનના ખીલે ઉચ્ચારણને બંધાય, પણ ઉચ્ચારણના ખીલે લેખનને બંધાય નહિ.** આમ છતાં ઉચ્ચારણના ખીલે લેખનને બાંધવા જઈએ તો દિવસ ઊગ્યે લેખનમાં ફેરફારો કર્યા જ કરવા પડે. વળી માણસે માણસે ઉચ્ચારણો જુદાં થાય તો માણસે માણસે ખીલા થવાથી સેંકડો ખીલા થઈ જાય. પરિણામે એક જ કાળમાં એક જ પ્રકારની લેખનમર્યાદાને બદલે અનેક પ્રકારની લેખનમર્યાદાઓ આવી પડે, ત્યારે લાંબા ગાળાની તો વાત જ શી ?

લેખનનો મનસ્વીપણે વારંવાર ફેરવાય નહિ

લેખન તો કંઈક સ્થિર હોય છે. એની અપેક્ષાએ ઉચ્ચારણ તો લગભગ અસ્થિર હોય છે. તેથી **લેખનનું નિયમન કરવું સહેલું છે,**

પણ ઉચ્ચારણનું નિયમન કરવું સહેલું નથી. ઉચ્ચારણો અસ્થિર હોવાથી બોલવા પ્રમાણે લખવામાં તો લેખન પણ બોલી જેવું જ અસ્થિર થાય. **ભવિષ્યમાં ભાષાનું નિયમન લેખનના આધારે જ ચાલી શકશે.**

લેખન મુજબ ઉચ્ચારણ ભલે બધાં ન કરી શકે તોપણ 'આમ જ લખાય' એવી લેખનની મર્યાદા તો બાંધી જ દેવી જોઈએ. લેખનના આધારે જ ઉચ્ચારણનો *આગ્રહ રખાય, પણ ઉચ્ચારણના આધારે લેખનનો આગ્રહ રખાય નહિ.* મુખ્યતા લેખનની જ રખાય, ઉચ્ચારણની નહિ. એથી લોકોને શિક્ષણ એવું જ અપાવું જોઈએ કે **'તમે જેવું લખો છો એવું જ બોલવાની ટેવ પાડો'**, પણ જેવું બોલાય તેવું લખવાનું શિક્ષણ અપાય નહિ. ઉચ્ચારણો તો ફર્યા જ કરે. જુદુંજુદું બોલનારા અનેક મળે, તેથી લેખન અનેક પ્રકારનું થાય. લેખન અનેક પ્રકારનું ન થાય તે માટે લેખનમર્યાદા નિયત કરી દેવી જોઈએ. **લેખનને મનસ્વીપણે વારંવાર ફેરવાય નહિ.**

લેખન પ્રમાણે ઉચ્ચારો માન્ય રાખીને અમાન્ય ઉચ્ચારો સુધારવા પ્રયત્ન કરવો અને ન સુધરે ત્યાં એને ક્ષન્તવ્ય ગણવા એ જ સાચો માર્ગ છે. ઉચ્ચારણને ખાતર લેખનમાં વારંવાર ફેરફાર કર્યા કરવા એ ઉન્માર્ગ છે અને એ લોકો ઉપર અપકાર કરનારી બાબત છે.

ઓછું શિક્ષણ તથા અમુક અક્ષરોના સ્પષ્ટ ઉચ્ચારણની અશક્તિના કારણે ખાસ કરીને કેટલાક રાજસ્થાનીઓ **'સૂચના'**ને બદલે **'ચૂસના'** બોલે છે. તો એમની દયા ખાઈને **'સ'**નો ઉચ્ચાર **'ચ'** અને **'ચ'**નો ઉચ્ચાર **'સ'** કરી અપાય ખરો ?

પ્રદેશભેદે ક્યાંક **'ટ'** વર્ગના સ્થાને **'ત'** વર્ગ અને **'ત'** વર્ગના સ્થાને **'ટ'** વર્ગ બોલાય છે. દા.ત., **ટેક - તેક, તમે - ટમે, અથવા - અઠવા, દીકરી - ડીકરી**

તો વળી ક્યાંક **'ડ'** અને **'ળ'**ના સ્થાને **'ર'** પણ બોલાય છે. દા.ત., **દાળ-દાર, દાળિયા-દારિયા, કોથળો-કોથરો, કેડી-કેરી, વાડીલાલ-વારીલાલ**

અને **'બામ-બૉમ, કામ-કૉમ, સામે-હૉમે, પણે-પૅણે, ગાંડો-ગાઁડો, પાણી-પૉણી, ત્રણ - તઈણ, પરણવા - પણવા - પઅણવા - પૈણવા, બારણું - બાયણું - બાઈણું આપ્યા છે – આઈપા છે, ત્યાં લખ્યું છે – તાં લઈખું છે'** આવું પણ બોલાય છે.

આવું બધું બોલનારા કહેશે કે અમે તો આવું બોલવા ટેવાઈ ગયા છીએ. અમે બધા આ રીતે બોલીને જ પરસ્પર વ્યવહાર કરીએ છીએ અને પરસ્પરનો કહેવાનો ભાવ બરાબર સમજી પણ લઈએ છીએ. જેવું બોલીએ છીએ તેવું જ લખીએ છીએ. તો **'જેવું બોલાય તેવું જ લખાય'નો સિદ્ધાંત અપનાવીને પ્રદેશ-પ્રદેશનાં અને વ્યક્તિ-વ્યક્તિનાં આવાં બધાં જ ઉચ્ચારણો લેખનમાં માન્ય રખાશે ?**

લોકોએ જયાં **'ટ-ત'** વર્ગના ઉચ્ચારણભેદ ગુમાવ્યા છે ત્યાં તેને સ્થિર કરવા જરૂરી છે. પણ ઉચ્ચારણમાંથી ગયેલા વર્ણોની બાદબાકી કરવાથી તો જતે દિવસે બધું જ ગુમાવવાનો વખત આવશે. **ખરી સાક્ષરતા તો માન્ય શુદ્ધ લિપિને નજર સમક્ષ રાખીને ઉચ્ચારભેદ સુધારવામાં છે, નહિ કે લિપિની કાપકૂપમાં.**

'સઈ-સુતાર-સારું-સામે' વગેરેના સ્થાને, નહિ **'સ'**માં કે નહિ **'હ'**માં એવું જ ઉચ્ચારણ થાય છે તે લેખનમાં તો **'સ'** કે **'હ'** દ્વારા જ બતાવાય છે ઉચ્ચારણ પ્રમાણે જ લેખનનો સિદ્ધાંત રજૂ કરનારા વિદ્વાનોએ આને માટેનું એક નવું લિપિચિહ્ન શોધીને એને લિપિમાં સામેલ કરવાનું રહેશે.

બોલવામાં તો માણસ ગમે તે બોલે. કેટલાક **'અમદાવાદ'**ને બદલે **'અમદાદ', 'અંદાવાદ'** કે **'અંદાદ'** પણ બોલે છે. છતાં તેઓ લખવાના સમયે કાગળમાં સરનામું કરતી વખતે કે કોઈને પોતાનું સરનામું આપતી વખતે લખે છે તો બરાબર **'અમદાવાદ'** જ.

ઓછા શિક્ષણવાળા લોકો **'અમદાવાદ'** બરાબર બોલતા ન હોય કે એમને **'અમદાવાદ'** બરાબર બોલવું ફાવતું ન હોય ત્યારે એમની ખોટી દયા ખાઈને **'અમદાવાદ'**નું નામ એમને બોલવામાં અનુકૂળ પડે એ રીતે ફેરવી નાખવું યોગ્ય છે કે એમની સાચી દયા ખાઈને એમના ઉચ્ચાર સુધારવાની મહેનત કરવાનો માર્ગ યોગ્ય છે ? **ગામ ફરે કે ગાડું ફરે** ? બોલાય તેવું લખવાનો સિદ્ધાંત સ્વીકારીને **'અમદાવાદ'**નું નામ ફેરવવાનું નક્કી કરવામાં આવે તો **'અમદાવાદ'**નાં ઉપર જણાવ્યાં મુજબનાં અનેક નામ માન્ય રાખવાં પડે.

પોતાના છોકરાનું નામ **'કાન્તિ'** હોય તો બાપ તેને **'કાન્ત્યો', 'કાન્તિડો'** કે **'કાન્તુડો'** કહે અને **'ભાવિન'** હોય તો **'ભાવિન્યો'** કે **'ભાવલો'** વગેરે કહે, પણ તે લખશે તો **'કાન્તિ'** અને **'ભાવિન'** જ. કારણ કે લેખનમાં તો જે નામ જે રીતે પાડવામાં આવ્યું હોય તે એક જ રીતે માન્ય રખાય છે. ત્યાં તો બધા સ્વયં સમજે જ છે કે **'લાડ-વહાલ'** આદિને કારણે પોતાના દીકરા-દીકરીનું નામ પોતને ઠીક લાગે કે અનુકૂળ પડે તે રીતે ઉચ્ચારી શકાય, પણ લેખનમાં તો જે નામ જે રીતે પાડવામાં આવ્યું હોય તે એક જ રીતે હોય. લેખનમાં નામની બાબતમાં અનેક પ્રકારની જવાબદારીઓ આવતી હોવાથી ત્યાં પોતાની અનુકૂળતા વગેરે જોવાય નહિ.

બોલનાર તો કોઈ **'તળાવ'**ને બદલે **'ટળાવ'**, **'ઉત્તમ'**ને બદલે **'ઉટ્ટમ'**, **'કહેતા હતા'**ને બદલે **'કેતાતા'**, **'ગયા હતા'**ને બદલે **'ગ્યાતા'**, **'શું કરો છો ?'** ને બદલે **'હું કરો સો ?'**, **'ચા થાય છે'**ને બદલે **'સા થાય સે'**, **'સોકરો સારો છે'**ને બદલે **'સોક્કો હારો સે'**, **'શું-હું, સમ-હમ, સુખ-હખ, સંપ-હંપ, શાક-હાક, સાકર-હાકર, સસરા-હહરા, સોય-હોય, દર્શન-દરહણ, પાસે-ફાહે, તમારા છોકરાને શોધવાની જરૂર નથી તે મળી ગયો છે'** ને બદલે **'તમારા છોક્કાને હોધવાની જરૂર નથ્ય, તે મરી ગ્યો સે'**, **'સારું થયું તમે રસ્તામાં જ મળી ગયા, નહિ તો મારે તમારે ઘેર મળવા આવવું પડત'**ને બદલે **'હારું થ્યું તમે રસ્તામાં જ મરી ગ્યા, નકર્ય મારે તમારે ઘેર મરવા આવવું પડત'**, **'આપણે સત્યાગ્રહ કરીએ'**ને બદલે **'આપણે હત્યાગ્રહ કરીએ'** આવું બધું બોલે !

આમ જેવું બોલાય તેવું જ લખવાનું હોય તો ક્યાંક 'ખુશાલી'ને બદલે 'કાણ-મોકાણ' મંડાઈ જાય ! માટે આપણે આભાર માનવો રહ્યો એ વાતનો કે જેવું બોલાય છે તેવું લખાતું નથી. ક્યાંક કોઈએ **'તળાવ'**ને બદલે **'ટળાવ'** વગેરે લખી નાખ્યું હોય તોપણ તે ઉચ્ચારભેદના કારણે લેખનમાં થયેલી ભૂલ સમજીને એને ક્ષન્તવ્ય ગણાય, પણ એણે **'ટળાવ'** વગેરે લખી નાખ્યું માટે લેખન પૂરતું એને માન્ય કરી દેવાય નહિ.

પ્રદેશભેદે અને ક્યાંક વ્યક્તિભેદે પણ અક્ષરો અને શબ્દોના ઉચ્ચારણમાં ફેરફાર થતો હોય ત્યાં એ બધાં ઉચ્ચારણોનો લેખનમાં સંગ્રહ કરવો એ બરાબર કે એક જ ઉચ્ચારણ માન્ય રાખીને અમાન્ય ઉચ્ચારણો સુધારવા પ્રયત્ન કરવો અને જ્યાં ન સુધરે ત્યાં એને ક્ષન્તવ્ય ગણવાં એ બરાબર ? લેખન પ્રમાણેના ઉચ્ચારો માન્ય રાખીને અમાન્ય ઉચ્ચારો સુધારવા પ્રયત્ન કરવો, એ ન સુધરે ત્યાં એને ક્ષન્તવ્ય ગણવા એ જ સાચો માર્ગ છે. ચકડોળની જેમ ફર્યા કરતાં ઉચ્ચારણોને ખાતર વારેવારે લેખનમાં ફેરફાર કર્યા કરવા એ ઉન્માર્ગ છે અને એ લોકો ઉપર અપકાર કરનારી બાબત છે.

માણસ પોતાની બોલી મુજબ અંગત લખાણ કરે તેમ જ પોતાના કુટુંબ કે પોતાના ગામ માટે પણ પોતાની બોલી મુજબ લખે તે ચાલે, પણ ગુજરાતની સમસ્ત પ્રજા માટે તો શિષ્ટમાન્ય ભાષામાં જ લખવું જોઈએ. ત્યાં પોતાની બોલી મુજબનું લખાણ ચાલે નહિ.

સો/બસો વરસે પણ લેખન સમાન કે નજીવા ફેરફારવાળું મળે, જ્યારે બોલી તો એક કાળમાંય સરખી ન મળે, ક્ષેત્રભેદે તો ફેરફારવાળી જ મળે. માટે તો **'બાર ગાઉએ બોલી બદલાય'** એ કહેવત પડી છે. એટલે ઉચ્ચારો સ્થિર રાખી શકાતા નથી, પણ લેખનને તો પ્રયત્નપૂર્વક સ્થિર રાખી શકાય છે. **જે લેખન ઘણા લાંબા કાળથી સ્થિર થયેલું છે, તેને અસ્થિર બનાવવાના પ્રયત્ન લોકોપકારને માટે થશે નહિ.**

સરળતા આદિના સોહામણા બહાને લેખનમાં ગમે તેવા ફેરફાર કરવામાં આવે તોપણ મોટા ભાગના લોકો લેખન માધ્યમની થોડાક આગળ-પાછળ તો રહેવાના જ છે. નક્કી કરેલા લેખનમાધ્યમ પ્રમાણે બધા જ લોકો લખે એ કદી પણ બનવાજોગ નથી.

'સહી' પ્રમાણભૂત શા માટે ?

કેટલાક **'ષ'**, **'ય'** જેવો અને **'ય'**, **'ષ'** જેવો લખે છે. **'ચ'**, **'મ'** જેવો અને **'મ'**, **'ચ'** જેવો લખે છે, છતાં વાંચે છે બરાબર.

અક્ષરોની આકૃતિમાં જેટલા લખનારા હોય તેટલા ભેદ પડે છે. એકલા **'અ'** અક્ષરની જ વાત લઈએ તો એની આકૃતિ જે રીતે નક્કી થઈ છે અથવા માન્ય કરવામાં આવી છે તેને તે જ રીતે માનનારા બધા સુધારાવાદીઓની પણ આકૃતિ લેખનમાં સરખી નહિ આવે. લેખનમાં બધા જ માણસોના બધા જ અક્ષરોની આકૃતિમાં ભેદ પડે છે. માટે જ જગતમાં બે જણાની **'સહી'**ની આકૃતિ સરખી આવતી નથી. એટલા જ માટે તો વ્યવહારમાં **'સહી'** પ્રમાણભૂત મનાય છે.

લોકોના લેખનમાં જેમ ભેદ પડે છે, તેમ તેમનાં ઉચ્ચારણોમાં પણ ભેદ પડે છે અને તે રહેવાના જ છે. એ ભેદ કોઈનાથીય મિટાવી શકાય તેમ નથી. કર્મજનિત સંસારની આ વિચિત્રતા છે.

આપણો પ્રયત્ન તો અસ્થિરને પણ સ્થિર રાખવા માટેનો જ હોય !

લેખન તો હજાર વરસ પૂર્વેનુંય મળે, પણ પૂર્વ કાળનાં ઉચ્ચારણો નહિ મળે. પૂર્વકાલીન લોકોનાં ઉચ્ચારણો આપણે જાણતા નથી, તેથી આપણે તેનું અનુકરણ કરી શકતા નથી. **ઉચ્ચારણો અસ્થિર હોવા છતાં આપણો પ્રયત્ન તો એનેય સ્થિર રાખવા માટેનો જ હોવો જોઈએ.** ભાષા સ્થિર હોય તો જ ઉચ્ચારણો સ્થિર રહી શકે. માટે બોલાતી ભાષાને પણ સ્થિર રાખવી જોઈએ. ભાષાને સ્થિર રાખનાર એકમાત્ર લેખન છે. માટે

'જેવું લખીએ તેવું બોલીએ' એ નિયમ જ સાચો છે.
'જેવું બોલીએ તેવું લખીએ' એ નિયમ ખોટો જ છે.

ભાષા સ્થિર રહે તો જ ઉચ્ચારણો સ્થિર રહી શકે. આ શિક્ષણ પાયાનું છે અને તે સૌપ્રથમ અપાવું જોઈએ. ક્ષેત્રાંતરિત અને કાલાંતરિત ભાષામાં જેટલી લેખનની સમાનતા મળે તેટલી સમાનતા ઉચ્ચારણની મળે નહિ. ઉચ્ચારણની જવાબદારી કરતાંય લેખનની જવાબદારી ઘણી મોટી છે. લખનાર વર્ગ મર્યાદિત હોય છે, જ્યારે બોલનાર વર્ગ ઘણો મોટો હોય છે. વ્યક્તિના જીવનમાં લેખનકાળ ઓછો અને ઉચ્ચારણકાળ જ વધારે હોય છે.

અનેક પ્રકારનું લેખન શિક્ષણમાં બાધક બને !

હવે જ્યારે લોકોને કઈ રીતે બોલવું એ શીખવવાનું છે અને એમાંય ખાસ કરીને જ્યારે તદ્દન નવા વર્ગને જ શિક્ષણનું લક્ષ્ય બનાવવામાં આવ્યો છે ત્યારે તેને સ્થાનફેર, કાળફેર અને માણસફેરે જુદાં પડતાં અનેક ઉચ્ચારણોનું આલંબન લઈને શિક્ષણ અપાય નહિ. જો એમ કરવા જઈએ તો લેખન અનેક પ્રકારનું થાય અને **અનેક પ્રકારનું લેખન શિક્ષણમાં બાધક બને.** ઉચ્ચારણની મર્યાદા બાંધીને અર્થાત્ **'આમ જ બોલાય'** એવો નિયમ નક્કી કરીને એ નિયમ પ્રમાણે જ એને ઉચ્ચારણ કરતાં અર્થાત્ બોલતાં શીખવાડાય. ભલે પછી ક્ષેત્રભેદે અને વ્યક્તિભેદે થોડા ફેરફારવાળાં અનેક ઉચ્ચારણ ચાલ્યાં કરતાં હોય. જુદાંજુદાં ઉચ્ચારણોને સુધારવાના પ્રયત્નો કરવા છતાંય એ ન જ સુધરે ત્યારે એને ક્ષમ્ય ગણવાં જોઈએ. પણ **ઉચ્ચારણના આધારે વારેવારે લેખન તો ફેરવાય જ નહિ. શિક્ષણની સરળતા આમાં જ છે.**

જે ના આવડે તેનો રદ કરાય કે સમજવાનો પ્રયત્ન કરાય ?

કોઈ બુદ્ધિમાન પુરુષની કોઈ વાત આપણને ન સમજાતી હોય ત્યારે તેને રદ કરી નાખવી કે તેને સમજવાનો પ્રયત્ન કરવો ? **ઋષિ-મુનિઓની કોઈ વાત સામાન્ય માણસોને ન સમજાય તો એ બધી ભારેખમ વાતો લોકોએ રદ કરી નાખવી કે એને સમજવાની શક્તિ કેળવવી ?**

કોઈ શિક્ષકને અભ્યાસક્રમમાનું કોઈ કાવ્ય ગાતાં ન આવડતું હોય અને એનો ભાવાર્થ ન સમજાતો હોય ત્યારે એ એને અભ્યાસક્રમમાંથી રદ કરવાની મહેનત કરે એ માર્ગ કહેવાય કે પોતે ગાતાં શીખે અને ભાવાર્થ સમજવાની મહેનત કરે એ માર્ગ કહેવાય ?

ઉપરની બાબતો વિચારતાં લિપિમાં અને લેખનવ્યવસ્થામાં ફેરફાર કરવાના જે પ્રયત્નો થઈ રહ્યા છે તેમાં શક્તિનો દુર્વ્યય જણાય છે.

કશોય સુધારો કરવો જ નહિ એમ કહેવાનો આશય નથી. પરંતુ આપણો એક પણ વિચાર કે આપણી એક પણ કૃતિ કોઈને ઉન્માર્ગે લઈ જનાર અને **'અમુકે અમુક ફેરફાર કર્યો, તો હું પણ અમુક ફેરફાર કરું'** એવી દુર્વૃત્તિને ફેલાવનારો અને પોષનારો ન બને એ જોવાની જરૂર તો ખરી ને ? એટલું તો ધ્યાનમાં લેવું જ પડે. આપણે ફેરફાર સુધારાની દૃષ્ટિએ કર્યો હોય અને એ સારી બાબતની પુષ્ટિ માટે હોય, પણ ફેરફાર તો ખરો જ. **ફેરફાર કર્યો એટલે ખલાસ. પછી તો બીજો ઇરાદાપૂર્વક બગાડવા માટેય ફેરફાર કરે. તેને 'ફેરફાર થઈ શકે છે' એવું આપણું તો આલંબન મળ્યું જ ને ? પછી તો એ કહી શકે કે 'તમને ઠીક લાગ્યા એવા ફેરફાર તમે કર્યા, તો અમને ઠીક લાગ્યા એવા ફેરફાર અમે કર્યા.'**

અહીં પ્રસંગ ભાષાનો હોવાથી હાલ તો આ વાત માત્ર ભાષાકીય દૃષ્ટિએ જ કરાય છે. બાકી તો આ વાત સર્વ ક્ષેત્રોને લાગુ પડે છે.

પરિવર્તનાની પરંપરાનાં અનિષ્ટ

આપણે જોઈએ છીએ કે અનુચિત સુધારા અને એના અનુકરણના પ્રત્યાઘાતોની વિચારણાના અભાવે આજનું આખુંય રાજકારણ કેટલું સડી ગયું છે ! અમુકના હાથમાં સત્તા આવી. એણે પોતાના અમુક સ્વાર્થ કે લાભની અપેક્ષાએ અમુક યોજના ચાલુ કરી, પછી બીજાના હાથમાં સત્તા આવતાં એણે પોતાના અમુક લાભની અપેક્ષાએ એ યોજના રદ કરી કે એમાં અમુક ફેરફાર કર્યા. તો વળી ત્રીજાના હાથમાં સત્તા આવતાં એણે અંગત લાભ ખાતર ગોચરની બધી જમીનનો છેદ ઉડાવી નાખ્યો. ગોચરના અભાવે પશુઓ કતલખાને જવા લાગ્યાં. કતલખાનાંની સંખ્યા વધવા લાગી. પશુઓનાં લોહી-માંસના વેપાર વડે પણ દેશની સમૃદ્ધિ ઇષ્ટ બની—સારી મનાવા લાગી. હવે એવા પાપમાર્ગેય દેશની સમૃદ્ધિ વધારવાની અનિષ્ટ પરંપરા પણ ચાલવાની અને એ આગળ વધતી જ રહેવાની. હવે પછી સત્તા પર આવનાર એ અનિષ્ટ પરંપરાને સારી નહિ મનાવે એમ કેમ કહેવાય ? અત્યારે વાત ભલે અબોલ પશુઓ પૂરતી જ હોય, પરંતુ **'યેન કેન પ્રકારેણ દેશની સમૃદ્ધિ વધારવી'** એ એક જ વાત જ્યારે મહત્ત્વની બની રહી હોય ત્યારે આગળ વધતી જતી એ પરંપરા માનવો સુધી પણ કેમ ન પહોંચે ? દેશની સમૃદ્ધિ માટે ઘરડા અને નકામા ગણાતા

મનુષ્યોનાં શરીરનાં અંગોપાંગના વેપાર પણ ચાલે. એને માટેનું બજાર ખૂલે. આ પરંપરામાં જો પિતાઓ પણ જોડાય અને પોતાના માલિકી હક્ક તરીકે પોતાનાં સંતાનોનાં શરીરનાં અંગોપાંગ વેચવા માંડે તો વ્યકિત-વ્યક્તિના આંગણે મહેલાતોની સમૃદ્ધિ ખડી થઈ જાય, દેશની ગરીબી હટી જાય ને બધાંય સુખસમૃદ્ધિમાં આળોટતાં થઈ જાય !

તો આવા જીવતા જીવના જીવનના ભોગે જેનામાં માનવતા છે એવા કોઈ માનવને આવી જડ સમૃદ્ધિનો વિકાસ શું માન્ય હોઈ શકે ખરો ? **એકવાર શરૂ થયેલી પરંપરા ભલે તે અનિષ્ટ હોય તોપણ પછી ચાલતી જ રહે છે ને આગળ ને આગળ વધતી જ રહે છે.** આપણે સૌ જોઈ જ રહ્યા છીએ કે એકવાર શરૂ થયેલો ભ્રષ્ટાચાર પરંપરાએ કેટલી હદે પહોંચ્યો છે ! એ નીચેથી ઉપર સુધી એટલી હદે અને એવી રીતે ફાલ્યો-ફૂલ્યો છે કે એને કોઈ પણ રીતે કાબૂમાં લઈ શકાય જ નહિ. ભ્રષ્ટાચાર એક જુદી ચીજ છે અને એનો પ્રવાહ અર્થાત્ એની પરંપરા એ એક જુદી ચીજ છે. **વર્તમાનમાં મોટો ભય ભ્રષ્ટાચાર આદિ અનિષ્ટોનો નહિ, પણ ઘણા લાંબા કાળ સુધી ચાલુ રહેનારી એની પરંપરાનો છે.** (આપણી વાતને રાજકારણ સાથે કોઈ સંબંધ નથી. એટલે અહીં આશય કોઈની ટીકા-નિંદાનો નહિ, વાસ્તવિકતા જણાવવાનો જ છે.)

લિપિની બાબતમાં પણ મોટો ભય પરિવર્તનનો નહિ, પણ લાંબા કાળ સુધી ચાલ્યા કરનારી એની પરંપરાનો છે. લિપિ-પરિવર્તનના ઇચ્છુકોએ પોતાના નિમિત્તથી લિપિ-પરિવર્તનની પરંપરા ઊભી ન થઈ જાય, ભાવિપ્રજા ઉપર ઉપકાર કરવા જતાં અપકાર ન થઈ જાય તે માટે દીર્ઘદ્રષ્ટા બનીને સૂક્ષ્મ દૃષ્ટિથી ખૂબ ખૂબ વિચારણા કરવી જરૂરી છે.

જગતમાં તાર્કિકો કરતાં કુતાર્કિકો વધારે હોય છે. જો તેઓ સુધારકોની પરિવર્તન નીતિનું આલંબન લેશે તો પરિવર્તનમાં નિયમન રહેશે નહિ. **બધા પોતે જેવું બોલતા હશે એવું જ લખવા માંડશે તો પ્રદેશભેદની જેમ ઘરઘરની ભાષાઓ જુદીજુદી થઈને રહેશે, માટે જ આત્મખોજ કરીને વિચારવાની જરૂર છે.** આત્મસાક્ષીએ વિચારવામાં આવશે, તો સુધારકોમાં પણ પરસ્પર વિચારમેળ જોવા મળશે નહિ. તેમાંના કેટલાકના વિચારો દબાઈ જતા હશે તો કેટલાકના વિચારોને દબાવી દેવાતા પણ હશે, બચાવ જ કરવો હોય તો આપણા ખોટા માર્ગનો પણ કરી શકાય. પરંતુ બચાવ જ કર્યા કરવાનું વલણ હિતાવહ નથી. સ્વપરને માટે સુખદ એવું સ્વીકારનું વલણ પણ હોવું જોઈએ.



લેખન તો શિષ્ટમાન્ય ભાષામાં જ થવું જોઈએ

૧. **'જેવું બોલાય તેવું લખાય'** એવો સિદ્ધાંત હોય તો એ લખાણ કોઈ સમજી જ ન શકે. કેટલીક વખત બોલવામાં સમજાતો પ્રયોગ લખાણમાં સમજી શકાતો નથી. આના સમર્થનમાં અનેક પ્રયોગો પ્રસ્તુત કરી શકાય. દા.ત., **'માણસ - માણહ - મહાણ** (સ્મશાન).' આવા શબ્દપ્રયોગો બોલવામાં વપરાય તો અર્થ ખ્યાલમાં આવી જાય, પણ લખવામાં આવે તો ન સમજાય એવું બને. માટે **'લખાય તેવું બોલાય' આ વાત જ સાચી છે, પણ 'જેવું બોલાય તેવું લખાય' એ વાત ખોટી છે.**

'બાર ગાઉએ બોલી બદલાય' આ કહેવત પણ આ જ વાત કરે છે. બોલી તો એ પ્રદેશમાં જ બોલાતી હોવાથી સાંભળનારા (એવા સંસ્કારવાળા) સમજી શકે. જ્યારે લખાણ કાંઈ એ જ પ્રદેશમાં વંચાય એવું નથી – બધે જ વંચાય. એથી જેવું બોલાતું હોય તેવું લખાયું હોય તો બધા ન જ સમજી શકે. **બાર ગાઉએ બદલાતી બોલી લેખનમાંય અપનાવાય તો લેખનમાં અંધાધૂંધી વ્યાપી જાય, માટે બોલવું અલગ છે અને લખવું અલગ છે. આ બેની ભેળસેળ ન જ થઈ શકે. લેખન તો શિષ્ટમાન્ય ભાષામાં જ થવું જોઈએ.**

વર્તમાન લેખનવ્યવસ્થા જરાય કઠિન નથી. આમ છતાં એ કઠિન જણાતી હોય તોય એમાં ફેરફારના હિમાયતીઓ તરફથી સૂચવાતી કોઈ પણ લેખનવ્યવસ્થા સ્વીકારાય તો એ વધુ કઠિન સાબિત થશે. માટે **વર્તમાન પ્રયાસને 'કઠિનને સરળ નહિ, પણ કઠિનને વધુ કઠિન બનાવવાના પ્રયાસ તરીકે બહિષ્કારી શકાય.**

– આચાર્યશ્રી પૂર્ણચન્દ્રસૂરિજી

તાર્કશુદ્ધ મત : લખાય તેવું બોલાય

૨. બોલાય તેવું લખાય કે લખાય તેવું બોલાય : એ વિશે જરા મૂળમાંથી વિચારવાની જરૂર છે. બોલી અને લખાણ વિશે વિચાર કરીશું તો, એ હકીકત સાવ સ્પષ્ટ છે કે પ્રથમ બોલીનો ઉદ્‌ભવ થયો. એને લિપિબદ્ધ કરવાની શોધ પાછળથી થઈ. એટલે કે લિખિત ભાષાની શોધ પાછળથી થઈ. એટલે તાર્કિક દૃષ્ટિએ વિચારીએ તો પ્રથમ તબક્કે તો બોલાય તેવું જ લખાય.

પરંતુ બોલીને લિપિબદ્ધ કર્યા બાદ નવી પરિસ્થિતિ ઉદ્‌ભવી. બોલી હવે પ્રશિષ્ટ ભાષા બની. બોલીમાં અવારનવાર આવતાં પરિવર્તનો રોકવા માટે વ્યાકરણચુસ્ત પ્રશિષ્ટ ભાષા અત્યંત ઉપયોગી પુરવાર થઈ. પાણિનિએ એટલા માટે જ વ્યાકરણની રચના કરી હતી. એકવાર વ્યાકરણબદ્ધ પ્રશિષ્ટ ભાષા તૈયાર થઈ ગઈ, એટલે સહુએ એને માન્ય રાખવી ઘટે. એટલે વ્યાકરણચુસ્ત શિષ્ટ ભાષા તૈયાર થયા બાદ **'લખાય તેવું જ બોલાય'** એ નિયમ જ સાચો ગણાય.

આરંભમાં બોલાય તેવું લખાય અને ત્યાર બાદ લખાય તેવું બોલાય. એટલે આ ચર્ચાનો તાત્ત્વિક સાર એવો નીકળે છે કે અંતે તો લખાય તેવું જ બોલાય, એ મત શુદ્ધ ગણાય.

વળી વ્યક્તિએ વ્યક્તિએ બોલવામાં તફાવત હોય છે. એથી સવાલ એ પેદા થાય છે કે **'કોના બોલવા પ્રમાણે લખીશું ?'** આ દૃષ્ટિએ વિચારીએ તો પણ **'લખાય તેવું બોલાય'** એ મત જ તર્કશુદ્ધ લાગે છે.

– પ્રા. તુલસીભાઈ કા. પટેલ (મહેસાણા)

વાણી અને લેખન

૩. ઘણા પ્રાચીનકાળમાં ભાષા હતી, પણ લિપિ નહોતી. સમય જતાં લિપિની શોધ થઈ. જુદાજુદા દેશોએ જુદીજુદી લિપિઓ વિકસાવી. ભારતમાં અનેક ભાષાઓ અને અનેક લિપિઓ પ્રચલિત છે. ભાષામાં કાલાન્તરે પરિવર્તન આવે તોપણ પ્રાચીન ભાષાની લિપિ અર્વાચીન ભાષા માટેય ચાલુ રખાય તો ભાષાપરિવર્તનનો આલેખ એમાંથી મળી શકે. દા.ત., વેદકાળની વૈદિક ભાષા, પછી સંસ્કૃત ભાષા, પછી પ્રાકૃત ભાષાઓ, પછી અપભ્રંશ ભાષાઓ અને પછી આજની આપણી ગુજરાતી ભાષા તથા તેની વિવિધ બોલીઓ. આ બધો ભાષાવિકાસ થવા છતાં આપણે લિપિ દેવનાગરી અને પાછળથી મથાળાની આડી રેખા વગરની બોડી દેવનાગરી સાચવી રાખી તો આજે ભાષાવિજ્ઞાનીઓને આ બધાં ભાષાસંબંધી પરિવર્તનો અંગેની જાણકારી એમાંથી મળી રહે છે. પરંતુ છાશવારે લિપિમાંય પરિવર્તનો કરવામાં આવે તો ટૂંકા સમયમાં જ એવી પરિસ્થિતિ સરજાઈ જાય કે ગુજરાતના એક વિસ્તારની બોલી બોલનાર લોકોને બીજા વિસ્તારના લોકોની બોલી સમજાય નહિ. લિપિ એક જ અને સ્થિર રાખવામાં આવે, પછી ભલે **'બોલાય તેવું લખાય'** એવો પ્રયોગ કરવામાં આવે તોપણ તેનાથી ખાસ મુશ્કેલી આવે નહિ.

લિપિ એ ભાષા-બોધનું અને ભાષાને પૂર્ણસ્વરૂપમાં સાચવી રાખવાનું સાધન છે. તેથી આજ સુધીમાં જેટલી લિપિઓ પ્રચલિત છે તેટલી જ બરાબર છે. હવે તેમાં નવી લિપિઓ ઉમેરીને તકલીફમાં વધારો કરવાની જરૂર નથી.

પ્રાદેશિક લિપિઓનો ત્યાગ કરીને એક જ નાગરી લિપિ અપનાવવાનો વિચાર ભલે આદર્શવાદની દૃષ્ટિએ રમણીય લાગતો હોય તોપણ તે વ્યવહારમાં શક્ય નથી. દરેક પ્રદેશના લોકોને પોતાની આગવી લિપિનું ગૌરવ હોય છે તે આમાં નડશે. વળી દરેક લિપિમાં વિવિધ વિષયોનું લોકોપકારી સાહિત્ય રચાયેલું હોય છે તેનો લાભ ઉત્તરોત્તર મળતો રહે એ પણ જરૂરી હોય છે.

આજથી પોણી સદી પૂર્વે વડોદરા નરેશ સયાજીરાવ ગાયકવાડે ગુજરાતી સરકારી પુસ્તકો નાગરી લિપિમાં છાપવાનો ઉદ્યમ કર્યો હતો, પણ તે લાંબુ ન ચાલ્યું. તેથી નાહક વિવાદો ખડા કરીને બૌદ્ધિક શક્તિ વેડફવાની જરૂર નથી. લોકવ્યવહારમાં નવી તકલીફો ઊભી કરવાથી સરવાળે કોઈ જ ફાયદો નથી. **સરળતા-સુંદરતા આદિની દૃષ્ટિએ હાલની ગુજરાતી લિપિ બરાબર જ છે. એમાં કોઈએ અટકચાળા કરવાની જરૂર નથી.**

– ડૉ. નારાયણ કંસારા (અમદાવાદ)

૪. ભાષા અને બોલીમાં ઘણો ફેર છે. સમાજના શિષ્ટ અથવા વિદગ્ધ લોકો લખવા પ્રમાણે બોલે છે. દા.ત., **'સારું', 'સાડા સાત'** – પણ આ શબ્દો લોકબોલીમાં **'હારું', 'હાડા હાત'** એમ બોલાય છે.

યુરોપની ભાષાઓ પૈકી અંગ્રેજી, ફ્રેંચ અને જર્મન – એ ભાષાઓમાં જર્મન ભાષા વધુ વૈજ્ઞાનિક છે. તેમાં લખવા પ્રમાણે બોલાય છે અને લેખન માટેના પણ ચોક્કસ નિયમો છે. દા.ત., દીર્ઘ **'ઈ'** માટે **'IE'** એવા બે સ્વરો લખાય છે અને **'આઈ'** ઉચ્ચારણ માટે **'EI'** એ બે સ્વરો લખાય છે. દા.ત., **DIEB** (ડીબ) = **THIEF** (ચોર) અને **NEIN** (નાઈન) = **NO** (ના)

અંગ્રેજીમાં **'ENOUGH'**નો ઉચ્ચાર **'ઇનફ'** થાય છે, પણ **'THOUGH'**નો ઉચ્ચાર **'થફ'**ને બદલે **'ધો'** થાય છે. ફ્રેંચમાં તો **'RESTAURANT'**નો ઉચ્ચાર **'રેસ્તોરાં'** થાય છે.

જર્મન ભાષામાં પણ બોલીઓ છે, તે બધી એકબીજીથી એટલી તો ભિન્ન છે કે ઉત્તરની **'પ્લાટ ડૉયત્શ'** બોલીને દક્ષિણના બેવરીઆ પ્રદેશના લોકો સમજી શકતા નથી અને દક્ષિણની બોલી સમજવામાં ઉત્તરના લોકોને મુશ્કેલી પડે છે. આમ છતાં શિષ્ટ લોકો જે ભાષા બોલે છે તેને **'HOCH DEUTSCH'** (હોખ ડૉઇત્થ) **'HIGH GERMAN'** અર્થાત્ **'સ્ટેન્ડર્ડ જર્મન'** કહેવાય છે અને તે લખવા પ્રમાણે બોલાય છે.

– ડૉ. અરુણોદય ન. જાની (વડોદરા)

૫. પ્રત્યેક ચાલુ ભાષામાં એક સરખા ઉચ્ચારણવાળા પણ ભિન્નભિન્ન અર્થવાળા પુષ્કળ શબ્દો હોય છે – એને અનેકાર્થ કહે છે, પણ તેમનાં મૂળ જુદાંજુદાં હોય છે.

ગુજરાતીમાં જ **'ગળી'** જેવા શબ્દના દા.ત., **'કપડામાં ગળી, દાઢ ગળી, દાળ ગળી, સાકર ગળી, ગોળી ગળી, ફળ ગળી ગયું'** વગેરે અનેક શબ્દો એક જ રૂપે લખાતા હોય છે, છતાંય જુદાજુદા અર્થો ધરાવે છે. સંદર્ભના આધારે શ્રોતા એ શબ્દ કયા અર્થમાં લેવાનો છે તે સમજી જાય છે. પ્રત્યેક અર્થભેદ માટે લેખનભેદ હોતો નથી – શક્ય પણ નથી.

– ડૉ. હરિવલ્લભ ભાયાણી (અમદાવાદ)

૬. ભાષા બોલીએ તેવી લખાવી જોઈએ એ વાતને સ્વીકારવામાં આવે તો ભાષા અનેક બોલીઓમાં વહેંચાઈ જાય. દરેક બોલી સ્વતંત્ર ભાષા બને. **'કેશુકાકાનો કિશોર નવસારી ગયો તે ગયો, હજુ પાછો ફર્યો જ નહિ, શું થયું હશે ?'** આ વાક્યને સુરતી એવી રીતે લખશે કે **'કેહુકાકાનો કીહલો નવહારી ગિયો તે ગિયો, પાછો આઈવો જ નીં મલે. હું થિયું અહે ?'** આ જ વાત ચરોતરનો, મહેસાણાનો અને કાઠિયાવાડનો રહેવાસી પોતપોતાની બોલી મુજબ અલગ અલગ રીતે લખશે. **આ બધી બોલીઓને એક સૂત્રે બાંધનારી જોડણીકોશી (શિષ્ટમાન્ય) ગુજરાતી ભણવા-લખવામાં જ શાણપણ છે.**

ચાર ચોપડી ભણનાર માણસ પણ જેવું બોલે તેવું લખતો નથી. તેથી જ શાબ્દિક વ્યવહાર સરળ ચાલે છે.

– શ્રી મહેન્દ્ર પંડ્યા (મુંબઈ)

૭. **'જેવું લખાય તેવું બોલાય'** આ સ્વીકૃત સિદ્ધાંતને કારણે જ વ્યાકરણની રચના કરાય છે. જો બોલીને અનુસારે લખવાનું હોય તો કોઈ ભાષાનું વ્યાકરણ બનાવી શકાય જ નહિ. વ્યાકરણ બોલીનું નિયામક અર્થાત્ નિયંત્રણ કરનાર છે.

– પ્રા. રતિલાલ દોશી (અમદાવાદ)

૮. બોલાય તેવું લખાય કે લખાય તેવું બોલાય ? આમ જુઓ તો પહેલાં ભાષા બોલાય અને પછી લિપિ શોધાય અને જોડણીના નિયમોની રચના થાય એવો ક્રમ હોય. બોલાતી ભાષા તો બદલાતી આવે—ભાષામાં ધ્વનિ પરિવર્તન એ બિલકુલ સ્વાભાવિક ઘટના છે. હવે દરેક પરિવર્તન સાથે લખાતી ભાષાની જોડણીમાં ફેરફાર કરવો અશક્ય છે. તદુપરાંત લખવા માટેના નિયમો ભાષાના વ્યાકરણ વગેરેને લક્ષમાં રાખીને ઘડવામાં આવ્યા હોવાથી એમાં કોઈ ફેરફાર જલદીથી કરાય નહિ. લખાતી અને બોલાતી ભાષા સમાંતર રહી શકે જ નહિ એટલું સમજીએ તો બોલાય તેવું લખાય કે લખાય તેવું બોલાય એ પ્રશ્નો અસ્થાને છે.

– ડૉ. ભારતી મોદી (વડોદરા)

❁

૯. કોઈએ તો કહ્યું કે **'બોલાય એવું લખાય'** પણ કોનું બોલેલું ? પછી તો જેટલી બોલવાની બોલીઓ એટલી લખવાની પદ્ધતિઓ ! સર્જનાત્મક સ્તરે ભલે બોલીઓનો વિનિયોગ થાય, પણ ગુજરાતી ભાષાનું એક માન્ય-શિષ્ટ રૂપ તો બંધાયેલું રહેવું જ જોઈએ.

– શ્રી ભોળાભાઈ પટેલ (અમદાવાદ)

૧૦. **'સારું'** અને **'સાડા સાત'**ને બદલે **'હારું'** અને **'હાડા હાત'** બોલાય છે તેમાં **'હ'** નથી. એ તો **'સ'**નું કંઠ્ય ઉચ્ચારણ **'સ़'** છે. **'સ'** (દંત્ય) અને **'સ़'** કંઠ્ય—બંને અઘોષ છે, જ્યારે **'હ'** (કંઠ્ય) ઘોષ છે.

કંઠ્ય અઘોષ **'સ़'** શિષ્ટ લોકો ભાગ્યે જ બોલે છે. ગ્રામીણો કે અભણ લોકો શું બોલે છે તે આપણે જોવાનું નથી. તાલવ્ય **'શ'**ને બદલે શિક્ષિતો પણ દંત્ય **'સ'** બોલતા હોય છે !

– શ્રી કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)



લિપિપરિવર્તનના અનર્થો અને તેની સ્થિરતાની સાર્થકતા

દેવનાગરી લિપિમાં જ્ઞાનખજાનાનો અમૂલ્ય વારસો

પૂર્વે થઈ ગયેલા જગહિતચિંતક જ્ઞાની મહાપુરુષોની અમૂલ્ય વાણી વર્તમાનમાં બહુધા દેવનાગરી લિપિમાં ઉપલબ્ધ છે. ત્યાર પછી થયેલા પ્રતિભાસંપન્ન અનેક પ્રજ્ઞાવંત પુરુષોની શાસ્ત્રાનુસારી અને વિવિધ વિષયોની જ્ઞાનગંગોત્રી સમાન સેંકડો ઉત્તમ કૃતિઓ પણ વર્તમાનમાં દેવનાગરી લિપિમાં જ ઉપલબ્ધ છે.

વેદજ્ઞ, શાસ્ત્રજ્ઞ કે આગમજ્ઞ ઋષિ-મહર્ષિઓની વાણીના અમૂલ્ય ખજાના સમાન પુરાતન વિદ્યાઓની પરંપરામાં અને એના જ આધારે આકરી તપશ્ચર્યા સાથે ઘણું ઊંડું, ચિંતન-મનન-અધ્યયન આદિ કરીને રચાયેલા ગ્રન્થોમાં ધર્મ-અધર્મ, પુણ્ય-પાપ, સુખ-દુઃખ, હેય-ઉપાદેય, ભક્ષ્ય-અભક્ષ્ય, ન્યાય-નીતિ વગેરે અનેક વિષયોનો જ્ઞાનખજાનો ભરેલો છે. તેમ જ એ બધા ગ્રન્થોના અધ્યયન-સંશોધન આદિમાં સાધનભૂત એવા ન્યાય-વ્યાકરણ-શબ્દકોશ-છંદ-કાવ્ય-વૈદક-જ્યોતિષ આદિના વિષયમાં પણ લગભગ બધા ધર્મના પ્રજ્ઞાવંત પુરુષોએ ગ્રન્થરત્નોની રચના કરેલી છે.

દેવનાગરી લિપિ વડે સંસ્કૃત - પ્રાકૃત - અર્ધમાગધી - અપભ્રંશ - જૂની ગુજરાતી-હિંદી-મરાઠી આદિ અનેક ભારતીય ભાષાઓમાં લખાયેલું એ બધું સાહિત્ય આપણા માટે આધ્યાત્મિક અને સાંસ્કૃતિક જ્ઞાનના અમૂલ્ય ખજાના સમાન છે. અમૂલ્ય જ્ઞાનખજાનાનો એ વારસો પરંપરામાં અદ્યાવધિ નિર્વિઘ્ને વહેતો રહીને આપણા સુધી આવી પહોંચેલો છે. એ વારસો આગળ પણ વહેતો રાખીને ભાવિપ્રજાને પહોંચાડવાની આપણી પવિત્ર ફરજ છે.

ગુજરાતી લિપિનું નિર્માણ દેવનાગરી લિપિમાંથી જ થયેલું છે. તેમાં 'ઋ' સિવાયના સ્વરોનો આકાર બદલાયેલો છે. 'ક-ખ-ચ-જ-ઝ-ણ-ફ-ભ-લ' આ થોડા વ્યંજનોનો આકાર નહિવત્ બદલાયેલો છે. મોટા ભાગનાં વ્યંજનચિહ્નો તો કોઈ પણ જાતના ફેરફાર વિના આજ સુધી એના અસલ સ્વરૂપમાં જ જળવાઈ રહેલાં છે.

ગુજરાતી લિપિમાં શિરોરેખાનો અભાવ છે. ગુજરાતી ભાષા, જેમ શિરોરેખા વગરની ગુજરાતી લિપિમાં લખાય છે, તેમ શિરોરેખા સહિતની દેવનાગરી લિપિમાં પણ લખાય છે. તેમાં સ્વર-વ્યંજનોનો આકાર લગભગ બદલાયા વગરનો રહે છે. આમ ગુજરાતી લિપિનો દેવનાગરી લિપિ સાથેનો સંબંધ મા કે દાદી જેવો છે.

વર્તમાન ગુજરાતી લિપિમાંથી અમુક સ્વર-વ્યંજનોની બાદબાકી કરીને તેનું પરિવર્તન કરવાથી દેવનાગરી-ગુજરાતી લિપિના સંબંધનો વિચ્છેદ થશે. વળી ભાવિપ્રજાને માટે જૂની ગુજરાતી લિપિમાં લખાયેલી અને ઓછા સ્વર-વ્યંજનોવાળી નવી ગુજરાતી લિપિમાં લખાયેલી ગુજરાતી ભાષા સંબંધી પણ ભેદ ઊભો થશે. ઓછા સ્વર-વ્યંજનોવાળી નવી ગુજરાતી લિપિ દ્વારા ગુજરાતી ભાષા લખતાં-વાંચતાં શીખેલી ભાવિપ્રજાને, દેવનાગરી લિપિ દ્વારા સંસ્કૃત-પ્રાકૃત-અર્ધમાગધી-હિંદી-મરાઠી-આદિ અનેક ભારતીય ભાષાઓમાં લખાયેલા કોઈ પણ વિષયના કોઈ પણ ગ્રન્થનું વાચન-અધ્યયન આદિ કરીને આધ્યાત્મિક અને સાંસ્કૃતિક જ્ઞાન મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે એવી પરિસ્થિતિ સરજાય. તેથી આજ સુધી પરંપરામાં નિરંતરાયપણે વહેતો રહીને સદ્‌ભાગ્યે આપણા સુધી આવી પહોંચેલ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક જ્ઞાનના એ કલ્યાણકારી વારસાનો પ્રવાહ, ક્રમસર પાતળો પડતાં સર્વથા ક્ષીણ થવા સુધી પહોંચવાનો સંભવ રહે છે.

એ અમૂલ્ય જ્ઞાનવારસા વિનાની ભાવિપ્રજા ધર્મ-અધર્મ, પુણ્ય-પાપ, હેય-ઉપાદેય, કર્તવ્ય-અકર્તવ્ય આદિનો વિવેક કરી શકશે નહિ અને સુસંસ્કારો પણ પામી શકશે નહિ. તેથી ભાવિ ગુજરાતી પ્રજાનું જીવન અજ્ઞાનના અંધકારમય, પાપમય અને સંસ્કારહીન બની જવાનો સંભવ રહેશે. ઉત્તરોત્તર એનું અધઃપતન થતું રહેશે. મોટામાં મોટું નુકસાન એને આધ્યાત્મિક દૃષ્ટિએ વેઠવું પડશે.

❁

આપણે આપણી ભાવિપ્રજાનો દ્રોહ ન કરીએ !

દેશવિદેશમાં સર્વત્ર સેંકડો-હજારો ગ્રન્થાલયો છે તે બધાં ગ્રન્થાલયોમાં દેવનાગરી અને ગુજરાતી લિપિમાં હસ્તલિખિત પ્રતો, મુદ્રિત પ્રતો-પુસ્તકો વગેરે કરોડોની સંખ્યામાં છે. ભારતના સર્વ ધર્મોનાં શાસ્ત્રો તેમ જ ન્યાય, વ્યાકરણ, વૈદક, જ્યોતિષ આદિ અનેક વિષયોનાં શાસ્ત્રો અને વિવિધ વિષયો સંબંધી અત્યન્ત ઉપયોગી પ્રાચીન-અર્વાચીન વારસાગત સાહિત્ય ઘણા મોટા પ્રમાણમાં સારી રીતે સચવાઈ રહેલું છે. તેમાં જીવમાત્રના કલ્યાણને માટે નિઃસ્વાર્થ અને પરોપકારવૃત્તિવાળા ઋષિ-મુનિઓએ ઉપદેશેલી વાણી તેમ જ વિવિધ વિષયોના વિદ્વાનોએ તે તે વિષયનું જીવનપર્યંત તલસ્પર્શી અધ્યયન, ચિંતન, મનન, સંશોધન આદિ કરીને લોકહિતાર્થે સરજેલું સાહિત્ય, પોતાના જીવનના અનુભવોના નિચોડરૂપ છે.

હવે જો અમુક સ્વર-વ્યંજનોને ભણતરમાં ભારરૂપ માનીને આપણી લિપિમાંથી રદ કરવામાં આવે તો એ સ્વર-વ્યંજનોના જ્ઞાન વગરની આપણી ભાવિપ્રજા એ કલ્યાણકારી અમૂલ્ય સાહિત્યનું વાચન-અધ્યયન-સંશોધન આદિ કરવામાં મુશ્કેલી અનુભવશે. પરિણામે પછી પછીની ભાવિપ્રજાને અમૂલ્ય જ્ઞાનવારસાથી વિમુખ થવું પડશે અને તેનાથી મળનારા આધ્યાત્મિક, સાંસ્કૃતિક આદિ લાભોથી વંચિત રહેવું પડશે. આધ્યાત્મિક આદિ અમૂલ્ય સાહિત્યના જ્ઞાનવારસાના લાભથી ભાવિપ્રજા વંચિત રહે એવું કાંઈ પણ કરવાનો આપણને અધિકાર હોઈ શકે ખરો ? ભાવિપ્રજાના અકલ્યાણમાં કે અધઃપતનમાં નિમિત્ત બનવું આપણા માટે કેટલું યોગ્ય છે ? આપણી તો એ પવિત્ર ફરજ છે કે આપણા પૂર્વજોએ જીવની જેમ જતન કરીને અને અઢળક દ્રવ્યનો વ્યય કરીને જે ભવ્ય જ્ઞાનવારસાને અકબંધ રીતે આપણા સુધી પહોંચાડ્યો છે, એ જ્ઞાનવારસાને આપણે પણ જીવની જેમ જતન કરીને અકબંધ રીતે ભાવિપ્રજા સુધી પહોંચાડી દેવો. જો એ પવિત્ર ફરજ આપણે ચૂકીએ તો આપણે ભાવિપ્રજાનો દ્રોહ કર્યો ગણાય.

પ્રાચીન સાહિત્યમાત્રને સુધારેલી લિપિ મુજબ ફેરવવું છે કે એ સાહિત્યથી નવા વર્ગને વંચિત રાખવો છે ? વર્તમાન ગુજરાતી લિપિમાં ફેરફારના પ્રયત્નો કરનારા વિદ્વાનોએ ભાવિપ્રજાના દ્રોહના પાપથી બચવા માટે દેશવિદેશના સર્વ ગ્રન્થાલયોમાં રહેલા સર્વ પ્રકારના, ઉપયોગી કલ્યાણકારી સાહિત્યને પોતે રચેલી અર્વાચીન લિપિમાં પરિવર્તન કરવા માટે પ્રથમ તો એને નવેસરથી લખવું કે લખાવવું પડે. ત્યાર પછી એને અત્યંત શુદ્ધિપૂર્વક મુદ્રિત કરાવવું પડે અને દેશવિદેશમાં રહેલાં સર્વ ગ્રન્થાલયોમાં પહોંચાડવા આદિની વ્યવસ્થા અને મહેનત કરવી પડે. નવેસરથી તૈયાર કરાયેલા એ સાહિત્યને ગ્રન્થાલયોમાં સમાવવા માટે નવી જગ્યા, નવાં કબાટો આદિની વ્યવસ્થા કરવી પડે અથવા જૂના સાહિત્યને પસ્તીમાં કે દરિયામાં પધરાવીને જગ્યા કરવી પડે. જો એમ કરવામાં ન આવે તો ભાવિપ્રજા આધ્યાત્મિક આદિ વિવિધ વિષયોના જ્ઞાનથી વંચિત રહે. સમય-મહેનત-ખર્ચ આદિની ઘણી મોટી સમસ્યાઓ હલ કરીને એ જટિલ કાર્યો પાર પાડવાની જવાબદારી અને જોખમદારી લેવા, લિપિસુધારણાની ઝુંબેશ ચલાવનારા માનનીય વિદ્વાનો તૈયાર થશે ખરા ?

❋

લાભ તરફનું નેત્ર મોતિયાવાળું હોય અને પરિણામ તરફનું નેત્ર બિડાયેલું રહેતું હોય એવી સ્થિતિ હિતાવહ નથી

રાજાને દ્રવ્યકોશ વગર ચાલે નહિ તેમ જ કવિઓ, સાહિત્યકારો, લેખકો, વિવેચકો તથા પત્રકારો વગેરે મહાનુભાવોને શબ્દકોશ વગર ચાલે નહિ. ઘણા સમયે, ઘણી મહેનતે અને ઘણા ખર્ચે તૈયાર થયેલા અત્યંત ઉપયોગી જ્ઞાનવર્ધક **'ભગવદ્‌ગોમંડલ'** વગેરે જેવા મહાકાય શબ્દકોશોની જરૂર કવિઓ આદિને વારંવાર પડવાની. શબ્દકોશો વગર તેઓ પંગુ બની જાય. જો વર્તમાન ગુજરાતી લિપિમાં ફેરફાર થાય તો એ મહાકાય શબ્દકોશોને નૂતન ગુજરાતી લિપિમાં ફેરવીને શુદ્ધિપૂર્વક છપાવવાની જવાબદારી-જોખમદારી લેવા લિપિસુધારણાની ઝુંબેશ ચલાવનારા વિદ્વાનોમાંથી કોણ તૈયાર થશે ? વળી શબ્દકોશો બદલવાનું કામ પણ સહેલું નથી. કારણ કે શબ્દકોશોને નૂતન ગુજરાતી લિપિમાં ફેરવવા માટે કેટલાય શબ્દોને રદ કરવા પડે, કેટલાય શબ્દો નવા ઉમેરવા પડે અને કેટલાય શબ્દોના અર્થોમાં પણ સુધારા-વધારા કરવા પડે. દા.ત., **'ઇષુ=બાણ'** આ શબ્દને રદ કરીને **'ઇશુ'** કે **'ઇશુ'**માં ફેરવવો પડે ને તેમાં **'બાણ'** અર્થનો વધારો પણ કરવો પડે. આવી મહેનત સેંકડો શબ્દો માટે કરવી પડે.

લિપિપરિવર્તનના કારણે મુદ્રણાલયોનાં બીબાં, ટાઇપરાઈટર, કમ્પ્યુટર જેવાં છાપકામનાં વિવિધ યંત્રો વગેરેમાં પણ આમૂલ પરિવર્તન કરવું પડે. સમય-મહેનત આદિની બાબતમાં ઉપરનાં સર્વ જટિલ કાર્યોને પહોંચી વળવાનું કેવી રીતે શક્ય બનશે ? એક આર્થિક પ્રશ્ન તો હલ થઈ જાય, પણ સમયનો ભોગ આપવા અને મહેનત કરવા આ કપરા કાળમાં કોણ તૈયાર થશે ? શુદ્ધિની કાળજી ઘટી રહી હોય અને શુદ્ધિ પ્રત્યે આદર પણ ન હોય, શુદ્ધિપૂર્વકના મુદ્રણમાં, મુદ્રણાલયોના સહકારની વાત પણ જ્યારે આકાશ-કુસુમ જેવી હોય અને છાપકામ ખૂબ જ અશુદ્ધિવાળાં થતાં હોય, ત્યારે સંપૂર્ણ શુદ્ધિ જાળવીને નવું છાપકામ કરાવવાનું કાર્ય કેટલું મુશ્કેલ બને એ બાબત પણ ગંભીર વિચારણા માગી લે એવી છે.

ચાલુ લિપિમાંથી અમુક સ્વર-વ્યંજનોની બાદબાકી કરીને અને બીજા પણ કેટલાક ફેરફાર કરીને બનાવેલી નવી લિપિને સમાચારપત્રો, સામયિકો, લેખકો, મુદ્રકો વગેરે તરત જ અપનાવી લે એ બનવાજોગ લાગતું નથી. ધનની લાલસા વધી પડી હોય, સર્વત્ર લક્ષ્મીની જ બોલબાલા હોય

એવા સમયમાં આર્થિક લાભની હાનિના ભયથી ત્વરાએ કે વિલંબે પણ તેઓ બધા નવી લિપિને અપનાવે નહિ તો વૃદ્ધ-બાલ કે જૂની-નવી પેઢી વચ્ચે લિપિસંબંધી ભાષાકીય ભેદ ઊભો થાય—વિસંવાદ થાય. આ બાબત પણ ઉવેખવા જેવી જણાતી નથી—અવશ્ય ધ્યાનમાં લેવા યોગ્ય છે.

ગુજરાતી લિપિમાં સ્વર-વ્યંજનો ઘટાડાય અને દેવનાગરીમાં સ્વર-વ્યંજનો જેમ છે તેમ જ રહે તો કેટલો વિસંવાદ ઊભો થાય, કેવી કેવી નવી મુસીબતો ઊભી થાય એ પણ વિચારણીય છે. લાભ અને હાનિ બંને બાબતો નિર્મળ નેત્ર દ્વારા જોવા યોગ્ય છે. લાભ તરફનું નેત્ર મોતિયાવાળું હોય અર્થાત્ હોય એના કરતાં અનેકગણો અધિક લાભ જોનારું હોય અને પરિણામ તરફનું નેત્ર બીડાયેલું જ રહેતું હોય એવી સ્થિતિ હિતાવહ નથી.



શિક્ષણમાં સરળતા લાવવા માટે ઉચિત શું ?

હિન્દી ભારતની રાષ્ટ્રભાષા છે. ઘણું કરીને ભારતની મોટા ભાગની શાળાઓમાં એ શીખવાય છે. અત્યારે ગુજરાતી બાળક **'कृषि-ऋषि-ऋषभ'** લખતાં શીખે છે. તેથી તે દેવનાગરી લિપિમાં લખાયેલાં **'कृषि-ऋषि-ऋषभ'** આદિ શબ્દો વિશેષ પ્રયાસ વિના સહેલાઈથી લખી-વાંચી શકે છે અને હિંદી, મરાઠી ભાષાઓ પણ સહેલાઈથી શીખી શકે છે. પણ ગુજરાતી લિપિમાંથી **'ऋ'** અને **'ष'** આ બે અક્ષરો રદ થયા પછી શાળાઓમાં બાળકને **'ऋ'**ના સ્થાને **'રુ'** અને **'ष'**ના સ્થાને **'શ'** શીખવવાનું શરૂ થાય ત્યારે બાળક **'कृषि-ऋषि-ऋषभ'**ને બદલે **'કુશિ-રુશિ-રુશભ'** લખતાં વાંચતા શીખશે. તેથી તે દેવનાગરી લિપિમાં હિંદી અને મરાઠી ભાષામાં લખાયેલા **'कृषि-ऋषि-ऋषभ'** વગેરે શબ્દો વાંચી શકશે નહિ. હિંદી ઉપરાંત સંસ્કૃત-પ્રાકૃત-મરાઠી ભાષાઓ લખતાં-વાંચતાં શીખવા માટે ગુજરાતી બાળકને, ગુજરાતી લિપિમાંથી ભારરૂપ માનીને રદ કરાયેલા **'ऋ'** અને **'ष'** આ બે અક્ષરો શીખ્યા વિના ચાલશે નહિ. આથી શિક્ષણનો ભાર ઘટે કે વધે ? મારી સમજ પ્રમાણે **'કુશિ-રુશિ-રુશભ'** આદિ લખતાં-વાંચતાં શીખવાનો બોજો વધે અને **એક ગર્દભની વાતમાં આવે છે કે 'તેણે પાણીમાં બેસીને પોતાનો બોજો હળવો કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે ઊલટાનો તેનો બોજો ઘણો વધી ગયો !' તે વાત અમુક સ્વર-વ્યંજનોને બોજારૂપ માનીને લિપિમાંથી રદ કરીને શિક્ષણનો બોજો હળવો કરવાનો પ્રયત્ન કરવા જતાં આપણને લાગુ પડી જવાનો સંભવ રહે છે.**

લિપિસુધારણાના નામે અમુક વર્ણોને ભાષામાંથી ઉડાવી શકાય, પણ દેવનાગરી લિપિ દ્વારા અન્ય ભાષાઓમાં લખાયેલા સાહિત્યનો અનુવાદ કરવાના પ્રસંગે, રદ કરાયેલા તે તે વર્ણોવાળા શબ્દોને સુધારેલી ગુજરાતી લિપિમાં આપણે કેવી રીતે ગોઠવી શકીશું, એ પણ વિચારણીય બાબત છે.

ભાષાવિજ્ઞાનના સમૃદ્ધ વારસાનો થોડોઘણો પણ યથાર્થ પરિચય મેળવવા માટે લિપિબોધ છે. લિપિબોધ દ્વારા ભાષાવિજ્ઞાનના સમૃદ્ધ વારસાનો યથાર્થ પરિચય મેળવીએ તો જ તે તે વિષયમાં સ્વયં સમુચિત સમાધાન મેળવી શકાય. પરન્તુ સરલીકરણના નામે લિપિમાંથી અમુક સ્વર-વ્યંજનોને રદ કરવામાં આવે તો ભાવિપ્રજા એ સમૃદ્ધ વારસાને કેવી રીતે મેળવી શકે ?

ચાલુ ગુજરાતી લિપિમાં જે સ્વર-વ્યંજનો છે, તેમાં પરિવર્તન કેટલું ઉચિત છે, એ વાતને નજર સમક્ષ રાખીને આ લખાણ કરવામાં આવ્યું છે. ગુજરાતી ભાષામાં જ્યાં તત્સમ શબ્દો આવે ત્યાં આ લખાણ ઉપયોગી લાગે. લિપિસંબધી તફાવતોમાં ઉપેક્ષાવાળા બનીને અહીં રજૂ કરવામાં આવેલા વિચારોને સામાન્ય ગણીને અને હસી કાઢીને લિપિમાં પરિવર્તન કરવામાં આવે તો લિપિ તરીકે કદાચ અમુક અંશે સરળતા થશે, પણ તે સરળતા અર્થબોધ વખતે ક્લિષ્ટતામાં પરિણમવાનો સંભવ રહે છે.

અમુક સ્વર-વ્યંજનોને રદ કરીને વર્તમાન ગુજરાતી લિપિમાં ફેરફાર કરવામાં આવે તો છન્દશાસ્ત્રની રચના નવેસરથી કરવી પડે. જ્યાં સુધી નવું છન્દશાસ્ત્ર રચાય નહિ ત્યાં સુધી નવી કાવ્યરચના થઈ શકે નહિ. જૂનાં કાવ્યોનો અભ્યાસ થઈ શકે નહિ અને તે ગાઈ શકાય પણ નહિ. દલપતરામ, નાનાલાલ અને કલાપી વગેરે કવિઓની છન્દોબદ્ધ કાવ્યરચનાઓ ઘણી છે. તે બધાં કાવ્યો અભ્યાસમાંથી બાકાત થાય તેથી તે કવિઓને પણ મોટો અન્યાય થાય.

કોઈ પણ સંજોગમાં ઓછી સમજવાળા સામાન્યજનો માટે શુદ્ધ લેખન-ઉચ્ચારણ સંબંધી આગ્રહ રાખવામાં આવે નહિ. શિક્ષણમાં સરળતા કે હળવાશ લાવવા માટે આટલું જ કરવું ઉચિત ગણાશે.

નાનપણથી જ શુદ્ધ લેખન-ઉચ્ચારણ પરત્વે ધ્યાન અપાયું હોય તો અશુદ્ધ લેખન-ઉચ્ચારણ અધિકાંશે નિવારી શકાય.

સરળતાના નામે ગમે તેવા ફેરફાર કર્યા પછી પણ **'બાર ગાઉએ બોલી બદલાય'** એમ ક્ષેત્રભેદે ઉચ્ચાર-વ્યવહાર આદિમાં ભેદ રહેવાના છે, કે જે વિદ્વાનોએ પણ ક્ષમ્ય ગણવા પડે. એટલું જ નહિ, એને પરંપરારૂપ સિદ્ધ જ માનવાના રહે છે.

દુનિયાની કઈ લિપિ બિલકુલ ક્લિષ્ટતા વગરની છે ? ગુજરાતી લિપિના સરલીકરણની ઝુંબેશ ચલાવનારા વિદ્વાનો એવી કોઈ એક લિપિનું નામ જાહેર કરી, તેમાં ક્લિષ્ટતાનો સદંતર અભાવ છે અને અમુક અમુક જાતની સરળતા છે એ બતાવે તો એમનો માર્ગ નિષ્કંટક (સરળ) બને.

લિપિ-સરલીકરણના નામે ભાષાનું નિકંદન કાઢવાનો પ્રયત્ન કરવો હિતાવહ નથી. મનના તરંગો પ્રમાણે ભાષાને ગોઠવવાનો પ્રયત્ન કરવાથી ક્યારેક ભાષાનું જ સમૂળું પરિવર્તન થઈ જાય છે. એથી આપણે તે ભાષાને જ ગુમાવી બેસીએ એવું પણ બને છે.

શિક્ષણ બોજારૂપ કેમ લાગવા માંડ્યું છે ?

પૂર્વકાળમાં ખાવાપીવાનો રસ આજની અપેક્ષાએ ઘણો ઓછો હતો, તેથી ખાવાપીવાની વાનગીઓ મર્યાદિત જ હતી. પણ આજકાલ તો ખાવાપીવાનો રસ ઘણો વધી પડ્યો છે. તેથી જાતજાતની નવી વાનગીઓની શોધખોળ ઘણા માણસો કરી રહ્યા છે. છાપાં, માસિકો વગેરેમાં આસ્વાદવૃદ્ધિ કરનારી રોજરોજ નવીનવી અનેક વાનગીઓ પ્રગટ થતી જ રહે છે. લોકો એ બધું ખૂબ રસપૂર્વક વાંચે છે, નવીનવી વાનગીઓ બનાવીને આરોગે છે, એનો આસ્વાદ માણે છે. જાતજાતની સેંકડો વાનગીઓનાં નામ યાદ રાખવાં, એમાં અનેક વસ્તુઓના મિશ્રણની વિધિ યાદ રાખવી અને ઘણી મહેનતે વાનગીઓ બનાવવી—આ બધું ખાવાપીવાના રસિયાઓને જરાય બોજારૂપ લાગતું નથી. આટલી બધી વાનગીનાં નામ, એને બનાવવાની વિધિ વગેરે કેમ યાદ રાખી શકાય, બોજો કેટલો બધો વધી જાય ! એવો ઊહાપોહ કોઈ જ કરતું નથી. ઉપરથી વાનગીઓ બનાવવાની કષ્ટપ્રદ રીતો જેમજેમ વધુ પ્રગટ થતી રહે છે, તેમતેમ લોકોનો આનંદ અને રસ વધતો જ જાય છે.

એમ માણસને સાચા અર્થમાં માણસ બનાવનારા શિક્ષણમાં પણ લોકોનો રસ કેળવાય તો શિક્ષણ કોઈનેય બોજારૂપ લાગે નહિ. આજ સુધી બોજારૂપ લાગતું પણ નહોતું; હમણાં હમણાં જ બોજારૂપ લાગવા માંડ્યું છે. બોજો રસના અભાવે અનુભવાય છે. દેશને પાયમાલ કરનાર ક્રિકેટની રમત, ચલચિત્રો, દૂરદર્શન આદિ અન્ય ક્ષેત્રોમાં રસવૃદ્ધિ થઈ રહી હોવાને કારણે ભણનાર-ભણાવનાર ઉભયપક્ષે શિક્ષણવિષયક રસની દિનપ્રતિદિન હાનિ થઈ રહી છે. **માણસને સાચા અર્થમાં માણસ કરીકે જીવન જીવતાં શીખવનારા ગુણલક્ષી શિક્ષણ પ્રત્યે લોકોનો રસ કેળવાય અને વધતો રહે એવા પ્રામાણિક પ્રયત્નો કરવા જોઈએ. આ કામ વિશેષ પ્રકારે શિક્ષણક્ષેત્રનું જ છે.**

જ્ઞાનીઓને અજ્ઞાનની દિશામાં ઘસડી જવાના પ્રયત્નો ના જ થાય !

સ્વાદની લાલસાથી પ્રેરાઈને અને આરોગ્યશાસ્ત્રની ઉપેક્ષા કરીને ભલે ઘણા લોકો પણ સ્વચ્છન્દપણે ખાનપાન કરતા હોય, ત્યારે નિઃસ્વાર્થભાવ અને પરમાર્થવૃત્તિવાળા હોવાને કારણે જ અત્યન્ત દયાર્દ્ર હૃદયવાળા બની ગયેલા સુવૈદ્યો, એમને આરોગ્યશાસ્ત્રની ઉપેક્ષા કરીને સ્વચ્છન્દપણે ખાનપાન નહિ કરવાનું સમજાવવા માટેના શક્ય પ્રયત્નો કરે, સ્વચ્છન્દપણે કરાતાં ખાનપાનનાં નુકસાન અને આરોગ્યશાસ્ત્રાનુસાર કરાતાં ખાનપાનના લાભ સમજાવે. એમ છતાંય ન જ સમજે તો 'ભલે હમણાં નહિ, તો ભવિષ્યમાં પણ સમજશે' એમ માનીને એમની ઉપેક્ષા કરે. પણ સ્વચ્છન્દપણે ખાનપાન કરનારાઓની ખોટી દયા ખાઈને એમને અનુકૂળ પડે એવી રીતે આરોગ્યશાસ્ત્રને ફેરવવાના પ્રયત્નો તો તેઓ પ્રાણાંતે પણ કરે નહિ, એવા દયાળુ બને જ નહિ. એવા દયાળુ તો બનાય પણ નહિ. એમ કરવાથી તો સ્વચ્છન્દપણે ખાનપાન કરનારાઓને અહિતકર ઉત્તેજન મળે અને સંયમીઓને પણ સ્વચ્છન્દી બનવાની ફરજ પડે. સંયમપૂર્વક ખાનપાન કરનારા લોકો જગતમાં ભલે થોડા જ હોય, તોપણ એમને સ્વચ્છન્દી બનવાની ફરજ પડે એવું કાંઈ પણ કરવાનો કોઈ પણ વૈદ્યને અધિકાર હોઈ શકે નહિ.

તેમ ભલે ઘણા લોકો પણ અરસિકતા, પ્રમાદ, બુદ્ધિની મંદતા આદિ અનેક દોષોને કારણે વ્યાકરણશાસ્ત્રની ઉપેક્ષા કરીને અશુદ્ધ ભાષાકીય વ્યવહાર કરતા હોય ત્યારે નિઃસ્વાર્થભાવ અને પરમાર્થવૃત્તિવાળા હોવાથી જ અત્યંત દયાર્દ્ર હૃદયવાળા બની ગયેલા ભાષાવિદો, એમને વ્યાકરણશાસ્ત્રની ઉપેક્ષા કરીને અશુદ્ધ ભાષાકીય વ્યવહાર નહિ કરવા માટે સમજાવવાના શક્ય તેટલા પ્રામાણિક પ્રયત્નો કરે. સુદૃઢ દાખલા-દલીલો દ્વારા, અશુદ્ધ ભાષા લખવા-બોલવાનાં નુકસાન અને વ્યાકરણશુદ્ધ ભાષા લખવા-બોલવાના ફાયદા સમજાવે. એમ છતાંય ન જ સમજે તો **'ભલે હમણાં નહિ, તો પછી સમજશે'** એમ માનીને એમની ઉપેક્ષા કરે. પણ અશુદ્ધ ભાષાકીય વ્યવહાર કરનારાઓની ખોટી દયા ખાઈને, એમને અનુકૂળ પડે એટલા ખાતર થોડાથોડા અંતરે વારંવાર વ્યાકરણશાસ્ત્રને ફેરવવાના પ્રયત્નો કરે નહિ. એવા દયાળુ બને નહિ. એવા દયાળુ બનવાથી તો અશુદ્ધ ભાષાકીય વ્યવહાર કરનારાઓને ઉત્તેજન મળે અને વ્યાકરણશાસ્ત્રાનુસાર શુદ્ધ ભાષાકીય વ્યવહાર કરનારાઓને અશુદ્ધ લખવા-બોલવાની ફરજ પડે. **અજ્ઞાનીઓના સમૂહની દયા ખાઈને એને જ્ઞાની બનાવવાના પ્રયત્નો ભલે થાય પણ થોડા જ્ઞાનીઓનેય**

અજ્ઞાનની દિશામાં ઘસડી જવાના પ્રયત્નો તો ન જ થાય. ભાષાવિદોને એમ કરવાનો અધિકાર શી રીતે હોઈ શકે ?

આરોગ્ય-લેખન-ઉચ્ચારણ વગેરે કોઈ પણ બાબતમાં ઓછી સમજ કે ઓછા શિક્ષણવાળા લોકો દ્વારા કરાતા દોષો ચલાવી લેવાય અર્થાત્ કક્ષા-અલ્પસમજ પ્રમાણે એમ હોય એ બરાબર છે, પણ એને નિર્દોષતા તરફ આગળ વધવાની તક છે. એવી તક એમને માટે હોવી જ જોઈએ, જે તક અભણ માટે હોતી નથી. તેથી તે **દોષોને એકાંતે સ્વીકારાય નહિ અર્થાત્ કાયદેસર તો બનાવાય જ નહિ.** પરિહાર્યકક્ષામાં મનાવવા માટે ચોક્કસ પ્રકારની શુદ્ધકક્ષાનું સ્થાન પણ નિયત બતાવવું જોઈએ.

શાળાઓમાં લિપિશાસ્ત્ર અનુસાર સંપૂર્ણ લિપિ શીખવાય, વ્યાકરણશાસ્ત્ર અનુસાર શુદ્ધ જોડણી શીખવાડાય. અશુદ્ધ જોડણી નહિ કરવાનું અને શુદ્ધ જોડણી કરવાનું ભારપૂર્વક કહેવાય. વળી અશુદ્ધ જોડણીનાં નુકસાન અને શુદ્ધ જોડણીના લાભ પણ બતાવાય. આટલા પ્રામાણિક પ્રયત્નો કર્યા પછી મંદબુદ્ધિ, બેદરકારી, ઉતાવળ, પ્રમાદ, આદત આદિ કારણોસર અશુદ્ધ ઉચ્ચારણ-લેખન સંબંધી દોષોને ક્ષન્તવ્ય ગણીને ચલાવી લેવાય. આ બાબતો ત્રણેય કાળમાં અનિવાર્ય છે. ઉપર જણાવેલાં કારણોસર **ઓછી સમજવાળા લોકોના લેખન-ઉચ્ચારણવિષયક દોષોને કારણે લિપિ-જોડણી પરિવર્તન નિયમબદ્ધ રીતે આવશ્યક ગણાય ખરું ?**

ભાષા એ આપણી માલિકીનું ભવન નથી !

વસ્ત્ર જ્યારે ઝાંખું થાય ત્યારે એને ફરીથી રંગાવીને ઓપ આપી શકાય. અથવા તો જીર્ણ થાય ત્યારે બદલાવી શકાય. ભાષા એ કોઈ વસ્ત્ર નથી, તેમ એ માલિકીના ભવન જેવી પણ વસ્તુ નથી કે તેમાં પોતાને ઠીક લાગે તે રીતે ફેરફાર કરાવી શકાય.

ભાષાનું તો એક ધ્રુવ સ્વરૂપ છે અને તે લોકોના બહુલ વર્ગને અસરકર્તા છે. તેથી તેમાં આપણી કલ્પના મુજબ મનસ્વીપણે ફેરફાર કરાવી શકાય નહિ. આમ છતાં એવી રીતે ફેરફાર કરવામાં આવે તો ભાષાનું મૂળસ્વરૂપ નષ્ટ થાય. તેથી શાસ્ત્રબોધ માત્ર કલ્પનાની વાત બની જાય.

એક એવી દલીલ કરવામાં આવે છે કે 'સદીઓ પૂર્વે સંસ્કૃત **'હસ્ત'** શબ્દનું પ્રાકૃતમાં જ્યારે **'હત્થો'** બોલાયું હશે ત્યારે ભાષાપ્રેમી વિદ્વાનોએ ચિંતા-દુઃખ વ્યક્ત કર્યા હશે. જ્યારે આજે **'હાથ'** શબ્દને આપણે સંપૂર્ણ શુદ્ધ ગણીએ છીએ.'

આ દલીલની સામે કહેવાનું એ છે કે **'હશે'**ને બદલે **'હતું-હતાં'** ક્રિયાપદો મૂકીને વાતની રજૂઆત થાય તો જ એ વિશ્વસનીય બની શકે. બાકી આવી વાતમાં કલ્પનાના તુક્કા ચાલે નહિ.

શ્રી ઋષભદેવ-ચરિત્રમાં જણાવ્યા પ્રમાણે રાજા ઋષભદેવે બ્રાહ્મી આદિ ૧૮ લિપિઓ પ્રવર્તાવી, અર્થાત્ બોલાતી ભાષાને લેખન માટે લિપિબિદ્ધ કરી, તે પછી બીજી અનેક લિપિઓ અને જુદીજુદી ભાષાઓનું પ્રચલન આજ સુધી ચાલુ જ રહ્યું છે. **ભાષા પ્રથમ બોલાય છે અને લિપિની રચના થયા પછી લખાય છે.** માગધી વગેરે પ્રાકૃત ભાષાઓ તે તે દેશમાં બોલાતી ભાષા છે. તેના પરથી સંસ્કાર પામીને સાહિત્યલેખન માટે રચાયેલી ભાષા સંસ્કૃત છે એવો વિદ્વાનોનો મત છે અને તે બુદ્ધિગમ્ય પણ છે. એટલે એવું નથી કે પ્રથમ સંસ્કૃત ભાષાનું નિર્માણ થયું અને ત્યાર પછી માગધી વગેરે પ્રાકૃત ભાષાઓ ચલણમાં આવી. લોકભાષાઓ અને પ્રાકૃત-ભાષાઓ આ જગતમાં ચિરકાળથી જ પ્રવૃત્ત છે. પ્રાકૃત અને સંસ્કૃત વગેરે બધી જ ભાષાના પંડિતો પણ સર્વકાળમાં હોય છે. વળી પ્રચલિત એવી સર્વ ભાષાઓમાં અનેકવિધ સાહિત્ય પણ રચાયેલું છે.

કહેવાની વાત એ છે કે સંસ્કૃત ભાષાના પંડિતો સંસ્કૃત ભાષા મુજબ **'હસ્ત'** શબ્દ બોલે તો પ્રાકૃતમાં **'હત્થો'** અને ગુજરાતીમાં **'હાથ'** શબ્દ બોલનારાને કોઈ દુઃખ હોતું નથી. આ વાત સર્વને સ્વાનુભવ-સિદ્ધ છે. તેમ વર્તમાનકાળમાં અને પૂર્વકાળમાં પણ પ્રાકૃતમાં **'હત્થો'** અને ગુજરાતીમાં **'હાથ'** શબ્દ બોલાય તેનું દુઃખ સંસ્કૃતના પંડિતોને હોય જ નહિ—હોતું પણ નથી. હા, ભદ્રંભદ્ર જેવા કોઈ અતિસંસ્કૃતમાનીને દુઃખ થતું હોય તો તે તેની ગેરસમજની નીપજ હોઈ શકે. અંગ્રેજો **'ફાધર'** શબ્દ બોલે તે સાંભળીને **'પિતૃ-પિતા'** કે **'પિતર'** શબ્દ બોલનારા સમજુ ભારતીયોને જરાય દુઃખ થતું નથી. તેવી જ રીતે સંસ્કૃત ભાષાના પંડિતો **'પિતૃ-પિતા-પિતર'** શબ્દો બોલે છે તે સાંભળીને અંગ્રેજોને પણ જરાય દુઃખ થતું નથી. ભાષાપ્રેમી વિદ્વાનોને કોઈ ચિંતા-દુઃખ વ્યક્ત કરવાનાં હોતાં જ નથી, કારણ કે એ પોતપોતાની સ્વતંત્ર ભાષાઓ છે. માટે તત્સમ-તદ્ભવ વગેરે અનેક પ્રકારના શબ્દોનો સ્વીકાર કરવામાં નાનમ નથી, પણ ડહાપણ છે.

કંટક સમાન શું ? જ્ઞાન કે અજ્ઞાન ?

'ચાલુ લિપિ ઘણી અઘરી છે. અમને એમાં સરળતા કરી આપો.' ભણનારાઓની આવી કોઈ માગણી નથી. એવી માગણી થવાનો સંભવ પણ નથી.

એક વર્ગની ઉપર મુજબની દલીલની સામે બીજા વર્ગની દલીલ એવી છે કે 'શું બાળકો ઇચ્છે તો જ એમના માર્ગમાંથી કાંટા દૂર કરાય કે ન ઇચ્છે તોપણ દૂર કરાય ?'

આ પ્રતિદલીલની સામે કહેવાનું એ જ છે કે બાળકો ન ઇચ્છે તોપણ એમના માર્ગમાંથી કાંટા દૂર કરવા જોઈએ એ વાત બરાબર છે, પણ પ્રશ્ન એ છે કે **કંટક કહેવાય કોને ?** પગમાં વાગેલો કાંટો ખૂંચે છે ને ગતિરોધક બને છે. એવી જ રીતે માણસને જે ખૂંચતું હોય અને પ્રગતિરોધક બનતું હોય તે કંટક સમાન ગણાય. **માણસને જ્ઞાન ખૂંચતું નથી, પણ અજ્ઞાન જ ખૂંચે છે. માટે કંટક સમાન તો અજ્ઞાન જ છે અને પ્રગતિરોધક પણ અજ્ઞાન જ છે.**

લિપિમાં વર્ણકાપથી ભણતર સરળ બને ને ભણનારા વધે એ વિચાર શેખચલ્લીના વિચાર જેવો જણાય છે. આમ છતાંય વર્ણકાપથી ભણનારા વધવાની વાત માની લેવામાં આવે તો પ્રશ્ન એ થાય છે કે શિક્ષણના ભોગેય ભણનારા વધારવા યોગ્ય ગણાય ? લિપિમાં વર્ણકાપ કરવાથી જ્ઞાનવૃદ્ધિ ન થાય, પણ જ્ઞાનહાનિ જ થાય. એટલે ખરેખર તો જે માર્ગ અત્યારે નિષ્કંટક છે એ જ હવે કાંટાળો બનવાનો છે.

જ્ઞાનને બોજ કે કંટક સમાન ગણાય જ નહિ. બાળકોને રમવું ગમે, પણ ભણવું ગમે નહિ. તેથી બાળકોને તો એ વયમાં ભણવાનું ભલે ઘણું સહેલું હોય તોપણ બધું બોજારૂપ જ લાગે. માટે ભણવું એને હિતકારી છે કે નહિ એ જ વિચારવું જોઈએ. જે એમને હિતકારી હોય એ એમને સમજાવી-પટાવીને પણ ગમી જાય એવું કરવું જોઈએ.

કોઈ પણ સંજોગમાં જ્ઞાનને કંટક સાથે સરખાવી શકાય જ નહિ. આમ છતાંય જ્ઞાનને કંટક સમાન ગણવાની વાત માની લેવામાં આવે તોપણ બાળકોના **માર્ગમાંથી ખસેડાયેલા કાંટા જૂની પેઢીના માર્ગમાં પથરાશે એનું શું ?** કારણ કે નવી પેઢીને ભણવાનું છે તો જૂની પેઢીને ભણાવવાનું છે. જૂની પેઢીનું શિક્ષણ જૂનું છે અને એમને જે ભણાવવાનું છે તે નવું છે.

શિક્ષણમાં સરળતા લાવવાના પ્રયત્નો જ્ઞાનના ભોગે કરી શકાય નહિ. જ્ઞાનહાનિ ન થાય તેવા વાજબી પ્રયત્નો દ્વારા સરળતા લાવી શકાતી હોય તો તે જરૂર આવકાર્ય છે.

માણસ મતાગ્રહી ક્યારે ઠરે ?

વૈદકશાસ્ત્રમાં ઋષિમુનિઓએ બતાવેલા અમુક ઔષધના સેવનથી કોઈ માણસ નીરોગી થયો હોય ત્યારે પોતાના જેવા રોગવાળા બીજા માણસો પણ નીરોગી બને એવા શુભાશયથી એ માણસ એ ઔષધના સેવન માટે આગ્રહ રાખે તો તેમાં કોઈ દોષ માની શકાય નહિ. પણ વિશિષ્ટ સંજોગોમાંય બીજાં બધાં ઔષધો છોડીને પોતે જે બતાવે છે તે જ ઔષધના સેવનની બાબતમાં જ્યારે એ માણસ આગ્રહી બને ત્યારે જ તેનામાં દોષ માની શકાય.

એવી જ રીતે કોઈ એક વિષયના સારા અભ્યાસ દ્વારા તે વિષયમાં પોતાને જે સાચું સમજાયું હોય તેનો તે અભ્યાસક આગ્રહ રાખે તો તેના તે આગ્રહને અયોગ્ય ઠરાવી શકાય નહિ. વિશિષ્ટ પ્રતિભાવાળા પંડિતો તરફથી એ વિષયમાં રજૂ કરવામાં આવતા વધુ સારા વિચારો જો તેને અસ્વીકાર્ય હોય અને પોતાના વિચારોને બીજાઓ ઉપર બલાત્કારે ઠોકી બેસાડવા માટેનો એનો આગ્રહ હોય તો એવો એનો આગહ અનુચિત ઠરે.

આપણને અંગ્રેજીમાં 'બોજારૂપ' કાંઈ જ લાગતું નથી !

ગુજરાતી લિપિમાં પહેલી-બીજી-ત્રીજી-ચોથી લિપિ જેવું કાંઈ નથી તે તો એક જ પ્રકારે લખાતી એકની એક જ લિપિ છે, જ્યારે અંગ્રેજીમાં તો ચાર પ્રકારની **'એબીસીડી'** (લિપિ) છે. મુદ્રણ તો પહેલી-બીજી આ બે જ એબીસીડીમાં થાય છે. ત્રીજી-ચોથી એબીસીડી તો હસ્તલેખન અને વાચન પૂરતી જ છે. જો ચલાવવું જ હોય તો પહેલી કે બીજીમાંથી કોઈ પણ એક જ એબીસીડીમાં અંગ્રેજી ભાષાનાં લેખન-મુદ્રણનું કામ ચાલી શકે તેમ છે. બાકીની ત્રણ એબીસીડીને શિક્ષણમાં બોજારૂપ માનીને રદ કરવામાં આવે તો એની ખોટ સાલે એવું પણ નથી. આમ છતાં બાકીની ત્રણ એબીસીડી જરૂરી જ મનાય છે અને શાળાઓમાં બાળકોને શીખવાય પણ છે. ત્યાં એને નિરર્થક અને ભારરૂપ ગણીને અભ્યાસક્રમમાંથી રદ કરવાની ઝુંબેશ આજ સુધીમાં કોઈએ પણ ચલાવી હોય એવું જાણવામાં નથી.

અંગ્રેજી મુદ્રણમાં કૅપિટલ અને સ્મૉલ (મોટા-નાના) આ બે જાતના અક્ષરો વપરાય છે. એમાં કૅપિટલ અક્ષરોનો ઉપયોગ તો નહિવત જ હોય છે. વળી એનું ખાસ કોઈ મહત્ત્વ પણ જણાતું નથી. માત્ર સ્મૉલ અક્ષરોથી જ કામ ચલાવવામાં આવે તોપણ મુદ્રણાલયોનો બોજો હળવો થાય, ટાઇપરાઇટરની ચાવીઓ પણ ઘટે. આમ છતાં અંગ્રેજીભાષીઓને અને

અંગ્રેજી ભાષા વાપરનારા અન્ય લોકોને પણ કૅપિટલ અક્ષરો જરાય બોજારૂપ લાગતા નથી – જરૂરી જ લાગે છે. તેથી તેને લિપિમાંથી હટાવવાના વિચારો કે પ્રયત્નો જણાતા નથી.

અંગ્રેજી દુનિયાભરમાં ઘણા લોકોના મુખે બોલાય છે તેમાં અંગ્રેજોનું અંગ્રેજી, આફ્રિકાવાસીઓનું અંગ્રેજી, ઓસ્ટ્રેલિયાવાસીઓનું અંગ્રેજી, ચીનાઓનું અંગ્રેજી અને ભારતીયોનું અંગ્રેજી બોલવામાં જુદુંજુદું હોય છે. વળી ભારતીયોમાં પણ ઉત્તરભારતીયોથી દક્ષિણભારતીયોનું અંગ્રેજી જુદું પડે છે. આમ છતાં લેખનમાં ક્યાંય ભેદ નથી. **લખવામાં તો સર્વત્ર સ્પેલિંગની ભૂલ વગર એક જ પ્રકારનું અંગ્રેજી લખાય છે.**

ચાલુ ગુજરાતી લિપિમાં ફેરફાર થાય તો વેપારીઓનાં તેમ જ રેલવેસ્ટેશન, બસસ્ટેન્ડ વગેરેનાં બૉર્ડો પણ બદલવાં પડે. ઓછા શિક્ષણવાળા બૉર્ડ લખનારાઓથી અત્યારે જ બૉર્ડો લખવામાં ઘણી ભૂલો થઈ જાય છે. લિપિમાં અને લેખનવ્યવસ્થામાં ફેરફાર થયા પછી તો બોર્ડો વગેરે લખવામાં તેમના હાથે કેટલી બધી ભૂલો થાય તે કહેવાય નહિ.

પરિવર્તનનું સ્વરૂપ કેવું હોય !

કોઈ એમ કહે કે દેવનાગરી લિપિમાં કાલક્રમે પરિવર્તન આવતાં શિરોરેખા વગરની ગુજરાતી લિપિ બની. તો તેનો સ્વીકાર જેમ અત્યારે સર્વમાન્ય બન્યો છે, તેમ ફેરફાર કરાયેલી ગુજરાતી લિપિનો સ્વીકાર પણ સર્વમાન્ય કેમ ન બને ? આખરે તો રૂઢિ જ બળવાન છે. લિપિ-વ્યાકરણશાસ્ત્રીઓને પણ રૂઢિ મુજબ ચાલવું પડે છે–બદલાવું પડે છે.

તો તેનો ઉત્તર એ છે કે જગત આખું પરિવર્તનશીલ છે. કાલક્રમે બધી લિપિઓમાં પરિવર્તન તો થતું જ રહે છે. પણ એ પરિવર્તન લાવ્યું આવી શકે નહિ–સાહજિક થઈ જાય. **સ્વાભાવિક પરિવર્તન ન જાણી શકાય તેવી મંદતમ ગતિએ આવતું હોય છે, પરન્તુ મંદતમ ગતિએ પણ લાવી કે લાદી શકાતું નથી. પરિવર્તન આપણી કોઈની ઇચ્છા મુજબ જલદી થઈ શકતું નથી. બધાં જ પરિવર્તનોનું સ્વરૂપ એવું હોવું જોઈએ કે એમાં ન જાણી શકાય એવી મંદતા હોય. પરિવર્તન જ્યારે કુદરતી રીતે ધીમેધીમે થતું હોય છે ત્યારે તે સૌના માટે સહ્ય બની જાય છે અને જનતા એનું સ્વાગત પણ કરે જ છે.** લિપિ કે ભાષા પરિવર્તનમાંથી બાકાત નથી, પણ એમાં આપણી ઇચ્છા મુજબ *એક જ ધડાકે પરિવર્તન આવી જતું નથી ને કરી શકાતું પણ નથી.*

આમાં પણ પરિવર્તન-પ્રક્રિયા ન જાણી શકાય તેવી મંદ હોય છે. બસો/પાંચસો વરસ જેવા ઘણા લાંબા ગાળે તેને અંતિમ જેવું સ્વરૂપ પ્રાપ્ત થયા પછી જ તે વ્યવહારમાં સુસ્થિર અને રૂઢ બને છે. તેથી તેવા સ્વાભાવિક દીર્ઘકાલીન પરિવર્તનમાં કોઈને ક્યારેય પણ વિવાદનો અવકાશ રહેતો નથી. તે લિપિ અને ભાષા વાપરનારી પ્રજામાં વૈચારિક રીતે ભાગલા પડતા નથી. પક્ષાપક્ષી, વાદવિવાદ અને ક્લેશનો ઉદ્‌ગમ થતો નથી. આંદોલનો કરવાં પડતાં નથી. આવું તદ્દન સ્વાભાવિક પરિવર્તન કોઈની પણ હિમાયત વગર કે ઝુંબેશ ઉપાડ્યા વગર અનાયાસે સ્વીકાર્ય બની જાય છે, જ્યારે **અસ્વાભાવિક રીતે એક જ ધડાકે મનસ્વીપણે લિપિ-ભાષામાં પરિવર્તન લાવવાના પ્રયત્નો કરવાથી વાદવિવાદ, પક્ષાપક્ષી અને ક્લેશનો ઉદ્‌ગમ થાય છે. આવું અસ્વાભાવિક પરિવર્તન સર્વમાન્ય બની શકતું નથી. માટે મનસ્વીપણે કરાતું વર્તન ઇચ્છનીય અને હિતાવહ નથી.**

કઢંગા તુક્કા

ઘણાંખરાં શહેરોમાં હવે મકાનો બહુમાળી થતાં જોવા મળે છે. શહેરમાં જ રહેવું હોય અને સૌ મોટી જગ્યા રોકીને બેસી જાય તો શહેર મોટું પણ વસતિ ગામડામાં હોય તેથીય ઓછી એવી કઢંગી સ્થિતિ થાય. કાંઈ ને કાંઈ નવું કરીને બતાવવાના આ જમાનામાં કોઈને એવો તુક્કો સૂઝે કે વધુ મજલાવાળાં આ મકાનોમાં વસનારાઓને જાતજાતની અગવડો વેઠવી પડે છે. માટે જો આ બધાં મકાનોને જમીન ઉપર આડાં પાડી દઈએ, બધાંના ઉપરના મજલા નાબુદ કરી દઈએ તો એમાં વસનારા લોકોની બધી અગવડો દૂર થઈ જાય ને એમને અનુકૂળતા અનુકૂળતા જ થઈ જાય ! જ્યાં સુધી આ તુક્કો તુક્કારૂપે જ મગજમાં ભરાઈ રહે ત્યાં સુધી તો કાંઈ વાંધો ન આવે. પણ જો એ મગજમાંથી બહાર આવીને અમલી બનવા જાય તો તો લોકમાં હાહાકાર જ મચી જાય !

આવું જ કંઈક આજે ગુજરાતી લિપિના વિષયમાં બની રહ્યું છે. ગુજરાતી લિપિ ત્રણ મજલાની મનાય છે. એને અગવડભરી માનીને અને **એક મજલાવાળી લિપિ ઘણી સગવડભરી છે એવા દિવાસ્વપ્નમાં રાચીને એને એક મજલાવાળી બનાવવાના જાતજાતના તુક્કાઓ હવામાં ફંગોળાઈ રહ્યા છે.**

હસ્તલેખન કરનારા ઘણા મોટા વર્ગની અનુકૂળતાની ઉપેક્ષા કરીને, રોમન લિપિના આલંબને ફક્ત ટાઇપરાઇટર અને કમ્પ્યુટર જેવાં યંત્રોની જ અનુકૂળતાને ધ્યાનમાં રાખીને બધું વિચારાઈ રહ્યું છે.

પરંતુ ગુજરાતી લિપિના ત્રણ મજલાના મકાનને જમીન ઉપર સુવાડી દઈને એક મજલાનું બનાવી દેવાથી સાંસ્કૃતિક દૃષ્ટિએ કેટલું નુકસાન થશે, લોકોને કેટલી તકલીફો વેઠવી પડશે અને જૂની-નવી પેઢી વચ્ચે કેટલો વિસંવાદ ઊભો થશે એને અંગેનો કોઈ વિચાર કેમ કરવામાં આવતો નથી ?

'સાબુ' (સામાન્ય બુદ્ધિ) વાપરે તોપણ વિચાર ઝળકી ઊઠે ને ખ્યાલ આવી જાય કે 'સુજ્ઞ'ને બદલે **'સૂઉજ્ઞ્અ'** લખવું કેવું કઢંગું છે ! **ગુજરાતની વિચારશીલ પ્રજા આવા કઢંગા તુક્કાઓનો અમલ કરવા ક્યારેય તૈયાર નહિ થાય; કારણ દીવા જેવું સ્પષ્ટ છે કે અનુકૂળતાને બદલે પ્રતિકૂળતાઓ જ આવવાની છે.**

❋

લિપિપરિવર્તનનાં ભયસ્થાનો : થોભો-વિચારો !

વર્તમાન લેખનપદ્ધતિમાં ફેરફાર થાય તો વિદ્યાર્થીઓ આદિ ભાવિપ્રજા એ ફેરફાર કરાયેલી પદ્ધતિ મુજબ લખતાં-વાંચતાં ટેવાય. જૂની પદ્ધતિ મુજબ લખવું-વાંચવું એમને ફાવે નહિ. એથી મૂળ લિપિજ્ઞાનનો વિચ્છેદ થાય. મૂળ લિપિજ્ઞાનના અભાવે, આજ સુધી રચાયેલા આર્યસંસ્કૃતિથી સભર ગુજરાતી સાહિત્યનું અધ્યયન-અધ્યાપન-વાચન-મનન આદિ બંધ થાય. એથી એ સંસ્કારસાહિત્ય નકામું થાય. નકામું થયેલું સાહિત્ય ધીમેધીમે પણ પસ્તીમાં સ્થાન પામે. પરિણામે એ સંસ્કાર-સાહિત્યનો લોપ થાય. તેનો લોપ થવા સાથે ભાવિપ્રજામાં આર્યત્વના સંસ્કાર નષ્ટપ્રાય થઈ જાય અને અનાર્યતા પ્રસરી જાય. **લિપિપરિવર્તનના હિમાયતીઓએ આવાં ભયસ્થાનોનો વિચાર ન કર્યો હોય તોય હવે કરવા નમ્ર નિવેદન છે.**

પ્રાચીનતાનું ગૌરવ !

ભારતના પ્રજાસત્તાક રાજ્યમાં બધી જાતની પ્રાચીન વસ્તુઓને ભારે ગૌરવ અપાય છે અને કાયદા દ્વારા સરકારી સ્તરે એનું રક્ષણ કરાય છે. માત્ર એનો નાશ કરનારને નહિ, એમાં નજીવા ફેરફાર કરનારનેય સજા થાય છે. જ્યારે હિંસક અને મનુષ્યો માટે ભયજનક ગણાતા હોવા છતાં સિંહ-વાઘ જેવાં જંગલી પ્રાણીઓને પણ રાષ્ટ્રીય સંપત્તિ ગણીને તમ-મન-ધનના ભોગેય એમની સુરક્ષા અને વૃદ્ધિનાં આયોજનો કરવામાં આવતાં હોય, એનો વિનાશ સહન કરવામાં આવતો ન હોય, અરે ! એમની સંખ્યાનો નજીવો ઘટાડોય જ્યારે અસહ્ય બની જતો હોય ત્યારે **ઋષિ-મુનિઓએ રચેલી**

અતિ પ્રાચીન લિપિના પરિવર્તનને અને એના કારણે થનારા સર્વજન-હિતાય સંસ્કારસાહિત્યના વિનાશને, આર્યસંસ્કૃતિપ્રેમી એવો કોઈ સુજ્ઞ શું સ્વપ્નમાં પણ સહન કરી શકે ખરો ? હરગિજ નહિ.

અધમાધમ કૃત્ય !

નિઃસ્વાર્થ, ત્યાગી અને જગહિતચિંતક પૂર્વકાલીન ઋષિ-મહર્ષિઓ દ્વારા રચાયેલું સંસ્કાર-સાહિત્ય તે તે ચોક્કસ લિપિમાં ગ્રન્થારૂઢ કરાયેલું છે અને તે ઉત્તરોત્તર જળવાઈને આપણા સુધી આવી પહોંચેલું છે. આવા **જે સાહિત્ય દ્વારા આપણી સર્વોત્તમ અને ગૌરવવંતી આર્યસંસ્કૃતિ પ્રગટી છે અને પાંગરી છે તે સાહિત્યની લિપિના બોધને તુક્કા દ્વારા બાળજગતને બોજારૂપ ગણાવી તેનો વિચ્છેદ કરવા તત્પર બનવું એ તો માનવદેહના હાથ, પગ કે મસ્તકને ભારરૂપ ગણાવી એનો વિચ્છેદ કરવા તત્પર થવા જેવું અધમાધમ કૃત્ય કેમ ન ગણી શકાય ?**

પરિવર્તનના પ્રતાપે : ઉપકાર વંચના

પૂર્વે શિક્ષણ અને શિક્ષણ આપવાની પદ્ધતિ—આ બંને લગભગ સ્થિર હતાં. એના કારણે એનો લાભ જૂની-નવી પેઢીને અરસ-પરસ મળ્યા કરતો. વર્તમાનમાં વારેઘડીએ શિક્ષણ અને શિક્ષણ આપવાની રીતમાં થયા કરતા પરિવર્તનનું કટુ ફળ આપણે ભોગવવું પડે છે. આજની જૂની પેઢી, નવી પેઢીનાં બાળકોને ઘેર ગણિત વગેરે વિષયો ભણાવી શકતી નથી. બાળકોના શિક્ષણમાં વાલીઓને રસ લેવો હોય તોય લઈ શકતા નથી. બીજી બાજુ આંખોનું તેજ ઘટી જવાને કારણે જેમની નજર ક્ષીણ થયેલી છે, એવાં પોતાનાં માબાપ વગેરે વૃદ્ધ વડીલજનોને બાળકો જૂનાં ધાર્મિક પુસ્તકો વંચાવી શકે છે તેથી તેમને શાંતિ મળે છે. પણ અત્યારે પરિવર્તનનો જે પ્રવાહ શરૂ થયો છે, એ જો આગળ વધતો જ રહેશે તો કાલે બાળકો વૃદ્ધોને કાંઈ વંચાવી શકશે નહિ, તેમને શાંતિ આપી શકશે નહિ. આમ **શિક્ષણ અને શિક્ષણપદ્ધતિના પરિવર્તનના પ્રતાપે જૂની-નવી પેઢી પરસ્પર ઉપકારથી વંચિત રહેશે.**

✲

સ્થિરતાના લાભ : અસ્થિરતાનાં નુકસાન

પૂર્વે શિક્ષણ સ્થિર હોવાને કારણે ભણવાનાં પુસ્તકો ૫/૭ પેઢી સુધી કામમાં આવતાં. વારંવાર પુસ્તકો ખરીદવા અંગેનો ખરચ કરવો પડતો નહોતો.

શિક્ષણ બદલાયા જ કરે તેથી ભણવાનાં પુસ્તકો પણ વરસોવરસ બદલાયાં જ કરે. માબાપોને દરસાલ જૂનાં પુસ્તકો પસ્તીમાં પધરાવી, મોઘાંદાટ નવાંનવાં પુસ્તકો દેવું કરીને પણ ખરીદવાં જ પડે. તેથી મોંઘવારી વધવા સાથે માબાપોની ગરીબી પણ વધતી જ જાય. બીજી બાજુ લેખકો, પ્રકાશકો, કાગળના વેપારીઓ, વિતરકો, છાપખાનાં, બુકબાઇન્ડરો અને પસ્તીવાળા વગેરેના વેપારધંધા ધમધોકાર ચાલ્યા કરે અને તેમને અઢળક કમાણી થયા જ કરે – તેમની શ્રીમંતાઈ વધતી જ જાય.

પ્રોત્સાહન 'ટ્યુશનની બદીને !'

એ જ રીતે એકસરખી શિક્ષણ-પદ્ધતિના કારણે માબાપ પોતાનાં દીકરા-દીકરીઓને કેવું અને શું શિક્ષણ અપાય છે તે સમજી શકે અને તેમાં રહેલ સત્યાંશ-અસત્યાંશની સમજણ તેમને આપી શકે. પરંતુ શિક્ષણ-પદ્ધતિ જ્યારે પરિવર્તન પામતી રહે છે ત્યારે માબાપ અણસમજના કારણે તે શિક્ષણ-પદ્ધતિમાં રસ લઈ શકતાં નથી. જેથી આર્યસંસ્કૃતિની ઉચિતતા અને અનાર્ય-પદ્ધતિનો નિર્દેશ કરી શકતાં નથી અને **'ટ્યુશનની બદીને'** પ્રોત્સાહન મળતું જ રહે છે !

❋

ભાષા અને લિપિ કદાચ રસાતળ ન જાય,
પણ આપણી મમતથી સ્થિરતા અને શાંતિ તો અવશ્ય રસાતળ જાય !

"ગુજરાતી ભાષા-લિપિમાં થોડા ફેરફાર થશે તો એ રસાતળ જશે એવો ધ્રાસકો રાખવાની જરૂર નથી." આવાં લુખ્ખાં આશ્વાસનો અપાય છે તે કેટલાં શ્રદ્ધેય હોઈ શકે એ બુદ્ધિમાનોએ સ્વયં વિચારવા યોગ્ય છે.

'ભાષા-લિપિ સુધાર'ના હિમાયતીઓ આવાં આશ્વાસનો આપતા હોય તો એ એમનો દંભ છે. કારણ કે એમને તો સુધારો ઇષ્ટ જ છે, તેથી માત્ર વિરોધને થાળે પાડવા ખાતર જ તેઓ આવી દંભભરેલી વાતો કરતા હોય છે. એથી દંભ છોડી દઈને અને સ્પષ્ટ થઈ જઈને કાં તો તેઓ સુધારાની વાત મૂકી દે અથવા તો સુધારાની તરફેણ ખુલ્લંખુલ્લા કરે.

આજે પ્રેસ અને પ્લૅટફૉર્મનો જમાનો છે, એથી એના જોરે પણ સુધારકોના અમુક સુધારા સ્વીકૃત થઈ જાય ને ભાષા-લિપિને કદાચ રસાતળ ન જવું પડે તોય લોકમાં દ્વિધા તો ઊભી થઈ જ જાય. અત્યારે ભાષા-પ્રવાહ જે ભરાવદાર વહેણમાં વહે છે એમાં બે ફાંટા તો પડી જ જાય. લોકમાં ફાટફૂટ પડે, સંઘર્ષ થાય, ક્લેશ થાય. **એથી સ્થિરતા અને શાંતિ તો અવશ્ય રસાતળ જાય !**

✲

સુધારા - સરળતાની ધૂનમાં

માણસના મુખ ઉપર નાક ટેકરાની જેમ ઊંચું છે અને આંખો ઊંડી છે—ખાડામાં છે. પણ તે ખાડામાં હોવાને કારણે જ સુરક્ષિત છે. આમ છતાં નાક ઊંચું ને આંખો ઊંડી આવી વિષમ મુખાકૃતિ પ્રત્યે સૂગ ધરીને અને ખાડા-ટેકરા વિનાની સરળ મુખાકૃતિની સુંદરતાની કલ્પનામાં રાચીને, તેમાં સુધારો કરવાની ધૂન ઊપડે અને મુખ ઉપર નાક - આંખ જે રીતે ઊંચાં-નીચાં રહેલાં છે તેમાં જ તેની સુરક્ષિતતા આદિ હોવા છતાં, સુધારાની ધૂનમાં તે અવયવોના સુરક્ષિતતા આદિ ગુણો પ્રત્યે જેમ દુર્લક્ષ્યતારૂપ અન્યાય (મૂર્ખતા) થઈ જાય, એવું કાંઈક લિપિસુધારા-સરળતાની ધૂનમાં ન થઈ જાય એય સંભાળવા જેવું છે.

સુસ્થિર લિપિનો મહત્તમ ફાળો : સંસ્કૃતિરક્ષા

આપણી સંસ્કૃતિ આપણા પ્રત્યેક આચારવિચારમાં રહેલી છે. તેની અભિવ્યક્તિ અને પરંપરામાં તેનું વહન આપણી ભાષા ને લિપિ દ્વારા થયા કરે છે. એટલે **આપણી ભવ્ય સંસ્કૃતિ જાળવવામાં આપણી સુસ્થિર લિપિનો મહત્તમ ફાળો છે. એ સુસ્થિર લિપિને વિચલિત કરવાના પ્રયત્નો શું વાસ્તવમાં આપણી સર્વોત્તમ સંસ્કૃતિનો છેદ ઉડાડનારા નથી ?**

ભારતીય સંસ્કૃતિને પૃથ્વી ઉપરની અનુપમ સંસ્કૃતિ તરીકે આપણે બિરદાવીએ છીએ ને એનું ગૌરવ, ગૌરવભરી રીતે પ્રગટ કરીએ છીએ. પણ સંસ્કૃતિ એ શું છે. એ આપણે જાણતા નથી. માટે જ એક બાજુથી આપણે થાક્યા વિના આપણી સંસ્કૃતિનાં ગુણગાન કર્યા કરીએ છીએ અને બીજી બાજુથી હંમેશાં અવિરતપણે એ જ સંસ્કૃતિનાં ચીર ખેંચતા રહીએ છીએ.

જે લિપિસ્વરૂપ માધ્યમ દ્વારા દૂર રહેલાં એવાં માબાપ અને સંતાનો પણ પરસ્પર સંબંધ જાળવી શકે છે, વિચારોનો મેળ સાધી શકે છે અને આચારોનું રક્ષણ કરી શકે છે એ જ લિપિના પરિવર્તન દ્વારા આપણે માબાપ અને સંતાનોના આચાર-વિચારના માધ્યમને નષ્ટ કરીને અંતે આપણી સંસ્કૃતિનો જ નાશ કરવાનું ઘૃણાસ્પદ કૃત્ય તો આચરી રહ્યા નથી ને ?

ખાનપાન, પહેરવેશ, મકાન, માણસોનાં નામ, ભાષા અને લિપિ આ બધાંની સાથે આપણી સંસ્કૃતિ તાણાવાણાની જેમ વણાયેલી છે. આપણાં ખાનપાન અને પહેરવેશમાં જેમજેમ પરિવર્તન આવતું જાય છે, જૂનાં મકાનો તૂટીને જેમજેમ નવાં બનતાં જાય છે અને માણસોનાં નામ પણ જેમજેમ બદલાતાં રહે છે, તેમતેમ આપણી સંસ્કૃતિનો નાશ થતો જાય છે. **આપણી ભાષામાં ભળતા પરદેશી ભાષાના શબ્દો પણ આપણી સંસ્કૃતિ પરનું આક્રમણ છે અને લિપિમાં ફેરફાર કરવાના પ્રયત્નો પણ આપણી સંસ્કૃતિ પરનું આક્રમણ છે. આ થઈ પરની વાત. પર (શત્રુ) તો આક્રમક હોઈ શકે, પણ સ્વ (મિત્ર) પણ આક્રમક ? હા હા ! अराजकं जगत् !**



न चैक एव प्रकारो मुखशोभायाः संस्थानं रमणीयता लावण्यं चेति । स्त्रीविषयं ह्येतत् । विदुषां पुनः पद-वाक्य-न्यायोद्गारि मुखं शोभते ॥

– कुमारिल भट्ट (तन्त्रवार्तिक)

અર્થ : સંસ્થાન (અવયવોની સપ્રમાણતા), રમણીયતા ને લાવણ્ય (મુખને શોભાવનાર છે.) મુખની શોભાનો આ એક જ પ્રકાર નથી (બીજો પણ છે.) મુખની શોભાનો આ પ્રકાર સ્ત્રીઓમાં જોવા મળે છે. જ્યારે વિદ્વાનોનું મુખ (બીજા પ્રકારે અર્થાત્) શુદ્ધપદ, શુદ્ધ વાક્ય અને તર્કસંગત વાણી બોલવાથી શોભે છે.

ભાવાર્થ : માત્ર સુંદર ચહેરો સૌંદર્યનું પ્રતીક નથી. ચહેરો સુંદર હોય, પણ વાણી અશુદ્ધ (તેમ જ ખરાબ-અહિતકર) હોય તો ચહેરાનું સૌંદર્ય વ્યર્થ છે. વાણી શુદ્ધ (તેમ જ સુંદર-હિતકર) હોય તો ઉપર્યુક્ત સૌંદર્ય વિના પણ મુખ શોભી ઊઠે છે.





સુધારાવાદી વિદ્વાનોને કડવું લાગે તેવું સત્ય !

૧. જૂની લિપિ વાંચીને વર્તમાન લિપિમાં તેનું શુદ્ધ, અભ્રાન્ત લેખન કરનારાઓ ખૂબ વિરલ હોવાથી જૂની લિપિમાં લખાયેલા કેટલાય ગ્રન્થો આવશ્યક હોવા છતાંય વર્તમાન લિપિવાળા મુદ્રણ સુધી પહોંચી શક્યા નથી. આ બાબત જ બતાવે છે કે લિપિનું પરિવર્તન અભ્યાસી વર્ગને કેટલીય મુશ્કેલીઓમાં મૂકી દે છે.

લિપિ આદિમાં વર્ષો વીત્યા બાદ જે કોઈ પરિવર્તન આવ્યું છે તે દીકરીનાં અંગોની જેમ સહજ છે. કાળક્રમે દીકરીનાં અંગોમાં જે પરિવર્તન આવે છે, તે જો તેની નાની ઉંમરમાં મારી-મચડીને લાવવાનો પ્રયત્ન કરવામાં આવે તો તે પ્રયત્ન માણસને મૂર્ખ ઠરાવનાર બને.

જૂની લિપિ ક્લિષ્ટ હતી અને એમાં સરળતા લાવવા માટે જ ફેરફાર કરવામાં આવ્યા હતા, તેથી જૂની-નવી નાગરીનું સ્વરૂપ બદલાયું એમ માનવું ઠીક નથી. જૂની નાગરી લિપિ અત્યારે ભલે આપણને ક્લિષ્ટ લાગતી હોય, પણ એ કાળે એ લખવા-વાંચવામાં ક્લિષ્ટ હતી નહિ. એ લિપિમાં લહિયાઓ રોજનાં ૫૦/૧૦૦ પાનાં લખી શકતા. વળી ક્લિષ્ટતામાંથી સરળતા લાવવા માટે પ્રયત્ન દ્વારા લિપિપરિવર્તન થયું છે એને માટે કોઈ પ્રમાણ શોધ્યું જડે એમ નથી.

એક આખી લિપિ બદલવી એ વાત જુદી છે અને એનો એક અંશ બદલવો એ વાત જુદી છે. એક પ્રચલિત લિપિને બદલે બીજી પ્રચલિત લિપિ સ્વીકારવી એ વાત જુદી છે અને એક પ્રચલિત લિપિના કેટલાક ભાગમાં તદ્દન નવા, બિલકુલ અપરિચિત ફેરફારો કરવા એ વાત જુદી છે.

મરાઠી લોકોએ મોડી લિપિનો ત્યાગ કરીને દેવનાગરી લિપિ કાલક્રમે અને સહજ રીતે અપનાવી છે, પણ કોઈએ એને માટે ઝુંબેશ ચલાવી હોય એ કારણથી અપનાવાઈ નથી. **આવાં કાર્યો ઝુંબેશપૂર્વક ક્યારેય સફળ થતાં નથી. લિપિ સુધારણાની ઝુંબેશ ચલાવનારા વિદ્વાનોને આ એક કડવું લાગે તેવું સત્ય છે.**

અક્ષરોના આકારનો તો ક્યાંક ફેરફાર થઈ શકે, કાલક્રમે થઈ પણ જાય છે. પણ એ આકારનો એવો ફેરફાર તો ઈષ્ટ ન જ હોય કે જે અર્થબોધમાં બાધક બનતો હોય. વળી એકાએક આકારનું સમૂલ પરિવર્તન કરવામાં આવતાં પૂર્વના સાહિત્યમાં લખાયેલા આકારથી તદ્દન વિજાતીય આકાર થવાથી પૂર્વનું સાહિત્ય અર્થાત્ લિપિ અર્થબોધ ન કરાવે એવી નિરર્થક થઈ જાય.

જેમાં મૂળ લિપિ સાથે મહદંશે સંગતતા જળવાઈ રહેતી હોય, ખાસ વિરોધ આવતો ન હોય, મૂળ લિપિ સાથેનું તાદાત્મ્ય તૂટતું ન હોય, અર્થભેદ, ઉચ્ચારણભેદ અને ધરમૂળથી આકૃતિભેદ સરજાતો ન હોય એવા સુધારાઓમાં હકારાત્મક વિચારણાને અવકાશ છે. દા.ત., 'ક'ને બદલે (જોડાક્ષર માટે) '**क**', 'ધ'ને બદલે '**ध**'

– પંન્યાસશ્રી જયસુંદરવિજયજી

નાગરી લિપિ અપનાવવાનું સૂચન કોઈ પણ રીતે સ્વીકાર્ય ન ગણાય !

૨. ગુજરાતી લિપિ એ દેવનાગરી લિપિનું જ રૂપાન્તર છે. એમાં શિરોરેખાનો લોપ કરવાથી તેમ જ ડાબી બાજુથી જમણી બાજુ લખાતા અક્ષરો પૈકી ઘણામાં આરંભના ઉપલા ભાગને ડાબી બાજુનો અને અંતના નીચલા ભાગને જમણી બાજુનો વળાંક (જેમ કે '**प**'ને માટે '**પ**', '**र**'ને માટે '**ર**' અને '**स**'ને માટે '**સ**') આપવાથી આ લિપિમાં અંગ્રેજી કક્કાની ત્રીજી-ચોથી એબીસીડીની જેમ લખાણ ઝડપથી લખી શકાય છે. વળી અક્ષરોનો આકાર પણ સુડોળ (ઘાટીલો) બન્યો છે.

ગુજરાતી અંકચિહ્નોની જેમ ગુજરાતી લિપિનોય ભોગ આપી અંગ્રેજી અંકચિહ્નો અને નાગરી લિપિ, ગુજરાતી ભાષા માટે અપનાવવાનું કેટલાક સુધારકો સૂચવે છે તે કોઈ પણ રીતે સ્વીકાર્ય ન ગણાય ને ગુજરાતીમાં તત્સમ શબ્દો મૂળ સ્વરૂપે લખાય એ પ્રથા ચાલુ રહે, તો નાગરી વર્ણમાળાની જાણકારી સૌને પૂરેપૂરી રહેવાની જ છે.

ગુજરાતી અંકચિહ્નોમાં '૨' અને '**૫**'(બગડા-પાંચડા)નાં ચિહ્નો, '૨' અને '**૫**' વ્યંજન જેવાં થયાં છે, આથી આ બે વચ્ચે સંભ્રમ થવાનો સંભવ છે. પરંતુ '**૫૨**'ને માટે હવે પ્રાયઃ '**ઉપર**' પ્રયોજીને, '**૫૨**'(બાવન) સંખ્યાનો ભ્રમ નિવારાય છે અને '**૨૫**' જેવો કોઈ શબ્દ છે નહિ. આથી '૨' અને '**૫**'(બગડા-પાંચડા)નાં અંકચિહ્નોમાં પરિવર્તન ન કરીએ તો ચાલે એમ છે.

– ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)

❀

ગુજરાતી લિપિની આગવી લાક્ષણિકતા !

૩. ઉપરને મથાળે વળાંક સાથે શરૂ થવું અને નીચલે છેડે વળાંક સાથે પૂરા થવું એ ગુજરાતી વર્ણોની એક આગવી વિશેષતા છે. (જુઓ '૮-૬-૨-હ-ઝ' વગેરે.) આ લાક્ષણિકતા સદંડ વર્ણોમાં પણ પ્રવર્તે છે. નાગરી '**च**' આડી સીધી રેખાથી શરૂ થાય છે પરંતુ ગુજરાતીમાં એ '**ચ**' બનતાં એનું મથાળું વળાંકરેખાથી બંધાય છે એ પણ આ લાક્ષણિકતા કે ખાસિયતનું સવિશેષ પરિણામ છે. નાગરી '**र**'ની જેમ '**स**' અને '**ख**' શિરોરેખાની સાથે થોડી ઢાળઢળતી રેખાથી જોડાય છે. પરંતુ શિરોરેખા છૂટી જતાં ગુજરાતીમાં એ ઉપલે મથાળે અને નીચલી સપાટીએ બંને છેડે વળાંકવાળા '**સ**' અને '**ખ**' બને છે.

'म' અને 'प'નું સીધી રેખાથી શરૂ થતું મથાળું ગુજરાતીમાં 'મ' અને 'પ' એ સ્વરૂપે ઉપરને મથાળે મૂઠાકાર વળાંક ધારણ કરે છે, એટલું જ નહિ પણ એ અક્ષરોનો દંડભાગ નીચલે છેડે મૂઠાકાર વળાંક સાથે પૂરો થાય છે. આ જ પ્રક્રિયા મુજબ 'ण' પણ વિશિષ્ટ રીતે ગુજરાતીમાં 'ણ' બને છે. નાગરીમાં 'ख' અને 'ब' ત્રણ ઉપાડના વર્ણો છે; ગુજરાતીમાં એ 'ખ' અને 'બ' સ્વરૂપે એક ઉપાડથી લખાય છે. ત્રણ ઉપાડનો નાગરી 'अ' ગુજરાતીમાં એક ઉપાડનો 'અ' બને છે. અદંડ નાગરી 'ई-ऊ'માં પણ સરલીકરણની અને ઉપાડ-બચતની આ ક્રિયા પ્રવર્તે છે. **ઉપાડની બચતને કારણે ગુજરાતી લિપિ લેખનમાં સરળ બની છે; એના વળાંકદાર મરોડને કારણે એ ઘાટીલી અને નયનરમ્ય બની છે. ગુજરાતી લિપિની આ આગવી લાક્ષણિકતા છે.**

– પ્રા. રતિલાલ સાં. નાયક (અમદાવાદ)

✲

જગતને સુધારવાનું કામ કપરું ! જાતને સુધારવાનું કામ સહેલું !

૪. ચાલુ લિપિમાં ફેરફાર થવાને કારણે પ્રાચીન લિપિબોધ મુશ્કેલ નહિ બને એવું આશ્વાસન અપાય છે, પણ આજે આપણે અનુભવીએ છીએ કે 'ऋ' અને 'ष'ની લિપિ હોવા છતાં એનો ઉચ્ચાર મુશ્કેલ બન્યો છે. પ્રાચીન સંસ્કૃત કે પ્રાચીન ગુજરાતી લિપિના અભ્યાસ વિનાનાને એની સમજના અભાવે એ લિપિ દુર્ગમ બની છે. એવી જ રીતે ચાલુ લિપિમાં ફેરફાર કરવામાં આવે તો પૂર્વકાલીન ગ્રન્થોનો બોધ અગમ્ય બની જવાનો સંભવ હોવાથી લિપિપરિવર્તન ઇષ્ટ નથી.

હ્રસ્વ-દીર્ઘ 'અ-આ, ઇ-ઈ, ઉ-ઊ' વગેરે સ્વરોની માત્રાઓને વ્યંજન સાથે જોડીને લખવાની જે પદ્ધતિ વર્તમાનમાં અમલમાં છે, તે પદ્ધતિમાં તે તે ભાષાના નવા અને જૂના બંને પ્રકારના અભ્યાસકો સ્વીકારી શકે અને સ્વરો વચ્ચેનો તફાવત સમજી શકે એવો કોઈ પણ સુધારો સર્વસંમતિથી થતો હોય તો ભલે થાય. **પણ જગતને સુધારવાનું કામ ઘણું કપરું છે, જાતને સુધારવાનું કામ આપણા સૌને માટે ઘણું સહેલું છે એ વાતને ધ્યાનમાં રાખીને પરાપૂર્વથી ચાલી આવતી અને જનસમાજમાં સારી રીતે સ્થિર થયેલી પદ્ધતિ મુજબ તે તે સ્વરચિહ્નોના તફાવતોને, એ જે રીતે છે તે રીતે સ્વીકારી લેવામાં આવે તો આપણા પોતાના જ સમયનો અને આપણી પોતાની જ શક્તિનો ઘણો બચાવ થઈ જાય.**

– પ્રા. રતિલાલ દોશી (અમદાવાદ)



પરિવર્તનશીલ પદાર્થો : વિચારશીલ વિદ્વાનો

સ્થિરતાનું મહત્ત્વ અને અસ્થિરતાનાં માઠાં પરિણામ

કલ્યાણકારી વાતો જાણી શકાય, સમજી શકાય અને આચરણમાં મૂકી શકાય તે માટેનું માધ્યમ છે લિપિ. જગતની સર્વ વસ્તુઓની જેમ લિપિ પણ બોધનું એક અતિ મહત્ત્વનું કારણ છે. એ ઘણા જીવોના સદ્‌બોધનું અને કલ્યાણનું કારણ હોવાથી એમાં ઘણા લાંબા કાળ સુધી સ્થિરતા જળવાઈ રહે એ એક જરૂરી બાબત મનાય છે. પૂર્વકાલીન વિદ્વદ્-જનો દ્વારા લિપિની આવી સ્થિરતા પર જ ભાર મુકાયેલો છે, તેથી લિપિની સ્થિરતા જાળવી રાખવાનું કામ વર્તમાનકાલીન વિદ્વાનો માટે પણ જરૂરી બની રહે એ સ્વાભાવિક છે. પરંતુ લિપિની પરિવર્તનશીલતાનો વિચાર કરીને, કોઈનાથીય ન જાણી શકાય તેવી ગતિએ થઈ રહેલા કુદરતી પરિવર્તનને આપણે આપણા કૃત્રિમ પ્રયત્નો દ્વારા જો ઝડપી બનાવીએ તો આપણું પ્રયાણ કલ્યાણકારી બોધની દિશામાં થવાને બદલે અકલ્યાણકારી અબોધની દિશામાં થવા લાગે. સુજ્ઞ જનો અબોધની દિશાના પ્રયાણને રોકવા ઇચ્છે અને રોકવા મથે તો એમની એવી ઇચ્છાને અને એવા પ્રયત્નોને અનુચિત કે અમાન્ય ઠરાવી શકાય નહિ. **ઉપલકિયા દૃષ્ટિ છોડીને વાસ્તવિકતા સામે નજર કરવામાં આવે તો સુજ્ઞ જનોનો વિરોધ, સૂચિત પરિવર્તનનાં માઠાં પરિણામ સામે છે એમ જણાઈ આવે.**

જગતના પદાર્થોની પરિવર્તનશીલતાને અનુલક્ષીને, શિક્ષણમાં સરળતા લાવવાના આશયથી લિપિમાં જે ફેરફાર કરવાનું વિચારાઈ રહ્યું છે એ કેટલા અંશે ઉપકારક બને એ બાબત પ્રશ્નાર્થરૂપ બની રહે છે.

લિપિસુધારણાની પ્રવૃત્તિ નિરર્થક, બોજારૂપ અને જગતના જીવોના કલ્યાણના માર્ગમાં અંધાધૂંધી ફેલાવનારી બની રહેવાનો સંભવ હોય ત્યારે જગહિતચિંતક વિદ્વાનો એની સામે આંખ-મિચામણાં કેમ કરી શકે ? મૌન ધારણ કરીને પણ કેમ બેસી શકે ?

અનેક વિદ્વાનોના જ્ઞાનનો ભંડાર અને અનુભવોનો નિચોડ જેમાં ભરેલો છે એવાં સેંકડો સંસ્કૃત સુભાષિતોમાંનું એક સુભાષિત, લિપિપરિવર્તનવિષયક આપણી વિચારણામાં આપણને ઉપયોગી થાય એવી એક ગંભીર બાબતને રજૂ કરતાં જણાવે છે કે

'यो ध्रुवाणि परित्यज्य, अध्रुवं परिसेवते । ध्रुवाणि तस्य नश्यन्ति, अध्रुवं नष्टमेव हि ॥'
ભાવાર્થ : જેઓ ઘણા લાંબા કાળથી સ્થિર થયેલાને છોડી દે છે અને અસ્થિરનું સેવન કરે છે અર્થાત્ સ્થિરતા પામેલું જૂનું છોડીને નવું ગ્રહે છે, સ્વીકારે છે એના માટે જે સ્થિર હતું તે તો આ રીતે છૂટી ગયું અને અસ્થિર તો નામથી જ અસ્થિર છે – અસ્થિર હોવાથી તે તો છૂટેલું જ છે. આમ જ્યાં ઉભયથી ભ્રષ્ટ થવાનું હોય ત્યાં બચે શું ? અહીં જે સ્થિરતાની વાત કરાઈ છે તે સાપેક્ષ છે અર્થાત્ દીર્ઘકાળની અપેક્ષાએ છે. **લોકમાં જે ઘણા લાંબા કાળથી સ્થિર થયેલું હોય તેને સુજ્ઞોએ ટકાવી રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ.** કારણ કે નવું તો ક્યારે સ્થિર થાય અને કેટલું ટકે એ બાબત વર્તમાનકાળે તો પ્રશ્નરૂપ જ બની રહે છે અર્થાત્ એ બાબત શંકાસ્પદ હોય છે.

પ્રતિષ્ઠિત વેપારી પેઢીનું દીર્ઘકાલીન નામ પણ બુદ્ધિમાન, લાભાર્થી વેપારીઓ બદલતા નથી. દીર્ઘકાલીન પ્રતિષ્ઠિત નામ સાથે વેપારી પેઢી અન્યને અપાય ત્યારે એનું મૂલ્ય ઘણું વધી જાય છે અને નામ વગર અપાય ત્યારે એનું મૂલ્ય ઘણું ઘટી જાય છે. એવી જ રીતે **લિપિની બાબતમાં પણ બુદ્ધિમાન અને લાભાર્થી સુજ્ઞોએ, ક્યાંક થોડી કઠિનતા જણાતી હોય કે કોઈ દોષ જણાતો હોય એવી અમુક બાબતોને ગૌણ કરીને પણ સ્થિરતાનું મહત્ત્વ વિચારવા યોગ્ય છે. તેમ જ અસ્થિરતાનાં માઠાં પરિણામો પણ સુપેરે વિચારવા યોગ્ય છે.**

સ્થિરતાનું વિસર્જન અને અસ્થિરતાનું સર્જન !

પૂર્વકાળ સ્થિરતાનો હતો. આ કાળ સ્થિરતાના નામે પણ અસ્થિરતાનો છે. આ કાળમાં કરાયેલું આપણું નવું સર્જન પણ કેટલું ટકશે ? નિઃસ્વાર્થ, ત્યાગી, પરોપકારશીલ અને કુશાગ્ર બુદ્ધિવાળા પૂર્વજોનાં સર્જનોમાં આપણને અનેક દોષોનાં દર્શન થાય છે અને એમાં ફેરફાર કરવાનું મન થાય છે, તો આપણાં સર્જનોમાં પણ આપણી ભાવિપ્રજાને શું દોષો નહિ દેખાય ? અને આપણાં સર્જનોમાંય સુધારો કરવાનું મન શું એમને પણ નહિ થાય ? જૂનાં સર્જનોમાં દોષોની કલ્પના કરીને અને લોકોપકારનો આભાસ ઊભો કરીને કરાતા ફેરફારો અર્થાત્ પૂર્વકાલીન સર્જકોની જૂની રચનાઓમાં થોડું ઊલટસૂલટ કરીને જે કાંઈ નવા સર્જનરૂપે રજૂ કરાશે તે બધું અસ્થિરતામાં પરિણામ પામે એવો સંભવ જણાય છે. **અત્યાર સુધી પૂર્વજોનાં જૂનાં સર્જનોને નહિ ભૂંસવાની આદરપૂર્વકની એક સારી પરંપરા ચાલી આવી છે, પણ હવે આપણાથી પૂર્વજોનાં જૂનાં સર્જનોને ભૂંસવાની જ એક અનિષ્ટ પરંપરા ઊભી થશે.** આપણું કરેલું બીજો ભૂંસી નાખશે અને બીજાનું કરેલું ત્રીજો ભૂંસી નાખશે. આમ વિસર્જનો

થયાં કરશે એથી ફરીફરીને નવાં સર્જનો કરવાનું કામ હંમેશાં ઊભું જ રહેશે, જેને પરિણામે કાયમી અંધાધૂંધી અને અવ્યવસ્થા ઊભી થશે ને બોધની જગ્યાએ અબોધ વધશે.

આજે આપણે આપણા પૂર્વજોનું લિપિવિષયક સર્જન યથાસ્વરૂપ, અણીશુદ્ધ રીતે અને નિશ્ચિતપણે માણી રહ્યા છીએ. પ્રાચીન સર્જનો સૂક્ષ્મ બુદ્ધિવાળા ઋષિમુનિઓ દ્વારા લોકકલ્યાણને માટે કરાયેલાં હોવાથી સ્થિરતાલક્ષી બન્યાં છે, જ્યારે વર્તમાનકાલીન સર્જનો નવીનીકરણલક્ષી છે. 'તમે જૂની રચનાઓમાં થોડા ફેરફાર કે ઊલટસૂલટ કરીને કાંઈક નવું કરો. કોઈ પણ મૌલિક સર્જન કરવાને બદલે જગતને કાંઈક નવું કરી બતાવો' એવું આપણે આપણી ભાવિપ્રજાને શીખવી રહ્યા નથી ને ? પૂર્વકાલીન લોકોપકારી સર્જનોની તુલનામાં, મૌલિકતા વગરનાં આપણાં વર્તમાનકાલીન વામણાં સર્જનો ક્યાં ઊભાં રહેશે ? વળી પ્રાચીન સર્જનો ભૂંસવાની જે પરંપરા ઊભી થશે એનું પરિણામ એ આવશે કે અનેક વિવાદો સરજીને તેમ જ શક્તિ-સમય આદિનો ઘણો વ્યય કરીને કરાયેલું આપણું કૃત્રિમ સર્જન પણ ઘણા થોડા કાળના અંતરે જ ધૂળધાણી થવાની સંભાવના નકારી શકાય તેમ છે ? **આપણાં સર્જનોના પાયા દૃઢ નથી, જ્યારે પૂર્વકાલીન સર્જનોના પાયા પોલાદી છે, સુદૃઢ છે. આપણે એ સુદૃઢ પાયાવાળાં સર્જનોને તોડવાનું દુષ્પરાક્રમ કરી રહ્યા છીએ.** આપણા માથે પોલાદી પાયાવાળાં સર્જનોને તોડવાના પાપનું કલંક ચડવાનું છે. આપણાં સર્જનો વાસ્તવમાં સુધારામાં ખપવાનાં નથી, પણ જૂનાની તોડફોડ કરીને કરાયેલા નવીનીકરણમાં ખપવાનાં છે. ભાવિ પ્રજા દ્વારા આપણા નવીનીકરણનુંય નવીનીકરણ થશે. નવીનીકરણનું નવીનીકરણ એટલે પૂર્વકરણનું મોત. વિદ્વાનોની શક્તિનો અને સમય આદિનો વ્યય અમૌલિક સર્જનોમાં જ થયા કરે એ ઇચ્છનીય નથી. **ઘણા ઘણા વિવાદો સરજીને તેમ જ શક્તિ-સમય આદિનો પુષ્કળ વ્યય કરીને પણ વાસ્તવમાં તો આપણે સ્થિરતાનું વિસર્જન કરીને અસ્થિરતાનું જ સર્જન કરી રહ્યા છીએ. આખર પરિણામ તો એ જ આવીને ઊભું રહેશે કે સરજાયેલી વસ્તુના ઉપભોગનો લાભ લઈ શકાશે નહિ. માટે આપણે આપણી દૃષ્ટિને સર્જન તરફ નહિ, સ્થિરતા તરફ લઈ જવી યોગ્ય છે.** કોઈ પણ વસ્તુનું સર્જન કેવી રીતે થયું છે, એમાં કયા દોષો છે એ જોવા – વિચારવાને બદલે બુદ્ધિમાન પુરુષોએ તો સર્જન દ્વારા પ્રાપ્ત થયેલી સિદ્ધિ જ જોવા-વિચારવા યોગ્ય છે. સર્જન હંમેશાં અસ્થિર હોય છે, જ્યારે સર્જન દ્વારા જે સિદ્ધ થાય છે તે ચિરકાળ પર્યંત સ્થિર રહેનારું હોય છે માટે જ એને સિદ્ધિ કહેવાય છે.

સાત્ત્વિક અને આરોગ્યપ્રદ ભોજનવ્યવસ્થા આપણા દેશમાં ઘણા લાંબા કાળથી સ્થિર થયેલી હતી. એ ભોજનવ્યવસ્થા કેવળ આસ્વાદને નજર સામે રાખીને નહિ, પણ વૈદકશાસ્ત્રના નિયમાનુસાર મુખ્યતયા સાત્ત્વિકતા અને આરોગ્યને નજર સમક્ષ રાખીને રચાયેલી હતી. કારણ કે આપણી ખાવાપીવાદિકની સર્વ વ્યવસ્થા મોક્ષલક્ષી જ રાખવામાં આવી છે. લોકો પણ જીભને પૂછીને નહિ, પણ પેટને પૂછીને અર્થાત્ આરોગ્યનો વિચાર કરીને ખાતા અને અધિકાંશે આજીવન નિરામય જીવન જીવતા, રોગોનો ભોગ ભાગ્યે જ બનતા. એ ભોજનવ્યવસ્થા માટે કોઈનેય કોઈ જાતની ફરિયાદ હતી જ નહિ. આમ છતાં કેટલાક ઇન્દ્રિયોના રસિયાઓને એમાં અનેક ખામીઓ દેખાવા લાગી. એમણે લોકોપકારનો આભાસ ઊભો કરીને વિષયકષાયજન્ય – રસલોલુપતાથી રોજરોજ ભોજનની અસાત્ત્વિક, અનારોગ્યપ્રદ અને ઇન્દ્રિયોને બેકાબુ બનાવનારી વાનગીઓ લોકો સમક્ષ રજૂ કરવા માંડીને દીર્ઘકાલીન, સુસ્થિર, સુખદ ભારતીય ભોજનવ્યવસ્થાનું વિસર્જન કરીને અને લોકોના હૃદયમાંથી આધ્યાત્મિકભાવને દૂર કરીને તેમાં દૈહિકભાવની પ્રતિષ્ઠા કરી, સ્થિરતાને તોડી નાખી એવી અસ્થિરતા ઊભી કરી દીધી કે એ અસ્થિરતા યુગોના યુગો સુધી ચાલ્યા જ કરે, ક્યારેય એ સ્થિરતા પામી શકે નહિ.

એવી જ રીતે લજ્જા-મર્યાદાયુક્ત, સદાચારપોષક, સાદાઈભર્યા અને બિનખર્ચાળ પહેરવેશની વ્યવસ્થા પણ આપણા દેશમાં ઘણા લાંબા કાળથી સ્થિર થયેલી હતી. એ બિલકુલ નિર્દોષ હોવા છતાંય સદાચારભ્રષ્ટ અને ધનલોલુપ એવા કેટલાક સ્વાર્થી લોકોએ નિત્ય નવી નવી ફેશનો કાઢવા દ્વારા એમાં પણ સ્થિરતાનું વિસર્જન કરી ઘણા લાંબા કાળ સુધી ચાલ્યા જ કરે એવી અસ્થિરતા ઊભી કરી દીધી.

નિઃસ્વાર્થ, પરોપકારી, પૂર્વપુરુષોની રચેલી ભોજન-પહેરવેશની જનહિતકારી સુખદ વ્યવસ્થાનું વિસર્જન થયું અને લજ્જા-મર્યાદા-સદાચાર અને સદ્‌ગુણોનો નાશ કરી નાખે એવી જે અસ્થિરતા ઊભી થઈ એના પ્રતાપે સંઘ-સમાજની જે હાલત થઈ છે એ સૌની નજર સામે જ છે.

શિક્ષણવ્યવસ્થા પણ પૂર્વકાળે ગુણલક્ષી અને સુસ્થિર હતી, કારણ કે આપણી સર્વ સાંસારિક પ્રવૃત્તિઓ મોક્ષલક્ષી હતી. સુધારાના નામે એમાં જે ફેરફાર થયા એના પરિણામે એક બાજુ અસ્થિરતા ઊભી થઈ અને બીજી બાજુ મોક્ષપ્રાપ્તિનું ધ્યેય ભૂલી લોકો અનાત્મવાદ તરફ ખેંચાવા લાગ્યા. જે શિક્ષણ ગુણલક્ષી હતું તે ધનલક્ષી અને ભોગલક્ષી બન્યું.

એવી જ રીતે વર્તમાન ગુજરાતી લિપિ પણ જનસમાજમાં ઘણા લાંબા કાળથી સ્થિર થયેલી છે, એ સ્થિરતામાં વાસ્તવમાં કોઈ નુકસાન નહિ હોવા છતાંય, સંભવિત ગંભીર પરિણામો પ્રત્યે આંખમિચામણાં કરીને, સરલીકરણ અને લોકોપકારના સુંવાળા ઓઠા નીચે હાલમાં એને અસ્થિર કરવાના જે પ્રયત્નો થઈ રહ્યા છે એ ખેદ ઉપજાવે એવા છે.

હ્રસ્વ 'ઇ'ની 'િ' આ માત્રાનું અને 'જી'માંથી 'જ્ઞી'નું સહજ સર્જન, ભલે કહેવાતા સરલીકરણ અર્થે નવીનીકરણવાળાને ખામીવાળું લાગતું હોય કે નિયમ વિરુદ્ધ હોય તોપણ એવી લેખનવ્યવસ્થા જનસમાજમાં ઘણા લાંબા કાળથી સ્થિર થયેલી છે. લખનારા-વાંચનારા સૌ કોઈ એ સારી રીતે લખી-વાંચી શકે છે. અભ્યાસ દ્વારા સૌને એ સારી રીતે સિદ્ધ થયેલ હોવાથી એના લેખન-વાચનમાં કોઈનેય મુશ્કેલી પડતી નથી. ભણનારા-લખનારા-વાંચનારા લોકોના સમૂહ તરફથી એમાં મુશ્કેલીની કદી કોઈ ફરિયાદ પણ ઊઠવા પામી નથી. ફરિયાદ તો ખરેખર ફેરફાર સામે છે. આમ છતાંય **'લોકોને લખવા-વાંચવામાં મુશ્કેલી પડે છે' વગેરે બહાનાં ઊભાં કરીને અને ઊહાપોહ મચાવીને ચિરકાળથી સ્થિર થયેલી લેખનવ્યવસ્થાનો નાશ કરીને એને કાયમી અસ્થિરતા તરફ ઘસડી જવાના જે દુઃખદ પ્રયત્નો શરૂ થયા છે એ ઇચ્છનીય કે હિતાવહ નથી.**

પ્રાચીન લિપિમાં લખાયેલા કેટલાય ગ્રંથો અત્યારે વિદ્યમાન હોવા છતાં તેનું જ્ઞાન આપણે અન્યના અવલંબન વિના કરી શકતા નથી. આજે તો હજી એ લિપિના વાચકો છે કે જેથી તેનો બોધ આપણે કરી શકીએ છીએ. પરન્તુ નવાનવા સર્જનની ધૂનમાં જેમ જેમ નવીનવી વ્યવસ્થા ગોઠવાતી જશે તેમ તેમ એના વાચકોય મળવા મુશ્કેલ બની જશે અને તે જ્ઞાનવારસો આપણે આપણા હાથે જ ગુમાવી બેસીશું.

✲

સરલીકરણ નિમિત્તે સમાજને અંધાધૂંધીના ચક્કરમાં ન નાખીએ !

અસ્થિર કરાયેલી ભોજન-પહેરવેશ-શિક્ષણ આદિની વ્યવસ્થાની જેમ જ એકવાર અસ્થિર કરાયેલી લેખનવ્યવસ્થા પણ ઘણા લાંબા કાળ સુધી અસ્થિર જ રહેવા પામશે. ફરીથી એમાં સ્થિરતા આવવી મુશ્કેલ બની જશે. ઋષિમુનિઓએ રચેલી લિપિ ખરેખર દોષવાળી નહિ હોવા છતાંય આપણને જેમ દોષવાળી લાગે છે તેમ ભાવિપ્રજાને પણ આપણી ફેરફાર કરાયેલી લિપિમાં દોષો દેખાશે અને એ પણ એમાં ફેરફાર કર્યા જ કરશે. **લોકોની ખરેખરી હાડમારી તો સિદ્ધ થયેલાની અસ્થિરતામાં છે. અસ્થિરતામાં અશાંતિ છે તેમ ભોગવટાનો અને એના આનંદનો અભાવ છે, જ્યારે સ્થિરતામાં સુખશાંતિ છે, સુખપૂર્વકનો ભોગવટો અને એનો આનંદ છે.**

સુદૃઢ અને સુસ્થિર પ્રાચીન સર્જનને અસ્થિર કરવાની મહેનતથી લોકમાં દ્વિધા અને અશાંતિ પેદા થાય છે. વળી આપણું નવું સર્જન, પ્રાચીન સર્જન જેવું દૃઢમૂલ પણ બની શકતું નથી. આમ બે બાજુથી નુકસાન થાય છે. એના કરતાં પ્રાચીન સર્જનમાં, આપણી બુદ્ધિની અલ્પતાને કારણે ભલે આપણને થોડો દોષ જણાતો હોય, તોપણ તે ઘણા લાંબા કાળના અભ્યાસ વડે લોકવ્યવહારમાં તાણાવાણાની જેમ વણાયેલું હોવાથી એને યથાસ્વરૂપ જાળવવામાં જ ડહાપણ છે – સાર છે, એમાં જ લોકોપકાર છે. પણ **સરલીકરણના નિમિત્તે સમાજને, જેમાંથી કદી બહાર ન નીકળી શકાય તેવા અંધાધૂંધીના ચક્કરમાં નાખવામાં નથી શાણપણ કે નથી લાભ.**

❋

નૈયાયિકો (તાર્કિકો)ની નમ્રતા

मुनेर्नियोगपर्यनुयोगानर्हत्वादिति। (સિદ્ધાંતમુક્તાવલિ, પા. ૭૪) અર્થાત્ પૂર્વ ઋષિમુનિઓ કે જેમને **'સિદ્ધપુરુષો'** કહેવાય છે, એમની રચના એટલે કે શાસ્ત્ર, એની સામે કોઈ આક્ષેપબાજી કે દોષારોપણ કરવું યોગ્ય નથી. આ પ્રમાણે નૈયાયિકો કહે છે. તર્કને જ પ્રધાનતા આપનારા હોવાથી જેમને તાર્કિકો કહેવાય છે, એવા નૈયાયિકો પણ મુનિઓ માટે આવું માન ધરાવે છે અને એમની આટલી આમન્યા રાખે છે. **એમના હૃદયમાં ઋષિમુનિઓ પ્રત્યે આદરભાવ છે, તેથી એમના પ્રત્યે અતિશય નમ્રભાવ ધારણ કરીને 'આપણે અપૂર્ણ છીએ, આપણી અપેક્ષાએ તેઓ પૂર્ણ છે, માટે આપણે એમની રચનાને માન્ય કરવી જોઈએ' આવું માનનારા છે.**

આ વાત જણાવીને '**बाबावाक्यं प्रमाणम्।**' એવી કોઈ વાત કરવાનો આશય નથી, પણ કુશાગ્ર બુદ્ધિવાળા તાર્કિકો અર્થાત્ નૈયાયિકો પણ મુનિઓ પ્રત્યે આટલો સદ્‌ભાવ વ્યક્ત કરવા આવી વાત કરી ગયા છે એટલું જ માત્ર જણાવવાનો આશય છે.

પરિવર્તન : કુદરતી અને કૃત્રિમ

વર્તમાનમાં કેરી, કેળાં, પપૈયાં વગેરે ફળોને રસાયણો દ્વારા કુદરતના નિયમ કરતાં ઘણાં વહેલાં કૃત્રિમ રીતે ઝડપથી પકાવી દેવાય છે. માનવશરીરને પણ ઝડપથી વિકસાવી દેવાની શોધો થાય તો એવા અકુદરતી પરિવર્તનનો શાણા માણસો વિરોધ કરે ત્યારે "કુદરતી રીતે તો પરિવર્તન થયા જ કરે છે ને ?" એવી દલીલ કરવામાં આવે તો તે યોગ્ય ઠરે નહિ.

કુદરતી પરિવર્તન ક્રમિક અને અતિ મંદ હોવાથી સૌ કોઈ એનાથી પરિચિત રહી શકે છે. એવા પરિવર્તનમાં કોઈને કાંઈ નવું લાગતું નથી; માટે એમાં વિરોધને અવકાશ હોતો નથી.

કુદરતી પરિવર્તનમાં જેવો ક્રમિક વિકાસ છે એવો ક્રમિક વિકાસ કૃત્રિમ પરિવર્તનમાં નથી. **આપણો અભિગમ જો સરળતાનો જ હોય તો સરળતા ક્રમિક વિકાસમાં છે, કૃત્રિમ વિકાસમાં ક્લિષ્ટતા છે.**

પગથિયાં જો નાનાં નાનાં હોય તો ચડવામાં સરળતા રહે, મુશ્કેલી પડે નહિ, પણ જો મોટાં મોટાં હોય તો બે પગથિયાં વચ્ચેનું અંતર અતિશય વધી જાય. અતિ અંતર ચડવામાં કઠણ પડે ને એ પતનનું કારણ પણ બને.

કુદરતી પરિવર્તન પતનના જરાય ભય વિના નિઃશંકપણે સુખપૂર્વક ચડી શકાય એવાં નાનાં પગથિયાં જેવું છે; જ્યારે કૃત્રિમ પરિવર્તન પતનના ભયવાળું અને અત્યંત કષ્ટપૂર્વકના શંકાસ્પદ ચડાણવાળું છે. બંનેની તુલના થઈ શકે નહિ.

કૃત્રિમ પરિવર્તન પણ આવકાર્ય છે

જનમાંથી સજ્જન અને સજ્જનમાંથી સંત થવું – આવું જે પરિવર્તન પોતાના આત્માને સર્વ દુઃખો થકી સર્વથા મુક્ત કરીને શાશ્વત સુખ આપનારું હોય અને જે પરિવર્તન પોતાના સિવાય બીજા સર્વ જીવોને (સમષ્ટિને) દુઃખનું કારણ ન બને, પણ સુખનું કારણ બને એવી જાતનું હોય **એ પરિવર્તન ભલે કૃત્રિમ અર્થાત્ બલાત્ કે પ્રયત્નપૂર્વકનું હોય તોપણ એને સહર્ષ આવકારી શકાય.**

દુઃખદ પરિવર્તનોના દાખલા આપીને લિપિપરિવર્તનનું સમર્થન કરી શકાય ખરું ?

કેટલાક વિદ્વાનો કહે છે કે આપણે રહેણીકરણી, ખાણીપીણી, વેશભૂષા, વિચારો આદિનાં પરિવર્તનો સ્વીકાર્યાં છે, તો લિપિનું પરિવર્તન સ્વીકારી લેવામાં શો વાંધો ?

જવાબ – પરિવર્તનો વ્યક્તિગત અને સમષ્ટિગત એમ બે પ્રકારનાં હોય છે. રહેણીકરણી, ખાણીપીણી, વેશભૂષા – આ બધાં પરિવર્તનો વ્યક્તિગત છે; લિપિ - ભાષાનું પરિવર્તન સમષ્ટિગત છે. વ્યક્તિગત પરિવર્તન જાહેર સુધારા સાથે સંબંધિત નથી, જ્યારે લિપિ કે ભાષાનું પરિવર્તન ઇચ્છાનુસાર નહિ હોવાથી સહજ સાધ્ય નથી - તે ક્યારેક તો અસાધ્ય પણ હોય છે. જન્મથી માંડીને પોતાના ઘરમાં સાંભળવા મળતાં ઉચ્ચારણ આદિથી ટેવાયેલાં બાળકોને માટે પણ આ લિપિવિષયક પરિવર્તન બોજા કે ક્લેશરૂપ હોય છે, તેથી તે પરિવર્તનનો યત્ન નિરર્થક છે એમ લાગે છે.

પરિવર્તનો સારાં પણ હોય છે અને માઠાં પણ હોય છે. અમુક પરિવર્તન *સારું છે કે માઠું છે એ એના પરિણામ અર્થાત્ ફળના આધારે નક્કી થાય છે.* **જેનું પરિણામ સુખદ હોય, લોકોને સુખશાંતિ આપનારું હોય, તેવું પરિવર્તન જ સ્વીકાર્ય, આદરપાત્ર ને સમર્થનપાત્ર ગણાય. રહેણી-કરણી, ખાણી-પીણી, વેશભૂષા આદિનાં પરિવર્તનોનું અનર્થકારીપણું પ્રત્યક્ષ છે–અનુભવસિદ્ધ છે. આચાર-વિચારમાં આવેલું પરિવર્તન પણ સદાચારનું વિરોધી અને દુરાચારનું જનક છે, પગલાં પાતાળમાં મંડાવનારું છે. માટે જ સુજ્ઞો અને સજ્જનોનું આજનાં આ બધાં પરિવર્તનોને સમર્થન મળી શકતું નથી.**

પરિવર્તનમાં વ્યક્તિનાં નહિ, પણ સમષ્ટિનાં લાભ-નુકસાન જ જોવાય. જે પરિવર્તનોમાં સમષ્ટિનાં લાભ - નુકસાનનો કોઈ વિચાર જ નથી, જે પરિવર્તનોમાં એનાં સારાં-માઠાં પરિણામોનો (ફળનો) પણ મુદ્દલ વિચાર જ નથી અને જે પરિવર્તનો સુજ્ઞો અને સજ્જનો માટે સ્વાગતપાત્ર નથી, એવાં પરિવર્તનોનો આદર કરવો અને એને દૃષ્ટાંતરૂપ બનાવીને એનું સમર્થન કરવું એ અજ્ઞાનતાની નીપજ છે. **અનર્થકારી પરિવર્તનોનું સમર્થન કરવું એ સાક્ષરનો ધર્મ જ નથી. પછી એના પ્રત્યે આદરની વાત જ ક્યાં રહી ? એવાં દુઃખદ પરિવર્તનોના દાખલા આપીને લિપિપરિવર્તનનું સમર્થન કરી શકાય ખરું ?**

❋

અન્યની કોઈ પણ રચનામાં કાંઈ પણ ફેરફાર કરવાનો આપણને અધિકાર હોઈ શકે ખરો ?

કોઈ કવિએ રચેલા કાવ્યમાં કાંઈ પણ ફેરફાર કરવાનો બીજા કોઈને અધિકાર હોતો નથી. શક્તિ હોય તો નવું કાવ્ય રચી શકાય. કાવ્યની જેમ કોઈની કોઈ પણ રચનામાં કાંઈ પણ ફેરફાર કરવાનો આપણને અધિકાર હોઈ શકે નહિ. શ્રેષ્ઠ બુદ્ધિ-પ્રતિભાવાળા ઋષિમુનિઓએ રચેલી લિપિમાં પણ કોઈ ફેરફાર કરવાનો આપણને અધિકાર હોઈ શકે નહિ. આપણે અપૂર્ણ છીએ. આપણી અપેક્ષાએ તેઓ પૂર્ણ જ્ઞાની હતા. કેટલીક બાબતો એમને સમજાઈ હોય, તે આપણને ન સમજાઈ હોય એમ બને. માટે ત્યાં આપણે આપણા જ્ઞાનની અપૂર્ણતા વિચારવી જોઈએ. ઋષિમુનિઓ જેવી આપણી તીક્ષ્ણ બુદ્ધિપ્રતિભા હોય તો આપણે સંપૂર્ણપણે નવી અને સરળ લિપિની રચના કરી તેને જાહેરમાં મૂકવી જોઈએ. ઋષિમુનિઓએ રચેલી લિપિમાં આપણી ઇચ્છાનુસાર થોડા ફેરફાર કરીને તેને નૂતન લિપિનું નામ આપી દેવામાં આવે તે કોઈ પણ રીતે યોગ્ય ઠરે નહિ વળી જે **વસ્તુમાં બગાડો થયો હોય એમાં સુધારો કરવાનો હોય. ઋષિમુનિઓએ રચેલી લિપિમાં કાંઈ બગાડો થયો નથી માટે એમાં સુધારો કરવાની વાત પણ યોગ્ય ઠરતી નથી.**

સજ્જનને પોતાની માતાના બેડોળપણા વિશે કદી કોઈ ફરિયાદ હોતી નથી

લિપિઓ અનેક છે. ફરિયાદ એની કેમ નહિ ? લિપિની વપરાશ, સરળતા-અસરળતા નિમિત્તક જણાતી નથી, પણ બાહુલ્યથી દેશભેદ-પ્રજાભેદે જણાય છે. ક્લિષ્ટ કે તુચ્છ એવી પોતાની લિપિ-ભાષા માટે તે તે વર્ગને વિશેષ માન છે. ભલે તે વર્ગ વ્યવહાર ખાતર અન્ય લિપિ-ભાષાનો પણ ઉપયોગ કરતો હોય, છતાં એ પોતાની માતૃભાષા-લિપિ પ્રત્યે સદ્‌ભાવના ધરાવે છે. સજ્જન બેડોળ એવી પણ પોતાની માતા પ્રત્યે સદ્‌ભાવના ધરાવે છે. એટલે જ એને પોતાની માતાના બેડોળપણા વિશે કદી કોઈ ફરિયાદ હોતી નથી. વળી સરળતા અને ક્લિષ્ટતા એ બહુધા વ્યવહારનાં ઐક્ય-અનૈક્ય તથા આદત-અનાદત આધીન છે. તેથી જ તો **'ગુજરાતી ભાષા ક્લિષ્ટ છે કે એમાં ક્યાંક ક્લિષ્ટતા છે' એવી ફરિયાદ, કોઈક 'અહં'ના રસિયા અને માતા સાથેના સંબધને ચૂકી ગયેલાની કે એ સંબંધને નહિ સમજેલાની હોઈ શકે, પણ સર્વ ગૂર્જરોની નહિ.**

(આ રીતે તે તે ભાષા-લિપિ માટે પણ સમજવું.) આ સ્થિતિમાં સ્વલ્પ પણ લિપિપરિવર્તનના વિચારને અવકાશ જ ક્યાં છે ? બાકી તો સંપૂર્ણ લિપિપરિવર્તનને અવકાશ કેમ નહિ ? અર્થાત્ લિપિવિચ્છેદને અવકાશ કેમ નહિ ?

અતિ મહત્ત્વની વાત તો એ છે કે મનસ્વીપણે લિપિમાં કરાનારા ફેરફારો પૂર્વ ઋષિ-મહર્ષિઓ અને પ્રાજ્ઞો પ્રત્યેનો બહુ મોટો અપરાધ બની રહેશે. સાથે જ કાંઈક નવું કરવાની અહંકારપોષક માન્યતામાં એક નવી બાબતનો ઉમેરો થશે. તદુપરાંત ભાવિપ્રજા ઉપર ઉપકારના નામે અપકાર તેમ જ પરિવર્તકનો કૃતઘ્નભાવ નીચે મુજબ પ્રગટ થશે :

૧. લિપિની શોધ કરનારા ઋષિ-મહર્ષિઓ અધૂરા (અપૂર્ણ) હતા, તેથી તેમણે અક્ષરોની મર્યાદામાં ગૌરવદોષ રાખ્યો એવો **આક્ષેપ** થશે.

૨. અમે સુધારકોએ સુધાર્યું – ઉપકાર કર્યો, માટે અમે **'ઉપકારી'**. આ **અહંકારદોષ** ઊભો થશે.

૩. પૂર્વ લિપિસ્થ એવા જે ગ્રંથો દ્વારા સ્વયં પાંડિત્ય પામ્યા એ જ ગ્રંથો, લિપિમાં ફેરફાર કરવાથી ભાવિપ્રજા નહિ વાંચી શકે તેથી તેમનો **અપકાર** થશે.

૪. પૂર્વ લિપિસ્થ જે પ્રાચીન ગ્રંથો દ્વારા પોતાના ઉપર જે ઉપકાર થયો છે, તે ગ્રંથો પ્રત્યે **'ઉપકારભાવ'**ના સ્થાને લિપિપરિવર્તન દ્વારા **'અપકારભાવ'**ને સ્થાન મળશે, તેથી **કૃતઘ્નભાવ** પ્રગટ થશે.

❁

લિપિમાં પરિવર્તનનો આપણો આગ્રહ શા માટે ?

લિપિપરિવર્તનના ઇચ્છુકો પણ એ ઇચ્છે છે કે અમારા દ્વારા કરાયેલું પરિવર્તન સ્થિર બની રહે, એમાં પરિવર્તન ન આવે. ભલે પછી એ પરિવર્તનનું કાળક્રમે કે ક્ષેત્રભેદે પૂર્ણ અનુકરણ ન થાય. જેમ લોકોનો એક વર્ગ ક્ષેત્રભેદે **'સારું'**ને બદલે **'હારું'**, **'આપણે'**ને બદલે **'આપડે'**, **'પાંચ'**ને બદલે **'પાઁચ'**, **'નીચે'**ને બદલે **'નેચે'** વગેરે બોલતો હોય છે એટલામાત્રથી એવી જોડણીઓ બદલવામાં આવતી નથી. તો એ જ ન્યાય પૂર્વજોએ આપણને આપેલી વ્યાકરણશાસ્ત્રસિદ્ધ લિપિની બાબતમાં પણ અપનાવવો શું યોગ્ય નથી ? અને તો ભલે **વર્તમાન વ્યવહારમાં અપંડિત જનો દ્વારા લેખન-ઉચ્ચારણની બાબતમાં તેવાં કેટલાંક પરિવર્તનો અનુભવાતાં હોય, તોપણ પૂર્વજોથી પ્રાપ્ત થયેલી લિપિમાં અને ઉચ્ચારણવિષયક નિયમોમાં પરિવર્તનનો આપણો આગ્રહ શા માટે ?**

દેશ જ્યારે અનેક ગંભીર સમસ્યાઓથી ઘેરાયેલો હોય ત્યારે લિપિપરિવર્તન જેવા પ્રશ્નને આગળ કરી શકાય ખરો ?

મોક્ષલક્ષી પ્રવૃત્તિને માટે સરજાયેલા, સંઘસમાજને ઉપયોગી સાહિત્યને યથાસ્વરૂપ જાળવી રાખવાને બદલે, ભૌતિકતાને વ્યાપક બનાવનારી પ્રવૃત્તિ દ્વારા દેશમાં કેવી અંધાધૂંધી અને અવ્યવસ્થા ફેલાવા પામી છે તેનો ખ્યાલ આપણને નીચેની બાબતો વિચારવાથી આવી શકશે :


ભ્રષ્ટાચાર, ત્રાસવાદ, અપહરણ, આંતરરાષ્ટ્રીય મલ્ટીનેશન કંપનીઓના પ્રવેશ, વિનાશક શસ્ત્રોની શોધખોળની હરીફાઈ વગેરે અનેક બાબતોથી દેશ સામે અત્યારે ગંભીર ખતરો ઊભો થયો છે. દેશમાં દિનપ્રતિદિન હિંસા, બેકારી અને ગરીબી વધી રહી છે. સ્વદેશી વ્યવસાય શીર્ણ-વિશીર્ણ થઈ રહ્યો છે. કીમતી પશુધન કતલખાના તરફ ઘસડાઈ રહ્યું છે. આપણી ભવ્ય સંસ્કૃતિ નાશ પામી રહી છે. સિનેમા, ટી.વી. અને છાપાઓમાં આવતી હિંસા અને સેક્સની અશ્લીલ વાતોથી નિર્દોષ બાળકોમાં પણ હિંસા અને સેક્સના કુસંસ્કારોનું સિંચન થઈ રહ્યું છે, ચા, પાન, બીડી, ગુટખા જેવાં અનેક કુવ્યસનોએ યુવાનીને ઘેરી લીધી છે, આગળ વધીને નશાખોરી પણ એમનો ભરડો લઈ રહી છે, અનેક કારણોસર (વિશેષ પ્રકારે સ્ત્રીઓની) આત્મહત્યાઓ વધી રહી છે, જાતજાતના ભયાનક અને અસાધ્ય રોગો ઉત્પન્ન થઈ રહ્યા છે, ભ્રષ્ટાચાર ઉપરથી નીચે સુધી વ્યાપી રહ્યો છે, ભ્રષ્ટાચારીઓ આખા દેશને લૂંટીને પાયમાલ કરી રહ્યા છે, ગુંડાઓની સહાયથી સત્તા મેળવવામાં અને ટકાવવામાં આવી રહી છે, એથી ગુંડાગીરી વધી રહી છે, ગુંડાઓની દાદાગીરી અને ધાકધમકીથી સજ્જનો **'ત્રાહિ મામ્'** છે, ક્યાંય કોઈનાય જાનમાલની સલામતી રહી નથી, દુર્જનો નિર્ભય બનતા જાય છે ને સજ્જનો ભયભીત બનતા જાય છે. ચોરી, લૂંટફાટ, ખૂન, ધાડ, બલાત્કાર અને અકસ્માત-મરણના બનાવો વધી રહ્યા છે, બનાવટી દવાઓ અને બીજી પણ બનાવટી વસ્તુઓ દ્વારા લોકો ઠગાઈ-છેતરાઈને યાતનાઓ ભોગવી રહ્યા છે, ખાદ્ય પદાર્થોમાં હાનિકારક પદાર્થોની ભેળસેળ કરીને લોકોના આરોગ્યને હાનિ પહોંચાડાઈ રહી છે, સમાજમાંથી નીતિમત્તાનું ધોરણ વધુ ને વધુ નીચું ઊતરી રહ્યું છે, ગુનાખોરી અને કામચોરીનું પ્રમાણ ભયજનક રીતે વધી રહ્યું છે. આજે આવી અનેક સમસ્યાઓથી આખો દેશ ચોતરફથી ઘેરાઈ ગયો છે. **આવા અવસરે જ્યારે લિપિના શિક્ષણ કરતાં સૌથી વધારે જરૂરિયાત નીતિના મૌખિક શિક્ષણની છે ત્યારે આ બધા ગંભીર પ્રશ્નોની સામે આંખમિચામણાં કરીને કે શક્ય કોઈ વિચારણા-પ્રયત્નની ઉપેક્ષા કરીને,**

હાલના સંયોગોમાં જે પ્રશ્ન મહત્ત્વનો નથી, જેને કારણે લોકો દુઃખી થઈ રહ્યા નથી, એવી કોઈ હાડમારી ભોગવી રહ્યા નથી કે એમને કોઈ નુકસાન થઈ રહ્યું નથી અને જેને બાજુમાં રાખી દેવામાં આવે તો લોકો દુઃખી થવાના નથી અને એમને કોઈ નુકસાન પણ થવાનું નથી, એવા અવસર વિનાના લિપિ-જોડણી સુધાર જેવા સામાન્ય પ્રશ્નને જીવન-મરણનો પ્રશ્ન બનાવી, શાંત વાતાવરણમાં ખળભળાટ મચાવી, અંદરોઅંદર ક્લેશ ઊભો કરી આપણે નબળા પડીએ, દુઃખી થઈએ એવા જે પ્રયત્નો થઈ રહ્યા છે એ કોઈ પણ સમજુ અને વિચારક માણસને અવશ્ય ખેદ ઉપજાવે એવા છે. વિદ્વાનોએ પોતાની વિદ્વત્તા, બુદ્ધિ, શક્તિનો ઉપયોગ તો દેશની આજની સળગતી સમસ્યાઓનો ઉકેલ લાવીને જગતમાં સુખશાંતિ ફેલાય તે માટે કરવો જોઈએ. એને બદલે કેટલાક વિદ્વાનો અવસર વિનાના ઉધામા કરીને અને બિનજરૂરી પ્રશ્નો ઊભા કરીને પોતાની સર્વ પ્રકારની શક્તિનો દુર્વ્યય કરીને સમાજની સુરક્ષા-તંદુરસ્તીને જોખમમાં મૂકી રહ્યા છે.

જે પ્રવૃત્તિ ભૌતિકવાદને વ્યાપક બનાવનારી અને મોક્ષનું લક્ષ ચુકાવનારી છે, મોક્ષલક્ષી સાહિત્યનો છેદ ઉડાડનારી છે, અસ્થિરતા, અશાંતિ અને અંધાધૂંધી ફેલાવનારી છે તેવી પ્રવૃત્તિ કરવી કોઈનાય માટે હિતકર નથી.

ભાષાભેદને કારણે અનેક રાજ્યોમાં હિંસા ભડકી ઊઠેલી છે, ભડકાવાઈ રહી છે. એ જાણે ઓછું હોય એમ હવે એક જ રાજ્યમાં એક જ ભાષાની લિપિમાં જાણીબૂઝીને ફેરફાર કરવાથી અને તે બળજબરીથી પ્રચારવાના પ્રયત્નને કારણે મોટા ભાગે તે ફેરફારો અપનાવાશે નહિ એ પણ નક્કી જ છે. પરિણામે **ગુજરાતની પ્રજામાં જૂની લિપિવાળો અને નવી લિપિવાળો એવા બે વર્ગ ઊભા થશે. જેનું પરિણામ ભવિષ્યમાં યાદવાસ્થળી સિવાય બીજું શું હશે ?**

લિપિપરિવર્તનના પ્રેમીઓએ પોતાની ઝુંબેશને વેગ આપીને શાંત જળમાં કાંકરીચાળો કર્યો છે. તેથી અત્યારે પણ અખબારોમાં સામ-સામે વૈચારિક યુદ્ધનો અંશતઃ આરંભ થયેલો દેખાઈ જ આવે છે. **હજી પણ સુધારાની ધૂન ચાલુ જ રહેશે તો ભવિષ્યમાં એનાં કેવાં માઠાં પરિણામ આવશે એ લિપિપરિવર્તન-પ્રેમીઓ શાંત ચિત્તે વિચારશે ?**





લિપિ કોની ? શ્રીમંતોની કે જનતા સામાન્યની ?

૧. લિપિપરિવર્તન અને વર્ણકાપના વિચારનો ઉદ્‌ભવ કયા કારણે થયો છે ? ભારણ ઓછું કરવું એવું કારણ અપૂર્ણ-અપરિપક્વ વિચારણામાંથી જન્મ્યું લાગે છે. હા, ટાઇપ-પ્રિન્ટિંગ કે કમ્પ્યુટર-કંપોઝ વગેરેના લક્ષ્યે, રોમન લિપિના આલંબને બાહ્ય રીતે અને આંતરિક રીતે આપણને સાક્ષરની ડિગ્રી મળી છે એવા કોઈ **'અહમ્'**થી અર્થાત્ આ નવીનવી શોધોના જમાનામાં નવીનવી શોધ કરનારને મળતી ખ્યાતિથી લોભાઈને, આપણેય આપણા વિષયમાં કાંઈક નવું કરી પ્રસિદ્ધિ પામીએ એવી અભીપ્સા સંભવી શકે છે. પણ પરિણામોનો વ્યાપક વિચાર વેગળો રહ્યો લાગે છે. હા, સર્વસામાન્ય રીતે લિપિપરિવર્તનને બદલે **'धनिकोनी के संपन्नोनी लिपि'** એવી એક જુદી વિચારણા કરવામાં આવી હોત તો ભલે એટલા અંશે પણ લિપિપરિવર્તનની સંગતિ થાત, કારણ કે ધનિકો સિવાયના બહુ મોટા વર્ગને હાથ વડે જ લખવાનું હોવાથી સ્વરમાત્રાઓ અને જોડાક્ષરોના અભાવમાં ત્રણની જગ્યાએ છ અને છની જગ્યાએ બાર અક્ષર લખવાના આવે. દા.ત., **'प्रद्युम्न'**ને બદલે **'पर्‌अद्‌य्‌उम्‌न्‌अ'** તથા **'भ्रातृपुत्र'**ને બદલે **'भर्‌आत्‌ऋप्‌उत्‌र्‌अ'** વગેરે. એટલું જ નહિ, તે પ્રમાણે કાગળ આદિ લેખનસામગ્રી પણ વધુ વપરાય, તેમ જ લેખનશક્તિ અને સમયનો પણ અનેકગણો વ્યય થાય. આ બધું સામાન્ય જનતાને તો બોજારૂપ જ થવાનું છે. એટલે વ્યાપક રીતે વિચારતાં લિપિપરિવર્તન દ્વારા ભારણ ઓછું કરવાના વિચારનો કોઈ મેળ જામતો નથી.

કમ્પ્યુટર યંત્ર એટલું સક્ષમ છે કે એમાં બધી જ જાતની સગવડ થઈ શકે તેમ છે. આમ છતાં કમ્પ્યુટરને કહેવાતી ત્રણ માળની આપણી લિપિ અનુકૂળ ન આવતી હોય તોય સામાન્ય જનતાની પ્રતિકૂળતા કેમ વીસરી જવાય ? કે પછી **સંસ્કૃતિસુધારાના નામે જેમ ભૂજગત, જળજગત, પશુજગત અને આર્યજગતનું નિકંદન નીકળી રહ્યું છે તેમ ચેતવામાં નહિ આવે તો, રોમન લિપિના અનુકરણે માતૃલિપિનુંય નિકંદન નીકળવાનો ભય અસ્થાને નથી.**

જમાનો ભલે કમ્પ્યુટરનો આવ્યો, પણ એના ઉપભોક્તા કોણ ? ગણ્યાગાંઠ્યા શ્રીમંતો જ ને ? સામાન્ય જનતા એટલે મોટા ભાગની જનતા પોતાનો રોજિંદો વ્યવહાર શું કમ્પ્યુટરથી ચલાવવાની છે ? હરગિજ નહિ. એને માટેનું રોજિંદું સાધન તો કાગળ - કલમ આધારિત હસ્તલેખન જ છે અને એ તો કમ્પ્યુટરના જમાનામાં પણ રહેવાનું જ છે.

મા-સરસ્વતીની આ તે કેવી અવગણના ! કે એનાં જ બાળકો અર્થાત્ એના પૂજક એવા સાક્ષરો જ જાણે એ પૂજ્ય મા-સરસ્વતીને લક્ષ્મીપુત્રોનાં ચરણો ચૂમવાની ફરજ પાડી રહ્યા છે ! કાળા વાદળામાં રૂપેરી કોરની જેમ આ બાબતમાંય આશાનું એક તેજસ્વી કિરણ એ છે કે લક્ષ્મીપુત્રોનો પક્ષ કરનારા એ અંતે તો સાક્ષરો જ છે – વિદ્વાનો જ છે. **રાત્રિના અંધકારમાં માર્ગ ભૂલેલો અંધ ભલે દિવસેય માર્ગે ન ચડી શકે, પણ અંધકારમાં માર્ગ ભૂલેલો દેખતો તો સૂર્યોદય પૂર્વેની પ્રભા ફેલાતાંય માર્ગ પકડી લે છે. તેમ આ આંગળીચીંધણુંય જ્ઞાનરૂપી વિશિષ્ટ ચક્ષુ ધરાવનારા વિદ્વાનોને જરૂર માર્ગે ચડાવી દેશે અને તેમને લિપિપરિવર્તનના વ્યામોહમાંથી જરૂર બહાર લાવશે, કારણ કે તેઓ ખોટો માર્ગ અથવા પકડેલું નહિ છોડવાના આગ્રહી કદાપિ હોતા નથી.**

– આચાર્યશ્રી જગચ્ચન્દ્રસૂરિજી

નોંધ : સદૈવ સ્વસ્થ ચિત્તવાળા, શાંત અને સરળ સ્વભાવી શુભચિંતક વિદ્વાન આચાર્યશ્રીજીએ ઉપરની વિચારણા સ્વસ્થ ચિત્તે જ કરેલી છે. એમાં લાગણીવશતાનો કે આક્રોશનો અંશ પણ સંભવતો નથી.

– લેખક



ઉત્થાન લાવવું હોય તો પડતાને પાટુ મરાય કે પકડી રખાય ?

૨. પડતા કાળના પ્રભાવે પરિવર્તનો પતનની દિશામાં વેગપૂર્વક આગળ વધી જ રહ્યાં છે. પડતાને પાડવો હોય તો પાટુ જ મરાય, પણ પતનથી અટકાવીને ઉત્થાન લાવવું હોય તો ? તો પડતાને પાટુ ન મરાય–પકડી રખાય.

આપણા આર્યદેશના ઋષિ-મુનિઓનું લક્ષ્ય સ્વ-પર સૌના શાશ્વત સુખ માટેનું હતું. એવા સુખનો આધાર એક ચોક્કસ પ્રકારનું તત્ત્વજ્ઞાન હતું. વળી એ તત્ત્વજ્ઞાન પણ અમુક ભાષા-લિપિ સાથે સંકળાયેલું હતું. ચોક્કસ ભાષાઓની ચોક્કસ લિપિઓ હોય છે. એ ભાષાનું સાહિત્ય એ લિપિમાં વાંચીએ તો એનો અનેરો પ્રભાવ અનુભવવા મળે. દા.ત., **'वन्दे मातरम् ।' 'वन्दे मातरम्', 'VANDE MATRAM'** આમ એક જ વાક્ય અલગ અલગ લિપિમાં લખતાં-વાંચતાં એના પ્રભાવમાં પડતો ફરક અનુભવી શકાય છે.

આપણા ઋષિ-મુનિઓના લક્ષ્યથી આપણું લક્ષ્ય જો વિપરીત નથી, તો એ લક્ષ્યને આંબવા માટે, પેલા તત્ત્વજ્ઞાનને આંબવા કાજે પ્રયત્નશીલ થવું જોઈએ. એટલા માટે એ તત્ત્વજ્ઞાન જે ભાષા-લિપિ સાથે સંકળાયેલું હોય, તે ભાષા-લિપિથી દૂર જવું આપણને પાલવે નહિ. આપણા પ્રયત્નો તો તેની વધુ ને વધુ નજીક રહેવા માટેના જ હોવા જોઈએ. આપણે એ ભાષા-લિપિની નજીક રહીએ તો જ એ તત્ત્વજ્ઞાનને પામીને સ્વ-પરના શાશ્વત સુખનું આપણું લક્ષ્ય હાંસલ કરી શકીએ. **કુદરતી રીતે પરિવર્તન પામતી ભાષા-લિપિને પણ મૂળ ભાષા-લિપિ સાથે ટકાવી રાખવાના જ આપણા પ્રયત્નો હોય, એ જ માર્ગ કહેવાય.**

આપણી બુદ્ધિમત્તા અને આપણું હિત પણ એમાં જ છે. પડતા કાળના પ્રભાવે ગતિ પતન તરફની હોય ત્યારે પડતી એવી ભાષા-લિપિને પોતાની સર્વ શક્તિથી પકડી રખાય પણ એને ધક્કો મરાય નહિ. 'પરિવર્તન કુદરતી રીતે તો થયા જ કરે છે' એવી વાહિયાત દલીલો કરીને, પતનરૂપી કુદરતી પરિવર્તન કે જે ઘણા લાંબા ગાળે આવવાનું છે એ પરિવર્તનને કૃત્રિમ રીતે અર્થાત્ બલાત્કારે કે પ્રયત્નપૂર્વક વહેલું બોલાવી લેવાય નહિ. ૭૫ વર્ષે આવનારા વૃદ્ધત્વને ૨૫મા વર્ષે બોલાવી લેવાય નહિ. આવી ગયું હોય તોય એને ટાળવાનો જ પ્રયત્ન થાય. ૭૫ વર્ષે પણ વૃદ્ધત્વની અસર ન અનુભવવી પડે એવી જ સૌની ઇચ્છા હોય.

તાત્પર્ય એ છે કે ભાષા-લિપિમાં પરિવર્તન શીઘ્ર આવતું હોય તો એ શીઘ્ર ન આવે એવા પ્રયત્નો જ સમુચિત કહેવાય. એમ ન બને તોય પરિવર્તનમાં મંદતા જ ઇચ્છનીય ગણાય. ભાષા-લિપિમાં પરિવર્તન ન આવે એ તો શક્ય જ નથી—એ આપણા હાથની વાત જ નથી. પરંતુ પરિવર્તનમાં મંદતા રહે એવા પ્રયત્નો જરૂર થઈ શકે. ભાષાવિદોના પ્રયત્નો એને માટેના જ હોવા જોઈએ. એમનું લક્ષ્ય પણ એ જ હોવું જોઈએ.

ઋષિ-મુનિઓ જેવું આપણું લક્ષ્ય ન હોવું એ પતનનો અથવા અનર્થકારી માર્ગ છે. વળી એમાં ઋષિ-મુનિઓની પણ ભારોભાર અવગણના છે. સ્વ-પરના સુખના લક્ષ્યનો અભાવ એ તો સૌથી મોટું અજ્ઞાન છે. **શબ્દપ્રપંચના શુષ્ક બોધવાળા હોય તે વાસ્તવમાં ભાષાવિદો નથી, પણ સ્વ-પરના પૂર્ણસુખની અપેક્ષાવાળા હોય તે જ સાચા અર્થમાં ભાષાવિદો છે. તેથી પૂર્ણસુખની પ્રાપ્તિ કરાવનારું તત્ત્વજ્ઞાન જે ભાષા-લિપિમાં હોય એ ભાષા-લિપિની નજીકમાં જ રહેવા માટેનું એમનું લક્ષ્ય સ્વાભાવિક રીતે જ હોય. કુદરતી પરિવર્તનના પ્રભાવે ભાષા અને લિપિ પડતી, બદલાતી, ઊતરતી હોય તોય તેમાં મંદતા આવે એવા પ્રયત્નો કરે, પણ ધક્કો મારીને પતનના વેગને વધારવાનું પાપ તો પ્રાણાંતેય કરે જ નહિ.**

પૂર્ણસુખની પ્રાપ્તિ કરાવનારું તત્ત્વજ્ઞાન મૂળ સંસ્કૃત-પ્રાકૃત ભાષા સાથે સંકળાયેલું છે. એ બંને ભાષાઓ પરસ્પરની નજીકમાં રહેલી છે. બંને ભાષા વચ્ચે અંતર એટલું બધું ઓછું છે કે એક પગથિયું ચડીને જ મૂળ ભાષાની નજીક પહોંચી જવાય. પણ પ્રાકૃતથી જૂની ગુજરાતીનું અંતર ઠીકઠીક વધે ને જૂની ગુજરાતીથી હવે પછીની નવ્ય ગુજરાતીનું અંતર પણ વધે. એનાથી મૂળ સંસ્કૃત-પ્રાકૃત ભાષાને ઘણું છેટું પડી જાય. પરિવર્તન સ્વભાવમાં આવું બન્યા જ કરવાનું. પણ મૂળ ભાષાની અપેક્ષાએ તો એમ જ કહેવું જોઈએ કે **પરિવર્તનને અંકુશમાં રાખો. નહિતર તમારા મૂળ તત્ત્વજ્ઞાનના આધારભૂત એવી પરિભાષાથી ક્યાંય દૂર ચાલ્યા જશો ને ખોવાઈ જશો. તત્ત્વજ્ઞાનથી વિખૂટા પડવાને કારણે અતત્ત્વના માર્ગને તત્ત્વનો માર્ગ માની, સુખના અર્થી હોવા છતાંય સ્વયં દુઃખના જંગલમાં અટવાઈ જશો અને બીજાઓને પણ દુઃખના જંગલમાં ફેંકી દેશો.**

— આચાર્યશ્રી જગચ્ચન્દ્રસૂરિજી

સહેલું સહેલું કરવાનું જ વિચારીશું તો અંતે બધું ખોઈ નાખવાનો વખત આવશે

૩. બાળજગતને માટે બોજારૂપ ગણાવીને પ્રાચીન લિપિમાં વર્ણકાપ કરવાથી અને મનઘડંત રીતે લેખનપદ્ધતિ બદલવાથી તો બોજામાં ઘટાડો થવાને બદલે વધારો થવાનો. ખરી રીતે તો બાળક માટે બોજારૂપ કાંઈ હોતું નથી. કોરી પાટી જેવું બાળકનું માનસ તો આપણે જેમ ઘૂંટાવીએ તેમ ઘૂંટાવા તૈયાર જ હોય છે. એમ છતાં **કોઈ બાબત બોજારૂપ જણાતી હોય તોય એને સરળતાથી શીખવી શકાય તેવી પદ્ધતિ વિચારવી જોઈએ. એના બદલે લિપિનો જ ત્યાગ કરી દેવાનો વિકલ્પ તો શરદી થવાના વાંકે નાકનો જ છેદ ઉડાડવા જેવો હાસ્યાસ્પદ છે. એ કોઈ પણ રીતે વાજબી ગણાય નહિ.**

રમતગમતના રસિયા બાળકને તો અઘરું કે સહેલું જે કાંઈ શીખવવા માગીશું એ એને કષ્ટરૂપ જ લાગવાનું. એથી કાંઈ એને અભણ રાખવાનો વિચાર ન કરાય. ગુજરાતી તો માતૃભાષા છે. અંગ્રેજી માતૃભાષા નથી. વળી એ લેખન - ઉચ્ચારણના મેળ વગરની હોવાને કારણે કાંઈક અટપટી પણ છે. એથી **એ અઘરી પડે એવી હોવા છતાંય માબાપો પોતાનાં બાળકોને અંગ્રેજી માધ્યમવાળી શાળાઓમાં જ ભણવા મોકલે છે. તો પછી માતૃભાષા સિવાયની બીજી ભાષાઓના માળખાને જેમ યથાવત્ સ્વીકારી લેવામાં આવે છે તેમ ગુજરાતી લિપિના માળખાને શા માટે સ્વીકારી લેવામાં આવતું નથી ? માતૃભાષાના માળખાને યથાવત્ સ્વીકારી લેવાના લાભ અપાર છે ને ગેરલાભ કાંઈ નથી.**

બાળકોને ખૂબ હોશિયાર બનાવવા હોય તો એમને સહેલી નહિ, પણ એમની ક્ષમતા પ્રમાણે પ્રથમ અઘરી બાબતો શીખવવી જોઈએ. અઘરી બાબતોનો અભ્યાસ કરનારા બાળકો જ હોશિયાર બની શકે. અઘરા શિક્ષણથી ડરી જવાય તો વ્યવહારમાં સારા પાયલોટો, બેરિસ્ટરો, વકીલો, ડૉક્ટરો, એન્જિનિયરો, વૈજ્ઞાનિકો વગેરે તૈયાર થઈ શકે નહિ. બાળકો તો નેતરની સોટી જેવાં ને કુમળા છોડ જેવાં હોય છે. જેમ વાળીએ તેમ વળે. બાળપણમાં આપણે જેમ કેળવવા માગીએ તેમ કેળવી શકાય. **અઘરા શિક્ષણથી ડરી જઈને એને સહેલું સહેલું કરવાનું જ વિચાર્યા કરીશું અને એ માટે કાતર લઈને બેસી જઈશું ને કાપકૂપ જ કર્યા કરીશું તો એ કાપકૂપ ઉત્તરોત્તર આગળ વધતી જ જશે અને અંતે બધું ખોઈ નાખવાનો વખત આવશે.**

આજનું બાળક આવતી કાલે આપણા આર્યદેશનું ગૌરવ વધારે એવું મહાન બને એમ આપણે ઇચ્છીએ છીએ ? તો એને પૂર્વે થઈ ગયેલા આપણા મહાન પુરુષોનાં જ્ઞાન - અનુભવ - મનન - ચિંતન - સદુપદેશ આદિનો બોધ કરાવવો જરૂરી બને છે. આ બાબત લિપિપરિવર્તનથી વધુ શક્ય બને કે વધુ ક્લિષ્ટ બને એ લિપિપરિવર્તનના હિમાયતીઓએ સ્વસ્થ ચિત્તે ખાસ વિચારવા યોગ્ય છે.

લિપિ બદલવાના સવાલ સાથે તો સાહિત્ય, સંસ્કૃતિ અને ધર્મરક્ષા પણ સંકળાયેલાં છે. એથી લિપિ બદલવાનો મુદ્દો ખૂબ જ ગંભીરતાથી વિચારવા જેવો છે. લિપિ બદલવાથી સાહિત્યનો નાશ, સાહિત્યના નાશથી સંસ્કૃતિનો નાશ અને સંસ્કૃતિના નાશથી અંતે ધર્મનો નાશ થાય છે. પ્રાચીન લિપિમાં લખાયેલું અને છપાયેલું તમામ સાહિત્ય નવી લિપિમાં લખાવવું-છપાવવું શક્ય જ નથી. એથી આપણે આપણા સાહિત્યના અમર વારસાનો લાભ લેતા રહેવું હોય તો **લિપિ બદલવાના વિચારને સ્વપ્નેય સ્વીકારવા જેવો નથી.**

ઘણા લાંબા કાળથી પરંપરામાં વહેતો રહેલો લિપિનો અમર વારસો આજે આપણનેય અકબંધ મળ્યો છે. આપણને અકબંધ મળેલા લિપિના વારસાનું શ્રેય વૈયાકરણો આદિના ફાળે જાય છે. **આજની જેમ પૂર્વે કોઈએ લિપિમાં કાપકૂપ કરવાનો વિચાર કર્યો હોત તો આપણને આવો અકબંધ વારસો ન જ મળ્યો હોત.** ગ્રંથ, સૂત્ર આદિમાં જો એકાદ માત્રાનુંય લાઘવ (સંક્ષેપ) થાય તો પુત્રજન્મ જેવી ખુશાલી અનુભવતા વૈયાકરણોએ પણ પૂર્વકાળમાં લિપિમાં ઘટાડો કરવાનો વિચાર સુધ્ધાં કર્યો નથી. જે પરિવર્તન થયેલું છે તે કુદરતી રીતે જ થયેલું છે. કુદરતી રીતે આવી પડેલા પરિવર્તને કારણે પણ આપણે કેટલાય ઉત્તમ ગ્રંથોના વાચન-અધ્યયન આદિથી આજે વંચિત રહ્યા છીએ. કદાચ પૂર્વે કોઈએ કૃત્રિમ પરિવર્તનનો પ્રયાસ કર્યો હોત, તો એના પરિણામે આપણે કેટલું મોટું નુકસાન વેઠવું પડ્યું હોત ? આ અપેક્ષાએ પણ આજના લિપિપરિવર્તનના પ્રયાસો વિચારણીય બને છે. આજે આપણે આપણી લિપિમાં થોડી કાપકૂપને પણ નભાવી કે વધાવી લઈશું તો, ઉત્તરોત્તર વધુ ને વધુ નબળી પાકનારી ભવિષ્યની પેઢીમાંથી બીજા અનેકને પણ લિપિમાં કોઈ ને કોઈ રીતે વર્ણકાપના વિચારો પેદા થયા કરશે. **લિપિમાં અક્ષરો ઘટાડ્યા કરવાની અને લેખનપદ્ધતિ પણ બદલ્યા કરવાની એક એવી અનિષ્ટ પરંપરા ઊભી થઈ જશે કે કાલાન્તરે આપણી મૂળભૂત લિપિનું સ્વરૂપ જ નષ્ટ થશે અથવા સાવ બેહૂદું બની જશે.** માટે લિપિનો અમર વારસો આપણને પૂર્વજો તરફથી જે રીતે અકબંધ મળ્યો છે તેને અકબંધ જાળવી રાખીને પરંપરામાં પણ અકબંધ વહેતો રાખવામાં જ આપણું અને ભાવિ પેઢીનું શ્રેય છે.

નજીકના કાળમાં થઈ ગયેલા જે સાક્ષરોનું યોગદાન આજે પણ અવિસ્મરણીય છે, તે સાક્ષરોમાંથી કોઈએ પણ લિપિમાં અક્ષરો ઘટાડવાનું મુનાસિબ માન્યું નથી. આપણે પણ એને મુનાસિબ ન માનીએ એ જ શ્રેયસ્કર છે.


– આચાર્યશ્રી પૂર્ણચન્દ્રસૂરિજી

૪. ગુજરાતીને સહેલી બનાવીશું તો વધુ બાળકો ભણવા આવશે અને સમાજમાં સાક્ષરતા વધશે એવી માન્યતા તો મૂર્ખાઓના સ્વર્ગમાં રાચવા જેવી બાબત છે.

– શ્રી મહેન્દ્ર પંડ્યા (મુંબઈ)

૫. સરળતાના નામે ગમે એટલા ફેરફારો કરાય, પણ જો શીખવનાર વેઠ ઉતારશે તો સરળ કરેલું પણ અઘરું બનવાનું છે. શીખવનાર જો પ્રબુદ્ધ અને રસિક હશે તો અઘરું પણ સરળ બની જવાનું છે.

– પંન્યાસશ્રી જયસુંદરવિજયજી



આપણી ત્રણ માળવાળી લિપિની સૂક્ષ્મતા અને સાર્થકતા

લેખનવ્યવસ્થા જુદીજુદી : ફેલાવે અંધાધૂંધી !

જે ઘણા લાંબા કાળથી રૂઢ થયેલી છે, તેથી લખવા-વાંચવામાં ખૂબ અનુકૂળ આવી ગયેલી છે અને જેમાં મોટા ભાગે ક્લિષ્ટતાનો કોઈ અનુભવ નથી એવી સિદ્ધ થયેલી લિપિને છોડીને, લોકો જાતજાતની, વળી તદ્દન નવી-અપરિચિત સૂચિત લિપિઓ અપનાવવા અને લેખનવ્યવસ્થા બદલવા ઇચ્છે અને પોતાનાં સંતાનોને માટે પણ સન્માન્ય લિપિનો આગ્રહ ન રાખે એ ઔચિત્યપુરઃસર નથી.

બીજી બાજુ **લિપિફેરફારના હિમાયતીઓમાં મતવૈવિધ્ય છે, ક્યાંય એકવાક્યતા નથી. વર્તમાન ગુજરાતી લિપિને મનસ્વીપણે ક્લિષ્ટ ગણાવીને એની અવેજીમાં, તેઓ પોતપોતાની કલ્પના મુજબની જાતજાતની નવી નવી લેખનવ્યવસ્થા સૂચવે છે.**

૧. એક સ્થળેથી **'ગનાના૧પાર૪અન'** (જ્ઞાનોપાર્જન), **'ત૧ન૭૦'** (તેનું), **'અઅન૧'** (અને), **'પઅહ૧લા૦'** (પહેલાં) આવી એક માળવાળી લિપિ સૂચવાય છે.

૨. તો બીજા સ્થળેથી **'ક્-ક-કા-કિ-કી-કુ-કૂ-કે-કૈ-કો-કં'** (ક્-ક-કા-કિ-કી-કુ-કૂ-કે-કૈ-કો-કં) આવી એક માળવાળી લિપિ સૂચવાય છે.

૩. અને ત્રીજા સ્થળેથી આપણી શિરોરેખા વગરની અને ઓછા ઉપાડથી લખાતા અક્ષરો અને જોડાક્ષરોને કારણે ઝડપથી લખી શકાતી એવી આપણી **'માતૃલિપિ'**નો સદંતર ત્યાગ કરી દઈને, કાંઈક ફેરફાર સાથે શિરોરેખાવાળી અને એ શિરોરેખાને કારણે તેમ જ વધુ ઉપાડથી લખાતા અક્ષરોને કારણે ઓછી ઝડપે લખી શકાય એવી **'દેવનાગરી'** લિપિ અપનાવવાનું સૂચવાય છે. દા.ત., **'હું ઋણી છું'** (હું ઋણી છું), **'लख्वामा सेःलु लाग्वाथि'** (લખવામાં સહેલું લાગવાથી), **'मर्यादामा रःअिनेज करि रःया छिये'** (મર્યાદામાં રહીને જ કરી રહ્યા છીએ), **'अुमळ्काभर्यु'** (ઉમળકાભર્યું), **'के : छे'** (કહે છે), **'सन्स्कृत'** (સંસ્કૃત) ઇત્યાદિ.

૪. **જ્યારે ચોથા સ્થળેથી તો માતૃલિપિ પ્રત્યેના આપણા સ્વાભાવિક સ્નેહને 'મમત્વનું વળગણ' કહી – દોષરૂપ મનાવીને, રોમન લિપિના આધારે કલ્પેલી તદ્દન નવી લિપિ જ અપનાવવાનું સૂચવાય છે.**

દા.ત., **'Sii૧ ⊖ll ⊖ll'** (સાંઈબાબા), **'૧⊕∪u∃l∠૧'** (ઇન્દુમતી), **'⊕lo૮'** (નળ), **'$u'** (શું) ઇત્યાદિ. (આવી લિપિઓ તો સેંકડો બનાવી શકાય. સુસ્થિર લિપિને ડહોળવી જ હોય તો જુદી વાત છે, બાકી એની કોઈ જરૂર નથી.)

❋

મમત્વનું વળગણ

આમ જુદીજુદી લેખનવ્યવસ્થા સૂચવનારા આ સૌને પોતપોતાની રચના પ્રત્યે સ્વાભાવિક સ્નેહ હોય જ. જેમ પાળીપોષીને મોટા કરનારાં, સુસંસ્કાર આપીને સંસ્કારી બનાવનારાં અને ભણાવી-ગણાવીને સમર્થ બનાવનારાં પોતાનાં ઉપકારી માબાપ પ્રત્યેનો સ્નેહ દોષરૂપ નથી, ગુણરૂપ જ છે, તેમ **જેનાથી પોતે બોલતાં, લખતાં અને વાંચતાં શીખ્યો છે, વળી જેના આધારે આજીવિકા મેળવવા અને પોતાનો સર્વ વ્યવહાર ચલાવવા સમર્થ બન્યો છે, એ માતૃલિપિને ઉપકારી માની એના પ્રત્યે સ્નેહ રાખવો એ પણ દોષરૂપ નથી, ગુણરૂપ જ છે. આમ છતાં 'માતૃલિપિ' પ્રત્યેના લોકોના સ્નેહને જો 'મમત્વનું વળગણ' એવા 'નિંદાવચન' દ્વારા દોષરૂપ જ મનાવાતો હોય તો આપણી પોતાની નૂતન કલ્પિત રચના પ્રત્યેના આપણા સ્નેહને પણ 'મમત્વનું વળગણ' કેમ ન ગણાવી શકાય ?**

આ **'મમત્વના વળગણ'**ને કારણે જ લિપિફેરફારના હિમાયતીઓ પોતપોતાની કલ્પેલી લિપિને જ નિર્દોષ, સરળ, સુંદર ને સહેલી માને, તેથી તેઓ પોતાની સૂચવેલી લિપિ જ સ્વીકારાય એવો આગ્રહ ધરાવે અને એ સૂચિત વિવિધ લિપિઓમાં પોતપોતાનાં પુસ્તકો છપાવીને જાહેરમાં મૂકતા રહે એ સહજ છે. આવાં પુસ્તકો પ્રગટ કરવાની શરૂઆત થઈ ચૂકી છે.

આપણા પોતાના જ આવા 'મમત્વના વળગણ'ને કારણે લેખનવ્યવસ્થાની બાબતમાં સર્વત્ર 'અંધાધૂંધી' ફેલાવાનો સંભવ નકારી શકાય એમ છે ?

❋

રોમન લિપિ પણ ત્રણ માળવાળી છે

આજના કેટલાક વિદ્વાનોના મતે આપણી લિપિ ત્રણ માળવાળી છે. એમ જોવા જઈએ તો રોમન લિપિ પણ ત્રણ માળવાળી છે. રોમન લિપિની પહેલી એબીસીડી લખાણમાં અને છપાઈમાં એક માળવાળી છે તે સાચું,

પણ બીજી એબીસીડીના લખાણમાં અને છપાઈમાં જોઈશું તો એ ત્રણ માળવાળી છે. વળી છપાઈ સિવાય જેનો ઉપયોગ હસ્તલેખનમાં થાય છે અને જે સરળતાથી **'રનીંગ હેન્ડ્ઝ'**થી લખી શકાય છે તેથી હસ્તલેખનમાં એ જ વાપરવી એવો જેને માટે આગ્રહ રખાય છે એ ત્રીજી-ચોથી એબીસીડી ત્રણ માળવાળી જ છે. એથી જ એ બાળકોને ચોબલ લીટીમાં લખતાં શીખવાય છે. આપણે આ ચારેય એબીસીડી પશ્ચિમમાંથી આયાત થતાં ટંકલેખનો (ટાઇપરાઈટરો) કે કમ્પ્યુટરોમાં જોઈએ છીએ. આમ છતાં **ત્રણ માળવાળી આપણી જ લિપિને અઘરી ને અગવડભરી બતાવાય છે, પણ બધા પ્રકારની ત્રેવડ એ આપણો મોટો ગુણ છે અને એ આપણી લિપિમાં ડોકાય છે. લખાણમાં આપણી લિપિ સરળતાથી લખાય પણ છે અને ત્રણ માળને કારણે દરેક વર્ણ જગ્યા પણ ઓછી રોકે છે એ મહત્ત્વની બાબત છે. આજ સુધી લખાણમાં એ કોઈનેય અઘરી પડી નથી.** પણ હમણાં હમણાં જ યંત્રોના આગમન પછી કેટલાક સુધારાવાદીઓને અગવડભરી લાગવા માંડી છે. તેથી તેઓ તેના ત્રણ માળને છૂટા પાડી, તેને એક માળવાળી બનાવવાની વાતો કરવા લાગ્યા છે. આપણી લિપિને એક માળવાળી બનાવવાથી તે લખાણમાં જગ્યા પણ વધુ રોકે છે અને વાચનમાં પણ એનું સ્વરૂપ દુર્બોધ બની જાય છે. ટંકલેખનો (ટાઇપરાઈટરો) અને કમ્પ્યુટરોમાં પણ હવે તો સહેલાઈથી સ્વરોને વ્યક્ત કરતી ઉપર-નીચેની કે આગળ-પાછળની માત્રાઓ ઉપલબ્ધ બની છે. દા.ત., **'શક્તિ'**ના **'ક-ત'** બંને વર્ણને આવરી લે એવી ઉપરના ભાગમાં વધુ લંબાણવાળી **'િ'** આવી અલગ હ્રસ્વ **'ઈ'**ની માત્રાની વ્યવસ્થા પણ થઈ છે.

દેવનાગરીના જમાનાથી આજ સુધી નાગરી લિપિનો ઉપયોગ લખાણમાં થતો આવ્યો છે અને કોઈનેય તે અઘરી કે અગવડભરી લાગી નથી. હમણાં હમણાં જ થોડા સુધારાવાદીઓને તે અગવડભરી લાગવા માંડી છે. તેથી **તેઓ સરળતાના ઓઠા નીચે આપણી સુરૂઢ, સુસ્થાપિત લેખનવ્યવસ્થાને ડહોળવાના પ્રયત્નો કરી રહ્યા છે. પરંતુ આ એક ધૂન માત્ર છે. કેમ કે એમાં નથી લિપિની વૈજ્ઞાનિકતાનો વિચાર કે નથી પરિવર્તનનાં પરિણામોનો સુપેરે વિચાર !**

❋

ત્રણ માળવાળી લિપિ : ગેરસમજ અને સ્પષ્ટતા

❁ **સ્વર : 'અ - આ - ઇ - ઈ - ઉ - ઊ - એ - ઐ - ઓ - ઔ'**
સ્વરચિહ્નો : 'ા - ા - િ - ી - ુ - ૂ - ૅ - ૈ - ો - ૌ'

'ક - ખ - ગ' ઇત્યાદિ વ્યંજનો સાથે સ્વરોના સ્થાને આ સ્વરચિહ્નો જોડાય છે. આ સ્વરચિહ્નોને સ્વરમાત્રા કહેવાય છે. વ્યંજનની ઉપર લખાતી માત્રાઓને ઊર્ધ્વમાત્રા અને નીચે લખાતી માત્રાઓને અધોમાત્રા કહેવાય છે. આ ઊર્ધ્વ - અધોમાત્રાઓને કારણે આપણી લિપિને આજના વિદ્વાનો ત્રણ માળવાળી કહે છે. તેમના મતે –

એક માળવાળા શબ્દો ❁ બે માળવાળા શબ્દો ❁ ત્રણ માળવાળા શબ્દો

કમલ, હાથ કોમલ, હોઠ સુકોમલ, હૈયું

એમ તો અંગ્રેજીની રોમન લિપિ પણ ત્રણ માળવાળી ગણાય.

એક માળ	બે માળ	ત્રણ માળ
ABCD	**abcd**	*abcdefg*

માળ અને માળિયામાં ફરક છે. માળિયું એ માળ નથી. માળિયું અભરાઈ જેવું છે. અભરાઈનો સમાવેશ જેમ માળની અંદર જ થાય છે તેમ માળિયાનો સમાવેશ પણ માળમાં જ થાય છે.

લિપિની ઊર્ધ્વમાત્રાઓ માળ જેવી નહિ, પણ માળિયા જેવી છે અને અધોમાત્રાઓ ભૂતલમાં કરેલા ભંડકિયા જેવી છે. **એટલે વાસ્તવમાં આપણી લિપિ એક માળવાળી જ છે.**

આજના વિદ્વાનોના મતે આપણી લિપિ ત્રણ માળવાળી હોવા છતાં એની વિશેષતા એ છે કે એનાથી લેખનસંક્ષેપ થવા સાથે કાગળ આદિમાં જગ્યાનો પણ સંક્ષેપ થાય છે, કારણ કે ઉપર - નીચેની બે લીટી અડોઅડ લખાતી-છપાતી નથી. બે લીટી વચ્ચે જગ્યા તો રાખવાની જ હોય છે અને તે પડતર જગ્યામાં જ ઊર્ધ્વ - અધોમાત્રાઓનો સમાવેશ થઈ જતો હોવાથી એને માટે કોઈ વધારાની જગ્યા વપરાતી નથી અર્થાત્ જગ્યાનો જરાય બગાડ થતો નથી.


જોડાક્ષરોમાં અક્ષરો જોડીને લખાય છે તેના બદલે એક માળવાળી લિપિમાં ખોડાના ચિહ્ન સાથે છૂટા લખવામાં આવે તો તે ખોડાના ચિહ્નથી અક્ષરની નીચે દીર્ઘ 'ઊ'ની અધોમાત્રા ' ૂ ' જેટલી જ જગ્યા રોકાય છે. દા.ત., **કાર્ય-કા૨્ય, ગદ્ય-ગદ્ય, પદ્મ-પદ્મ, પટ્ટ, પટ્ટ**

દીર્ઘ 'ઊ'ની ' ૂ ' આ અધોમાત્રા નીચેની લીટીના કોઈક અક્ષરને માથે આવીને ક્યારેક એકારની ' ે ' આ ઊર્ધ્વમાત્રાનો ભ્રમ કરાવનાર બનવાનો સંભવ ખરો, પણ આવું તો એક પાનાના ૫૦/૧૦૦ શબ્દોના લખાણમાં કોઈક શબ્દની બાબતમાં ક્યારેક જ બનતું હોય છે. ક્યારેક જ બનનારી આવી બાબત મોટે ભાગે અર્થભ્રમ કરાવનારી તો બનતી જ નથી. પ્રકરણ આદિના આધારે આવા સ્થાનમાં સ્પષ્ટ અર્થબોધ થઈ જ જતો હોય છે. આવા સામાન્ય કારણથી લિપિપરિવર્તનની વાત યોગ્ય ઠરે નહિ.

ત્રણ માળવાળી મનાતી આપણી સંક્ષિપ્ત અને સંપૂર્ણ વૈજ્ઞાનિક લિપિને રોમન લિપિના આલંબને નીચે મુજબ એક માળવાળી બનાવવાનું સૂચવાય છે.

અઅરથ (અર્થ), અઅન૧ (અને), જઅઈન (જૈન), ત૧ન૭૦ (તેનું), હઅત૭૦ (હતું), ગઅ૭તઅમ (ગૌતમ), પઅહ૧લા૦ (પહેલાં), કઅહ૧વઅત (કહેવત), વઅટવ૨૭કષન૭૦ (વટવૃક્ષનું), ષઅત૨૭તાના૧ (શત્રુતાનો), ઘઅડ:ાય૧લા૧ (ઘડાયેલો), જા૧ડ:ાકષઅર (જોડાક્ષર), ગનાના૧પા૨જઅન (જ્ઞાનોપાર્જન)

આમાં લેખનસંક્ષેપને બદલે કેટલો લેખનવિસ્તાર, જગ્યાના ઘટાડાને બદલે જગ્યાની કેટલી વધુ વપરાશ અને સરળતાને બદલે કેવી ક્લિષ્ટતા થાય છે તે સ્પષ્ટ જોઈ શકાય છે. વિદ્યાર્થી કે શિક્ષક કોઈનેય આ ફાવે તેમ નથી. આવાં કારણોસર લિપિસુધારણા આંદોલન કેટલે અંશે સાર્થક અને પરિણામજન્ય બનશે તે સુજ્ઞજનો વિચારી શકે છે.





આપણી ત્રણ માળવાળી લિપિના લાભ

૧. ઈ.સ. પૂર્વે ચોથી-ત્રીજી સદીમાં ભારતમાં બ્રાહ્મી લિપિ અસ્તિત્વમાં આવી હતી. આ લિપિમાંથી પ્રદેશવાર લિપિઓ ઉદ્‌ભવી. **'નાગરી - ગુજરાતી - બંગાળી - તમિળ'** એવાં નામોથી એ ઓળખાઈ. નવમી સદીમાં ગુજરાતમાં બ્રાહ્મીમાંથી નાગરી લિપિનું સ્વરૂપ ઘડાવું શરૂ થયું અને પંદરમી સદી સુધીમાં તો એ લિપિ અત્યારની નાગરી લિપિની સાવ નજદીક પહોંચી ગઈ. આ નાગરી લિપિ ખાંચા - ખટકાવાળી હતી તેથી એનું એક લખાણસુલભ પ્રાદેશિક રૂપ અમલી બન્યું જે ગૂર્જર, વાણિયાશાઈ કે મહાજન લિપિ નામે અલગ ઓળખ પામ્યું. વણિકો એનો ઉપયોગ નામાઠામામાં કરતા; સામાન્ય વ્યવહારમાં હિસાબકિતાબમાં એ વપરાતી. એનું સ્વરૂપ હજુ વધુ ને વધુ વિકાસ માગતું હતું. સામાન્ય પ્રકારના લખાણમાં જરૂરી એવા જ આકારો નિર્માયા હતા. 'ઇ' અને 'ઉ'નો પ્રયોગ આરંભમાં જોવા મળતો નથી. રોજિંદા ઉપયોગમાં ઝડપથી લખી શકાય એ માટે નાગરીના દરેક અક્ષરની ટોચે અલગ શિરોરેખા બાંધવાને બદલે આખી લીટીની એક સળંગ શિરોરેખા દાખલ કરવામાં આવી. પંક્તિ વાંકીચૂંકી ન લખાય એ જ એક લક્ષ્ય હતું, તેથી આ સળંગ લીટી દાખલ થઈ લાગે છે. શિરોરેખા વગર અક્ષર ઝડપથી લખાવાને લઈને અક્ષરોની ડાબી બાજુની ટોચ ડાબેથી વર્તુળાકાર ધારણ કરે અને જમણી બાજુનો નીચલો છેડો જમણી બાજુ વર્તુળાકાર ધારણ કરે એવું એનું સ્વરૂપ ઘડાયું. **'ખ - ગ - ચ - પ - ય - ર - સ'** વગેરે અક્ષરોમાં આ જોઈ શકાય છે. અપવાદરૂપે **'ઘ - દ - ડ - ધ - બ - વ'** જેવા અક્ષરોમાં ડાબી ટોચ જમણી બાજુ વાળેલી છે. પણ મહદંશે આ અક્ષરો નાગરીના અક્ષરોના વળાંક સાથે મળતા રહ્યા છે. **'ગ-ઘ-દ-ઝ-ટ-ઠ-ડ-ઢ-ણ-ત-થ-ધ-ન-પ-મ-ય-ર-વ-શ-ષ-સ-હ'** એ બધા અક્ષરોના આકાર એની સાબિતી આપી રહે છે. **'અ-ઇ-ઈ-ઉ-ઊ; ક-ખ-ચ-જ-દ-ફ-બ-ભ-ળ'** જેવામાં સળંગ કલમે લખાવાથી વિશિષ્ટ સ્વરૂપ ઘડાયું છે. વાસ્તવમાં એક વાક્યમાં કહેવું હોય તો ઘાટમાપની દૃષ્ટિએ આ સમલંબ અક્ષરો છે.

એ નાનામોટા લંબચોરસ ચોકઠામાં સમાતા ઊભા ઘાટના અક્ષરો છે. ઊભો ઘાટ એ એની બીજી લાક્ષણિકતા છે. એ વળાંકદાર રેખાના બનેલા મરોડવાળા અક્ષરો છે. આ એની ત્રીજી લાક્ષણિકતા છે. **સમયની અને જગ્યાની કરકસરથી લખવું એ પહેલેથી જ આપણી લિપિ લખનારાઓનું લક્ષ્ય રહ્યું છે. તેથી નાગરીમાંથી ગુજરાતી સ્વરૂપ ઘડાયું ને જે આકારો નીવડ્યા એમાં લખતી વખતે કલમના ઉપાડ અને એ દ્વારા બને એટલી બચતના સિદ્ધાંતે પણ કામ કર્યું છે. ઉપાડની બચતને કારણે એક ઉપાડે (અને ભાગ્યે જ બે ઉપાડે) લખાતી આ લિપિ લેખન-સરળ બની છે; વળી એના વળાંકદાર મરોડના કારણે એ ઘાટીલી અને નયનરમ્ય પણ બની છે.** લિપિમાં અનુસ્વાર (ં) મૂકતાં, હ્રસ્વ-દીર્ઘ વેલાંટી (િ - ી) મૂકતાં, હ્રસ્વ-દીર્ઘ વરુ (ુ - ૂ) મૂકતાં (કે જોડાક્ષર બનાવતાં) ક્યારેક ઉપર, તો ક્યારેક નીચે એમ એકમાંથી બે મજલાનો કે ત્રણ મજલાનો એનો આકાર બને ત્યારે પણ ઉપાડ-બચતનો અને ઘાટીલાપણાની જાળવણીનો સિદ્ધાંત તો નજર સામે રખાય, પણ એ સાથે ઓછી જગ્યા વપરાય એ સૂત્ર આરંભથી ચાલુ રહ્યું છે અને એમાં ક્યારેય કશી મુશ્કેલી પડી નથી. લહિયાઓ દ્વારા લખાયેલ પોથીઓ અને મુદ્રણ અમલમાં આવ્યું ત્યારે બનાવાયેલાં અક્ષરબીબાં એ બધાંમાં આ પદ્ધતિ પૂરી કામિયાબીથી ટકી છે, તો પછી **હવે રોમનલિપિની જેમ એને એક મજલાવાળી (?) બનાવીને એના પાતળા (અને સમલંબ) ઘાટને હાનિ પહોંચાડી શા માટે વધુ જગ્યા રોકતી બનાવવાના અણઘડ વિચારો રજૂ કરાઈ રહ્યા છે ?** પહેલાં એવી દલીલ કરાતી કે છાપકામમાં અગવડ પડે છે, માટે રોમન લિપિની જેમ એક માળવાળી (?) બનાવીએ. આમ કરવું એટલે એની નયનરમ્યતાને ક્ષતિ પહોંચાડવી અને વિના કારણ એને વાચનદુર્ગમ બનાવવી એમ જ હું તો સમજ્યો છું. હવે તો લેસર કંપોઝમાં વધુમાં વધુ અનુકૂળ ઘાટમાપ ઉપજાવી શકાય એમ છે, ત્યારે તો આવી **ભદ્દા આકારની અને લાંબા ઘાટની લિપિ, મારા અનેક પુસ્તકોના નિર્માણના બહોળા અનુભવ પછી, હું ક્યારેય પુરસ્કારી શકીશ નહિ. આપણી લિપિમાં અગવડ હશે તો એક આની હશે, જ્યારે સંક્ષેપ અને શ્રમ-સમયનો બચાવ વગેરે રૂપી સગવડ પંદર આની છે એ ન ભૂલીએ અને ત્રિસ્તરીય સ્વરૂપને ન વિછોડીએ એ જ અભ્યર્થના.**

— પ્રા. રતિલાલ સાં. નાયક (અમદાવાદ)

✲

ત્રણ માળવાળી ગુજરાતી લિપિની સંકુલતા અને સુગમતા

૨. ભારતની વર્તમાન લિપિઓ પ્રાચીન બ્રાહ્મી લિપિમાંથી વ્યુત્પન્ન થઈ છે. આ સર્વ લિપિઓનું એક મુખ્ય લક્ષણ છે એના વર્ણોની સંકુલતા. ગુજરાતી, નાગરી વગેરે લિપિઓમાં અન્ય લિપિઓની જેમ સ્વરો અને વ્યંજનોનાં સ્વતંત્ર ચિહ્નો છે, પરંતુ એમાં વ્યંજનોનાં ચિહ્નોની અંદર સ્વરોનાં અંતર્ગત ચિહ્નોને સમાવી લેવાની અવનવી પદ્ધતિ રહેલી છે. તેથી આ લિપિઓમાં શબ્દોના લેખનમાં વ્યંજનો-સ્વરોના સંકુલ સંયુક્ત સ્વરૂપની સુગમતા રહેલી છે. આ લિપિઓનું આ વિશિષ્ટ લક્ષણ છે. **"ગ્ઉજ્અર્આત્ઈ લ્ઇપ્ઇ"ને બદલે "ગુજરાતી લિપિ" જેવું સંક્ષિપ્ત અને સંકુલ લખાણ જગતની લિપિઓમાં વિરલ ગણાય તેવું છે. 'ત્ન-પ્ર-ત્ર-શ્ર-દ્ય-હ્મ' જેવા સંયુક્તાક્ષરો પણ આ લિપિમાં વર્ણોની સંકુલતા વધારે છે. વળી શિરોરેખાના લોપ પછી ગુજરાતી લિપિમાં લેખનનો વેગ વધે છે.**

લિપિનો મુખ્ય ઉપયોગ લખવા માટે છે. ટાઇપ કરવામાં કે છાપવામાં આ લિપિઓના ત્રણ માળને કારણે અગવડ પડે, તો તેથી એના વર્ણોની આ પદ્ધતિને તિલાંજલિ દઈ, એની સંકુલતાના સુલક્ષણનો ભોગ દેવા જેવો ધરમૂળ સુધારો તો ન જ અપનાવાય. આવું પગલું આ લિપિઓના મૂળ સ્વરૂપને વિઘાતક નીવડે ને હજારો વર્ષથી પ્રચલિત લેખનપદ્ધતિના સુગમ લક્ષણને લુપ્ત કરવાનો અવ્યવહારુ પ્રયાસ બની રહે. ભારતની લિપિઓના મૂળ બંધારણમાં, યાંત્રિક સગવડ માટે આવો ધરમૂળ સુધારો સૂચવવો એ નથી ઇષ્ટ કે નથી વ્યવહારુ.

— ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)

એક માળવાળી ગુજરાતી લિપિથી નુકસાન

૩. હમણાં-હમણાં કમ્પ્યુટર તથા ટાઇપરાઇટરની સગવડ માટે પરંપરાથી ચાલી આવતી ત્રિમાળી જોડણીની ગુજરાતી લિપિપદ્ધતિ ત્યજી દઈને એક માળવાળી ગુજરાતી લિપિ અપનાવવાની ઝુંબેશ કેટલાક સુધારાવાદીઓ ચલાવી રહ્યા છે. આવા જ બીજા કેટલાક ધૂની સુધારાવાદીઓએ જોડણીમાં રેફને બદલે અર્ધો 'ર્' વગેરે પ્રચલિત કરવાનો ટૂંકી બુદ્ધિનો પ્રયોગ આદર્યો હતો અને પોતાની સામયિક-પત્રિકામાં તેનો અમલ પણ કર્યો હતો. પણ તેમના કમનસીબે અને ગુજરાત તથા ગુજરાતીઓના સદ્નસીબે તેમને ખાસ સફળતા મળી નથી.

ત્રણ માળવાળી લિપિને બદલે એક માળવાળી લિપિ અપનાવી કમ્પ્યુટર અને ટાઇપરાઇટરને વશ થવાથી 'ક્ર્ઋત્સ્ન્અ (કૃત્સ્ન), યૂઉદ્ધ્અ (યુદ્ધ), પ્ર્અદ્યૂઉમ્ન્અ (પ્રદ્યુમ્ન), ક્ર્ઋષ્ણ્અ (કૃષ્ણ), જ·ઘા (જંઘા) જેવી હાસ્યાસ્પદ પરિસ્થિતિ છપાઈમાં જોવા મળશે.

બીજું પ્રાચીન સાહિત્ય જે આજ સુધી ગયા અર્ધા સૈકાથી છપાતું આવેલું, તે હવે આવી એક માળવાળી લિપિમાં ફરીથી છાપવું પડશે, કારણ કે અત્યાર સુધી તો તે ત્રણ માળવાળી લિપિમાં જ છપાતું આવ્યું છે. આમ ભૂતકાળ સાથેનું અનુસંધાન કે સંપર્ક તૂટી જશે. **'ગુજરાતી વિશ્વકોશ'** ફરીથી છાપીશું ? સસ્તા સાહિત્યનાં બધાં પ્રકાશનો અને નવજીવનનું બધું સાહિત્ય પણ શું ફરીથી છાપીશું ?

આમ સુધારાવાદીઓ, સમાજના લોકોને વધુ શિક્ષિત કે સંસ્કારી બનાવવાની તકલીફ લેવાને બદલે, ટૂંકી બુદ્ધિ રાખીને તેમને શિક્ષિત અને સંસ્કારી બનાવવાનાં સાધનોને વધુ દુષ્કર અને વધુ કઠણ બનાવવા તરફ જ સરકતા જણાય છે. **આ એક મોટી સામાજિક કુસેવા છે, નહિ કે સુધારો !**

— ડૉ. નારાયણ એમ. કંસારા (અમદાવાદ)

❋

પ્રગતિ કે પરાગતિ ?

૪. લલિતા કે જેનાં બીજાં નામ બાલા, ત્રિપુરસુંદરી, રાજરાજેશ્વરી, કામેશ્વરી ઇત્યાદિ છે, તે શુદ્ધ સત્ત્વગુણવાળી દેવી છે અને તંત્રશાસ્ત્રમાં સર્વશ્રેષ્ઠ સ્થાન ધરાવે છે.

તંત્રશાસ્ત્રમાં **'ઈ'**ને લલિતા-ત્રિપુરસુંદરીનું બીજ માનવામાં આવ્યું છે. **'ઈ'** પહેલાં છ બિન્દુથી દર્શાવાતી હતી :

• —— મુખ
• • —— સ્તન
• • —— યોનિ
•

પછી તે ' ' બિન્દુને જોડતી રેખાઓ દ્વારા આમ લખાવા માંડી.

'ઈ' દેવીના શારીરિક અંગવાળા સગુણ સ્વરૂપનું વર્ણાત્મક પ્રતીક છે. તેને વ્યંજન સાથે જોડવા તેનું ' ી ' આવું સંક્ષિપ્ત સ્વરૂપ નક્કી થયું (સ્વીકારાયું), તેથી **'ह्रीं, क्रीं'** (આમ) લખાવા માંડ્યું. પ્રારંભમાં **'ह्रईम्'** અને **'क्रईम्'** લખાતું હોય. પણ પછી સરળતા કરકસર ઇત્યાદિને લક્ષમાં લઈ **'ह्रीं, क्रीं'** એમ લખાવા માંડ્યું.

હવે આપણે ફરીથી વિકાસ પૂર્વેની એક માળવાળી લિપિ અપનાવીશું તો તે સરળતાને બદલે ક્લિષ્ટતા, સંક્ષેપને બદલે વિસ્તાર અને પ્રગતિને બદલે પરાગતિ જ હશે. એટલું જ નહિ, તેમાં આપણા પૂર્વજોની બુદ્ધિમત્તાનો અપલાપ અને આપણા અજ્ઞાનનું પ્રદર્શન પણ હશે. તેથી એક માળવાળી અવ્યવહારુ અને હાસ્યાસ્પદ લિપિ અપનાવવાની વાતમાં આપણી બુદ્ધિમત્તાનો જ અભાવ છતો થશે.

— ડૉ. અરુણોદય ન. જાની (વડોદરા)

ભારતીય લિપિની વિશિષ્ટતા

૫. ભારતીય આર્યપ્રજાએ બુદ્ધિમત્તાભર્યા અને સૌથી મહત્ત્વનાં બે કાર્યો કર્યાં છે: એક બ્રાહ્મી લિપિની રચના અને બીજું ચાલુ પદ્ધતિના અંકોની કલ્પના. દુનિયાભરની પ્રગતિશીલ જાતિઓની લિપિઓ તરફ નજર કરતાં તેમાં ભારતીય આર્યલિપિના વિકાસની ગંધ સરખીય નથી દેખાતી. ક્યાંક તો ધ્વનિ અને ચિહ્ન-અક્ષરોમાં સામ્ય ન હોવાને લીધે એક જ ચિહ્ન-અક્ષરમાંથી એક કરતાં અનેક ધ્વનિઓ પ્રગટ થાય છે અને કેટલાક ધ્વનિઓ માટે એક કરતાં અધિક ચિહ્નો વાપરવાં પડે છે. એટલું જ નહિ, પણ એ વર્ણમાળામાં કોઈ શાસ્ત્રીય ક્રમ જ દૃષ્ટિગોચર થતો નથી. કોઈક ઠેકાણે લિપિ વર્ણાત્મક ન હોતાં ચિત્રાત્મક છે. આ બધી લિપિઓ માનવજાતિના જ્ઞાનની પ્રારંભિક દશાની નિર્માણ સ્થિતિમાંથી આજ સુધીમાં જરા પણ આગળ વધી શકી નથી; જ્યારે ભારતીય આર્યપ્રજાની બ્રાહ્મી લિપિ હજારો વર્ષ પૂર્વે જ એટલી ઉચ્ચ હદે પહોંચી ગઈ હતી કે એની સરસાઈ જગતભરની લિપિઓમાંની કોઈ પણ લિપિ આજ સુધી કરી શકી નથી.

આ લિપિમાં ધ્વનિ અને અક્ષરનો સંબંધ બરાબર ફોનોગ્રાફના ધ્વનિ અને તેની ચૂડીઓ ઉપરનાં ચિહ્નો જેવો છે. આમાં પ્રત્યેક આર્યધ્વનિને માટે જુદાંજુદાં ચિહ્નો હોવાને લીધે જેવું બોલવામાં આવે છે એવું જ લખાય છે અને જેવું લખવામાં આવે છે તેવું જ બોલાય છે, તેમ જ વર્ણમાળા—અક્ષરોનો ક્રમ પણ બરાબર વૈજ્ઞાનિક પદ્ધતિએ ગોઠવાયેલો છે. આ વિશિષ્ટતા બીજી કોઈ લિપિમાં નથી.

આ જ પ્રમાણે પ્રાચીન કાળમાં સમગ્ર સંસારની અંકવિદ્યા પણ પ્રારંભિક દશામાં હતી. ક્યાંક તો અક્ષરોને જ ભિન્નભિન્ન અંકો માટે કામમાં લેતા, તો ક્યાંક એકમ, દશક, સો, હજાર ઇત્યાદિ માટે તથા ૧ થી ૯ સુધીના અંકો માટે જુદાંજુદાં ચિહ્નો કરવામાં આવતાં; એટલું જ નહિ, પણ એ ચિહ્નો દ્વારા ફક્ત લાખ નીચેની જ સંખ્યા જણાવી શકાતી. પ્રાચીન ભારતમાં પણ અંકો માટે આ જ જાતનો ક્રમ હતો, પરંતુ આ ગૂંચવણભર્યા અંકોથી ગણિતવિદ્યામાં વિશેષ વિકાસ થવાનો સંભવ ન લાગવાથી ભારતવાસીઓએ વર્તમાન અંક-ક્રમ શોધી કાઢ્યો. જેમાં ૧ થી ૯ સુધીના નવ અંકો અને ખાલી સ્થાનસૂચક શૂન્ય (૦) -આ દશ ચિહ્નોથી અંકવિદ્યાનો સંપૂર્ણ વ્યવહાર ચાલી શકે છે. આ અંકોનો ક્રમ જગતે ભારતવર્ષ પાસેથી જ જાણ્યો છે અને વર્તમાન સમયમાં ગણિત તથા એનાથી સંબંધ ધરાવનારાં બીજાં શાસ્ત્રોમાં પ્રગતિ થઈ છે એ આ અંકોની શોધને આભારી છે.

આ બે બાબતો ઉપરથી પ્રાચીન ભારતીય આર્યપ્રજાની બુદ્ધિ અને વિદ્યા સંબંધીની ઉન્નત દશાનું અનુમાન થાય છે.

— "ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા" (લે. મુનિશ્રી પુણ્યવિજયજી)માંથી

ભાષા એક દર્પણ

૬. પ્રજાની ખાસિયતો, તેની પરંપરાગત સંસ્કૃતિ, પ્રજાને વારસામાં મળેલાં નૈતિક મૂલ્યો વગેરેને તે પ્રજાની ભાષા સાથે ઘનિષ્ઠ સંબંધ હોય છે. તેથી ભાષા એક એવું દર્પણ છે, જેમાં તે બોલનારી પ્રજાના બાહ્ય અને અંતરંગ સ્વરૂપનું પ્રતિબિંબ પડે છે.

શબ્દનો ફરક પડવો તે માત્ર એક ભાષાનું બીજી ભાષા પરનું આક્રમણ નથી, પરંતુ ભાષા દ્વારા એક સંસ્કૃતિનું બીજી સંસ્કૃતિ પરનું આક્રમણ છે.

જીવનના તમામ વ્યવહારોમાં માતૃભાષા અને તેની પાછળ છુપાયેલાં પવિત્ર અને વિશાળ સાંસ્કૃતિક મૂલ્યોને જીવતાં કરવાં તે પ્રત્યેક માતૃભાષાપ્રેમી અને માતૃસંસ્કૃતિપ્રેમી સંતાનનું અચૂક કર્ત્તવ્ય બને છે.

– વિનિયોગ પરિવાર ('કલ્યાણ'માંથી)


૭. આપણી રૂઢ લિપિઓને રોમન પદ્ધતિમાં બદલવાના વિચારો ગુજરાતમાં અવતર્યા છે તે તદ્દન નકામા છે. લિપિ એ સમાજની એક બહુ જ મજબૂત રૂઢિ હોય છે. એને કોઈ બદલી શકતું નથી. જે ફેરફાર આવે તે બહુજનસમાજની અનુમતિથી આવે છે.


– પ્રો. દિ. દ. માહુલકર (વડોદરા)

૮. બ્રાહ્મી લિપિ (બહુધા) એક માળવાળી હતી. એમાંથી વિકસતાં દેવનાગરી લિપિ ત્રણ માળવાળી થઈ.

– શ્રી કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)

✲





અંગ્રેજી ભાષાના સંદર્ભમાં રોમન લિપિની મર્યાદા

કેટલાક વિદ્વાનો તરફથી સર્વ ભારતીય ભાષાઓ માટે રોમન લિપિ અપનાવવાનું સૂચવાય છે અને તેના સમર્થનમાં એક દલીલ એવી કરાય છે કે અંગ્રેજી ભાષાની રોમન લિપિના ૨૬ જ અક્ષરો છે. ગુજરાતી લિપિના મૂળાક્ષરો તો વધારે છે જ, પણ એ સાથે એની બારાખડી અને એ ઉપરાંત પાછી જોડાક્ષરોની કડાકૂટને કારણે સૌને ગુજરાતી લખવું-વાંચવું અઘરું પડે છે.

પ્રત્યેક શબ્દના સ્પેલિંગો(વર્ણો)ની ગોખણપટ્ટી

આ દલીલની સામે કહેવાનું એ છે કે રોમન લિપિમાં લખાતી અંગ્રેજી ભાષામાં સ્વરો અને વ્યંજનો ઓછા છે, જોડાક્ષરોના સ્વતંત્ર સંકેતો નથી એના કારણે ભાર હળવો થતો નથી, પણ અનેક ગણો વધી જાય છે. પૂરતા સ્વર-વ્યંજનો અને જોડાક્ષરોવાળી તેમ જ ઉચ્ચારણ પ્રમાણે જ લખાતી ભારતીય ભાષાઓમાં શબ્દોના વર્ણોને ગોખવા પડતા નથી, એવો ખોટો બોજો ઉપાડવો પડતો નથી. જ્યારે રોમન લિપિમાં લખાતી અંગ્રેજી વગેરે ભાષાઓમાં એક જ વર્ણનાં અનેક અને વિચિત્ર ઉચ્ચારણો થતાં હોવાથી (દા.ત., **'C'**નો **'સ'** અને **'ક'**) તેમાં લેખન-ઉચ્ચારણની ભૂલ ટાળવાનો પ્રયત્ન કરવો પડે છે. શુદ્ધ લેખન-ઉચ્ચારણ માટે શબ્દે શબ્દના સ્પેલિંગો (વર્ણો)ની ગોખણપટ્ટી કરીને તે મોઢે કરવાનો અને યાદ રાખવાનો ઘણો મોટો બોજો તે ભાષા શીખનારા સૌને માથે ઝિકાય છે. રોમન લિપિ છાપવા-ટાઇપ કરવામાં અનુકૂળ પડે છે, પણ એ શીખવામાં ઘણી મહેનત કરવી પડે છે, તેથી તેના થોડા લાભનું કોઈ મૂલ્ય રહેતું નથી.

ચાર પ્રકારની વર્ણમાળા : મૂળાક્ષરો ૧૦૪

આપણી લિપિમાં મૂળાક્ષરો ઘણા વધારે છે અને રોમન લિપિમાં ૨૬ જ છે, માટે અંગ્રેજી ભાષા શીખવી-લખવી સહેલી પડે છે એવી દલીલ કરાય છે. તેની સામે કહેવાનું એ છે કે આપણી ગુજરાતી લિપિના મૂળાક્ષરો તો એક જ પ્રકારે લખાય છે. તે લખવા માટેના કોઈ જુદા જુદા પ્રકારો નથી, જ્યારે રોમન લિપિના મૂળાક્ષરો ચાર-ચાર પ્રકારે લખાય છે, તેથી તેમાં ચાર **'એબીસીડી'** (વર્ણમાળા) છે. અંગ્રેજી ભાષા શીખવા માટે આ ચારેય પ્રકારની **'એબીસીડી'** શીખવી પડે છે. એટલે રોમન લિપિના મૂળાક્ષરો ભલે ૨૬ જ ગણાવાતા હોય, પણ વાસ્તવમાં ૧૦૪ થાય છે.

વળી રોમન લિપિમાં બબ્બે પ્રકારની વર્ણમાળા લખવાને માટે અને છાપવાને માટે પણ કૅપિટલ અને સ્મૉલ (મોટા-નાના) વર્ણો હોવાથી ૨૬ કૅપિટલ અને ૨૬ સ્મૉલ એમ કુલ ૫૨ (બાવન) આકૃતિઓ જરૂરી છે. બરાબર એટલી જ આકૃતિઓ દ્વારા દેવનાગરી-ગુજરાતી લિપિને આપણે સંપૂર્ણ સક્ષમ અને વિશ્વની કોઈ પણ ભાષા લિપિસ્થ કરવાનું સામર્થ્ય ધરાવતી લિપિ બનાવી શકીએ તેમ છીએ.

કેટલાક ધ્વનિઓ માટેના સંકેતો નથી

વળી એ રોમન લિપિમાં **'ખ-ઘ-ચ-છ-ઠ-ઢ-ત-થ-ધ-ભ-શ'** વગેરે ધ્વનિઓ માટેના કોઈ સંકેતો નથી. તેથી લિપિમાંથી જુદા જુદા બબ્બે અને ત્રણ-ત્રણ વર્ણો લઈને એ વર્ણો બનાવવા પડે છે. દા.ત., **'ખ=Kh, ઘ=Gh, ચ=Ch, છ=Chh'** વગેરે. એટલે રોમન લિપિમાં આવી રીતે બનાવાતા વર્ણોની સંખ્યા પણ ઉમેરવી પડે. તેથી તેના મૂળાક્ષરોની સંખ્યા વાસ્તવમાં ૧૧૫ જેવી થાય. **આમ રોમન લિપિના મૂળાક્ષરોની સંખ્યા ૧૧૫ સુધી પહોંચવા છતાંય એ દેવનાગરી-ગુજરાતી જેવી પરિપૂર્ણતા પામી શકતી નથી.**

રોમન લિપિમાં **'ઙ-ઞ-ણ'** વગેરે ધ્વનિઓ માટે પણ લિપિચિહ્નો નથી, તો કેટલાક ધ્વનિ માટે લિપિચિહ્નો એક કરતાં વધારે છે. દા.ત., **'ક'** માટે **'K, Q'** અને **'C'** । **'ફ'** માટે **'F'**નું સ્વતંત્ર ચિહ્ન હોવા છતાંય **'Ph'**। **'સ'** માટે **'S'** અને **'C'** । **'વ'** માટે **'V'** અને **'W'**। **'ઝ'** માટે **'Z'** અને **'Jh'** ।

❀

વર્ણોના ઉચ્ચારણ નિશ્ચિત નથી

ક્યારેક એક જ લિપિચિહ્ન આપણા એક કરતાં વધુ વર્ણો માટે એકસમાન વાપરવું પડે છે. દા.ત., **'ટ'** અને **'ત'** માટે એક જ **'T'** (ટી), **'ડ'** અને **'દ'** માટે એક જ **'D'** (ડી), **'ન'** અને **'ણ'** માટે એક જ **'N'** (એન)

તો વળી એવાંય લિપિચિહ્નો છે કે જે સાથે વપરાય ત્યારે એકસમાન વર્ણો નહિ પણ જુદાજુદા વર્ણો સૂચવે છે. દા.ત., **'Th' 'ઠ-થ'** બંને માટે વપરાય, **'Dh' 'ઢ-ધ'** બંને માટે વપરાય. દા.ત., **Thakor** (ઠાકોર), **Third** (થર્ડ); **Dhalgar** (ઢાલગર), **Dhiraj** (ધીરજ)

'Ch'નાં વળી ત્રણ ઉચ્ચારણ : **ચ - ક - શ** : **Ch = ચ** દા.ત., **Chair = ચૅર, Ch = ક** દા.ત., **Chemistry = કૅમિસ્ટ્રી, Ch = શ** દા.ત., **Chaulter** શૉલ્ટર

રોમન લિપિમાં વર્ણોનાં ઉચ્ચાર પણ નિશ્ચિત નથી. એક જ વર્ણનો ઉચ્ચાર એક જગ્યાએ એક અને બીજી જગ્યાએ બીજો થાય છે. દા.ત., **Put**=પુટ, **But**=બટ, **Cut**=કટ; **Ball**=બૉલ, **All**=ઑલ, **Anchor** = ઍન્કર; **Hour** = અવર, **Cow** = કાઉ, **Enough** = ઈનફ, **Though** = ધો; **Man** = મૅન, **Car** = કાર; **Fine** = ફાઈન, **Field** = ફિલ્ડ, **Fire** = ફાયર, **Firm** = ફર્મ; **Tzar** = ઝાર અને **Czar** = (પણ) ઝાર; 'X'નો ઉચ્ચાર 'ઝ' પણ થાય અને 'ક્સ' પણ થાય. દા.ત., **Xenophobia**=ઝેનોફોબિયા, **Xaviers**=ઝેવિયર્સ, **Zerox**=ઝેરોક્સ અને **Xerox**=(પણ) ઝેરોક્સ

આમ **'A-O-U-X'** વગેરે અક્ષરોનાં જુદાજુદા શબ્દોમાં ભિન્નભિન્ન ઉચ્ચારણો થાય છે – ક્યાંય એકવાક્યતા નથી.

અનુચ્ચરિત (Silent) વર્ણો

તો વળી ઘણા શબ્દો એવા પણ છે કે જેમાંના અમુક વર્ણો અનુચ્ચરિત (Silent) રહીને ઉચ્ચારણ પદ્ધતિને ગૂંચવે છે. દા.ત., **Honest**-ઑનેસ્ટ, **Hour**-અવર, **Knife**-નાઈફ, **Know**-નો, **Knowledge**-નૉલેજ, **Knight**-નાઈટ, **Chalk**-ચૉક, **Half**-હાફ, **Gnat**-નૅટ, **Castle**-કૅસલ, **Catch**-કૅચ, **Sketch**-સ્કેચ, **Kitchen**-કિચન, **Edge**-એજ, **Bridge**-બ્રિજ, **Judge**-જજ, **Daughter**-ડૉટર, **Right**-રાઈટ, **Night**-નાઈટ, **Height**-હાઈટ, **Slaughter**-સ્લૉટર, **Neighbour**-નેબર, **Caught**-કૉટ, **Laugh**-લાફ, **Scene**-સીન, **Hymn**-હીમ, **Pneumetic**-ન્યુમેટિક, **Montaigne**-મોન્ટેન, **Wrong**-રોંગ, **Write**-રાઈટ

આમ અંગ્રેજી શબ્દોમાં અનુચ્ચરિત (સાયલન્ટ) અક્ષરો છે. એ લખવા-બોલવા અને ગોખવામાં તેમ જ બીબાં ગોઠવવામાં અને છાપવામાં તથા ટાઇપ કરવા વગેરેમાં શક્તિ-સમય આદિની ઘણી બરબાદી થતી હોવા છતાં એમાં સુધારણાની ઝુંબેશ આજ સુધીમાં કોઈએ પણ ચલાવી હોય એવું કાંઈ જાણવામાં નથી.

અંગ્રેજી એ દુનિયાની સમૃદ્ધ ભાષા ગણાતી હોવા છતાં એના લેખન-ઉચ્ચારણમાં ઘણો મોટો તફાવત રહે છે.

ગુજરાતી ભાષા શીખવામાં બારાખડીનો બોજો બતાવાય છે, પણ તે બરાબર નથી. કારણ કે શીખનારને બધા વ્યંજનોની બારાખડી ગોખવી પડતી નથી. એક માત્ર 'ક' વ્યંજનની બારાખડી ગોખવાથી જ બધા વ્યંજનોની બારાખડી આવડી જાય છે.

ગુજરાતી ભાષામાં તો ઉચ્ચારણમાં અને તે શબ્દને લખવામાં બહુ શ્રમ પડતો નથી, જ્યારે અંગ્રેજી ભાષાને ઉચ્ચારણ પ્રમાણે લખવામાં ઘણો જ પ્રયત્ન કરવો પડે છે. આમ છતાંય તે, તે જ પ્રમાણે લખાયેલ છે કે નહિ તે સંશયનો વિષય બને છે.

ગુજરાતી લિપિમાં સ્વરમાત્રાઓ અને જોડાક્ષરોની ઉપકારકતા

દેવનાગરી-ગુજરાતીમાં **'પ્રકાશચંદ્ર'** નામ પાંચ જ અક્ષરોમાં લખી શકાય છે, તેથી શ્રમ અને સમય આદિનો ઘણો બચાવ થાય છે. એ જ નામ રોમન લિપિમાં લખવા માટે **'PRAKASHA CHANDRA'** આમ **૧૫** અક્ષરોની જરૂર પડે છે.

રોમન લિપિનું અનુકરણ કરીને આપણી લિપિમાં લખવું હોય તો **'પ્ર્અક્આશ્અચ્અન્દ્ર્અ'** આમ લખવું પડે. આમાં શ્રમ, સમય, કાગળ આદિનો કેટલો બગાડ થાય અને **'પ્રકાશચંદ્ર'** આમ લખવામાં કેટલો બચાવ થાય, તાર કરવામાં પણ કેટલો ફાયદો થાય એ પૂર્વગ્રહ છોડીને વિચારવા સમજવા યોગ્ય છે. સ્વરમાત્રાઓ અને જોડાક્ષરોને કારણે લેખનમાં કેટલો બધો સંક્ષેપ થાય છે અને એના કારણે સ્વરમાત્રાઓ અને જોડાક્ષરો કેટલા બધા ઉપકારક છે એ પણ સમજવાની જરૂર છે.

પ્રો. દિ. દ. માહુલકર (વડોદરા) કહે છે કે "ભારતીય લિપિઓમાં 'વ્યંજન+સ્વર' (દા.ત., 'ક્+ઓ') આવી વ્યવસ્થા જ્યારે કરવી પડે છે ત્યારે જે ધ્વનિઓ લખવા પડે છે તે રોમન લિપિમાં **'KO'** એવા જુદાજુદા લખાય છે, પરન્તુ દેવનાગરીમાં સ્વરનું પૂર્ણ સ્વરૂપ જે **'ઓ'** છે તેનું સ્વલ્પ ચિહ્ન ' ો' એટલું જ રહે છે અને તે ('ક્+ો'=) **'કો'** આમ વ્યંજન સાથે જોડાય છે. આ સ્વલ્પ ચિહ્નના આયોજન પાછળ એક વિશિષ્ટ બીજગણિતીય ભાવના છે. ભાષાનું લેખન હંમેશાં કરકસર તરફ દોરાય છે. શીઘ્રલેખન એ ગુજરાતી સમાજમાં વ્યાપારને માટે અગત્યનો ભાગ ભજવે છે. બધા જ દેવનાગરી અક્ષરો જે દોરી(શિરોરેખા)ના આધારે લટકતા હતા એ દોરીની જરૂરિયાત શીઘ્રલેખનમાં બાકાત થઈ. એનાથી લેખનમાં કરકસર આવી."

ઉપર જણાવ્યું તેમ અંગ્રેજી લેખન - પદ્ધતિ સૌથી વધુ રૂઢિગત, અવૈજ્ઞાનિક અને ઉચ્ચારણમાં બેઢંગી તથા ગૂંચવણભરી છે.

સૂક્ષ્મ નિરીક્ષણ કરવાથી અંગ્રેજી લેખન-પદ્ધતિની બીજી પણ અનેક ખામીઓ જણાય. અંગ્રેજી ભાષાની રોમન લિપિ ગમે તેટલી ખામીવાળી હોય તોપણ એમાં આપણે દુઃખી થવું નથી, આપણે દુઃખી થવાની જરૂર પણ નથી.

પરન્તુ એ અપૂર્ણ, અવ્યવસ્થિત અને લેખન-ઉચ્ચારણના સામ્યાભાવે ઉચ્ચારણના ગોટાળા સરજનારી હોવા છતાંય, પરિપૂર્ણ, સુવ્યવસ્થિત અને લેખન-ઉચ્ચારણના સામ્યવાળી એવી સર્વોત્તમ દેવનાગરી લિપિમાંથી ઉદ્‌ભવેલી આપણી ગુજરાતી લિપિની, તુલનાપાત્ર નહિ એવી રોમન લિપિ સાથે તુલના કરીને, રોમન લિપિ ઘણી સરળ અને સુંદર છે એવી એની ખુશામત કરીને અને આપણી લિપિ ઘણી ક્લિષ્ટ અને ઘણી ખામીઓવાળી છે એવું બતાવી-ઠસાવીને એને સંપૂર્ણતઃ અયોગ્ય રીતે ઉતારી પાડવાની ફેશન થઈ પડી છે.

સરળતા-સુંદરતાના નામે આપણી લિપિમાંથી અમુક સ્વર-વ્યંજનોની બાદબાકી કરીને, એને અપૂર્ણ અને અસુંદર બનાવીને, જઘન્ય કોટિમાં લઈ જવાના અક્ષમ્ય પ્રયત્નો થઈ રહ્યા છે, તે જ કારણથી રોમન લિપિની ક્લિષ્ટતા અને અપૂર્ણતા બતાવવાની જરૂર પડે છે. માટે રોમન લિપિને જેઓ સરળ અને ક્ષેષ્ઠ માને છે તેમનું કથન યુક્તિસંગત નથી.

લિપિ-સુધારણાનો અર્થાત્ સરલીકરણનો પ્રયત્ન કરવો જ હોય તો વિશાળ ક્ષેત્રમાં બોલાતી અંગ્રેજી ભાષા અને રોમન લિપિને જ સુધારવાનો પ્રયત્ન સૌપ્રથમ કરવા યોગ્ય છે.

❋

અંગ્રેજી વર્ણ (ચિહ્ન) એક : ઉચ્ચારણ અનેક

૧. **'A'**નાં જુદાંજુદાં ઉચ્ચારણો (અ-આ-ઍ-ઑ) : Amar - અમર; Car - કાર, Far - ફાર; Fat-ફૅટ, At-ઍટ, Man-મૅન; All-ઑલ, Authority-ઑથોરિટી

૨. **'E'**નાં જુદાંજુદાં ઉચ્ચારણો (અ-ઇ-ઈ-એ) : Service - સર્વિસ, Fertile - ફર્ટાઈલ; Emergency - ઇમર્જન્સી, East - ઈસ્ટ, Fever - ફીવર; Hen - હેન, Desk - ડેસ્ક, Elder - એલ્ડર, Empire - એમ્પાયર

૩. **'I'**નાં જુદાંજુદાં ઉચ્ચારણો (અ-ઇ) : First - ફર્સ્ટ, Third - થર્ડ, Firm - ફર્મ, Sir - સર; Sit - સિટ, City - સિટી, Film - ફિલ્મ, Inch - ઇંચ, Ism - ઇઝમ

૪. **'O'**નાં જુદાંજુદાં ઉચ્ચારણો (અ-આ-ઑ-વ) : Other - અધર, Son - સન, Come - કમ, Month - મન્થ, Colour - કલર; Out - આઉટ, Cow - કાઉ; On - ઑન, God - ગૉડ, Honour - ઑનર; One - વન

૫. **'U'**નાં જુદાંજુદાં ઉચ્ચારણો (અ-ઉ-યુ) : But-બટ, Cut-કટ, Sun-સન, Such-સચ, Sudden-સડન; Put-પુટ; Urine-યુરિન

૬. **'C'**નાં જુદાંજુદાં ઉચ્ચારણો (સ-ક) : Circus-સરકસ, Circle-સર્કલ, Circuit-સર્કિટ, Cricket-ક્રિકેટ, Crowd-ક્રાઉડ, Cry-ક્રાય

૭. **'G'**નાં જુદાંજુદાં ઉચ્ચારણો (જ-ગ) : Gem-જેમ, General-જનરલ, Gender-જેન્ડર, College-કૉલેજ; Gum-ગમ, God-ગૉડ, Guard-ગાર્ડ, Gift-ગિફ્ટ, Game-ગેઈમ

૮. **'L'**નાં જુદાંજુદાં ઉચ્ચારણો (લ-ર) : Lie-લાય, Lady-લેડી; Colonel-કર્નલ

૯. **'S'**નાં જુદાંજુદાં ઉચ્ચારણો (ઝ-સ) : As-ઍઝ, Is-ઈઝ, Fuse-ફ્યૂઝ, His-હિઝ, Positive-પૉઝિટિવ, Business-બિઝનેસ; This-ધિસ, Sun-સન, Some-સમ

૧૦. **'X'**નાં જુદાંજુદાં ઉચ્ચારણો (ક્સ-ઝ) : Axe-એક્સ, Axle-એક્સલ, Tax-ટેક્સ, Taxi-ટેક્સી; Xerox-ઝેરોક્સ, Xenon-ઝેનોન

૧૧. **'Y'**નાં જુદાંજુદાં ઉચ્ચારણો (આય-ઈ) : By-બાય, My-માય; Syndicate-સિન્ડિકેટ, Myth-મિથ

૧૨. **'Th'**નાં જુદાંજુદાં ઉચ્ચારણો (થ-ધ) : Third-થર્ડ, Authority-ઑથોરિટી; The-ધિ, This-ધિસ, Other-અધર, Father-ફાધર



ઉચ્ચારણ એક : અંગ્રેજી વર્ણો અનેક

૧. 'અ' માટે વપરાતા જુદાજુદા વર્ણો (A-E-I-O-U) : Alone-અલોન; Service-સર્વિસ, Sir-સર, Circus-સરકસ; Colour-કલર, Son-સન, Other-અધર; But-બટ, Cut-કટ, Sun-સન


૨. 'ઇ-ઈ' માટે વપરાતા જુદાજુદા વર્ણો (I-E-EE-EA-EY-Y) : His-હિઝ, Him-હિમ; He-હી; Fee-ફી; East-ઈસ્ટ, Sea-સી; Money-મની; System-સિસ્ટિમ; City-સિટી

૩. 'ઉ-ઊ' માટે વપરાતા જુદાજુદા વર્ણો (U-O-OO-OU) : Put-પુટ; Do-ડુ, To-ટુ; Too-ટૂ, Soon-સૂન, Moon-મૂન; You-યૂ, Tour-ટૂર

૪. 'ક' માટે વપરાતા જુદાજુદા વર્ણો (C-CH-CK-K-Q) : Cry-ક્રાય, Create-ક્રિએટ, Credit-ક્રેડિટ, Coin - કોઈન, Cricket - ક્રિકેટ; Chemical-કૅમિકલ, Chemist-કૅમિસ્ટ, Chemistry-કૅમિસ્ટ્રી, Cholera-કૉલેરા, Sick-સિક, Lick-લિક; Key-કિ, Kind-કાઈન્ડ, Kilo-કિલો; Quick-ક્વિક, Queen-ક્વીન, Quality-ક્વૉલિટી, Question-ક્વેશ્ચન

ઉચ્ચારણ ટૂંકું : લેખન લાંબું

Through-થ્રૂ, Though-ધો, Tongue-ટન્ગ, Enough-ઇનફ, Rough-રફ, Tough-ટફ, Bough-બાઉ, Knowledge-નૉલેજ, Kitchen-કિચન, Daughter-ડૉટર, Neighbour-નેબર, Narrow-નેરો, Tomorrow-ટુમોરો





ભારતીય લિપિઓનાં વૈજ્ઞાનિક લક્ષણો

૧. અંગ્રેજી ભાષાની રોમન લિપિમાં દરેક શબ્દમાં કેટલા બધા વ્યંજન અને સ્વર પ્રયોજવા પડે છે ! દા.ત., **Through**-થ્રૂ, **Though**-ધો વગેરે.

વળી અક્ષર એક અને ઉચ્ચારણો અનેક. દા.ત., **Circus** - **સરકસ, Business**-બિઝનેસ, **Sir**-સર, **Sit**-સિટ વગેરે.

તે દરેક શબ્દની જોડણી યાદ રાખવી પડે એવી કડાકૂટ. આમ છતાંય આપણી નવી પેઢીને એ સરળ લાગે ને ખરેખર સરળ એવી ગુજરાતી ભાષા અઘરી લાગે !

આપણે અંગ્રેજી ભાષાની આ ખાસિયતનો દાખલો લઈએ તો "હ્રસ્વ-દીર્ઘ સ્વરો આદિના ભેદને કારણે ગુજરાતીમાં શબ્દે શબ્દની જોડણી યાદ રાખવી પડે છે તેથી ઘણું કષ્ટ પડે છે" એવી દલીલ કરવાનું મન થાય જ નહિ અને ભાષાના શુદ્ધ પ્રયોગમાં જરૂરી શ્રમ બોજારૂપ લાગે જ નહિ – એ બાબત મનમાં ખૂંચે પણ નહિ.

અંગ્રેજી શબ્દોમાં કેટલાક અક્ષરો અનુચ્ચરિત (Silent) રહે છે. સ્વરોના ઉચ્ચારણમાં પણ ભેદ રહે છે. દા.ત., **But**-બટ અને **Put**-પુટ, **Me**-મી અને **Met**-મેટ વગેરે.

અંગ્રેજી શબ્દોની જોડણી અને અંગ્રેજી શબ્દોના ઉચ્ચારણ વચ્ચે ભાગ્યે જ મેળ મળે ! આપણી લિપિઓમાં આવી ભિન્નતા ભાગ્યે જ જોવા મળે. **વ્યંજન અને સ્વરનું સંયોજન, તેથી સધાતી સંકુલતા તેમ જ લેખન-ઉચ્ચારણ વચ્ચેનો સુમેળ–ભારતની દેવનાગરી, ગુજરાતી વગેરે લિપિઓનાં આ વૈજ્ઞાનિક લક્ષણો મહત્ત્વનાં છે.**

અંગ્રેજી શબ્દો આપણે વાપરતા થયા, અંગ્રેજોના શાસન દરમિયાન અંગ્રેજીના મોહથી. આઝાદી પછી વાપરીએ છીએ, પહેલાનાં કરતાંય વધુ પ્રમાણમાં, એ અંગ્રેજોની ગુલામીના કારણે નહિ પણ અમેરિકાના આર્થિક-સાંસ્કૃતિક પ્રભાવને કારણે. દિનપ્રતિદિન એ પ્રભાવ વધતો જાય છે. ગુજરાતી લખાણમાંય વ્યક્તિના નામના આદ્યાક્ષરો અંગ્રેજી દા.ત., **સી.ડી. પટેલ, ડી. એન. પાઠક** વગેરે.

ગુજરાતી વાતચીતમાં અને લખાણમાં આટલા બધા અંગ્રેજી શબ્દોના ઉપયોગ સામે ભાષાકીય અસ્મિતાની દૃષ્ટિએ લાલબત્તી ધરવી જરૂરી છે.

– ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)

ગુજરાતી શબ્દો ભુલાવા લાગ્યા છે !

૨. આજે તો કારણ વિના અને જરૂર નહિ હોવા છતાંય ગુજરાતી ભાષામાં અંગ્રેજી ભાષાના શબ્દો છૂટથી વપરાવા લાગ્યા છે અને દિનપ્રતિદિન એમાં વધારો થઈ રહ્યો છે. બોલાતા વાક્યમાં કર્તા અને ક્રિયાપદ આ બે ગુજરાતીમાં હોય, બાકીના શબ્દો મોટે ભાગે અંગ્રેજી હોય. ગુજરાતી બાળકને જન્મથી માંડીને ઘણા અંગ્રેજી શબ્દો જ સાંભળવા મળે. કેટલાય ગુજરાતી શબ્દો એને ભાગ્યે જ સાંભળવા મળે !

જે અંગ્રેજી શબ્દો ગુજરાતીમાં છૂટથી વપરાવા લાગ્યા છે એને માટેના આપણી પાસે સારા ભાવાર્થવાળા અને સરળતાથી બોલી શકાય તેવા ગુજરાતી શબ્દો છે જ. ગુજરાતી શબ્દોને બદલે જે અંગ્રેજી શબ્દો છૂટથી વપરાવા લાગ્યા છે તેના કારણે તો ગુજરાતી શબ્દો ભુલાવા લાગ્યા છે. એ એવા તો ભુલાવા લાગ્યા છે કે ક્યારેક એની જ જરૂર પડી જાય ત્યારે એને મગજની મોટી કસરત કરીને મહામુસીબતે યાદ કરવા પડે છે. **ગુજરાતી ભાષામાં અંગ્રેજી શબ્દોના પ્રવેશ-આક્રમણને કારણે ગુજરાતી શબ્દ-ભંડોળ ઘટવા લાગ્યો છે. 'ફાધર-મધર-બ્રધર-સિસ્ટર-આન્ટી-ફ્રેન્ડ-મેસેજ-ટેન્શન-રૂમ-ટેબલ-સાઇઝ-સાઈડ' જેવા સેંકડો અંગ્રેજી શબ્દોએ ગુજરાતી શબ્દભંડોળને ખતમ કરી નાખ્યું છે. 'માતા - પિતા - ભાઈ - બહે ન - મિત્ર - સંદેશો - તનાવ - ઓરડી - મેજ - કદ - બાજુ' જેવા અનેક શબ્દો ગુજરાતી ભાષામાં વપરાતા બંધ થવા લાગ્યા છે, લુપ્ત થઈ રહ્યા છે. શું આ ચિંતાજનક બાબત નથી ?**

– આચાર્યશ્રી મુક્તિપ્રભસૂરિજી



૩. ગુજરાતી લિપિ નાગરી લિપિમાંથી ઊતરી આવી છે. એની વિશેષતા એ છે કે એના પ્રત્યેક વર્ણનો એક ચોક્કસ ઉચ્ચાર થાય છે, જ્યારે રોમન લિપિ વિશ્વભરમાં ફેલાયેલી હોવા છતાં એમાં એવું નથી. **Gem**-જેમ અને **Gum**-ગમ. **'G'** વર્ણને **'જ - ગ'** બંનેના ઉચ્ચારણ માટે વાપરવામાં આવે છે, **'જ'** માટે લિપિચિહ્ન **'J'** હોવા છતાંય !

– પ્રા. રતિલાલ સાં. નાયક (અમદાવાદ)



૪. અંગ્રેજીની Orthography સૌથી વધુ અવૈજ્ઞાનિક અને તેથી ભૂલોવાળી છે એ વાત નિઃશંક છે. અંગ્રેજી જેમની માતૃભાષા હોય એવાં બાળકોને પણ એમની જિંદગીનાં પૂરાં બે વર્ષ માત્ર સ્પેલિંગો ગોખવામાં ગાળવાં પડે છે. એવું સાંખ્યવિજ્ઞાનના આધારે તારણ નીકળ્યું છે.

દુનિયાની એક મહત્ત્વની ભાષા અંગ્રેજીની લેખન - પદ્ધતિ સૌથી વધુ **unscientific**, **unphonic**, અને **clumsy** ગણાય છે.

– ડૉ. ભારતી મોદી (વડોદરા)

૧૦ કેટલુંક વિશેષ

(અંકચિહ્નો – સંખ્યાદર્શક શબ્દો – મિતિલેખન પદ્ધતિઓ)

આગળનાં પ્રકરણોમાં ગુજરાતી લિપિમાં અને લેખન પદ્ધતિમાં ફેરફાર કરવાના વિચારો વિશે રજૂઆત કરવામાં આવી છે. ગુજરાતી લિપિમાં ફેરફાર કરવાના વિચારો આટલેથી જ અટકતા નથી. એમાં ઉત્તરોત્તર નવાનવા મુદ્દાઓ પણ ઉમેરાતા જાય છે.

અંકચિહ્નો

દાખલા તરીકે ગુજરાતી લખાણમાં બધે અંકચિહ્નો અંગ્રેજી જ વાપરવાં એવો સુધારો અનેક લેખકો, સંપાદકો અને પ્રકાશકોએ અપનાવેલ છે. ખરું પૂછો તો આ અંકચિહ્નો મૂળમાં ભારતીય લિપિનાં જ છે ને ભારતની દશ-ગુણોત્તર સંખ્યા પદ્ધતિ યુરોપને પસંદ પડતાં એ સર્વત્ર પ્રસર્યાં છે. એકમ કરતાં દશકમાં દસગણું મૂલ્ય, દશક કરતાં શતકમાં એથી દસગણું મૂલ્ય....એમ સ્થાનમૂલ્ય ગણાય. એ પદ્ધતિને દશગુણોત્તર પદ્ધતિ કહે છે. ટૂંકમાં, દશગુણોત્તર પદ્ધતિ એટલે દસ - દસગણું મૂલ્ય ગણવાની રીત. આ અંકચિહ્નોના 'કહેવાતા આંતરરાષ્ટ્રીય મરોડો'ને બદલે એના મૂળ ભારતીય મરોડ જે તે તે લિપિમાં જે સ્વરૂપે પ્રચલિત હોય તેને તે સ્વરૂપે ચાલુ કેમ ન રાખવા ?

સંખ્યાદર્શક શબ્દો

સંખ્યાદર્શક શબ્દોમાંય સરલીકરણના બહાને **'અગિયાર, બાર, તેર'** વગેરે જેવા રૂઢ શબ્દોને છોડીને **'દસએક, દસબે, દસત્રણ'** (એ જ પ્રમાણે વીસએક, ત્રીસએક વગેરે) તથા **'પહેલું, બીજું, ત્રીજું, ચોથું, છઠ્ઠું'**ને બદલે **'એકમું, બેમું, ત્રણમું, ચારમું, છમું'** એવા નવા નવા વિચિત્ર શબ્દો પ્રયોજવાનું સૂચવાય છે. પરંતુ **'અગિયાર બાર, તેર,'** વગેરે તથા **'પહેલું, બીજું, ત્રીજું, ચોથું, છઠ્ઠું'** એવા જે શબ્દો જનસમાજમાં સૈકાઓથી રૂઢ થયેલા છે, તેને આપણી કલ્પના અને કલમના સહારે રદબાતલ કરી દેવા શક્ય છે ખરા ?

જિજ્ઞાસુ બાળકી : દયાળુ દાદાજી !

"એક બાળકીએ પોતાના દાદાજીને **'છઠ્ઠું'**ને બદલે **'છમું'** કેમ નહિ એવો પ્રશ્ન કર્યો ત્યારે દાદાજીને જોડણીસુધારની આવશ્યકતા સ્પષ્ટ થઈ. **'એકમું, બેમું, ત્રણમું, ચારમું, પાંચમું, છમું'** એમ **'મું'**થી જ કામ ચલાવીએ તો અર્થભ્રમ થયા વિના સરળતા ન વધે ?"

દાદાજીની આ વાતની સામે કહેવાનું એ છે કે બાળકો અબુધ હોવાથી જિજ્ઞાસુ હોય છે. તેઓ જિજ્ઞાસાથી કોઈ પણ વિષયમાં કોઈ પણ પ્રશ્ન કરે ! તેમનો પ્રશ્ન વ્યક્તિગત કે પોતાના ઘર બાબતનો હોય તે વાત અલગ છે. ત્યાં દયાળુ દાદાજી ભલે પોતાને ઠીક લાગે તે કરે - કરી શકે છે. પણ અબુધ બાળકોનો પ્રશ્ન જ્યારે ગુજરાતની સમસ્ત પ્રજાને અને પ્રજામાં સૈકાઓથી સુદૃઢ થયેલી કોઈ વ્યવસ્થાને સ્પર્શતો હોય ત્યારે તો ('છમું' કેમ નહિ એ પ્રશ્ન એવો જ હોવાથી) જ્ઞાની અને હિતેચ્છુ દાદાજી સૌપ્રથમ બાળકીને સમજાવે કે "ગુજરાતીમાં **'પહેલું-બીજું'** વગેરે સંખ્યાપૂરક શબ્દો સંસ્કૃત-પ્રાકૃત ભાષા આધારિત છે. સંસ્કૃતમાં **'पञ्चमम्'** છે માટે ગુજરાતીમાં **'પાંચમું'** છે અને સંસ્કૃતમાં **'षष्ठम्'** છે માટે ગુજરાતીમાં **'છઠ્ઠું'** છે. સંસ્કૃત-ગુજરાતી સંબંધ વૃક્ષ-પાંદડા જેવો જીવંત અને અકાટ્ય છે. ત્યાર પછી ઘણી દિવાળી જોઈને ઘણા અનુભવી અને શાણા બનેલા દાદાજી લાડલીને **'રૂઢિ'** અને **'એની બળવત્તરતા'** તથા **'કૃત્રિમ પરિવર્તનનાં માઠાં પરિણામ'** વગેરે બાબતોની સાચી અને મહત્ત્વની સમજ પણ સુયોગ્ય રીતે આપે !

બીજી વાત : વૈદ્યો વૈદક શાસ્ત્રાનુસાર જ દર્દીની ચિકિત્સા કરે છે માટે જ એના દર્દનું નિવારણ કરી શકે છે. જો તેઓ દર્દીના કહેવા પ્રમાણે એના દર્દની ચિકિત્સા કરવા જાય તો દર્દનું નિવારણ થવાને બદલે દર્દ વધી જાય અથવા ક્યારેક તો દર્દીનું ખુદનું જ નિવારણ થઈ જાય !

વકીલો પણ પોતાની રીતે કેસ લડે છે તો અસીલને જિતાડી શકે છે. પણ જો તેઓ અસીલના કહેવા પ્રમાણે કેસ લડવા બેસે તો પોતાની અને અસીલની આબરૂની ધૂળધાણી જ થાય !

શિક્ષણ એ કાંઈ બાળકોની રમત નથી !

ક્યાંય કોઈ અપવાદ વિના વ્યવહારમાં સર્વત્ર આવો જ ન્યાય પ્રવર્તે છે. એથી શિક્ષણક્ષેત્ર માટે પણ આ જ ન્યાયને અનુસરવું હિતાવહ છે. બાળકોને શું ભણાવવું, કેવી રીતે ભણાવવું, પાઠ્યક્રમ કેવો રાખવો – આ બધું પ્રબુદ્ધ, અનુભવી, હિતેચ્છુ અને બાળકોની સાચી દયા ધરાવનારા અધ્યાપકોને જ આધીન હોવું જોઈએ. આમાં **અબુધ બાળકોના કહેવા મુજબ શિક્ષકોએ તેમને ભણાવવાની વાતને અવકાશ જ ન હોવો જોઈએ. કારણ શિક્ષણ એ શિક્ષણ છે, બાળકોની રમત નથી !**

આ સંસારમાં સર્વ વિષયોનું શિક્ષણ તે તે વિષયના તલસ્પર્શી જ્ઞાન અને અનુભવ આદિના આધારે જ અપાય છે. બાળકોમાં જ્ઞાન-અનુભવ આદિનો અભાવ હોય છે. માટે જ્ઞાન-અનુભવ આદિથી રહિત અને તેથી જ શિક્ષણ લેવાને પાત્ર એવાં બાળકોના કહેવા મુજબ શિક્ષણ કદાપિ આપી શકાય નહિ.

અબુધ બાળકોના નામે ભાષા-લિપિમાં ફેરફાર કરવાની વાતો વિદ્વાનોના મુખને શોભાવનારી બને ખરી ?

મિતિલેખન પદ્ધતિઓ

વળી મિતિલેખન માટે હાલ તા. '૨૧-૪'૯૮' જેવી પદ્ધતિ આપણા સમાજમાં ખૂબ રૂઢ થયેલી છે, તેને બદલે અમેરિકાની કે યુરોપની ભિન્ન પદ્ધતિઓ અપનાવવાની જરૂર છે ખરી ? સંયોગવશ આવી કોઈ પણ નવી પદ્ધતિ અપનાવવી જરૂરી જ હોય તોપણ સુધારણા ભારતના સર્વ પ્રદેશોની અને જગતના સર્વ દેશોની લિપિઓમાં સર્વાનુમતિથી દાખલ કરવી ઘટે. માત્ર ગુજરાતી લિપિમાં જ એવા સુધારા થાય તો તે તુક્કા જ બની રહે.

'૫૨' (શબ્દ અને સંખ્યાદર્શક)

'૨-૫' 'વ્યંજનાક્ષર અને સંખ્યાંક'ની આકૃતિની સમાનતા હોવા છતાં લેખનમાં **'૫૨'**(શબ્દ) અને **'૫૨'** (બાવન સંખ્યાંક)નો ભેદ સર્વત્ર સંદર્ભથી જણાઈ આવે છે. એમાં ક્યાંય ગોટાળા સરજાયા હોય એવું દૃષ્ટાંત પણ મળતું નથી. પછી એમાં ફેરફારનો વિચાર જ શા માટે ?

સંદિગ્ધતા ખાસ કરીને કેવળ **'૫૨'** એ એક જ લખાણમાં થાય એમ છે. આથી **'૫૨ = ઉપર'** હોય ત્યારે **'ઉપર'** શબ્દ લખાય અને સંખ્યા માટે **'૫૨'** અનામત રખાય એટલું જ પર્યાપ્ત છે.

અવસર વિનાના ઉધામા કરીને ફેરફાર અંગેના બિનજરૂરી પ્રશ્નો ઊભા કરવાથી વિવાદ અને ક્લેશ થાય છે. વળી નવાં નવાં સર્જનો માટેનો અનેક વિદ્વાનોનો કીમતી સમય, શક્તિ, નાણાં આદિનો દુર્વ્યય થાય છે. તદુપરાંત સ્થિરતાનું વિસર્જન થાય છે અને એક એવી અસ્થિરતા ઊભી થઈ જાય છે કે ક્યારેય એનો અંત આવે નહિ.

કદાચ એકવાર ફેરફારની વાત માન્ય બની જાય તોપણ **'ફેરફાર શો કરવો ?'** એ બાબતમાં કોઈ પણ ઉપાયે કદી એકતા સાધી શકાય નહિ એવા મતમતાંતરો ઊભા થઈ જાય છે. કોઈ એકને **'૨-૫'** સંખ્યાંકમાં કે અક્ષરમાં **'૨-૫'** આવો મથાળે મીંડાવાળો ફેરફાર ઠીક લાગે તો બીજાને **'૨-૫'** આવો છેડે મીંડાવાળો ફેરફાર ઠીક લાગે, તો વળી ત્રીજા-ચોથાને કોઈ ત્રીજો-ચોથો ફેરફાર ઠીક લાગે. આ બધા પોતપોતાની વાતને જાહેરમાં મૂકે, એના સમર્થનમાં દલીલો કરે, ભલે ઓછાવત્તા પણ ટેકેદારો તો દરેકને મળી જ જાય તેથી ઉત્સાહનો અતિરેક થઈ જાય અને એ બધાને સહજ રીતે **'મમત્વનું વળગણ'** આવી જાય, દરેકને પોતાની જ વાત યોગ્ય લાગે તેથી પોતાની વાત છોડવા કોઈ તૈયાર ન થાય અને પોતાની જ વાત સ્વીકારાય

એવા આગ્રહથી સૌ પોતપોતાની રીતે જ લેખન કરવા માંડે અને પુસ્તકો છપાવીને જાહેરમાં મૂકવા માંડે તો લેખનની બાબતમાં લોકમાં કેવી અંધાધૂંધી ફેલાય અને એનાથી કેટલું મોટું નુકસાન થાય એ વિચારવા યોગ્ય છે.


મુદ્દાનો પ્રશ્ન એ છે કે આપણે આપણી સંસ્કૃતિના વારસાને જાળવવો હોય તો એની ભાષાઓ તથા લિપિઓને હાનિ પહોંચે કે સમય જતાં એનું ઉન્મૂલન કરી એના સ્થાને નવી વિદેશી પદ્ધતિઓ અપનાવાય એ કોઈ રીતે તર્કયુક્ત કે મુનાસિબ ન ગણાય. સંસ્કૃતિની દૃષ્ટિએ ભારત બીજા દેશોને દોરવણી આપનારો દેશ છે, તો વિના કારણ ભારતે બીજા દેશોનું અનુકરણ શા માટે કરવું ? સંસ્કૃત, પ્રાકૃત અને હિંદીનો વારસો જાળવીએ તેમ જ ગુજરાતમાં ગુજરાતી ભાષા અને ગુજરાતી લિપિ, ગુજરાતી વર્ણો અને ગુજરાતી અંકોના રૂઢ વારસાને ચાલુ રાખીએ એ જ સર્વથા ઇષ્ટ અને હિતાવહ ગણાય.

સ્થિરતામાં જે દોષ એક આની જેવો હોય તે દોષ અસ્થિરતામાં સોળ આની જેવો બનીને રહે. માટે સ્થિરતા ભલે થોડા દોષવાળી હોય તોપણ એને ટકાવી રાખવામાં જ શાણપણ છે. કારણ કે લોકોની ખરેખરી હાડમારી તો અસ્થિરતામાં જ છે. આજનું રાજકારણ આ વાતની સાક્ષી પૂરે છે.

સમસ્ત જનસમુદાયને સ્પર્શતા મોટા ફેરફારો કુદરતના લાંબા હાથો દ્વારા જ થવા સરજાયેલા હોય છે – ત્યાં માનવોના હાથ ટૂંકા જ પડે છે. માટે લિપિફેરફારની વાતને કુદરતના લાંબા હાથમાં જ રહેવા દઈએ ! એમાં જ લોકોપકાર છે.

જેમાં ખરેખર લોકોને અગવડ પડતી હોય, એ અગવડનું નિવારણ કર્યા સિવાય વ્યવહાર સરળતાથી ચાલે તેમ ન હોય, આપણા પ્રયત્નોથી સુખપૂર્વક સગવડ સધાતી હોય, એવી બાબતોમાં જ ફેરફારની વાત હિતાવહ બને.

કોઈ પણ એક બાબત જનસમુદાયમાં સૈકાઓથી સુરૂઢ થયેલી હોય, એમાં ક્લિષ્ટતાની કોઈ ફરિયાદ ન હોય, એના આધારે લોકવ્યવહાર સરળતાથી ચાલ્યા જ કરતો હોય, એવી બાબત કદાચ થોડી દોષવાળી જણાતી હોય તોપણ એમાં હસ્તક્ષેપ કરવો એ શાણા માણસનું કામ નથી.





ભારતીય અંકપદ્ધતિ : સ્થાન-કિંમતનો સિદ્ધાંત

૧. વિશ્વભરમાં સંખ્યાની શોધનું પ્રથમ માન ભારતને મળેલું છે એ હકીકત વીસરવા જેવી નથી. ભારતમાં સંખ્યાનું જ્ઞાન ઘણા જૂના કાળથી ચાલ્યું આવતું જોવા મળે છે. ત્યાર પછી ભારતના વરાહમિહિરને સંખ્યાનું જ્ઞાન હતું એમ અલબેરૂનીએ નોંધ્યું છે. આપણા હાથનાં આંગળાંની દસની સંખ્યાને આધારે ભારતે દશાંકી પદ્ધતિ શોધી હતી : ૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯, અને ૦. શૂન્યની શોધનું ઘણું મહત્ત્વ છે અને ઈ.સ. પૂર્વે ૨૦૦ વર્ષ પહેલાં પિંગળકૃત 'છન્દઃશાસ્ત્ર'માં શૂન્ય વપરાયેલ છે એટલે **'1-2-3-4-5-6-7-8-9-10'** ને ભલે આજે **'અંગ્રેજી આંકડા'** કે **'આંતરરાષ્ટ્રીય અંકો'** કહેવામાં આવતા હોય પણ વાસ્તવમાં સહેજસાજ પરિવર્તન પામેલા એ **'ભારતીય અંકો'** જ છે. બારમી-તેરમી સદીમાં આપણી દશાંકી પદ્ધતિ,વેપાર અર્થે ભારત આવતા આરબ વેપારીઓ મારફતે યુરોપના દેશોમાં પહોંચી હતી. એ સમયે યુરોપમાં **'I-II-III-IV-V-VI-VII-VIII-IX-X'** આ રોમન અંકપદ્ધતિ પ્રચારમાં હતી. આપણી અંકપદ્ધતિને **'હિંદસા-અરબી-પદ્ધતિ'** નામે ઓળખવામાં આવે છે. ભારતીય અંકપદ્ધતિની મહત્ત્વની વિશેષતા તે શૂન્યનો સંકેત છે. આ અંકપદ્ધતિમાં ૧ થી ૯ અને ૦ મળી માત્ર દસ અંકસંકેતો જ છે અને એમાં ઉપયોગમાં લેવાય છે સ્થાન-કિંમતનો સિદ્ધાંત. આ પદ્ધતિમાં એકના એક અંકસંકેતની, સંખ્યામાં તેના સ્થાનના કારણે જુદીજુદી કિંમત ગણી શકાય છે જે (આધાર દસ હોવાથી) દસના ગુણોત્તરમાં વધે ઘટે છે. '૧૧૧'માં પહેલો '૧' શતકના સ્થાનમાં હોવાથી તેની કિંમત '૧૦૦' છે, બીજો '૧' દશકના સ્થાનમાં હોવાથી તેની કિંમત '૧૦' છે અને ત્રીજો '૧' એકમના સ્થાનમાં હોવાથી તેની કિંમત માત્ર '૧' છે. સ્થાન-કિંમતનો આ સિદ્ધાંત ભારતીય અંકપદ્ધતિની એવી વિશેષતા છે કે એનાથી આકર્ષાઈને વિશ્વની બધી સંસ્કૃતિઓએ પોતાનામાં એનો સમાવેશ કર્યો છે. ભારતીય અંકપદ્ધતિમાં શૂન્ય અને સ્થાન-કિંમતના સિદ્ધાંતના આવિષ્કારથી ગમે તેવડી મોટી સંખ્યા વ્યક્ત કરવાનું તેમ જ સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારની પ્રક્રિયાનું કામ સરળ બને છે. ભારતીય અંકપદ્ધતિનો આધાર '૧૦' છે તેથી પ્રત્યેક સ્થાન પર ૧ થી ૯ સુધીના અંકોમાંથી એક અંક આવી શકે; જુદાંજુદાં સ્થાનો દર્શાવતી કિંમતો **૧,૧x૧૦=૧૦, ૧x૧૦x૧૦=૧૦૦, ૧x૧૦x૧૦x૧૦=૧૦૦૦** અર્થાત્ એકમ, દશક, સો, હજાર એમ હોય છે.

હમણાંથી અંગ્રેજી અંકોના ઉચ્ચારણને અનુસરીને **(થર્ટી, થર્ટીવન થર્ટીટુ, થર્ટીથ્રી, થર્ટીફોર, થર્ટીફાઈવ, થર્ટીસિક્સ, થર્ટીસેવન, થર્ટીએઈટ, થર્ટીનાઈન એમ) 'ત્રીસ, ત્રીસએક, ત્રીસબે, ત્રીસત્રણ, ત્રીસચાર, ત્રીસપાંચ, ત્રીસછ, ત્રીસસાત, ત્રીસઆઠ, ત્રીસનવ'** એવી ઉચ્ચારણપદ્ધતિ બનાવવામાં આવી છે અને આ નવી ઉચ્ચારણપદ્ધતિ ઘણી સરળ છે,

બાળકોના માથેથી ગોખણપટ્ટીનો ભાર હળવો કરનારી છે એમ ઠસાવવા પ્રયત્ન કરાયો છે. આપણી ભારતીય વિશેષતા બીજા દેશોમાં આદરપૂર્વક અપનાવાય એને બદલે આપણી પદ્ધતિ, આ નવી ઉચ્ચારણપદ્ધતિથી ખતરામાં મુકાય છે એ જોવા-વિચારવાની ખાસ જરૂર છે. ચાલુ ભારતીય પદ્ધતિમાં ૧ થી ૧૦૦ સુધીનાં અંકોને ગોખવા પડે છે જ્યારે અંગ્રેજીને અનુસરીને લેવાયેલી આ ઉચ્ચારણપદ્ધતિમાં માત્ર ૧૯ જ અંકો ગોખવા પડે છે એ એક એનો ફાયદો બતાવાય છે. (૧ થી ૧૦ સુધીના અંકો અત્યારે બોલાય છે તેમ જ બોલવાના, પણ અગિયાર બાર, તેર વગેરેને બદલે દસએક, દસબે, દસત્રણ, દસચાર, દસપાંચ, દસછ, દસસાત, દસઆઠ, દસનવ, એમ ૧૯ સુધી અને પછી 'ઈસ' પ્રત્યય લગાડી વીસ, ત્રીસ, ચારીસ, પાંચીસ, છઈસ, સાતીસ, આઠીસ, નવીસ અને સો બોલવા કહેવાયું છે.)

પ્રથમ નજરે સરળ ગણાવાયેલી આ નવી પદ્ધતિ, ગણિતની દૃષ્ટિએ ખરેખર સરળ છે કે નહિ તે સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારવા યોગ્ય છે.

ગુજરાતી અંકોની ૧૧ થી ૯૯ સુધીની ઉચ્ચારણ પદ્ધતિ સંસ્કૃત-આધારિત છે. લેખન-ઉચ્ચારણમાં સંક્ષેપ એ મહત્ત્વની બાબત છે. સંસ્કૃત-આધારિત ઉચ્ચારણપદ્ધતિમાં સંક્ષેપ જણાય છે. જર્મન ભાષામાં પણ અંકોના ઉચ્ચારણની આવી જ પદ્ધતિ જાણવામાં આવી છે.

૧૧ થી ૯૯ સિવાયના અંકોની લેખન-ઉચ્ચારણ પદ્ધતિ સમાન છે. અર્થાત્ તે લેખનના ક્રમે જ ઉચ્ચારાય છે. દા.ત., **એકસો એક, એકસો બે, એકસો ત્રણ** વગેરે.

વર્તમાન ગુજરાતી અંકોચ્ચારણ પદ્ધતિ ચિરકાળથી ચાલી આવે છે અને ગુજરાતી પ્રજામાં સુસ્થિર થયેલી છે. ગ્રામીણ પ્રજા પણ એના આધારે પોતાનો વ્યવહાર સારી રીતે ચલાવે છે. એમાં ક્લિષ્ટતાની એમની કોઈ ફરિયાદ પણ નથી. વળી એ આપણી સંસ્કૃત ભાષા આધારિત હોવાથી આપણા દેશની હિંદી-મરાઠી વગેરે અન્ય પ્રાદેશિક ભાષાઓ સાથે ઓછાવત્તા અંશે પણ સામ્ય ધરાવનારી છે.

આવી આપણી અંકોચ્ચારણ પદ્ધતિમાં ક્લિષ્ટતાની કલ્પના કરીને એમાં સરળતા લાવવાના બહાને પરદેશી ભાષાના આધારે એમાં ફેરફાર કરવાના જે પ્રયત્નો થઈ રહ્યા છે એ સ્થિરતાનું વિસર્જન કરી અસ્થિરતાનું સર્જન કરનારા અને આપણા જ દેશની અન્ય ભાષાઓ સાથે વિસંવાદ ઊભો કરનારા હોવાથી ખેદ ઉપજાવે એવા છે.

કોઈ પણ ક્ષેત્રમાં મહત્ત્વ સ્થિરતાનું જ છે. સ્થિરતા વિકાસને પાંખો આપનારી છે, અસ્થિરતા વિકાસની પાંખો કાપનારી છે. સરળતા જો મહત્ત્વની અને લાભપ્રદ મનાતી હોય તો સ્થિરતા એના કરતાં અનેકગણી વધુ મહત્ત્વની અને લાભપ્રદ છે. કહેવાતી સરળતા ભલે સુંવાળી લાગતી હોય તોપણ એ અસ્થિરતા ભણી દોરી જનારી હોવાથી ભયજનક છે. આ કાળ સર્વ બાબતોમાં અસ્થિરતાનો છે. અસ્થિરતાના આ કાળમાં વર્તમાન અંકોચ્ચારણ પદ્ધતિ કદાચ કાંઈક દોષવાળી જણાતી હોય તોપણ એ બાબતને ગૌણ કરીનેય વિકાસ ભણી દોરી જનારી સ્થિરતા જ પ્રયત્નપૂર્વક જાળવી રાખવા યોગ્ય છે. માનનીય ધીમંત સાક્ષરોના પ્રયત્નો સ્થિરતાલક્ષી હોય, પણ 'અહમ્' જન્ય અને અસ્થિરતાલક્ષી તો હોય જ નહિ.

— પ્રા. રતિલાલ સાં. નાયક (અમદાવાદ)

સંખ્યાદર્શક શબ્દોનું સરલીકરણ

૨. સંસ્કૃત, પ્રાકૃત, હિંદી, ગુજરાતી, બંગાળી વગેરે ભાષાઓમાં અનેકાનેક સંખ્યાદર્શક શબ્દો પ્રયોજાય છે. જેમ કે, એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ; અગિયાર, બાર, તેર, ચૌદ, પંદર, સોળ, સત્તર, અઢાર, ઓગણીસ, વીસ---; બાવીસ, તેવીસ, ચોવીસ, પચીસ, છવીસ, સત્તાવીસ, અઠ્ઠાવીસ----; બત્રીસ, તેત્રીસ, ચોત્રીસ, પાંત્રીસ, છત્રીસ, સાડત્રીસ----; ચાળીસ; પચાસ; સાઠ; સિત્તેર; એંસી; એકાસી, બાસી, ત્યાસી, ચોરાસી, પંચાસી---- નેવ્યાસી, નેવું; એકાણુ, બાણુ---- નવાણુ; સો; હજાર; પહેલું, બીજું, ત્રીજું, ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું વગેરે. બાળકે આવા કેટલા બધા શબ્દો ગોખવા પડે ! 'ઓગણીસ', 'ઓગણત્રીસ' વગેરે શબ્દોમાં 'ઓગણ' એટલે 'એકોન' (એક, ઓછા) એવું કેટલા સમજે છે ? અંગ્રેજીમાં થર્ટીન, ફોર્ટીન, ફિફ્ટીન્----- નાઈનટીન્; અને ટ્વેન્ટી-વન, ટ્વેન્ટી-ટુ, ટ્વેન્ટી-થ્રી----; થર્ટી-વન----; ફોર્ટી-વન----; ફિફ્ટી-વન----; નાઈન્ટી-વન---- નાઈન્ટી-નાઈન એ પ્રકારના કેવા સીધા અને સરળ શબ્દો પ્રયોજાય છે ! અંગ્રેજી ભણનાર બાળકે આપણાં બાળકો કરતાં કેટલા બધા ઓછા શબ્દ યાદ રાખવા પડે છે !

આથી આપણી ભાષામાં સંખ્યાદર્શક શબ્દોનું સરલીકરણ કરી, બાળકે તથા સૌ કોઈએ ઘણા થોડા સંખ્યાદર્શક શબ્દ યાદ રાખવા પડે તેવો સુધારો કરવાનું કેટલાક તાજેતરમાં સૂચવી રહ્યા છે. તેઓ ઇચ્છે છે કે 'એક, બે, ત્રણ----- આઠ, નવ, દસ' એટલા પાયાના શબ્દ પર્યાપ્ત ગણાવા જોઈએ; ને એ પછીની સંખ્યાઓ માટે દસ-એક, દસ-બે, દસ-ત્રણ-----; વીસ-એક, વીસ-બે, ત્રીસ-એક, ત્રીસ-બે-----; ચાલીસ-એક, ચાલીસ-બે----; પચાસ-એક, પચાસ-બે-----; સાઠ-એક, સાઠ-બે-----; સિત્તેર-એક, સિત્તેર-બે----; એંસી-એક, એંસી-બે----; નેવું-એક, નેવું-બે---- નેવું આઠ, નેવું-નવ એવા સીધા સાદા શબ્દ પ્રયોજવા ઘટે.

એવી રીતે 'પહેલું, બીજું, ત્રીજું-----' વગેરે શબ્દોને બદલે 'એકમું, બેમું, ત્રણમું, ચારમું, પાંચમું, છમું, સાતમું, આઠમું, નવમું, દસમું' જેવા સીધા સરળ શબ્દો વાપરવા જોઈએ. સરલીકરણ માટે આવા સુધારા સૂચવનારા પોતાનાં લખાણોમાં 'એકમું, બેમું, ત્રણમું' તથા 'વીસ-એક, વીસ-બે, વીસ-ત્રણ' જેવા નવા શબ્દ પ્રયોજવા પણ લાગ્યા છે.

બાલશિક્ષણની દૃષ્ટિએ આવું સરલીકરણ ઇષ્ટ ગણાય એમ લાગે. પરંતુ અગિયાર, બાર, તેર----- સત્તર, અઢાર,----- ચોવીસ, પચીસ,----- ઓગણત્રીસ,----- તથા પહેલું, બીજું, ત્રીજું વગેરે જેવા અનેકાનેક રૂઢ શબ્દોને આપણી ચાલુ ભાષામાંથી તિલાંજલિ દેવી શક્ય છે ? ને એ આવશ્યક છે ? ઉચિત છે ? **સરલીકરણ માટે આટલા બધા રૂઢ શબ્દોને કૃત્રિમ રીતે લુપ્ત કરી એને બદલે નવા કૃત્રિમ શબ્દ પ્રચલિત કરવા એ વ્યવહારુ છે ?**

વળી આવા સુધારા આપણી ગુજરાતી ભાષામાં જ દાખલ કરવા જરૂરી છે ? હિંદી, મરાઠી, બંગાળી, વગેરે ભગિની-ભાષાઓમાં આવા સુધારા સૂચવાય છે ? અંગ્રેજીમાં 'ઇલેવન, ટ્વેલ્વ, થર્ટીન' વગેરે રૂઢ શબ્દો લુપ્ત કરી 'ટેન-વન, ટેન-ટુ, ટેન-થ્રી' જેવા નવા કૃત્રિમ શબ્દ પ્રયોજાશે ?

ને **'ફર્સ્ટ-સેકન્ડ-થર્ડ'** વગેરે માટે **'વન્થ-ટુથ-થ્રીથ, ફાઈવ્થ'** જેવા નવા કૃત્રિમ શબ્દ રૂઢ કરાશે? **શું સરલીકરણ માત્ર આપણી ભાષામાં જ જરૂરી છે ?**

ને આટલા બધા રૂઢ શબ્દ ન જાણનાર નવી પેઢીનાં બાળક, એ શબ્દ અગાઉનાં લખાણોમાં વપરાયા હોય ત્યાં બધે એ શબ્દોનો અર્થ સમજવા શબ્દકોશનો સહારો લેશે ?

આવું સરલીકરણ સર્વ વર્તમાન ભારતીય ભાષાઓમાં અપનાવાય તો સમજ્યા, પણ માત્ર ગુજરાતી ભાષામાં જ અપનાવવું એ વાજબી છે ?

ને જે વિદ્યાર્થીઓ સંસ્કૃત-પ્રાકૃત જેવી પ્રશિષ્ટ ભાષાઓ શીખશે તેમને તે ભાષાઓમાં એ બધા શબ્દ શીખવા નહિ પડે ? 'એક, દ્વિ, ત્રિ--- તથા પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ' જેવા શબ્દ જાણવા નહિ પડે ?

પ્રચલિત ભાષામાં સૈકાઓથી રૂઢ રહેલા આટલા બધા પ્રચલિત શબ્દોને આપણી ઇચ્છા અનુસાર સમૂળા લુપ્ત કરી, તેના સ્થાને નવા કૃત્રિમ શબ્દ પ્રયોજવાનું સૂચન વ્યવહારમાં સંભવિત બનશે ખરું ?

– ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)

ભાષા ગુજરાતી અને આંકડા અંગ્રેજી – આવો ખીચડો શા માટે ?

૩. સંખ્યાલેખનની પદ્ધતિનો ઇતિહાસ જોઈએ તો. ઈ.સ. પૂર્વે ૨૫૦૦ આસપાસમાં ઇજિપ્તમાં એ શોધાઈ હોવાનું જાણવા મળે છે. પણ સંખ્યાપ્રતીક તરીકે એમાં ચિત્રોનો ઉપયોગ જોવા મળે છે. ત્યાર પછી બૅબિલોન કે રોમમાં પણ ઉપયોગ તો ચિત્રોનો જ થવા પામ્યો છે. શૂન્યના સંકેતની ખોટ, મોટી સંખ્યાઓના લેખન-વાચન અને ગણનમાં ઘણું લંબાણ એ એની મોટી અગવડો હતી.

ભારતમાં ૨૩૦૦ વર્ષ પૂર્વે અંકપદ્ધતિ શોધાઈ. એમાંય ભારતના કોઈ અજાણ્યા ગણિતજ્ઞે શૂન્યની શોધ કરી. પરિણામે **'૦-૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯'** એ દસ સંખ્યાપ્રતીકો દ્વારા જ ગમે તેટલી મોટી સંખ્યા લાઘવયુક્ત રીતે દર્શાવાઈ ને એ વધુ પ્રચલિત બની. આરબ વેપારીઓ મારફતે આપણી આ પદ્ધતિ યુરોપમાં પહોંચી અને ત્યાંથી એ બીજા દેશોમાં પણ પહોંચી. પાછળથી એ વૈશ્વિક બનતાં એના આંતરરાષ્ટ્રીય સંકેતો **'0-1-2-3-4-5-6-7-8-9'** એવા કરવામાં આવ્યા.

હવે આ આપણી જ શોધના આંકડાને વગર વિચાર્યે આવા અંગ્રેજી સ્વરૂપમાં સ્વીકારીએ તો જતે દહાડે આ ભારતીય શોધ હતી એ તથ્ય ભુલાઈ જવાનો મોટો ભય છે. તેથી આપણી ગુજરાતી ભાષાના લેખનમાં પણ આંકડા અંગ્રેજીમાં જ લખવા એ સિદ્ધાંત સાથે આપણી સંમતિ કદાપિ હોઈ શકે નહિ. ભારતના બંધારણમાં આવો અંગ્રેજી આંકડા લખવાનો આદેશ હોઈ શકે ખરો ?

– પ્રા. રતિલાલ સાં. નાયક (અમદાવાદ)

ભારતીય ભાષાઓમાં અંગ્રેજી અંકો

૪. ભારતના જુદાજુદા પ્રદેશોમાં વિભિન્ન ભાષાઓ પ્રચલિત છે. એ ભાષાઓનાં લખાણ તે તે પ્રદેશની પ્રચલિત લિપિમાં લખાય છે. આ લિપિઓમાં વર્ણો (અક્ષરો) તથા અંકો(આંકડાઓ)નો સમાવેશ થાય છે. દરેક પ્રાદેશિક ભાષાનું લખાણ તે તે પ્રદેશની પ્રચલિત લિપિના વર્ણો તથા અંકોમાં લખાય છે.

૧૯૪૭માં ભારત આઝાદ થયું ને એણે બંધારણ ઘડ્યું ત્યારે ભારતની સર્વ મુખ્ય પ્રાદેશિક ભાષાઓને માન્ય કરી રાષ્ટ્રભાષા તરીકે હિંદી ભાષાને અને એની લિપિ તરીકે નાગરી લિપિને પસંદ કરવામાં આવી. પરંતુ નવાઈની વાત એ છે કે રાષ્ટ્રલિપિમાં માત્ર વર્ણોનો સમાવેશ કરવામાં આવ્યો ને એની અંદર અંગ્રેજી અંકો પ્રયોજવાનું ઠરાવવામાં આવ્યું. પરંતુ એમ કરવા જતાં ભારતીય અસ્મિતાને ઝાંખપ ન લાગે તે માટે **'આંતરરાષ્ટ્રીય મરોડનાં ભારતીય અંકચિહ્ન'** એવા મીઠા લોભામણા શબ્દ પ્રયોજાયા !

ભારતમાં પ્રાચીન કાળથી ૧ થી ૯ અને ૦(શૂન્ય)નાં ૧૦ અંકચિહ્ન અને એ અંકોના દશગુણોત્તર સ્થાનમૂલ્યનો સિદ્ધાંત ધરાવતી અવનવી અંકપદ્ધતિ પ્રચલિત રહેલી છે, જેમાં એ માત્ર ૧૦ અંકચિહ્નો દ્વારા નાનીમોટી ગમે તેટલી સંખ્યાઓ સહેલાઈથી દર્શાવી શકાય છે. એમાં આંકડાને એકમથી દશકના, દશકથી સોના, સોથી હજારના સ્થાનમાં ખસેડો તેમ તેનું મૂલ્ય દસદસગણું થતું જાય છે. દા.ત., ૨૫૭૩માં ૭નું મૂલ્ય ૭૦, ૫નું મૂલ્ય ૫૦૦ અને ૨(બે)નું મૂલ્ય ૨૦૦૦ છે. ભારતની પ્રાચીન બ્રાહ્મી લિપિનાં પ્રાદેશિક રૂપાંતરોમાં આ ૧૦ અંકોએ તે તે પ્રદેશની લિપિના વિભિન્ન મરોડ ધારણ કર્યા. દ્રવિડ-કુલની દક્ષિણ ભારતની લિપિઓમાં પણ આ ૧૦ બ્રાહ્મી અંક પ્રચલિત થયા.

જ્યારે અરબો ભારતના સંપર્કમાં આવ્યા ત્યારે તેઓએ ભારતની આ અવનવી અંકપદ્ધતિ અપનાવી. હિંદની આ અંકપદ્ધતિને તેઓ **'હિંદસા'** તરીકે ઓળખતા. અરબી-ફારસી-ઉર્દૂમાં લીટીઓ ડાબીથી જમણી બાજુ નહિ, પણ જમણીથી ડાબી બાજુ લખાય છે, છતાં એ લિપિઓમાં સંખ્યા અંકોમાં લખવી હોય ત્યારે અંકો ડાબી બાજુથી જમણી બાજુ લખાય છે.

સમય જતાં આ **'હિંદસા'** અંકચિહ્ન અરબો મારફતે યુરોપમાં પ્રચલિત થયાં. આથી યુરોપીયો એને **'અરેબિક અંકચિહ્નો'** તરીકે ઓળખે છે. અગાઉ રોમન અંકચિહ્નોની પદ્ધતિમાં '૧૯૯૭' માટે **'MCMXCVII'** (૧૦૦૦, ૧૦૦૦-૧૦૦, ૧૦૦-૧૦, ૫+૧+૧) એટલા બધા અંકો પ્રયોજવા પડતા, તેને બદલે હવે માત્ર **'૧૯૯૭'** એવા ચાર અંક જ પૂરતા થઈ પડ્યા.

આમ પશ્ચિમમાં પ્રચલિત અરેબિક અંકચિહ્નો ખરી રીતે મૂળમાં ભારતીય અંકચિહ્નો છે. પરંતુ ભારતીય ભાષાઓનાં લખાણોમાં એ અંકચિહ્ન આંતરરાષ્ટ્રીય અર્થાત્ ખરી રીતે અંગ્રેજી મરોડનાં વાપરવાની જરૂર ખરી ? ગુજરાતી હિંદી બંગાળી વગેરે ભાષાઓમાં તે તે પ્રાદેશિક મરોડના અંક ન વપરાય ? ને રાષ્ટ્રભાષામાં લખેલાં લખાણોમાં નાગરી મરોડના અંક પ્રયોજવા ન ઘટે ? તો પછી **"આંતરરાષ્ટ્રીય મરોડના" એવા લોભામણા શબ્દો દ્વારા રાષ્ટ્રીય અસ્મિતાનો ખોટો દેખાવ કરવાનો દંભ શા માટે ?**

ગુજરાતી અંકોનો રુખસદ શા માટે ?

આઝાદી આવી, નવું બંધારણ ઘડાયું. એ પછી તરત જ કોણ જાણે કેમ કેટલાક લેખકો, સંપાદકો અને પ્રકાશકો, ગુજરાતી, હિંદી વગેરે લખાણોમાંય બધા આંકડા અંગ્રેજી મરોડના વાપરવા લાગ્યા. ટપાલમાંય પિનકોડ નંબર પ્રાયઃ અંગ્રેજી આંકડામાં જ લખાય છે. આંતરપ્રાદેશિક વ્યવહારમાં પ્રાદેશિક અંકચિહ્નોનો ઉપયોગ ટાળવામાં આવે એ સમજી શકાય, પરંતુ તે તે પ્રદેશની અંદર પણ એવું કરવાની જરૂર ખરી ? દા.ત., અમદાવાદથી વડનગર કે વડોદરાથી ભરૂચ પત્ર લખીએ એમાંય પિનકોડ નંબર અંગ્રેજી આંકડાઓમાં લખવાની જરૂર ખરી ? ગુજરાતના ટપાલીઓ અંગ્રેજી આંકડા જલદી સમજશે કે ગુજરાતી આંકડા ? કેટલાક સુધારક પ્રાદેશિક પત્રવ્યવહારમાં પણ અંગ્રેજી આંકડા જ વાપરે છે ! જાણે તો જ તેઓ **'મૉડર્ન'** ગણાય ! આવા વલણથી તો પ્રાદેશિક લિપિઓમાં એનાં પોતાનાં અંકચિહ્ન સમય જતાં સમૂળાં લુપ્ત થઈ જશે, ને જો પ્રાદેશિક અંકચિહ્નોને કહેવાતાં આંતરરાષ્ટ્રીય અંકચિહ્નોમાં લુપ્ત કરી દેવાનાં હોય તો સમય જતાં પ્રાદેશિક લિપિઓ તથા ભાષાઓને પણ એ રીતે આંતરરાષ્ટ્રીય લિપિઓ અને ભાષાઓમાં લુપ્ત કરવાની વૃત્તિ જાગશે. આંતરરાષ્ટ્રીય વ્યવહારની સરળતા માટે આખરે આપણે આપણી રાષ્ટ્રીય ભાષા તથા લિપિનો પણ આગળ જતાં ભોગ આપવાનો વખત આવશે ! **કહેવાતા બિનજરૂરી સુધારા માટે આપણે આપણા રાષ્ટ્રીય તથા પ્રાદેશિક વારસાને તિલાંજલિ દેવાની છે ?**

— ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)

વર્ષ-માસ-દિવસ લખવાની વિભિન્ન પદ્ધતિઓ

૫. મનુષ્ય કાલગણના કરતો થયો ત્યારે તેને દિવસ, માસ અને વર્ષનાં એકમ મળ્યાં. ચાંદ્ર માસની ગણતરીમાં શુક્લ અને કૃષ્ણ પક્ષ(પખવાડિયું)નું એકમ પણ જરૂરી બન્યું. આ પદ્ધતિ અનુસાર જ્યારે કોઈ દિવસનો વિગતવાર નિર્દેશ કરવાનો થતો ત્યારે પહેલાં વર્ષ, પછી માસ, પછી પક્ષ અને છેવટે તિથિ દર્શાવતા. આગળ જતાં એમાં કેટલીક વાર **'વાર'** પણ ઉમેરાતો. આ અનુસાર દાખલા તરીકે **"સંવત ૧૯૭૫ આસો વદ ૯ ને શુક્રવાર"** એમ લખાતું.

અર્વાચીન કાળમાં બ્રિટિશ શાસન દરમિયાન ઈસ્વી સનનાં વર્ષ, મહિનો અને તારીખ લખવાની નવી પદ્ધતિ પ્રચલિત બની. એમાં વર્ષ-માસ-પક્ષ-તિથિને બદલે વર્ષ-મહિનો-તારીખ લખવાનું રૂઢ થયું, પરંતુ એમાં ક્રમ ઉલટાવવામાં આવ્યો. **"સંવત ૧૯૭૫ના આસો વદ ૯"**ને બદલે હવે સંક્ષેપમાં **"તા. ૧૭-૧૦-'૧૯"** અર્થાત્ તા. **૧૭-૧૦-૧૯૧૯** એવું લખાવા લાગ્યું. સમય જતાં સામાજિક વ્યવહારમાં અગાઉની દેશી તિથિને બદલે અંગ્રેજી તારીખ વધુને વધુ લોકપ્રિય થઈ. જન્મ, લગ્ન ને મૃત્યુ જેવી મહત્ત્વની ઘટનાઓનો દિવસ પણ હવે દેશી તિથિને બદલે અંગ્રેજી તારીખમાં દર્શાવવાનું રૂઢ થતું ગયું. હાલ તા. ૩૦-૮-'૯૭ જેવી તારીખ-દર્શક પદ્ધતિ જ વ્યાપક બની છે.

પરંતુ વર્તમાન જીવનમાં હવે બ્રિટનને બદલે અમેરિકાની સાંસ્કૃતિક અસર વધવા લાગી છે. અમેરિકામાં તારીખ દર્શાવવા માટે પહેલાં મહિનો અને પછી તારીખ એવો ઊલટો ક્રમ પ્રયોજાય છે. એ અનુસાર ત્યાં તા. ૩૦-૮-'૯૭ ને માટે તા. ૮-૩૦-'૯૭ લખાય છે. જ્યારે તારીખનો અંક ૧૨થી વધુ હોય ત્યારે એ અંક મહિનાનો નહિ પણ તારીખનો જ હોવાનું સહેજે સમજાય છે. પરંતુ જ્યારે તા. ૫-૮-'૯૭ જેવું લખાય ત્યારે ત્યાં

બ્રિટિશ ઢબે પમી ઑગસ્ટ સમજવી કે અમેરિકન ઢબે મે મહિનાની ૮મી તારીખ સમજવી એ પ્રશ્ન થાય છે. આવી તારીખોમાં આ બે પદ્ધતિઓ વચ્ચે ગોટાળો થાય છે.

વળી તાજેતરમાં આ અંગે એક ત્રીજી પદ્ધતિ પ્રયોજાવા લાગી છે. એ છે યુરોપમાં પ્રચલિત થવા લાગેલી આંતરરાષ્ટ્રીય પદ્ધતિ, જેમાં પહેલાં વર્ષ, પછી મહિનો ને છેલ્લે તારીખ લખાય છે; ને એમાં દરેકની સંખ્યા બબ્બે અંકોમાં દર્શાવાય છે. દા.ત., "તા. ૯૭-૦૮-૨૩" વળી આમાં બધા આંકડા આપણી ભાષાઓના લખાણમાં પણ અંગ્રેજી ઢબે જ લખાય છે. જેમ કે **"તા. 97-08-01", "તા. 97-08-23"** વગેરે. ભારતમાં ગુજરાતમાં પણ હવે કોઈ કોઈ સુધારકો પત્રવ્યવહારમાં તારીખ આ રીતે લખવા લાગ્યા છે. અલબત્ત આ પદ્ધતિ બ્રિટિશ કે અમેરિકન પદ્ધતિ કરતાં વધુ વૈજ્ઞાનિક લાગે છે ને તે આપણી દેશી પદ્ધતિને મળતી આવે છે, વર્ષ-માસ અને દિવસના ક્રમની બાબતમાં. પરંતુ પ્રશ્ન એ છે કે દિવસ દર્શાવવા માટે આપણે આમ આવી જુદીજુદી પદ્ધતિઓ પ્રયોજીએ, તો ખરો દિવસ સમજવા માટે સંક્રાન્તિકાળ દરમિયાન કેટલો બધો ગૂંચવાડો થયા કરે ! આ અંગે અખિલ ભારતીય ધોરણે કોઈ એક પદ્ધતિ પ્રયોજવાનું ઠરાવવામાં આવે તો આ મુશ્કેલી ટાળી શકાય. પરંતુ એવું ન બને ત્યાં સુધી વિભિન્ન પદ્ધતિ પ્રયોજવાથી સમજવામાં ગોટાળો ન થાય તે માટે સૌએ સજાગ રહેવું પડે. આપણા દેશમાં છેલ્લાં સો-બસો વર્ષોથી પ્રચલિત થયેલી હાલની રૂઢ પદ્ધતિ ચાલુ રાખવામાં શો વાંધો ?

વળી ગુજરાતી, હિંદી વગેરે ભારતીય ભાષાઓનાં લખાણોમાં અંગ્રેજી આંકડા પ્રયોજવાની શી જરૂર ? વાચક આ ભારતીય ભાષાઓ ન જાણતો હોય તો તે બીજું બધું ભલે ન સમજે, પણ દિવસની બાબત સમજે એવી દલીલ કરવાનું તર્કયુક્ત ખરું ? રૂઢ પદ્ધતિમાં ભારે પરિવર્તન કરી દેવાની વૃત્તિમાં આવી આંધળી દોટ મૂકવાની જરૂર ખરી ?

— ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)

૬. **સૂચિત નૂતન લિપિમાં ગુજરાતી અંકોને રુખસદ આપી એને બદલે અંગ્રેજી અંકો અપનાવવાનું સૂચવાયું છે. અનેક સામયિકોમાં અને અન્ય લખાણોમાં ઠેકઠેકાણે ગુજરાતી લખાણોમાં અંગ્રેજી અંકો અપનાવાય છે. મને આની કોઈ સાર્થકતા લાગતી નથી.** સ્વતંત્ર ભારતના બંધારણમાં રાષ્ટ્રભાષા તરીકે હિંદી અને રાષ્ટ્રલિપિ તરીકે નાગરી અપનાવાઈ છે અને એમાં **"આંતરરાષ્ટ્રીય મરોડના" એવું રોચક વિશેષણ મૂકી 'ભારતીય અંકો' વિશેષ્ય દ્વારા આત્મવંચના કરવામાં આવી છે, જ્યારે કહેવાનું તાત્પર્ય છે 'અંગ્રેજી અંકો'.** એ ખરું છે કે યુરોપને અરબો મારફતે મળેલા એ અંક, રોમન અંકો કરતાં વધુ આવકાર્ય લાગ્યા, ને એણે એ કહેવાતા **'અરબી અંક'** અપનાવ્યા; જ્યારે એ અંક વસ્તુતઃ મૂળમાં **'ભારતીય અંક'** હતા, જેને અરબો **'હિંદ-સા'** તરીકે ઓળખતા. હિસાબો વગેરેમાં સૌને સમજાય તેવા, બહોળો પ્રચાર પામેલા અંગ્રેજી અંકો અપનાવવાનું બંધારણે ભલે મુનાસિબ માન્યું, એ ખરી રીતે રાષ્ટ્રભાષાની લિપિને લાગુ પડે છે, ભારતની પ્રાદેશિક લિપિઓને નહિ.

આથી વૈશ્વિક ભાષા અને વૈશ્વિક અંકોની ભ્રમણામાં આપણે એનું મૂળસ્વરૂપ ગુમાવી બેસીશું એ ભય વાજબી રીતે દર્શાવાયો છે.

— ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)

૭. હું ગુજરાતીમાં વિદેશી પ્રકારના અંકો અપનાવવાની જરૂર માનતો નથી.

– શ્રી કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)

૮. અંગ્રેજી આંકડાનો વ્યવહાર આંતરરાષ્ટ્રીય કે કદાચ આંતરદેશીય કક્ષાએ કરવાનો વાંધો નથી. તે તે રાજ્ય પૂરતો તો સ્થાનિક ભાષામાં લખાતા આંકડામાં જ વ્યવહાર હોવો જોઈએ.

– ડૉ. હરિવલ્લભ ભાયાણી (અમદાવાદ)

૯. પોતાની અસ્મિતા માટે પણ ગુજરાતી ભાષામાં ગુજરાતી આંકડા જ હોવા જોઈએ.

– ડૉ. ઊર્મિ દેસાઈ (મુંબઈ)

૧૦. આંકડા અંગ્રેજી જ શા માટે રાખવા ? આપણી પાસે આંકડા લખવાની વિશિષ્ટ રીત છે તે અકારણ શા માટે છોડી દેવી ? બિનગુજરાતી કે અભારતીય વ્યક્તિ બસ ઉપર ગુજરાતીમાં લખેલાં સ્થળનાં નામ અને બસ રૂટ નંબર વાંચી જ ન શકે એવા માણસોની સુવિધા માટે જાહેર સેવાઓમાં લખાતા-આંકડા અંગ્રેજીમાં લખીએ તે ઠીક છે, **પણ ગુજરાતી ભાષામાંથી ગુજરાતી આંકડા દૂર કરી અંગ્રેજી આંકડા પ્રસ્થાપિત કરવાની વાત તો ઉપાધ્યાયને આટો આપવા જેવી છે.**

– શ્રી મહેન્દ્ર પંડ્યા (મુંબઈ)

૧૧. **'એકમું, બેમું'** વગેરેને સુધારો ન કહેવાય. સરલીકરણ થાય છે કે નહિ તેનો તો અખતરો કરવો રહ્યો ! ભાષાના શબ્દોનું રૂપાંતર અખતરાથી નથી થતું. શબ્દ-રૂપ ભાષામાં જે રીતે ઉપજતા આવે, જે રીતે અર્થપરિવર્તન થતું આવે, જે રીતે એ શબ્દાર્થોનો વ્યાપ વધતો આવે તે લક્ષમાં લઈએ તો સમજાશે કે શબ્દો ભાષાની પૂર્ણ વ્યવસ્થાનું અંગ છે, વ્યવસ્થામાં વણાઈ ગયેલા છે. એને (અર્થાત્ **'પહેલું'**ને **'એકમું'**, **'બીજું'**ને **'બેમું'** વગેરે - એમ) વ્યવસ્થામાંથી છૂટા પાડીને બદલાય નહિ. ભાષામાં નવા શબ્દો ઉમેરાય, પણ ભાષાવ્યવસ્થામાં વણાઈ ગયેલા શબ્દોને એમ જ ન બદલાય. કાળક્રમે કોઈ પરિવર્તન થાય તેને અટકાવાય પણ નહિ. પરંતુ આ પરિવર્તન ભાષક-સમાજ કરે છે. કોઈ વિદ્વાનના મનના તુક્કાથી શબ્દો બદલાય નહિ. **'પહેલું, બીજું, ત્રીજું, ચોથું, છઠ્ઠું'** - આટલા જ શબ્દો અનિયમિત રીતે બનતાં વિશેષણો છે. બીજી ઇન્ડો-આર્યન ભાષાઓમાં પણ આટલા જ શબ્દો અનિયમિત છે.

નાગરી લિપિ અપનાવવાનું સૂચન કેટલાક વિદ્વાનોએ કર્યું છે, પરંતુ એ અંગેનો પૂર્ણ વિચાર બધી ભાષાઓની સાથે કરવો ઘટે. ત્યાર પછી બોલનાર (ભાષકસમાજ) કોઈ ઉચ્ચારણનું પરિવર્તન કરશે જ નહિ એવી બાંહેધરી અપાય નહિ. સાથે જ એવી અપેક્ષા રાખવી એ પણ કુદરતની વિરુદ્ધ છે. બોલાતી ભાષા-જીવંત ભાષા છે. ધ્વનિપરિવર્તન તો એમાં થવાનું જ. આથી દરેક તબક્કે લખવાની પદ્ધતિ બદલાય નહિ. સાથે જ પરિવર્તનને પણ રોકાય નહિ.

– ડૉ. ભારતી મોદી (વડોદરા)

૧૨. બાળકોને કાંઈક ગોખવું પડે તેથી ત્રાસી જવાની જરૂર નથી. ગુજરાતી અંકોનું ઉચ્ચારણ સંસ્કૃત ભાષા આધારિત છે. તેમાં ગોખવું ઓછું પડે એવા હેતુથી કોઈ પરિવર્તન લાવવું એ દ્રાવિડી પ્રાણાયામ કરાવવા બરાબર છે. નવી પદ્ધતિ ગણિતમાં ક્લિષ્ટતા અને અસમંજસતા તેમ જ અસ્થિરતા ઊભી કરે તેવી છે. આવી પદ્ધતિને પુરસ્કારવી ન જોઈએ. કેટલીક બાબતો ગોખવાથી યાદશક્તિ કેળવવામાં સરળતા રહે છે.

– પ્રા. અરુણભાઈ જોશી (ભાવનગર)

રૂઢિચુસ્ત કોણ નથી ?

આજકાલ ખ્યાતનામ માનનીય વિદ્વાનો માટે એમને ઉતારી પાડે એવા હીણા અર્થમાં 'રૂઢિચુસ્ત' (જુનવાણી, વેદિયા, ચીકણા) શબ્દનો પ્રયોગ કરાઈ રહ્યો છે. પણ મહત્ત્વનો સવાલ એ છે કે 'રૂઢિચુસ્ત' કોણ નથી ? દેવપૂજાદિ સર્વ માંગલિક કાર્યો તેમ જ ભોજન - લેખન - વચનાર્પણ - સલામ - હસ્તધૂનન આદિ અનેક કાર્યો જમણા હાથે કરવાની જ રૂઢિ છે. આ બધી રૂઢિઓને વળગી રહેવું એ 'રૂઢિચુસ્તતા' નથી તો બીજું શું છે ? રૂઢિચુસ્તતામાંથી પોતાની જાતને કોણ બાકાત રાખી શકે તેમ છે ? રૂઢિ ખરાબ છે કે કુરૂઢિ ખરાબ છે ? રૂઢિચુસ્તપણું નિંદનીય છે કે કુરૂઢિચુસ્તપણું નિંદનીય છે ? જો રૂઢિચુસ્તપણું જ નિંદનીય હોય તો પોતાની જાતને રૂઢિચુસ્ત નહિ માનનારા અને 'અમે રૂઢિચુસ્ત નથી' એવું મોટા ગર્વ સાથે માનનારા અને કહેનારા માનનીય વિદ્વાનોએ, જે જે કાર્યો જમણા હાથે જ કરવાની ઘણા જૂના કાળની રૂઢિ છે, એ બધાં કાર્યો સત્વરે ડાબા હાથે કરવા લાગી જવું જોઈએ અને જે જે કાર્યો ડાબા હાથે જ કરવાની રૂઢિ છે, એ બધાં કાર્યો જમણા હાથે કરવા લાગી જવું જોઈએ. જો આ વાત મંજૂર ન હોય તો તેઓ નિંદનીય અર્થમાં 'રૂઢિચુસ્ત' શબ્દને બદલે 'કુરૂઢિચુસ્ત' શબ્દ પ્રયોજવાનું રાખે તે યોગ્ય છે.